૨૦૫ વર્ષ

સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 33 ■ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ સુદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 *

રવિવાર, ૧૬ ઑગસ્ટ ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સરકાર એક કરોડ યુવાનોને એઆઇ તાલીમ આપશે: મોદી

## ફ્રી ઑનલાઇન કૉચિંગ, સ્પોર્ટ્સ ટેલન્ટ હન્ટ સહિત યુવાનોના અસંખ્ય વિકાસ કાર્યક્રમોની જાહેરાત



નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વાતંત્ર્ય દિને લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધતા દેશના વિકાસ, ખાસ કરીને યુવાનો માટેની સાત યોજના (સપ્તધારા)ની અને એક કરોડ યુવાનોને આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ)ની તાલીમ આપવાની, સ્પર્ધાત્મક પરીક્ષા માટે ફ્રી ઑનલાઇન કૉચિંગની, સ્પોર્ટ્સ ટેલન્ટ હન્ટ અને વાઇબ્રન્ટ સિવિલ ડિફેન્સ નેટવર્કની, અંતરિક્ષ, અણુ, સૅમિકન્ડક્ટર્સ તેમ જ ઉત્પાદન ક્ષેત્રે યુવાનો માટેની તક વધારવાની જાહેરાત કરી હતી.

મોદીએ લાલ કિલ્લા પરથી ૭૫ મિનિટના પ્રવચનમાં પચાસ કરતાં વધુ વખત યુવાનોનો ઉલ્લેખ કર્યો હતો

રાષ્ટ્રને સતત ૧૩મી વખત લાલ કિલ્લા પરથી સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સંબોધતા મોદીએ જણાવ્યું હતું કે ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસેલું રાષ્ટ્ર બનાવવા માટે યુવાનોનો વિકાસ જરૂરી છે અને તેઓ માટે જ 'સપ્તધારા'ની યોજના ઘડાઇ છે.

તેમણે સરકારની 'સપ્તધારા'ની યોજનામાં મેન્યુફેક્ચરિંગ, ઊર્જા, કૃષિ અને ફૂડ પ્રૉસેસિંગ, ટૅક્નોલૉજી અને ઇનૉવેશન, ગતિશક્તિ, સંરક્ષણ ક્ષેત્ર, ગ્રીન ઇકૉનૉમી, બ્લૂ ઇકૉનૉમી અને સોફ્ટ પાવરની અને તેના દ્વારા દેશને પ્રગતિના નવા શિખરે લઇ જવાની વાત કરી હતી.

વડા પ્રધાને વિપક્ષોને આપસના મતભેદ ભૂલીને મહિલાઓને સંસદ અને વિધાનસભામાં ૩૩ ટકા અનામતનો લાભ અપાવવામાં સરકારને સહાય કરવા વિનંતિ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે દેશમાંથી 'સશસ્ત્ર નક્સલવાદ' નાબૂદ કરાયો છે, પરંતુ 'દિમાગી નક્સલવાદ' હજી જોખમી છે.

જવાહરલાલ નહેરુએ સતત ૧૭ વખત સ્વાતંત્ર્ય દિને રાષ્ટ્રને સંબોધ્યું હતું અને મોદીએ હવે ૧૩ વખત સંબોધ્યું છે તેમ જ તેઓ સૌથી વધુ વખત સતત સ્વાતંત્ર્ય દિને રાષ્ટ્રને સંબોધનારા નહેરુ પછીના વડા પ્રધાનોમાં બીજા ક્રમે છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે દરિયા માર્ગને રોકવા શસ્ત્રોનો ઉપયોગ જોખમી છે. હવે યુદ્ધ સરહદ પાર લડાય છે.

તેમણે દેશની કંપનીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રગતિ કરવાની હાકલ કરતા જણાવ્યું હતું કે વિશ્વની સૌથી મોટી કંપનીઓની યાદી 'ફૉર્ચ્યુન ૫૦૦'માં ભારતની ઓછામાં ઓછી પચાસ કંપની હોવી જોઇએ. બૅન્ક્સ, ફાર્મા જેવા ક્ષેત્રોની વૈશ્વિક સ્તરની ટોચની પાંચ કંપનીઓમાં પણ ભારતની કંપનીઓને પહોંચાડવી જોઇએ.

લાલ કિલ્લા પાસે લશ્કરના બૅન્ડે 'વંદે માતરમ્'ની આખી ધૂન વગાડી હતી.

મોદીએ દેશને સંરક્ષણ ક્ષેત્રે ઉત્પાદન માટેનું વૈશ્વિક કેન્દ્ર બનાવવા અને હાઇપરસોનિક ટૅક્નોલૉજી તેમ જ ડ્રોન સિસ્ટમ્સમાં પ્રગતિ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવા હાકલ કરી હતી. (એજન્સી)

## ૯ મોટી જાહેરાત, ફૉકસ જેન-ઝી

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી સ્વાતંત્ર્ય દિને રાષ્ટ્રને સંબોધતા યુવાનો માટેની જાહેર કરેલી નવ યોજના નીચે મુજબ છે:

(૧) એઆઇની તાલીમ:

સરકાર એક કરોડ યુવાનોને આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ)ની તાલીમ આપશે. 'શક્તિ કી સપ્તધારા' હેઠળ ટૅક્નોલૉજી અને ઇનૉવેશન ક્ષેત્રે વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરાશે.

(૨) પરીક્ષા માટે ફ્રી કૉચિંગ:

સ્પર્ધાત્મક પરીક્ષા માટે યુવાનોને તૈયાર કરવા તેઓને ઑનલાઇન ફ્રી કૉચિંગ અપાશે. આ યોજનાથી ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના વિદ્યાર્થીઓને શિક્ષણમાં લાભ મળશે.

(૩) સ્પોર્ટ્સ ટૅલન્ટ હન્ટ:

પાંચથી પંદર વર્ષનાં વયજૂથના વિદ્યાર્થીઓ માટે સ્પોર્ટ્સ ટૅલન્ટ હન્ટ શરૂ કરવાની જાહેરાત કરાઇ હતી. તેનો હેતુ નાની વયે જ બાળકોની સ્પોર્ટ્સની તાલીમ શરૂ કરવાનો છે.

(૪) રોજગારી, મેન્યુફેક્ચરિંગ, લઘુ ઉદ્યોગો:

મેન્યુફેક્ચરિંગ, કૃષિ, ટૅક્નોલૉજી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સંરક્ષણ, ગ્રીન ઇકૉનૉમી, બ્લૂ ઇકૉનૉમી, સોફ્ટ પાવર ક્ષેત્રે પ્રગતિ માટેની રૂપરેખા રજૂ કરાઇ હતી. તેના દ્વારા યુવાનોની રોજગારી વધશે તેમ જ લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે.

(૫) સ્ટાર્ટ-અપ અને ટૅક્નોલૉજી ક્ષેત્રે તક:

મોદીએ એઆઇ ઉપરાંત ક્વૉન્ટમ ટૅક્નોલૉજી, રૉબૉટિક્સ, અંતરિક્ષ, ડૅટા સેન્ટર્સ, સિક્સ-જી સહિતની આગામી પેઢીના સંદેશવ્યવહારમાં પ્રગતિ કરીને વૈશ્વિક સ્તરે આગળ આવવા હાકલ કરી હતી.

(૬) સિવિલ ડિફેન્સ:

વડા પ્રધાને પ્રવચનમાં વાઇબ્રન્ટ સિવિલ ડિફેન્સ નેટવર્ક અને સંરક્ષણ ક્ષેત્રે સ્વયંસેવકોનું વિશાળ દળ ઊભું કરવાની વાત કરીને દેશને સંરક્ષણ ક્ષેત્રે સંપૂર્ણ સ્વાવલંબી બનાવવા પર ભાર આપ્યો હતો.

(૭) સૅમિકન્ડક્ટર પ્લાન્ટ્સ:

દેશમાં આગામી સાતથી આઠ વર્ષમાં વધુ પાંચથી આઠ સૅમિકન્ડક્ટર પ્લાન્ટ શરૂ કરાશે. દેશમાં હાલમાં ચાલી રહેલા ત્રણ સૅમિકન્ડક્ટર પ્લાન્ટે ઉત્પાદન શરૂ કર્યું છે અને નિકાસ પણ કરાઇ રહી છે.

(૮) અણુઊર્જા:

ભારતમાં ૨૦૪૭ સુધીમાં ૧૦૦ ગીગાવૉટ અણુઊર્જા તૈયાર કરવાનું લક્ષ્ય રખાયું છે. દેશમાં આગામી દાયકામાં પાંચ નવા અણુ રિએક્ટર શરૂ કરાશે.

(૯) લખપતિ દીદીઓ:

મહિલાઓના સશક્તીકરણ ક્ષેત્રે પગલાં ભરીને દેશમાં છ કરોડ લખપતિ દીદી બનાવવાનું લક્ષ્ય રખાયું છે. હાલમાં ત્રણ કરોડ વધુ દીદીને લખપતિ બનાવી દેવાઇ છે. (એજન્સી)

## લાલ કિલ્લામાં 'વંદે માતરમ્'ની છએ છ કડી ગવાઈ

નવી દિલ્હી: આઝાદી દિનની પહેલી અનોખી ઉજવણીમાં 'વંદે માતરમ્'ની છ એ છ કડી સ્વાતંત્ર્ય દિનની ૭૯મી જયંતીના ઐતિહાસિક અવસર નિમિત્તે લાલ કિલ્લામાં ગવાઈ હતી. આ ભવ્ય સમારોહમાં રાષ્ટ્રગીત પછી ગવાયું હતું.

રાષ્ટ્રગીત 'વંદે માતરમ્'ના દોઢસો વર્ષના ગૌરવપ્રદ વારસા નિમિત્તે યોજાયેલા ભવ્ય સમારોહમાં ફૂલથી સજાવેલા માટીના માચડાના મધ્યમાં રાષ્ટ્રધ્વજનું નિરૂપણ કરવામાં આવ્યું હતું અને હિન્દીમાં 'વંદે માતરમ્' એવું લખાણ હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં લાલ કિલ્લામાં ૮૦મા આઝાદી દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી ભારે સુરક્ષા વ્યવસ્થા વચ્ચે દેશભક્તિથી કરાઈ હતી. મોદીએ ૭૫ મિનિટના તેમના સંબોધનમાં કહ્યું હતું કે આ સમારોહમાં હાજર દરેકને માટે આ ઐતિહાસિક ક્ષણ છે. આઝાદી પછી પ્રથમ વાર 'વંદે માતરમ્' લાલ કિલ્લા પર ગવાઈ રહ્યુ છે. આજે આપણે 'વંદે માતરમ્'ના દોઢસો વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ અને આનાથી રૂડો બીજો અવસર ક્યો હોઈ શકે. દરેક હૃદયનો ધબકારો 'વંદે માતરમ્'નો પડઘો પાડે છે.

મોદીએ વધુમાં કહ્યું હતું કે હવે હર ઘર તિરંગા હૈ, હર મન તિરંગા હૈ (દરેક ઘર તીરંગા છે અને દરેક હૃદયમાં તિરંગા છે) અને દેશ ઉમંગ અને નવી ઊર્જા સાથે આગળ વધી રહ્યો છે. દેશ નવા સંકલ્પ લઈ રહ્યો છે.

લાલ કિલ્લામાં મોદીના આગમન પછી આર્મી બેન્ડે 'વંદે માતરમ્'ની ધુન વગાડી હતી. હાજર અતિથિઓએ રાષ્ટ્રગીત ગાયું હતું. મોદીએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. અતિથિને અપાયેલી કાર્યક્રમની પુસ્તિકામાં પ્રસંગની વિગત અને 'વંદે માતરમ્'ની છએ છ કડી હતી. ધ્વજ ફરકાવ્યા બાદ તેને રાષ્ટ્રીય સલામી આપવામાં આવી હતી.

બે એમઆઈ-૧૭ હેલિકૉપ્ટરે રાષ્ટ્રધ્વજ પર અને 'વંદે માતરમ્' લખેલા ધ્વજ પર પુષ્પોની વર્ષા કરી હતી.

બંકીમચંદ્ર ચેટરજીએ ૧૮૭૫માં લખેલું 'વંદે માતરમ્' એ આઝાદીની ચળવળ વખતનું મુખ્ય સુત્ર બન્યું હતું. બંધારણ સભાએ ૧૯૫૦માં તેને ભારતના રાષ્ટ્રગીત તરીકે સ્વીકાર્યું હતું.

'વંદે માતરમ્' શરૂઆતમાં સ્વતંત્ર રીતે રચાયું હતું અને ચેટરજીની નવલકથા 'આનંદમઠ'માં તેને સ્થાન અપાયું હતું.

## ભુજ સ્ટેટ જી.એસ.ટી. કલેક્શનમાં ૩૯.૭૪ ટકાનો જંગી વધારો

### જુલાઈમાં રૂપિયા ૧૩૪.૧૫ કરોડની આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશભરમાં જીએસટી કલેક્શનમાં નોંધાઈ રહેલી વૃદ્ધિની અસર સરહદી કચ્છ જિલ્લામાં પણ જોવા મળી રહી છે. ભુજ સ્ટેટ જીએસટી કચેરીએ જુલાઈ-૨૦૨૬ દરમિયાન કરવેરા વસૂલાતમાં ૩૯.૭૪ ટકાની મજબૂત વૃદ્ધિ સાથે રૂ. ૧૩૪.૧૫ કરોડની આવક મેળવી છે.

કચેરીને ગત વર્ષે જુલાઈ-૨૦૨૫માં રૂ. ૯૬ કરોડની આવક થઈ હતી, જેની સરખામણીએ ચાલુ વર્ષે રૂ. ૩૮.૧૫ કરોડનો નોંધપાત્ર વધારો થયો છે. બીજી તરફ, રાજ્ય સ્તરે પણ જુલાઈ-૨૦૨૬માં ગુજરાતને જીએસટી હેઠળ રૂ. ૮,૪૧૮ કરોડની આવક થઈ છે, જે ગત જુલાઈ ૨૦૨૫ના રૂ. ૭,૭૯૮ કરોડ કરતાં ૨૬ ટકા વધુ છે. રાષ્ટ્રીય કક્ષાએ આ ગ્રોથ ૧૫.૪ ટકા રહ્યો છે. રાજ્યમાં જીએસટીના કરદાતાઓની સંખ્યા ૫.૦૮ લાખથી વધીને ૧૪.૩૧ લાખ પહોંચી છે.

ગુજરાતને જુલાઈમાં જીએસટી, વેટ (રૂ. ૩,૧૦૫ કરોડ), વિદ્યુત શુલ્ક (રૂ. ૧,૦૨૦ કરોડ) અને વ્યવસાય વેરા (રૂ. ૨૩ કરોડ) મળીને કુલ રૂ. ૧૨,૫૬૬ કરોડની જંગી કર આવક સાંપડી હોવાનું જાણવા મળે છે.

## ફૂડ પૅકેટ પર લૅબલ સ્પષ્ટ શબ્દોમાં લગાડવા ફરજ પાડો: સુપ્રીમ કોર્ટ

### સરકારને નિર્ણય લેવા બે અઠવાડિયાં અપાયા

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે બાળકોમાં જંક ફૂડ ખાવાની વધી રહેલી ઘેલછા અને તેને લીધે આરોગ્ય પર થતી માઠી અસરને ધ્યાનમાં રાખીને ફૂડ પૅકેટ પર લૅબલ (ફ્રંટ-ઑફ-પૅકેજિંગ લૅબલિંગ) સ્પષ્ટ શબ્દોમાં આંતરરાષ્ટ્રીય સ્તરના લગાડવાની ફરજ પાડવા પગલાં લેવાનો સરકારને આદેશ આપ્યો હતો અને કેન્દ્રને આ સંબંધમાં આખરી નિર્ણય લઇને તેની જાણ બે અઠવાડિયાંમાં અદાલતને કરવાનો હુકમ કર્યો હતો.

પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ 'થ્રીએસ ઍન્ડ અવર હૅલ્થ સોસાયટી'એ કરેલી જાહેર હિતની અરજીની આગામી સુનાવણી ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને ન્યાયાધીશ કે. વિનોદચંદ્રનની બૅન્ચે વધુ ૧૦ સપ્ટેમ્બર પર મુલતવી રાખી હતી.

અરજદારે દલીલ કરી હતી કે બાળકોમાં જંક ફૂડ ખાવાનું પ્રમાણ વધી રહ્યું હોવાથી તેઓમાં સ્થૂળતા આવી રહી છે અને તેઓના આરોગ્યને માઠી અસર થઇ રહી છે. તેથી ફૂડ પૅકેટ્સ પરના લૅબલમાં ખાદ્યસામગ્રીની વિગત સ્પષ્ટ શબ્દોમાં લખાવવી જરૂરી છે.

એડિશનલ સોલિસિટર જનરલ બ્રિજેન્દ્ર ચહરે જ્યારે અદાલતને જણાવ્યું હતું કે ભારતમાં ફૂડ પૅકેટ પર લૅબલ (ફ્રંટ-ઑફ-પૅકેજિંગ લૅબલિંગ) આંતરરાષ્ટ્રીય સ્તરના કરવા ફરજ પાડવી હાલમાં શક્ય નથી, ત્યારે ન્યાયાધીશ પારડીવાલાએ તેમને સવાલો કર્યા હતા કે શું તમે અદાલતની અવગણના કરવા માગો છો? ચીલી, ઇઝરાયલ, કૅનેડા સહિતના અનેક દેશમાં પણ ફૂડ પૅકેટ પરના લૅબલ પર ખાદ્યસામગ્રીની વિગત સ્પષ્ટ શબ્દોમાં લખાયેલી હોય છે, તો પછી ભારતમાં આવું શું કામ કરી ન શકાય? શું તમે ભારતને પછાત દેશ તરીકે રાખવા માગો છો?

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને ફૂડ પૅકેટ પર સ્પષ્ટ માહિતી આપતા લૅબલ લગાડવાનું ફરજિયાત બનાવવા નિષ્ણાતોની સાથે સલાહમસલત કરીને અદાલતને બે અઠવાડિયાંમાં જવાબ આપવાનો આદેશ આપ્યો હતો.

## 'મેરે પ્યારે દેશવાસીયોં': ૪૦ વખત બોલ્યા મોદી

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ૧૩મા સ્વતંત્રતા દિવસના ભાષણમાં રાષ્ટ્રને સંબોધિત કરવા માટે 'મારા પ્રિય દેશવાસીઓ' 'મેરે પ્યારે દેશવાસીયોં' શબ્દનો સૌથી વધુ ઉપયોગ કર્યો હતો. તેમણે આ શબ્દનો લગભગ ૪૦ વખત ઉપયોગ કર્યો હતો. ત્યારબાદ 'સાથીઓ' શબ્દનો ઉપયોગ ૧૦ વખત કર્યો હતો.

તેમણે 'મારા પ્રિય યુવાનો' શબ્દનો પણ એક વાર ઉપયોગ કર્યો હતો. તેમણે યુવાનોને દેશને ડ્રગ્સ અને અન્ય વ્યસનોમાંથી મુક્ત કરવામાં જોડાવા હાકલ કરી હતી. મોદીએ તેમના ભાષણ દરમિયાન 'દેશ સેવક' અને 'ભાઇ બહેનો' શબ્દોનો પણ એક-એક વાર ઉલ્લેખ કર્યો હતો.

છેલ્લા કેટલાક વર્ષોથી સ્વતંત્રતા દિવસના ભાષણ દરમિયાન રાષ્ટ્રને સંબોધવા માટે મોદીનો પ્રિય શબ્દ 'દેશવાસીઓ' જ રહ્યો છે. ઉદાહરણ તરીકે ગત વર્ષે આ શબ્દનો ઉપયોગ ૫૦ વાર કર્યો હતો. ૨૦૨૪માં લગભગ ૩૦ વાર, ૨૦૨૩માં લગભગ ૧૫ વાર અને ૨૦૨૨માં ૪૦થી વધુ વખત ઉપયોગ કર્યો હતો. ૨૦૨૩માં મોદીનું સૌથી પ્રિય સંબોધન 'પરિવારજન' હતું, જેનો ઉપયોગ તેમણે લગભગ ૫૦ વખત કર્યો હતો.

તાજેતરના વર્ષોમાં સ્વતંત્રતા દિવસના ભાષણોમાં 'સાથીઓ' શબ્દનો વારંવાર ઉપયોગ થતો રહ્યો છે. મોદીએ ૨૦૨૫માં રાષ્ટ્રને સંબોધનમાં લગભગ ૩૫ વખત આ શબ્દનો ઉપયોગ કર્યો હતો.



## મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને અમરેલી ખાતે ૮૦મા સ્વતંત્રતા દિવસની રાજ્યકક્ષાની ભવ્ય ઉજવણી સંપન્ન

### ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જતા વિદ્યાર્થીઓને લોન માટે આવકમર્યાદામાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની અમરેલી ખાતે રાજ્ય કક્ષાની ઊજવણીના સમારોહમાં તિરંગાને સલામી આપી નાગરિકોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વમાં રાષ્ટ્ર પ્રથમની ભાવના સાથે વિરાસતથી વિકાસનો મંત્ર સાકાર કરવામાં ગુજરાત અગ્રેસર છે.

આ સપ્તધારામાં મેન્યુફેક્ચરિંગ પાવર, એગ્રીકલ્ચર એન્ડ ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી, ઇનોવેશન ગતિશક્તિ, રક્ષા શક્તિ અને સોફ્ટ પાવરનાં ક્ષેત્રોમાં ભારતને વધુ વિકસિત કરી વિશ્વ સામે મૂકવાનું લક્ષ્ય રાખ્યું છે ત્યારે ગુજરાત વડા પ્રધાનના સપ્તધારા લક્ષ્યને સાકાર કરવામાં અગ્રેસર રહેશે એવો વિશ્વાસ વ્યક્ત કરતા વડા પ્રધાનના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વની સરાહના કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારે આધુનિકતા અને આધ્યાત્મિકતાનો સમન્વય સાધીને સેમિકંડક્ટર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને ગ્રીન એનર્જી જેવા ઊભરતાં ક્ષેત્રોથી લઈને પ્રાચીન આયુર્વેદિક વિરાસત અને સોમનાથ મંદિરના પુનઃનિર્માણ જેવા સાંસ્કૃતિક પ્રકલ્પોમાં અભૂતપૂર્વ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

વડા પ્રધાન મોદીના 'હાઉસિંગ ફોર ઓલ'ના સંકલ્પને સાકાર કરવા રાજ્ય સરકારે ગ્રામીણ વિસ્તારોમાં રહેણાંક આવાસ પૂરા પાડવા અંગેના મહત્ત્વપૂર્ણ નિર્ણય વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે ગ્રામીણ વિસ્તારોમાં વસતા પાત્રતા ધરાવતાં કુટુંબોની વધતી વસતી અને આવાસની જરૂરિયાતોને ધ્યાને રાખીને, જો ગ્રામ પંચાયત પાસે ગામતળ, સરકારી પડતર કે ખરાબાની પૂરતી જમીન ઉપલબ્ધ નહીં હોય તો રાજ્ય સરકાર ખાનગી જમીન ખરીદીને પણ પાત્ર પરિવારોને વિનામૂલ્યે પ્લોટ ફાળવશે.

ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા ઇચ્છતા રાજ્યના યુવાનોને આર્થિક મુશ્કેલી ન પડે તે હેતુથી ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અપાતી વિદેશ અભ્યાસ લોન યોજનામાં કૌટુંબિક વાર્ષિક આવક મર્યાદા રૂ. ૬ લાખથી વધારીને રૂ. ૧૦ લાખ કરવામાં આવી છે. આ નિર્ણયથી બિનઅનામત વર્ગના વધુ યુવાનોને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાની ઉત્તમ તકો પ્રાપ્ત થશે.

નાગરિકોને સુરક્ષિત, સુવિધા સભર અને ગુણવત્તાયુક્ત

(જુઓ પાનું ૨)

## સરકારે નાના કરદાતાઓ માટે વિદેશી સંપત્તિ જાહેર કરવાની યોજના શરૂ કરી

નવી દિલ્હી: સરકાર કરદાતાઓને વધુ દંડ અથવા કાર્યવાહીનો સામનો કર્યા વિના વિદેશી સંપત્તિઓને કરવેરાની જાળમાં લાવવા માગે છે અને માટે આવકવેરા વિભાગે શનિવારે એક નવી સ્વૈચ્છિક જાહેરાત યોજનાની જાહેરાત કરી છે જે નાના કરદાતાઓને ૬૦ ટકા કર ચૂકવીને ચોક્કસ અઘોષિત વિદેશી સંપત્તિ અને આવક જાહેર કરવાની મંજૂરી આપે છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (સીબીડીટી) એ જણાવ્યું હતું કે, ૨૦૨૬-૨૭ના બજેટમાં જાહેર કરાયેલ ફોરેન એસેટ્સ ઓફ સ્મોલ ટેક્સપેયર્સ-ડિસ્ક્લોઝર સ્કીમ (ફાસ્ટ-ડીએસ) ૧૬ ઓગસ્ટથી અમલમાં આવશે, જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી ઓનલાઈન જાહેરાતો ખુલ્લી રહેશે.

આ યોજના વિદ્યાર્થીઓ, યુવા વ્યાવસાયિકો, ટેકનોલોજી કર્મચારીઓ અને સ્થળાંતરિત બિન-નિવાસી ભારતીયો જેવા કરદાતાઓ માટે છે જેઓ લાયક વિદેશી સંપત્તિ અથવા આવક જાહેર કરવામાં નિષ્ફળ ગયા હોઈ શકે છે.

નિયમો હેઠળ, કરદાતાઓ જાહેર કરાયેલ અઘોષિત વિદેશી સંપત્તિ અથવા આવકના મૂલ્ય પર ૩૦ ટકા કર ચૂકવશે, ઉપરાંત કરની સમાન વધારાની રકમ ચૂકવશે, જે અસરકારક રીતે વસૂલાતને ૬૦ ટકા સુધી લઈ જશે.

સીબીડીટીએ જણાવ્યું હતું કે, ૩૧ માર્ચ, ૨૦૨૬થી સંપત્તિનું વાજબી બજાર મૂલ્ય નક્કી કરવામાં આવશે.

ફાસ્ટ-ડીએસ હેઠળ બે શ્રેણીઓની ઘોષણાઓ છે.

એક શ્રેણીમાં અઘોષિત વિદેશી સંપત્તિ અથવા વિદેશી આવક જે અગાઉ કર ચૂકવવા માટે ઓફર કરવામાં આવી

(જુઓ પાનું ૨)

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૬-૮-૨૦૨૬ થી તા. ૨૨-૮-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ તા. ૧૭મીએ કર્કમાંથી સિંહ રાશિમાં પ્રવેશે છે. માર્ગી ગતિએ મંગળ સમગ્ર સપ્તાહમાં મિથુન રાશિમાં સ્થિર ગતિએ ભ્રમણ કરે છે. બુધ કર્કમાંથી સિંહમાં તા. ૨૨મીએ પ્રવેશે છે. માર્ગી બુધ અતિચારી ગતિએ ભ્રમણ કરે છે. માર્ગી ગુરુ કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી શુક્ર કન્યા રાશિમાં સ્થિર ગતિએ ભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં વક્રી ગતિએ ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. પ્રારંભે ચંદ્ર કન્યા રાશિમાં રહે છે. તા. ૧૭મીએ તુલામાં, તા. ૨૦મીએ વૃશ્ચિકમાં, તા. ૨૨મીએ ધનુ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના સપ્તાહના લે-વેંચના કામકાજમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીના નિર્ણયો સ્વતંત્રપણે લઈ શકશો. તા. ૧૬, ૧૭, ૨૦ શુભ ફળદાયી જણાય છે. નોકરીમાં સ્થાન પરિવર્તન પણ શક્ય છે. ભાગીદારીના સંબંધોમાં વિવાદ ઉત્પન્ન થાય તેમ હોય સાવધાની દાખવવી જરૂરી છે. કારોબારમાં અકારણ નાણાં ખર્ચ થાય. મહિલાઓને આ સપ્તાહમાં સંતાનની જવાબદારીમાં અનુકૂળતાઓ જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના જૂનાં રોકાણમાંથી નાણાં મેળવશો. નોકરી માટે તા. ૧૮, ૧૯, ૨૧ શુભ ફળદાયી જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ જળવાઈ રહેશે. ભાઈ-બહેનો સાથે પ્રાસંગિક જવાબદારીના કામકાજ સફળ બની રહેશે. સરકારી, કાનૂની કામકાજની જવાબદારીઓ આ સપ્તાહમાં પૂર્ણ થશે. નવા કામકાજનો પ્રારંભ પણ શક્ય જણાય છે. મહિલાઓના હસ્તગત કામકાજમાં પરિવર્તનો આવે તેમ છે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના નિર્ણયોનો અમલ સફળતાથી થતો જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા કામકાજ ને નવું રોકાણનો અમલ થઈ શકશે. તા. ૨૦, ૨૧, ૨૨ મુસાફરી માટે શુભ જણાય છે. નોકરીમાં યશસ્વી નિર્ણયો લઈ શકશો. ભાગીદાર તથા કારોબારના મિત્રો સાથેના વ્યવહારમાં વધુ સમજણ, પરિપકવતા ઉમેરાશે. કારોબારનો નાણાં વ્યવહાર સફળ બની રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં નવી પ્રવૃત્તિઓના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસક્રમનો પ્રારંભ કરી શકશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૧૭, ૨૧, ૨૨ શુભ જણાય છે. નોકરીના અધિકારીની મદદ મેળવશો. કારોબારમાં તા. ૧૮, ૨૧, ૨૨, નાણાં વ્યવહાર પૂર્ણ કરવા માટે શુભ પુરવાર થશે. આરોગ્ય જાળવણી માટેના પ્રયત્નો આ સપ્તાહમાં સફળ પુરવાર થશે. મહિલાઓ મદદનીશ નોકર મેળવશે. કિંમતી ચીજોની ખરીદી માટે સાનુકૂળતાઓ નિર્માણ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવી શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં અનુકૂળતા જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનાં જૂનાં, અધૂરાં નાણાં અંગેના કામકાજ પૂર્ણ કરશો. સાપ્તાહિક વેપાર સફળ રહેશે. નોકરી માટે તા. ૧૮, ૧૯ શુભ જણાય છે. નોકરીના હસ્તગત કામકાજ પૂર્ણ કરી શકશો. સહકાર્યકરો અને અધિકારીની મદદ, માર્ગદર્શન મેળવશો. મહિલાઓને આ સપ્તાહમાં તા. ૧૭, ૨૧, ૨૨ના ખરીદીના કામકાજમાં સાનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસ ક્રમનો પ્રારંભ કરી શકશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનાં કામકાજ પદ્ધતિમાં પરિવર્તનો લાવશો. તા. ૧૬, ૧૭, ૨૧ નોકરી માટે સફળ પુરવાર થશે. નોકરીના છુપા હરીફોની ઓળખ આ સપ્તાહમાં શક્ય જણાય છે. પરંતુ નોકરીમાં એકંદરે પ્રગતિ જળવાઈ રહેશે. ભાગીદાર સાથેના મતભેદો દૂર થશે. પરિવારજનો અને કામકાજના મિત્રો સાથેના વ્યવહારમાં આ સપ્તાહમાં પૂર્ણપણે સજાગતા રાખવાનું ગોચરફળ સૂચવે છે. સપ્તાહમાં નાણાં વ્યવસ્થા સાનુકૂળ બની રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં વડીલોનું માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવીન અભ્યાસની તકો સરળતાથી પ્રાપ્ત થતી જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૧૦, ૧૧, ૨૨ શુભ જણાય છે. નોકરીના હસ્તગત કામકાજ ઝડપથી પૂર્ણ થાય તેની કાળજી લેવી જરૂરી જણાય છે. આ સપ્તાહમાં જૂનાં આર્થિક વ્યવહારો પૂર્ણ કરી શકશો. નવી પ્રવૃત્તિઓનો પ્રારંભ શક્ય જણાય છે. નવા વ્યવસાયના મિત્રો પણ મેળવશો. મહિલાઓ મદદનીશ પ્રાપ્ત કરશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શિક્ષકનું અપેક્ષિત માર્ગદર્શન મેળવશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારની પ્રવૃત્તિઓમાં મંદ ગતિ લાવનારું ગોચરફળ જણાય છે. નોકરી માટે તા. ૧૬, ૨૦, ૨૧ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ રહેશે. આ સપ્તાહમાં મકાન-મિલકત વાહનમાં નાણાં ખર્ચ વધુ થાય તેમ જણાય છે. કારોબારની નાણાં આવક જળવાઈ રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કારોબારના પ્રારંભ માટે અનુકૂળતાઓ જણાશે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં સાહસિકતાથી કામકાજ જાળવી શકશો. નોકરીમાં તા. ૧૬, ૧૭, ૨૨ શુભ જણાય છે. નોકરીમાં યશસ્વીપણું અનુભવશો. મિલકત, વાહન ઈત્યાદિ નિર્ણયોમાં વિલંબ આવે તેમ છે. અકારણ નાણાં ખર્ચના સાધનો ઉપર સાવધાની સજાગતા દાખવવી જરૂરી છે, પરંતુ કારોબારની નાણાં આવક જળવાઈ રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબના સભ્યોનો નિજી પ્રવૃત્તિઓમાં મદદ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ વાંચન અભ્યાસ નિયમિતપણે જાળવી શકશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. વેપાર દ્વારા નાણાં ઉપાર્જન થઈ શકશે. નોકરી માટે તા. ૧૮, ૧૯, ૨૦ શુભ જણાય છે. નોકરીના હસ્તગત કામકાજમાં પરિવર્તનો આવે તેમ છે. નાણાંખર્ચ પરત્વે સાવધાની દાખવવી જરૂરી છે. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ પૂર્ણ કરશો. નાણાં વ્યવહાર સફળ બની રહેશે. મહિલાઓ કુટુંબ જીવનનો સુખદ અનુભવ કરશે. વિદ્યાર્થીઓ અધ્યયન માટે જરૂરી માર્ગદર્શન મેળવશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના કામકાજમાં આત્મવિશ્વાસ દૃઢ બની રહેશે. તા. ૧૯, ૨૦, ૨૧ નોકરીના ક્ષેત્રે સફળ પુરવાર થશે. નોકરીમાં નવી જવાબદારીઓ પણ હાંસલ કરશો. વેપારમાં પ્રગતિ જળવાશે. નાણાં આવકના સાધનોનો ઉમેરો થશે. કાર્યક્ષેત્રના મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ લાવ શકશો. મહિલાઓને કિંમતી ચીજોની ખરીદી માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ નિયમિતપણે જળવાઈ રહેશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં કામકાજ સુખરૂપ પુરવાર થશે. પ્રગતિ જળવાઈ રહેશે. નોકરીના કામકાજ નિયમિતપણે પૂર્ણ કરી શકશો. તા. ૧૬, ૧૭, ૧૯ પ્રવાસ માટે શુભ જણાય છે. સપ્તાહમાં કારોબારની નાણાં આવકની વૃદ્ધિ થશે. અપેક્ષિત સાધનો મેળવી શકશો. કાર્યક્ષેત્રે પ્રગતિ હાંસલ કર્યાનો અનુભવ કરશો. મહિલાઓને નાણાં વ્યવહાર જાળવી રાખવામાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓ અધ્યયનમાં એકાગ્રતા દાખવી શકશો.

## આજનું પંચાંગ

### દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, રવિવાર, તા. ૧૬–૮–૨૦૨૬, વિનાયક ચતુર્થી

ભારતીય દિનાંક ૨૫, માહે શ્રાવણ, શકે ૧૯૪૮

વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ સુદ –૪

જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ સુદ–૪

પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬

પારસી કદમી રોજ ૨જો બેહમન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬

પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫

મુસ્લિમ રોજ ૨જો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮

મીસરી રોજ ૪થો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮

નક્ષત્ર હસ્ત મધ્યરાત્રિ પછી ક. ૨૭–૫૦ સુધી (તા. ૧૭), પછી ચિત્રા

ચંદ્ર કન્યામાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૭, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતી : બપોરે ક. ૧૪–૧૪, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૪૩ (તા. ૧૭)

ઓટઃ સવારે ક. ૦૮–૦૧, રાત્રે ક. ૨૦–૩૫

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – ચતુર્થી. વિનાયક ચતુર્થી, આદિત્ય પૂજન, ઋક હિરણ્યકેશી શ્રાવણી. સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા, વાહન હાથી.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

શ્રાવણ મહિમાઃ આજ રોજ આદિત્ય વ્રત શ્રદ્ધાવાનોમાં પ્રચલિત છે. આજે શિવપૂજા પ્રારંભે, ભગવાન સૂર્યનારાયણ, એટલે કે સૂર્યતત્ત્વનું અવશ્ય પૂજન કરવું, જન્મકુંડળીમાં સૂર્યના અશુભ યોગો હશે તો આજ રોજ સૂર્ય પૂજા અવશ્ય કરવી. બ્રાહ્મણ દ્વારા રુદ્રાભિષેક અભિષેક પૂજા કરાવવી, પીપળાનું પૂજન કરવું. તીર્થમાં સ્નાન, સંન્યાસી, સંતો, બ્રાહ્મણો, ગુરુજનોને દક્ષિણા ભોજન, વસ્ત્ર, સહિત વિનમ્રતાથી શ્રદ્ધાપૂર્વક પુરસ્કૃત કરવા.

મુહૂર્ત વિશેષઃ જુઈના પુષ્પથી સૂર્ય–ચંદ્ર દેવતાનું પૂજન, ૐ સવિત્રેય નમઃના મંત્રજાપ, ગાયત્રી જાપ, હવન, પર્વ પૂજા નિમિત્તે નવાં વસ્રો, આભૂષણ, ઋગ્વેદી હિરણ્યકેશી શ્રાવણી પર્વ, શાંતિ પૌષ્ટિક, સર્વ શાંતિ પૂજા, નવાં વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, વિદ્યારંભ, હજામત, અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, પશુ લે–વેંચ, પ્રથમ વાહન, નૌકા બાંધવી, શાંતિ પૌષ્ટિક, સર્વ શાંતિ પૂજા, બી વાવવું, ધાન્ય ભરવું, બાળકનું નામકરણ, દેવદર્શન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા.

આચમનઃ ચંદ્ર–હર્ષલ ત્રિકોણ મૌલિક વિચારવાળા, ચંદ્ર–શુક્ર યુતિ કળાપ્રેમી, ચંદ્ર–શનિ પ્રતિયુતિ મતલબી.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–હર્ષલ ત્રિકોણ, ચંદ્ર–શુક્ર યુતિ, ચંદ્ર–શનિ પ્રતિયુતિ. બુધ આશ્લેષામાં આવે છે.

ગ્રહગોચરઃ સૂર્ય–કર્ક, મંગળ–મિથુન, માર્ગી બુધ–કર્ક, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–કન્યા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૬–૮–૨૦૨૬ થી તા. ૨૨–૮–૨૦૨૬

રવિવાર, શ્રાવણ સુદ–૪, વિ. સં. ૨૦૮૨, તા. ૧૬મી ઓગસ્ટ, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર હસ્ત મધ્યરાત્રિ પછી ક. ૨૭–૫૦ સુધી (તા. ૧૭), પછી ચિત્રા, ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, આદિત્ય પૂજન, ઋક હિરણ્યકેશી શ્રાવણી. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, શ્રાવણ સુદ–૫, તા. ૧૭મી, નક્ષત્ર ચિત્રા મધ્યરાત્રિ પછી ક. ૨૮–૫૮ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર કન્યામાં સાંજે ક. ૧૬–૧૮ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. નાગપંચમી, શિવપૂજન, શિવમુષ્ટિ (ચોખા), રક્ષા પંચમી (ઓરિસ્સા), જાગૃત ગૌરી પંચમી (ઓરિસ્સા), માનસપૂજા સમાપ્ત. સૂર્ય મઘામાં સવારે ક. ૦૭–૫૭. વાહન મોર (સંયોગિયું નથી). નિરયન સૂર્ય સિંહ રાશિમાં ૦૭–૫૭, સંક્રાંતિ પુણ્યકાળ–સૂર્યોદયથી સવારે ક. ૦૭–૫૭. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, શ્રાવણ સુદ–૬, તા. ૧૮મી, નક્ષત્ર સ્વાતિ. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. ષષ્ઠી. રાંધણ છઠ્ઠ, સુપાર્દન ષષ્ટિ, શિયાળ ષષ્ટિ, મંગળાગૌરી પૂજન, સિંહાદી (કેરાલા), બુધ પૂર્વમાં લોપ થાય છે. કલ્કી જયંતી. શુભ દિવસ.

બુધવાર, શ્રાવણ સુદ–૭, તા. ૧૯મી, નક્ષત્ર સ્વાતિ સવારે ક. ૦૬–૪૬ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલામાં મધ્યરાત્રિ પછી ક. ૨૬–૨૯ સુધી (તા. ૨૦), પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. શીતલા સપ્તમી, ગોસ્વામી તુલસી જયંતી, બુધ પૂજન, વિંછુડો પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬–૨૯. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૧૯–૧૯. સામાન્ય દિવસ.

ગુરુવાર, શ્રાવણ સુદ–૮, તા. ૨૦મી, ૨૦૨૬, નક્ષત્ર વિશાખા સવારે ક. ૦૯–૦૭ સુધી, પછી અનુરાધા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, દુર્વાષ્ટમી, બૃહસ્પતિપૂજન, નૈના દેવી મેલા, ખોરદાદ સાલ (પારસી), વિંછુડો ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮–૧૫. શુભ દિવસ.

શુક્રવાર, શ્રાવણ સુદ–૯, તા. ૨૧મી, નક્ષત્ર અનુરાધા સવારે ક. ૧૧–૫૨ સુધી, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. શ્રી હરિ નવમી, બગીચા નોમ, નકુલ નોમ, વરદ્‌લક્ષ્મી વ્રત, જીવંતિકા પૂજન, વિંછુડો. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, શ્રાવણ સુદ–૧૦, તા. ૨૨મી ઓગસ્ટ, નક્ષત્ર જયેષ્ઠા બપોરે ક. ૧૪–૪૮ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં બપોરે ક. ૧૪–૪૮ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. મારુતિ પૂજન, વિંછુડો સમાપ્તિ બપોરે ક. ૧૪–૪૮. શુભ દિવસ.

# કલમ ૩૭૦ રદ ન કરાઈ હોત તો પીઓકેમાં ભારત સાથે જોડાવા આજે આંદોલન થયું હોતઃ ઓમર

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ સ્વતંત્રતા દિવસ નિમિત્તે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર અંગે મોટું નિવેદન આપ્યું હતું. શ્રીનગરમાં રાષ્ટ્રધ્વજ ફરકાવ્યા બાદ પોતાના સંબોધનમાં તેમણે કહ્યું કે એલઓસીની પેલે પારની પરિસ્થિતિ જોતા તેમને લાગે છે કે લગભગ ૮૦ વર્ષ પહેલા દેશના નેતાઓએ જે નિર્ણય લીધો હતો તે યોગ્ય હતો. અબ્દુલ્લાએ વધુમાં જણાવ્યું કે જો ૨૦૧૯માં કલમ ૩૭૦ હેઠળ જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો રદ કરવામાં ન આવ્યો હોત તો પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરના લોકો આજે જમ્મુ અને કાશ્મીર સાથે ફરીથી જોડાવા માટે આંદોલન કરી રહ્યા હોત. અબ્દુલ્લાએ કહ્યું કે જ્યારે હું સરહદ અને નિયંત્રણ રેખા (એલઓસી)ની પેલે પારની પરિસ્થિતિ જોઉં છું ત્યારે મને ખ્યાલ આવે છે કે આપણા પૂર્વજોએ જે કહ્યું હતું- હમલાવર ખબરદાર, હમ કાશ્મીરી હૈ તૈયાર- તે સાચું હતું. મને અહેસાસ થાય છે કે ૮૦ વર્ષ પહેલા આપણા નેતાઓએ આપણા માટે જે નિર્ણય (ભારત સાથે જોડાવાનો) લીધો હતો, તે યોગ્ય નિર્ણય હતો.




**અનોખો દેશપ્રેમઃ** ગુજરાતના અમદાવાદના અરુણ હરિયાણી ભારતના ૮૦મા આઝાદી દિન નિમિત્તે પોતાના શરીરમાં ભારતના ત્રિરંગાના રંગ ચીતરાવીને શ્રીનગરના લાલ ચોકમાં ઊભા રહ્યા હતા. તેમની આ અનોખી ઉજવણીને સ્થાનિકો, સહેલાણીઓ અને બાળકોએ વધાવી હતી. તેઓ ૨૦૨૨થી રાષ્ટ્રીય તહેવાર વખતે કાશ્મીરની મુલાકાત લે છે. (એજન્સી)

# સોનિયાએ 'વંદે માતરમ્' આખું ગાવા ન દીધું ભાજપનો આક્ષેપ

નવી દિલ્હીઃ ભાજપે શનિવારે કોંગ્રેસનાં નેતા સોનિયા ગાંધી પર સ્વતંત્રતા દિવસના કાર્યક્રમમાં વંદે માતરમ્‌ના સંપૂર્ણ સંસ્કરણના ગાન સામે વાંધો ઉઠાવવાનો આરોપ લગાવ્યો હતો, જોકે, કોંગ્રેસે આ આરોપનો ઇનકાર કર્યો હતો.

કોંગ્રેસના કાર્યક્રમના વીડિયો ફૂટેજ શેર કરતા ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના રાષ્ટ્રીય મહાસચિવ (સંગઠન) બીએલ સંતોષે કહ્યું કે, ''માતા, પુત્ર અને રાષ્ટ્રીય અધ્યક્ષ (કોંગ્રેસના) સંપૂર્ણ વંદે માતરમના ગાનથી નારાજ લાગે છે.''

તેમણે ઉમેર્યું હતું કે ૧૯૪૭ પહેલાથી ૧૯૪૭ પછીના સમયગાળામાં કેટલીક માનસિકતાઓ ક્યારેય બદલાઇ નથી.

ભાજપના પ્રવક્તા ગોપાલ કૃષ્ણ અગ્રવાલે જણાવ્યું હતું કે, આજે સ્વતંત્રતા દિવસે જે દશ્ય સામે આવ્યું છે તે ખૂબ જ શરમજનક છે. ભારતના રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્' ના ગાન દરમિયાન સોનિયા ગાંધીનો વાંધો અને કૉંગ્રેસના કાર્યકરોને તે શા માટે વગાડવામાં આવી રહ્યું છે તે અંગે પૂછવાથી કોંગ્રેસ પાર્ટીની માનસિકતા છતી થાય છે.

અગ્રવાલે કહ્યું કે વંદે માતરમ માત્ર એક ગીત નથી, પરંતુ ભારતના સ્વતંત્રતા સંગ્રામ, રાષ્ટ્રીય ચેતના અને દેશભક્તિનું ઐતિહાસિક પ્રતીક છે.

શું આ એ જ કોંગ્રેસ છે જે રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામના વારસા પર દાવો કરે છે? એવું તેમણે પૂછ્યું હતું.

અગ્રવાલે આરોપ લગાવ્યો હતો કે વંદે માતરમ પ્રત્યે કૉંગ્રેસનું વલણ લોકોને પાર્ટીની કટોકટીની માનસિકતાની યાદ અપાવે છે.

આ વિવાદ વિશે પૂછવામાં આવતા, કૉંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય ગીતના સંપૂર્ણ સંસ્કરણના ગાનને રોકવાનો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો નથી અને સોનિયા ફક્ત પાર્ટીના વડા મલ્લિકાર્જુન ખડગે માટે ખુરશી માગી રહ્યા હતા કારણ કે તેઓ થોડા સમય માટે ઊભા હતા.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આજે, ઇન્દિરા ભવનમાં, સંપૂર્ણ સંસ્કરણ ગવાયું હતું, તેના પર કોઈ વિવાદનો પ્રશ્ન જ નથી.

તેમણે કહ્યું કે, ૨૮ ઓક્ટોબર, ૧૯૩૭ ના રોજ, કલકત્તામાં, મહાત્મા ગાંધી, નેતાજી સુભાષચંદ્ર બોઝ, સરદાર વલ્લભભાઈ પટેલ, મૌલાના અબુલ કલામ આઝાદ, જવાહરલાલ નેહરુ, ગોવિંદ વલ્લભ પંત અને સી. રાજગોપાલાચારીની હાજરીમાં કોંગ્રેસ કાર્યકારી સમિતિની બેઠક યોજાઈ હતી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની સલાહ પર, તેમણે નિર્ણય લીધો હતો કે કોંગ્રેસ અધિવેશનમાં વંદે માતરમના શરૂઆતના શ્લોકો ગાવામાં આવશે.

તેમણે કહ્યું કે, ટાગોરે નેહરુ અને બોઝને સલાહ આપી હતી કે વંદે માતરમના પહેલા થોડા ફકરાનો ઉપયોગ કરવામાં આવે.

અમે ત્યારથી દરેક સત્રમાં તે પંક્તિઓ ગાઈ રહ્યા છીએ, અમારો સેવા દળ તે ગાય છે, અમારા કાર્યકરો તે ગાય છે, તેના પર કોઈ વિવાદ નથી, તેવું રમેશે કહ્યું.

ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ આરોપ લગાવ્યો કે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ વોટ-બેંક અને તુષ્ટિકરણની રાજનીતિ માટે વંદે માતરમના સંપૂર્ણ સંસ્કરણનું ગાન રોકવાનો પ્રયાસ કર્યો હતો.

ગયા મહિને, સંસદે એક બિલ પસાર કર્યું જે રાષ્ટ્રગીતનું અપમાન કરવાને સજાપાત્ર ગુનો બનાવે છે.

કાયદો વંદે માતરમને રાષ્ટ્રગીત જન ગણ મન સમાન દરજ્જો આપે છે.

# ઇન્ડોનેશિયામાં ૭.૭ના ભૂકંપથી ભારે તબાહી, ૨૦ જણનાં મોત

મૌમેરેઃ ઇન્ડોનેશિયાના દરિયાકાંઠે શનિવારે વહેલી સવારે ૭.૭ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપમાં અનેક ઇમારતો અને મકાન ધરાશાયી થયા હતા. જેમાં ૨૦ લોકોનાં મોત નીપજ્યા હતા. આ ઘટનાથી ભૂકંપ પ્રત્યે સંવેદનશીલ વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર ભૂકંપના લીધે થયેલા ભૂસ્ખલનમાં છ લોકો ઘાયલ થયા હતા. જ્યારે બે ગુમ થયા હતા. ભૂકંપ બાદ અધિકારીઓએ સુનામીની ચેતવણી જારી કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને ઊંચાઇવાળા સ્થળોએ જતા રહેવા જણાવ્યું હતું, પરંતુ પછીથી ચેતવણી પાછી ખેંચી લેવામાં આવી હતી.

યુએસ જિઓલોજિકલ સર્વેના જણાવ્યા અનુસાર ભૂકંપ સ્થાનિક સમય મુજબ સવારે ૫-૫૮ વાગ્યે ઇન્ડોનેશિયાના ફ્લોરેસ ક્ષેત્રમાં ૧૦ કિલોમીટરની ઊંડાઇએ આવ્યો હતો. જેનું કેન્દ્રબિંદુ પૂર્વ નુસા તેંગારા પ્રાંતના એન્ડે શહેરથી ૬૭ કિલોમીટર ઉત્તર-ઉત્તરપશ્ચિમમાં સ્થિત હતું. શરૂઆતના ભૂકંપ પછી અનેક આફ્ટરશોક્સ અનુભવાયા હતા.

મૌમેરે શોધ અને બચાવ એજન્સીના વડા ફતુર રહેમાને જણાવ્યું કે બચાવકર્મીઓએ સિક્કા, પશ્ચિમ મંગરાઇ અને પૂર્વ મંગરાઇના ત્રણ અસરગ્રસ્ત વિસ્તારોમાંથી ૨૦ મૃતદેહો બહાર કાઢ્યા છે. જેમાં મંગરાઇના રોએક ગામમાં ભૂસ્ખલનના કાટમાળમાંથી કાઢવામાં આવેલા આઠ મૃતદેહો પણ સામેલ છે. પૂર્વ નુસા તેંગારાના પોલીસ વડા રૂડી દાર્મોકોએ જણાવ્યું કે ભૂકંપને કારણે ભારે નુકસાન થયું છે. ઘણી ઇમારતો ધરાશાયી થયાના અહેવાલ છે. શહેરો અને ગામડાઓમાં વીજળી ગુલ થવાથી શોધ અને બચાવ કામગીરીમાં અડચણ આવી રહી છે. તેમણે કહ્યું કે અમે નુકસાન અને જાનહાનિ અંગે માહિતી એકઠી કરી રહ્યા છીએ, પરંતુ સંદેશાવ્યવહાર સેવાઓ ખોરવાઇ ગઇ છે.

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું કે નાગેકેઓ વિસ્તારમાં લગભગ ૨૦૦૦ ગ્રામજનો તેમના ઘર છોડીને કામચલાઉ આશ્રયસ્થાનોમાં આશરો લઇ રહ્યા છે. ફ્લોરેસ ટાપુના મોટાભાગના ભાગમાં જોરદાર ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. પ્રારંભિક અહેવાલોમાં ભારે નુકસાન થયાનું સામે આવ્યું છે.

# સંઘને પોતાના અસ્તિત્વ માટે રજિસ્ટ્રેશન કરાવવાની જરૂર નથીઃ ભાજપ

બેંગલૂરુઃ સંઘને પોતાનું અસ્તિત્વ સાબિત કરવા માટે નોંધણીની જરૂર નથી. તેમજ સંગઠન લાખો લોકોના વિશ્વાસના જોરે કામ કરે છે. આ નિવેદન ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ(સંગઠન) બી. એલ. સંતોષે શનિવારે આપ્યું હતું. તેઓ કર્ણાટકના ગૃહ પ્રધાન પ્રિયાંક ખડગેની આરએસએસની નોંધણી કરાવવાની વાતનો જવાબ આપી રહ્યા હતા.

હિન્દુ જાગરણ વેદિકે દ્વારા આયોજિત 'અખંડ ભારત સંકલ્પ દિવસ' કાર્યક્રમને સંબોધતા સંતોષે દાવો કર્યો કે ભાગલા વખતે આરએસએસ હિન્દુઓની પડખે ઉભું હતું અને કોઇપણ ઔપચારિક નોંધણી વિના કામ કરતું રહ્યું હતું. તેમણે કહ્યું કે તે સમયે પણ આરએસએસ રજિસ્ટર્ડ ન હતું અને આજે પણ નથી. નોંધણીથી તેનું અસ્તિત્વ નક્કી થતું નથી. તે લાખો લોકોના વિશ્વાસના જોરે ચાલતું સંગઠન છે.

સંતોષે કહ્યું કે આપણને આઝાદી એટલા માટે મળી કારણ કે લાખો દેશભક્ત યુવક-યુવતિઓ અને લાખો સૈનિકોએ પોતાના જીવ જોખમમાં મૂકીને લડાઇ લડ્યા હતા. મદન લાલ ઢીંગરા, ચંદ્રશેખર આઝાદ, ભગત સિંહ, સુખદેવ અને રાજગુરુ જેવા ક્રાંતિકારીઓનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે આઝાદીના ૮૦મા વર્ષની ઉજવણી કરતી વખતે તેમના બલિદાનને યાદ કરવા જોઇએ.

# મોદીએ સ્વાતંત્ર્ય દિનના પ્રવચનને રાજકીય સ્વરૂપ આપ્યું હતુંઃ વિપક્ષ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધતા 'દિમાગી નક્સલવાદ' અને મહિલાઓને સંસદ તેમ જ વિધાનસભાઓમાં ૩૩ ટકા અનામતનો લાભ આપવાની કરેલી વાતની વિપક્ષોએ આકરી ટીકા કરી હતી અને જણાવ્યું હતું કે મોદીએ પોતાના આ પ્રવચનને રાજકીય સ્વરૂપ આપ્યું હતું.

કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે જણાવ્યું હતું કે વડા પ્રધાન બહુ હતાશ હોવાનું સ્પષ્ટ દેખાતું હતું. મોદી અગાઉની કૉંગ્રેસ સરકાર દ્વારા કરાયેલા બધા કાર્યનું શ્રેય પોતે લઇ રહ્યા છે. કૉંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે જણાવ્યું હતું કે વડા પ્રધાન અગાઉ વિપક્ષોને 'શહેરી નક્સલવાદી' કહેતા હતા અને હવે 'દિમાગી નક્સલવાદી' કહી રહ્યા છે. તેમની આવી વાત અવિચારી અને ઘેરી નિરાશા દર્શાવતી છે.

સમાજવાદી પક્ષના નેતા અખિલેશ યાદવે જણાવ્યું હતું કે મોદીએ લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધતી વખતે જૂઠું બોલવું ન જોઇએ. મોદીએ સૌપ્રથમ મહિલા અનામત ખરડાનો અમલ ઉત્તર પ્રદેશ વિધાનસભાથી કરાવવો જોઇએ. તૃણમૂલ કૉંગ્રેસના સાંસદ સાકેત ગોખલેએ જણાવ્યું હતું કે મોદીએ સ્વાતંત્ર્ય દિનના પ્રવચનનો દુરુપયોગ રાજકીય હરીફોની ટીકા કરવા કર્યો હતો. વડા પ્રધાને યુવાનો સામે બળપ્રયોગ કરવા બદલ માફી માગવાની જગ્યાએ અન્ય બિનજરૂરી વાત કહી હતી. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

## મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ

રોડ નેટવર્ક ઉપલબ્ધ કરાવવાની પ્રાથમિકતા સાથે માર્ગ અને મકાન વિભાગ હેઠળના રાજ્યના જુદા જુદા ૨૧૪ રસ્તાઓના ૨૧૦ કિલોમીટરના નવીનીકરણ અને સુધારણા માટે રૂ.૩,૪૨૮ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

રાજ્યની આંગણવાડીઓમાં આવતા ૩ થી ૬ વર્ષના ૧૬.૭૫ લાખથી વધુ બાળકો માટે એક અગત્યની જાહેરાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આ બાળકોને વર્ષમાં ૩૦૦ દિવસ અપાતા પૂરક પોષણ રૂપે અપાતા ગરમ નાસ્તા માટે સ્થાનિક બજારમાંથી ખરીદીના દરમાં ૬૭ ટકાનો જંગી વધારો કરવામાં આવ્યો છે. અગાઉ સ્થાનિક ખરીદી માટે દરરોજ બાળક દીઠ અપાતા રૂ. ૫.૧૦ ના બદલે હવે પ્રતિ બાળક રૂ. ૮.૫૦ આપવામાં આવશે. આ બાળકલ્યાણકારી નિર્ણયના અમલ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૭૩ કરોડની વધારાની ફાળવણી કરવામાં આવી છે.

## સરકારે નાના

ન હતી, તેનું કુલ મૂલ્ય એક કરોડ રૂપિયાથી વધુ ન હોવું જોઈએ.

બીજી શ્રેણીમાં એવી વિદેશી સંપત્તિઓનો સમાવેશ થાય છે જે કરદાતા બિન-નિવાસી હોય ત્યારે પહેલાથી જ કર ચૂકવવા માટે ઓફર કરવામાં આવી હતી અથવા હસ્તગત કરવામાં આવી હતી પરંતુ સંબંધિત ટેક્સ-રિટર્ન શેડ્યૂલમાં તેની જાણ કરવામાં આવી ન હતી.

આવી ઘોષણાઓ માટે થ્રેશોલ્ડ પાંચ કરોડ રૂપિયા છે, જેમાં એક લાખ રૂપિયા ફી ચૂકવવાપાત્ર છે.

સીબીડીટીએ જણાવ્યું હતું કે આ યોજનાનો હેતુ પાત્ર કરદાતાઓને ઉલ્લેખિત કર અથવા ફી ચૂકવવા પર ચોક્કસ અઘોષિત વિદેશી સંપત્તિ, અઘોષિત વિદેશી આવક અથવા અઘોષિત વિદેશી સંપત્તિ જાહેર કરવા સક્ષમ બનાવવાનો છે.

સીબીડીટીના વારંવાર પૂછાતા પ્રશ્નોના ઉદાહરણ મુજબ ઉદાહરણ તરીકે, જ્યાં એક અપ્રગટ વિદેશી બેંક ખાતાનું મૂલ્ય ૬૦ લાખ રૂપિયા છે અને અપ્રગટ વિદેશી આવક ૨૦ લાખ રૂપિયા છે, ત્યાં કુલ કર ચૂકવવાપાત્ર ₹૪૮ લાખ રૂપિયા થશે.

માન્ય ઘોષણા કરનારા કરદાતાઓને કોઈપણ વધારાના કર અથવા દંડ અને કાળા નાણાં (અપ્રગટ વિદેશી આવક અને સંપત્તિ) અને કરવેરા લાદવાના કાયદા, ૨૦૧૫ હેઠળ જાહેર કરાયેલી સંપત્તિ અથવા આવકના સંદર્ભમાં કાર્યવાહીથી મુક્તિ મળશે.

સીબીડીટીએ જણાવ્યું હતું કે જાહેર કરાયેલી આવક અથવા જાહેર કરાયેલી સંપત્તિમાં રોકાણ કરાયેલી રકમ પણ કરદાતાની કુલ આવકમાં આવકવેરા કાયદા, ૧૯૬૧ અથવા કાળા નાણાં કાયદા હેઠળ સામેલ કરવામાં આવશે નહીં.

યોજના માટેના નિયમોની સૂચના આપતા, સીબીડીટીએ જણાવ્યું હતું કે આ યોજના ''પાત્ર કરદાતાઓને ચોક્કસ કર અથવા ફી ચૂકવીને ચોક્કસ અપ્રગટ વિદેશી સંપત્તિ, અપ્રગટ વિદેશી આવક અથવા અપ્રગટ વિદેશી સંપત્તિ જાહેર કરવાની મંજૂરી આપે છે.''

# સંસ્કારી નગરી વડોદરા ખાતે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ ધ્વજારોહણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ ૮૦માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે વડોદરા જિલ્લાના માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે રાષ્ટ્રધ્વજ લહેરાવીને સલામી આપી હતી. રાષ્ટ્રધ્વજ લહેરાવ્યા બાદ સંઘવીએ ઉપસ્થિત તમામને સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ પાઠવીને તેમનું અભિવાદન જીલ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આપણા



દેશના સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસને યાદ કરતા તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતના બે મહાન સપૂતોનું નામ સુવર્ણ અક્ષરે લખાયેલુ છે. આ બે વિરલ સપૂતો એટલે મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ. આ બંને આઝાદીની લડાઈના વિઝનરી આગેવાન હતા. તેમણે આઝાદીની લડાઇને એક નવી અને ચોક્કસ દિશા આપી હતી. આઝાદીના સંગ્રામમા ગાયકવાડી શાસન અને વડોદરા નગરીના પ્રદાનને યાદ કરતા ઉમેર્યું કે, ગાયકવાડી શાસન સુશાસન અને રાષ્ટ્રનમિાણની પાઠશાળા હતું. બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિભા મહારાજાએ ઓળખી તેમને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય આપી જેનો લાભ આઝાદ ભારતને મળ્યો હતો. ભારતના સંવિધાનના નમિાણ અને સમાનતાના હક્કોના મૂળિયાં વડોદરાની આ 'સંકલ્પ ભૂમિ'માં રહેલા છે. સમૃદ્ધ ગુજરાત માટે, વિકસિત ગુજરાત માટે રાજ્ય સરકાર હરહંમેશ કાર્યરત છે ત્યારે આપણી સરકાર આદિવાસીઓથી લઈને શહેરીજનો, અબાલ-વૃદ્ધ સૌ કોઇના કલ્યાણ માટે કટિબદ્ધ છે. વડોદરા જિલ્લાના દરેક ગામડા સુધી વિકાસના લાભ પહોંચ્યા છે. ૧૫મા નાણાપંચ અંતર્ગત વડોદરા જિલ્લાને રૂ. ૪૭૯ કરોડની ગ્રાંટ મળી છે. કુદરતી આફતો સમયે લોકો સુરક્ષિત રહે તેની પણ સરકારે ચિંતા કરી છે. સંવેદનશીલ વિસ્તારના લોકો માટે ૦૫ શેલ્ટર હોમ મંજૂર કરાયા છે.આકાશી આફતો સમયે સરકારે ખેડૂતોની વિશેષ ચિંતા કરી છે.છેલ્લા ૧૦ વર્ષમાં ૧.૩૬ કરોડ ખેડૂતોને સરકારે રાહત ચૂકવી છે.

વડોદરામાં પૂર નિયંત્રણ અને જળ સંચય માટે વ્યાપક કામગીરી હાથ ધરાઈ છે. વિશ્વામિત્રી નદીમાં ૨૯.૨૭ લાખ ઘનમીટર ડિસિલ્ટિંગ પૂર્ણ કરાયું છે. પૂર રાહત માટે વિશ્વામિત્રી પર ૧૩ અને સૂર્યા નદી પર ૫ ચેકડેમ બન્યા છે. દેણા ખાતે વિશ્વામિત્રી-સૂર્યાના સંગમ પર ૨૫ કરોડ લીટર ક્ષમતાનું બફર લેક તૈયાર કરાયું છે. તેમણે યુવાનોને ખાસ ઉલ્લેખીને વિનંતી કરી હતી કે, આજના સમયની માંગ શહાદત નથી સહયોગ છે. આઝાદી મળી છે ત્યારે એક સાચા ભારતીય તરીકે આપને દેશની પ્રગતિમા સહયોગી બનીએ એ આજના સમયની માંગ છે. તેમણે પોતાના મનમાંથી કોઈ પણ પ્રકારના ભેદભાવ અને વાદવિવાદ વગર ઈમાનદારીથી જવાબદારીઓ નિભાવવા અનુરોધ કર્યો હતો. આ સાથે યુવાનોને કોઈ પણ પ્રકારના દુષણ અને વ્યસનના ફેશનથી મુક્ત રહેવા આગ્રહ કર્યો હતો. ■

# સુરતમાં હાઈ પ્રોફાઈલ દારૂ પાર્ટી માણતા બાવીસ નબીરા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ સુરત શહેરના ડુમસ વિસ્તારમાંથી એક ફાર્મહાઉસમાંથી શુક્રવારે મોડી રાત્રે ૨૨ યુવાન દારૂની પાર્ટી માણતા પકડાયા હતા. એક ફેશન ડિઝાઈનરની બર્થ પાર્ટીમાં આ યુવક-યુવતીઓ ગયા હતા અને ગેમ્સ રમતા અને દારૂ પીતા પકડાયા હતા. આ પકડાયેલાઓમાં ૧૪ યુવક અને ૮ યુવતીનો સમાવેશ થાય છે. પોલીસે તમામની અટકાયત કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ અંગેના અહેવાલો અનુસાર ડુમસસ્થિત બાપુજીની વાડી નામના વિસ્તારમાં એક ફાર્મ હાઉસમાં બર્થ ડે પાર્ટી ચાલી રહી હતી. પાર્ટીમાં કોલેજિયનો અને કોર્પોરેટ ઓફિસોમાં કામ કરતા યુવક-યુવતીઓ આવ્યા હતા અને તેઓ ગેમ્સ રમી રહ્યા હતા અને દારૂ સાથે ખાણીપીણીની મજા માણી રહ્યા હતા. પોલીસને આ અંગે ખબર મળતા તેમણે રેડ પાડી હતી.

દરોડો પડતા જ દારૂની બોટલો સહિત અન્ય પુરાવા નાશ કરવાની કોશિશ કરવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. પોલસે દારૂ, બિયરની બોટલો, ૯ ફોરવ્હીલ લક્ઝરી વાહનો અને ૨૪ મોબાઈલ ફોન સહિત લગભગ રૂ. ૧.૬૭ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હોવાની માહિતી મળી હતી. તમામ ૨૨ યુવક-યુવતીને મેડિકલ ટેસ્ટ માટે સિવિલ હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા અને

તમામ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધર્યાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# રાત્રે ૧૧ વાગ્યે આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનસેરિયાની અંકલેશ્વર સીએચસીના સેન્ટરની ઓચિંતી મુલાકાત



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ભરૂચ જિલ્લામાં ૮૦મા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે આયોજિત ધ્વજવંદન સમારોહ પૂર્વે રાજ્યના આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનસેરિયાએ રાત્રે ૧૧ વાગ્યે અંકલેશ્વર ખાતે આવેલ સીએચસી સેન્ટરની ઓચિંતી મુલાકાત લીધી હતી. મોડી રાત્રે કરવામાં આવેલી આ મુલાકાત દરમિયાન આરોગ્ય પ્રધાને સેન્ટરની તબીબી સેવાઓ, ઈમરજન્સી વ્યવસ્થા, દર્દીઓને આપવામાં આવતી સારવાર, દવાઓની ઉપલબ્ધતા તેમજ રાત્રિના સમયે ફરજ પર ઉપસ્થિત તબીબી અને પેરામેડિકલ સ્ટાફની કામગીરી અંગે સ્થળ પર માહિતી મેળવીને દિવસ-રાત નાગરિકોને સમયસર અને ગુણવત્તાયુક્ત સારવાર મળી રહે તે માટે અધિકારીઓ અને તબીબી સ્ટાફને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. ભરૂચ જિલ્લાના ૮૦મા સ્વાતંત્ર્ય દિવસના રાજ્યકક્ષાના ધ્વજવંદન સમારોહ પૂર્વે આરોગ્ય સેવાઓની વાસ્તવિક સ્થિતિની જાત મુલાકાત લઈ વ્યવસ્થાઓનું નિરીક્ષણ તેમણે કર્યું હતું. ■

# સાઈબર રક્ષિકાઃ મહિલાઓને પજવતા અને ફસાવતા પર સાયબર સેલ ત્રાટક્યું, આઠ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ પ્રેમના પાઠ પઢાવવાના બહાને કે પછી યોગ શિખવવાના બહાને મહિલાઓને સોશિયલ મીડિયા દ્વારા પજવતા અને તેમની પાસેથી પૈસા ખંખેરતા આઠ જણને અમદાવાદના સાયબર ક્રાઈમ યુનીટે ઝડપી પાડ્યા હતા. આ લોકો મહિલાઓને અશ્લીલ તસવારો મોકલતા, ઘણીવાર તેમને ધમકીઓ પણ આપતા હતા. જોકે તેમના આ ડિજિટલ પરાક્રમોને લીધે જ તેઓ પોલીસના સંકજામાં આવી ગયા છે.

પોલીસે મિશન રક્ષિકા-સિક્યોર હરસ્પેસ નામનું અભિયાન લોંચ કર્યું હતું અને ગુજરાત અને રાજસ્થાનથી આઠ જણને પકડ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. પોલીસે જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા લોકોમાં બે જણએ વારંવાર મહિલાઓને તેમની સોશિયલ મીડિયા ઈમેજ દ્વારા નિશાન બનાવી છે.

મળતી વિગતો અનુસાર સુરેશ પુરી નામના એક ગુનેગારે કથિત રીતે પોતાના ૧૦ ફેક આઈડેન્ટિટી દ્વારા છ મહિનામાં લગભગ ૩૦૦ મહિલાનો સંપર્ક કર્યો હશે. તેણે પોતાના નગ્ન વીડિયો, તસવીરો અને વાંધાજનક મેસેજ દ્વારા મહિલાઓને પરેશાન કરી નાખી હતી.

અન્ય એક ગુનેગાર કેયુર લક્કડ મહિલા તરીકે પોતાના અકાઉન્ટ બનાવી અન્ય મહિલાઓ સાથે સંપર્ક કરી તેમનો વિશ્વાસ જીતતો હતો અને પછી તેનો ગેરુપયોગ કરતો હતો.

જોકે ચોંકાવનારી વાત તો એ છે કે મહિલાઓની ફરિયાદો બાદ પકડાનારા છ જણ તો તેમની નજીકના જ હોવાનું બહાર આવ્યું હતું. અમુક કેસમાં પૂર્વ પતિ કે પૂર્વ બોયફ્રેન્ડ અથવા સંબંધીઓ હોવાનું જાણવા મળ્યું હતું.

મહિલાઓએ અમદાવાદ સાયબર ક્રાઈમ યુનિટનો સંપર્ક કર્યા પછી આ કેસ પ્રકાશમાં આવ્યા હતા. અધિકારીઓએ પહેલા તેમનું કાઉન્સેલિંગ કર્યું અને તેમની ઓળખ જાહેર કર્યા વિના તેમની ફરિયાદો નોંધી હતી. ત્યારબાદ પોલીસે સોશિયલ મીડિયા કંપનીઓ પાસેથી વિગતો માંગી અને નકલી પ્રોફાઇલને નિયંત્રિત કરતા લોકોની ઓળખ કરવા માટે એકાઉન્ટ રેકોર્ડ અને અન્ય ટેકનિકલ ડેટા તપાસ્યો હતો. મહિલાઓને લવગુરુ બનીને લલચાવનારા પણ પકડાયા છે. આ સાથે યોગાગુરુ બનીને મહિલાઓની ઈમેજનો ઉપયોગ કરી તેને અશ્લીલ બનાવી ફરિયાદીને મોકલી હતી. ■

# અમદાવાદમાં ₹ ૨૩.૫૨ લાખની કિંમતનો ૬૭૨ ગ્રામ હાઈબ્રીડ ગાંજો ઝડપાયો, એકની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં નશીલા પદાર્થોના વેચાણ અને હેરાફેરી સામે ક્રાઈમ બ્રાન્ચ અને પોલીસ દ્વારા સતત ડ્રાઇવ ચલાવવામાં આવી રહી છે.

આ જ ક્રમમાં અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાંથી ડ્રગ્સનું મોટું રેકેટ પકડાયું હતું, પોલીસે દરોડા પાડીને અંદાજે રૂ. ૨૩.૫૨ લાખની કિંમતનો ૬૭૨ ગ્રામ હાઈબ્રિડ ગાંજો જપ્ત કર્યો હતો. આ મામલે પોલીસે રાહુલ ગાડે નામના યુવકની અટકાયત કરી સઘન પૂછપરછ હાથ ધરી છે.

એસઓજી ટીમને સચોટ બાતમી મળી હતી કે, અમદાવાદ શહેરના કૃષ્ણનગરમાં આવેલી રઘુનાથ સોસાયટીમાં હાઈબ્રિડ ગાંજો છુપાવવામાં આવ્યો છે. આ બાતમીના આધારે એસઓજીની ટીમે તે મકાન પર ઓચિંતો દરોડો પાડ્યો હતો.

આ દરોડા દરમિયાન મકાનમાંથી રાહુલ ગાડે નામના યુવકની હાઈબ્રિડ ગાજા સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, ઝડપાયેલો આરોપી રાહુલ ગાડે અમદાવાદના અન્ય એક સપ્લાયર બન્ની ભાટિયા પાસેથી ગાંજો લાવીને ઘરમાં છૂટક વેચાણ માટે રાખતો હતો.

પોલીસે આ મામલે ફરાર સપ્લાયરને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ■

# ગુજરાતના જાણીતા ધોધ નજીક સેલ્ફી પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં મેઘાએ ઓછાવત્તા પ્રમાણમાં મહેર કરી છે. ચોમાસામાં કુદરતી પર્યટન સ્થળો પર જવાની અલગ જ મજા છે અને હજારો લોકો વિવિધ સ્થળો પર ફરવા જાય છે. આ ઋતુમાં સૌથી વધારે આનંદ લોકો ધોધ અને ઝરણાનો લેતા હોય છે. ગુજરાતમાં ખૂબ જ સુંદર ધોધ આવેલા છે અને તેનું આસપાસનું સૌદર્ય નિહાળવા હજારોની સંખ્યામાં પર્યટકો જતા હોય છે, પરંતુ મોબાઈલનો ઉપયોગ વધ્યા બાદ સેલ્ફીને કારણે ઘણીવાર લોકો જીવ ગુમાવે છે. આથી ગુજરાત સરકારે સક્રિય થયેલા ધોધ આસપાસ સેલ્ફી પર પ્રતિબંધ મૂક્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

મળતી વિગતો અનુસાર અરવલ્લીના ઝાંઝરી ધોધ ખાતે જિલ્લા વહીવટી તંત્રે નવમી જુલાઈથી છઠ્ઠી સપ્ટેમ્બર સુધી ઝાંઝરી ધોધથી ગંગેશ્વર મહાદેવ ચેકડેમ સુધીનો આશરે પાંચ કિલોમીટરનો વિસ્તાર પ્રતિબંધિત જાહેર કર્યો છે.

અહીં નદીમાં નહાવા, પાણીના કિનારે જવા ઉપરાંત જોખમી ખડકો પર ચઢીને ફોટોગ્રાફી કે વીડિયો બનાવવા પર પણ પ્રતિબંધ મૂકાયો છે. તહેવારો અને રજાઓમાં લોકો મોટી સંખ્યામાં ઉમટતા હોવાથી તંત્રએ સમગ્ર વિસ્તામાં આવી કોઈ ઘટના બને તે પહેલા જ પ્રતિબંધ મૂકી દીધો હોવાનું જાણવા મળ્યું હતું.

આવી જ રીતે ડાંગ જિલ્લો પણ તેની હરિયાળી અને વહેતા ધોધ માટે પર્યટકોનું પ્રિય સ્થળ છે.

અહીંનો ગિરિમાળ ધોધ અને આસપાસનો વિસ્તાર જંગલનો વિસ્તાર ચોમાસામાં જેટલો સુંદર દેખાય છે તેટલો જ જોખમી બનતો હોવાથી તંત્રએ સાવચેતી રાખી છે તો બીજી બાજુ ગીરના ખૂબ જ જાણીતા જમજીર ધોધ પર જવા પર પણ તંત્રએ પ્રતિબંધ મૂક્યો છે.

સૌરાષ્ટ્રમાં શ્રાવણ મહિનામાં આવતા તહેવારોનું વધારે મહત્વ છે અને રજાઓ પણ હોય છે ત્યારે લોકો સાથે કોઈ અજુગતી ઘટના ન બને તે માટે તંત્ર સતર્ક છે. નર્મદાના નિનાઈ ધોધ પાસે પણ પ્રતિબંધ લાગાવવામાં આવ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

જોકે તંત્રને લોકો સહકાર આપે અને પર્યટનના સ્થળોએ જતા સમયે શિસ્ત અને સ્વચ્છતા જાળવે તે જરૂરી છે. ■

# કોમનવેલ્થની યજમાની માટેની તૈયારીઃ ઔડાએ ૧૪ ટીપી સ્કીમ્સમાં સુધારા કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ માટે અમદાવાદને યજમાન શહેર તરીકે પસંદ કરવામાં આવ્યા બાદ, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા)એ શહેરમાં અને આસપાસના વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ અને શહેરી વિકાસને મજબૂત બનાવવા માટે ઘણા સ્તરે નર્ણિયો લેવામાં આવી રહ્યા છે. શુક્રવારે ૩૧૧મી બોર્ડ મીટિંગ દરમિયાન, ઔડાએ ૧૪ ટાઉન પ્લાનિંગ (ટીપી) યોજનાઓમાં સુધારાઓને મંજૂરી આપી, જેનાથી હવે અંતિમ મંજૂરીનો માર્ગ મોકળો થયો હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. આ યોજનાઓ કુવલદા-કણભા-કાઠવાડા-સિંગરવા, વિસલપુર, બારેજડી-નંદેજ-દેવડી, નંદેજ-દેવડી, કલોલ-સૈજ-બોરીસ્ના, અટલપુર, અસલાલી-લાંભા, દહેગામ, સનાથલ-તેલાવ, મુથિયા-બિલાસિયા, એરિયા સહિતના વિસ્તારોને આવરી લે છે. ચેખલા-ગોધાવી-ગરોડિયા-વાંસજાદા-ધેડિયા-ઉનાલી, અને સાંતેજ-રકનપુર. એકવાર મંજૂર થયા પછી માળખાકીય સુવિધાઓમાં સરળતા રહેશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. બોર્ડે દહેગામ, ગોધાવી, કાનેટી, સાણંદ અને નિધ્રાદને આવરી લેતી ચાર નવી ટીપી સ્કીમ માટે ઈન્ટેશન ડિક્લેર કર્યું છે. આ યોજનાઓ મળીને લગભગ ૫૦૦ હેક્ટરને આવરી લેશે અને નવા રસ્તાઓ અને અન્ય માળખાગત સુવિધાઓ શક્ય બનશે. ઔડાએ છ ટીપી સ્કીમમાં આવેલા ૧૫ કોમર્શિયલ પ્લોટ્સને ઈ-ઓક્શન માટે મૂકવાનો પણ નર્ણિય લીધો છે. આ પ્લોટ ચાંદખેડા, બોપલ, થલતેજ અને ચાંદલોડિયા-ગોતા સહિતના વિસ્તારોમાં આવેલા છે. આ હરાજી સમિતિ દ્વારા મંજૂર કરાયેલ જમીન નિકાલ નીતિ અને અનામત કિંમતો અનુસાર કરવામાં આવશે. આ પગલાથી આ વિસ્તારોમાં વધુ વ્યાપારી પ્રવૃત્તિ અને વિકાસને ટેકો મળવાની અપેક્ષા છે. ■

# ભેળસેળિયા ખોરાકથી ક્યારે આઝાદી?

## સુરત અને ડીસામાં શંકાસ્પદ ઘીનો જંગી જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ સ્વાસ્થ્યનો મૂળ આધાર ખોરાક પર હોય છે, પરંતુ ખોરાકમાં ગંભીર રીતે ભેળસેળ થતી રહેતી હોવાનું વારંવાર બહાર આવે છે.

રાજ્ય સરકારે દરોડા પાડી ભેળસેળયુક્ત ખાદ્ય સામગ્રી મોટા પ્રમાણમાં જપ્ત કરી રહી છે, તેમ છતાં જનતા ભેળસેળિયા ખોરાકનો ભોગ તો બને જ છે. આવી જ ઘટના ફરી સ્વાતંત્ર્ય દિવસે જ બની છે. સુરત અને ડીસામાં અખાદ્ય ઘીનો મોટો જથ્થો મળી આવ્યો છે.

તંત્ર દ્વારા સુરત અને બનાસકાંઠાના ડીસા ખાતે દરોડા પાડીને મોટા પ્રમાણમાં શંકાસ્પદ ઘી તેમજ ભેળસેળ માટે વપરાતા તેલનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. સુરત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા કામરેજ તાલુકાના ધોરણ પારડી સ્થિત હિન્દવા ડ્રીમ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલી કેવલ ફૂડ પ્રોડક્ટ નામની ફેક્ટરી પર દરોડો પાડવામાં આવ્યો હતો.

ફેક્ટરીનો માલિક કાયદેસરનું લાયસન્સ ધરાવતો ન હોવા છતાં, બહારથી તાળું મારી અંદર અસલીના નામે નકલી અને ભેળસેળયુક્ત ઘીનું ઉત્પાદન તથા પેકિંગ કરતો હોવાનું બહાર આવ્યું હતું.

તંત્રની ટીમે સ્થળ પરથી શ્રી અનમોલ રતન કાઉ ઘી ના વિવિધ પેકિંગમાં રહેલ રૂ.૨૬.૧૨ લાખની કિંમતનો ૫,૧૫૭ લીટર ઘીનો જથ્થો સીઝ કર્યો હતો. સાથોસાથ ભેળસેળ માટે રાખવામાં આવેલ રૂ.૩.૬૩ લાખની કિંમતનું ૧,૪૮૫ કિગ્રા પામોલીન તેલ અને ૨૮૫ કિગ્રા સોયાબીન તેલ પણ જપ્ત કરી તમામના નમૂના લેવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, પાલનપુર વર્તુળ ટીમે ડીસા ખાતે વિવિધ પેઢીઓમાં દરોડા પાડ્યા હતા. તપાસ દરમિયાન શંકાસ્પદ જણાતા કુલ ૯૮૭ લીટર ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ તમામ કિસ્સાઓમાં 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઍક્ટ-૨૦૦૬' હેઠળ કાયદેસરના સેમ્પલ લઈ લેબોરેટરી ચકાસણી અર્થે મોકલાયા છે અને જવાબદારો સામે કડક કાનૂની કાર્યવાહી હાથ ધરાઈ છે.

આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્ય સાથે રમત કરનાર કોઈપણ કસૂરવાર કે વેપારી પેઢીને કોઈ પણ સંજોગોમાં બક્ષવામાં આવશે નહીં. ■

# જીઆઈડીસીએ ગુજરાતના ઈન્ડસ્ટ્રિયલ પ્લોટ્સના ભાવમાં કર્યો ફેરફારઃ પ્લોટ્સ થયા મોંઘા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (જીઆઈડીસી) એ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે તેના એસ્ટેટમાં ઔદ્યોગિક પ્લોટના ફાળવણીના દરમાં ફેરફાર કર્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. નવા દર ઓગસ્ટ ૨૦૨૬થી અમલમાં આવશે. સુધારેલા દર અનુસાર અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, ભરૂચ, જામનગર, કચ્છ અને અન્ય કેટલાક જિલ્લાઓમાં ઔદ્યોગિક વસાહતોનો સમાવેશ થાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર નવા ભાવને કારણે પ્લોટ્સ લગભગ ૧૦થી ૧૫ ટકા મોંઘા થયા છે. જીઆઈડીસીના પરિપત્ર મુજબ, સુધારેલા દરો ઔદ્યોગિક જમીનની ફાળવણી પર લાગુ થશે અને જમીન ફાળવણી સાથે જોડાયેલા અન્ય ચાર્જીસ માટે પણ ધ્યાનમાં લેવામાં આવશે, જેમાં ટ્રાન્સફર ચાર્જ, બિન-ઉપયોગ દંડ અને જીઆઈડીસીની નીતિઓ હેઠળ અન્ય ફીનો સમાવેશ થાય છે. પરિપત્રમાં એમ પણ જણાવાયું છે કે સુધારેલા દરો આગામી આદેશો સુધી લાગુ રહેશે. અમદાવાદમાં, બહેરામપુરા માટે રૂ. ૧૦,૬૫૦ પ્રતિ ચોરસ મીટર દર નક્કી કરવામાં આવ્યો છે, જ્યારે કઠવાડા, નરોડા અને વટવા માટે રૂ. ૧૧,૧૫૦ પ્રતિ ચોરસ મીટર નક્કી કરવામાં આવ્યો છે. નરોડાના રહેઠાણથી ઔદ્યોગિક વિસ્તાર માટેનો દર રૂ. ૧૫,૭૬૦ પ્રતિ ચોરસ મીટર વધારે છે. સાણંદ-ટુ માટે રૂ. ૬,૦૭૦ પ્રતિ ચોરસ મીટર નક્કી કરવામાં આવ્યો છે, જ્યારે સાણંદ (આરઆઈડીસી) માટેનો દર રૂ. ૮૭૦ પ્રતિ ચોરસ મીટર છે. ગાંધીનગરમાં, ગાંધીનગર (ઇલેક્ટ) અને ગાંધીનગર (એન્જિનિયરિંગ) એસ્ટેટ માટે ફાળવણી દર રૂ. ૧૦,૬૯૦ પ્રતિ ચોરસ મીટર છે, જ્યારે આઇટી સેઝ માટે દર રૂ. ૭,૫૬૦ પ્રતિ ચોરસ મીટર છે. ભાટનો દર રૂ. ૧૮,૫૫૦ પ્રતિ ચોરસ મીટર છે. ■

# અમદાવાદમાં મહિલાઓ સાથે દુષ્કર્મના બે કેસ

## સગીરાને જીવથી મારી નાખવાની ધમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ શહેરના દાણીલીમડા અને નારોલ વિસ્તારમાં બે દુષ્કર્મની ઘટના પ્રકાશમાં આવી હતી. દાણીલીમડા વિસ્તારમાં સગીરા પર દુષ્કર્મ આચરી તેને ગર્ભવતી બનાવવામાં આવી હતી જ્યારે પરિણિત મહિલા સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેને તરછોડી દેવામાં આવ્યા હોવાના બનાવો બન્યા હતા. પોલીસે બન્ને કેસમાં આરોપી સામે કાર્યવાહી હાથ ધરી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

શહેરના નારોલ વિસ્તારમાં ૨૬ વર્ષીય પિરિણિત મહિલા એક ખાનગી કંપનીમાં કામ કરતી હતી. તે જ સમયે બાજુના કંપનીમાં કામ કરતા યુવક સાથે તેને પ્રેમસંબંધ બંધાયો હતો. લગ્ન કરવાની લાલચ આપી આરોપીએ તેની સાથે વારંવાર સંબંધો બાંધ્યા હતા, પરંતુ પછીથી તરછોડી દેતા પરિણિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

તો બીજી ઘટનામાં દાણીલીમડામાં રહેતા સફાઈ કામદારની ૧૫ વર્ષીય દીકરીને પેટમાં દુખતા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

અહીં તબીબોએ તે ગર્ભવતી હોવાનું કહેતા પરિવાર ચિંતામાં આવી ગયો હતો. સગીરાના જણાવ્યા અનુસાર ઘેર એકલી હતી ત્યારે એક શખ્સે તેની સાથે બળજબરી કરી હતી અને કોઈને જણાવશે તો મારી નાખવાની ધમકી આપી હતી.

સગીરાની માતાએ પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી હતી. પોલીસસૂત્રોએ બન્ને કેસમાં તપાસ આગળ વધારી હોવાનું જણાવ્યું હતું. ■

# ગાંધીનગરમાં પકડાયું જુગારધામઃ દરોડામાં ૨૧ આરોપીઓ ઝડપાયા, મુખ્ય સૂત્રધાર પણ સકંજામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુજરાતમાં શ્રાવણ માસની શરૂઆતની સાથોસાથ જ જુગાર રમવામાં પણ બનાવો સતત પોલીસ ચોપડે નોંધાતા રહે છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના પોર ગામમાં ચાલતા એક જુગારધામ પર દરોડો પાડવામાં આવ્યો હતો. અડાલજ પોલીસ સ્ટેશનની ટીમે ચોક્કસ બાતમીના આધારે પોર ગામની સીમમાં ચાલતા એક મોટા જુગારધામ પર સફળ દરોડો પાડ્યો હતો. આ મેગા ઓપરેશનમાં પોલીસે લાખો રૂપિયાના મુદ્દામાલ સાથે ૨૧ જેટલા ખેલીઓને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડીને કાયદેસરનો સકંજો કસ્યો છે.

પોલીસ ફરિયાદની સત્તાવાર વિગતો અનુસાર, અડાલજ પોલીસ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે અજય ઉર્ફે અબ્દુલ ચંદુજી ઠાકોર નામનો શખ્સ પોર ગામની સીમમાં આવેલ એક ખેતરમાં ઓરડી ભાડે રાખીને જુગારધામ ચલાવી રહ્યો છે. આ શખ્સ બહારથી માણસોને બોલાવી, જુગાર રમવાના સાધનો પૂરા પાડી અને નાળના પૈસા ઉઘરાવીને મોટા પાયે હાર-જીતનો જુગાર રમાડતો હતો. બાતમીની ખરાઈ કર્યા બાદ પોલીસે પંચોને સાથે રાખીને આ ઓરડી પર અચાનક છાપો માર્યો હતો, જ્યાં ઓરડીની અંદર બે અલગ-અલગ કુંડાળામાં બેસીને શખ્સો પાના-પત્તાનો જુગાર રમતા ઝડપાયા હતા.

દરોડા દરમિયાન પોલીસે ચારે બાજુથી કોર્ડન કરીને જુગાર રમતા કુલ ૨૧ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસ દ્વારા કરવામાં આવેલી અંગજડતી અને સ્થળ તપાસમાં મોટી રકમ રિકવર કરવામાં આવી હતી. દાવ પરથી રૂ. ૨૫૦૦૦ અને આરોપીઓ પાસેથી રૂ. ૪૧૫૨૦૦ મળીને કુલ રૂ. ૪૪૦૨૦૦ ની રોકડ રકમ જપ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત, પકડાયેલા શખ્સો પાસેથી અલગ-અલગ કંપનીના ૧૬ મોબાઈલ ફોન (જેની કિંમત રૂ. ૧૨૪૦૦૦ ) તેમજ ગંજીપાના અને અન્ય ચીજવસ્તુઓ મળીને પોલીસે કુલ રૂ. ૫,૬૪,૨૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ જુગારધામ ચલાવનાર મુખ્ય સૂત્રધાર અજય ઠાકોરે આ ઓરડી વિજય બળદેવજી ઠાકોર નામના શખ્સ પાસેથી રોજના ૫ હજાર રૂપિયાના ભાડેથી લીધી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે ઝડપાયેલા તમામ ૨૧ આરોપીઓ અને ઓરડી ભાડે આપનાર ફરાર આરોપી વિજય ઠાકોર વિરુદ્ધ જુગાર ધારાની કલમ ૪ અને ૫ મુજબ અડાલજ પોલીસ સ્ટેશનમાં વિધિવત ગુનો નોંધ્યો છે. હાલમાં પોલીસે તમામ આરોપીઓની અટકાયત કરીને આ ગુનામાં આગળની કાયદેસરની તપાસ અને કાર્યવાહી હાથ ધરી છે. ■



**નન્હામુન્હા રાહી હું... :** દેશનો વર્તમાન ભલે ગમે તેટલો પડકારજનક હોય, પરંતુ દરેક દેશવાસી એક સારા ભવિષ્યની કલ્પના કરતો હોય છે. ૧૫મી ઑગસ્ટે સ્વતંત્રતાના દિવસે આપણે આવનારા વર્ષોમાં દેશની અને દેશબાંધવોની ઉન્નતીની મનોકામના કરતા હોઈએ છીએ, ત્યારે અમદાવાદના નારણપુરા વિસ્તારના આ ટબૂડિયાઓ હાથમાં તિરંગો લઈ એકદમ શુદ્ધભાવે દેશની આઝાદી ઉજવે ત્યારે વિશ્વાસ જાગે છે કે આપણી આવતીકાલ વધારે તેજોમય હશે. (કેદાર દવે)

# એક કમાન્ડ પર ઓબીસીની વસ્તી હાથમાં આવી જશે, જાતિ આધારિત વસ્તી ગણતરી આવકારદાયક : દેવેન્દ્ર ફડણવીસ

મુંબઈ: પહેલાં દેશમાં જે વસ્તી ગણતરી થતી હતી, તેમાં જાતિ ગણવામાં આવતી નહોતી. પરંતુ હવે જાતિ આધારિત વસ્તી ગણતરીને મંજૂરી મળી ગઈ હોવાથી, માત્ર એક ક્લિક કે કમાન્ડથી આખા દેશમાં ઓબીસી સમાજની કુલ વસ્તી કેટલી છે, તેનો ચોક્કસ આંકડો સરળતાથી મળી શકશે, એવું વક્તવ્ય મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કર્યું હતું.

આ પહેલાં ક્યારેય આ કોલમમાં જ્ઞાતિનો વિષય નહોતો. હવે નવી વસ્તી ગણતરીમાં એસસી, એસટી અને જ્ઞાતિ એ મુજબની રચના છે. દરેક રાજ્યમાં ઓબીસીની યાદીમાં અલગ-અલગ જ્ઞાતિઓ હોય છે. એકવાર બધી જ્ઞાતિઓની માહિતી આવી જશે, પછી તે જ્ઞાતિઓનું એકત્રીકરણ થઈને આપણને ઓબીસી સમાજની કુલ વસ્તીની જાણ થશે. દરેક જ્ઞાતિની અલગ-અલગ વસ્તી સામે આવતાં જ એક જ કમાન્ડ પર સમગ્ર ઓબીસી વસ્તી આપણી સમક્ષ આવી જશે. તેથી જાતિ આધારિત વસ્તી ગણતરી એ એક અત્યંત મહત્ત્વપૂર્ણ મુદ્દો હતો, જેને મંજૂર કરી દેવામાં આવ્યો છે. આનાથી ઓબીસી વસ્તીનો સ્પષ્ટ ખ્યાલ આવશે, દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.

મહિલા અનામત બિલ લાગુ કરવા માટે જાતિ આધારિત વસ્તી ગણતરી અને સીમા પુનઃનિર્ધારણ પૂર્ણ થવું જરૂરી છે. કેન્દ્ર સરકારે જૂની વસ્તી ગણતરીના આધારે પ્રક્રિયા પૂર્ણ કરવા બંધારણીય સુધારો લાવ્યો હતો, પરંતુ વિપક્ષના સમર્થનના અભાવે તે પસાર થઈ શક્યો નહીં. તેથી, ૨૦૨૯ સુધીમાં મહિલાઓને અનામત આપવા માટે જાતિ ગણતરી અને ડિલિમિટેશન પૂર્ણ કરવું અથવા નવા બંધારણીય સુધારાને સમર્થન આપવું એ જ વિકલ્પો રહે છે.

# બીડને સમૃદ્ધ બનાવવાનાં કામમાં સહકાર આપો: સુનેત્રા પવાર

બીડ: મહારાષ્ટ્રનાં નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે શનિવારે નાગરિકોને સરકાર સાથે મળીને બીડ જિલ્લાને 'સ્વસ્થ, શિક્ષિત, સમૃદ્ધ અને સુરક્ષિત' બનાવવા માટે સહયોગ આપવા માટે અપીલ કરી હતી. અહીં આયોજિત સ્વાતંત્ર્ય દિવસના કાર્યક્રમને સંબોધતાં સુનેત્રા પવાર, જેઓ બીડ જિલ્લાના પાલક પ્રધાન પણ છે, જણાવ્યું હતું કે સરકારનું ધ્યાન ખેતી, સિંચાઈ, આરોગ્યસંભાળ, શિક્ષણ, રોજગાર અને માળખાગત સુવિધાઓ પર છે. તેમણે જિલ્લામાં હાથ ધરવામાં આવેલી વિવિધ વિકાસલક્ષી પહેલોની માહિતી આપી હતી.

નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે જણાવ્યું હતું કે શેરડી કામદારોના આરોગ્ય માટે સરકાર 'મિશન સાથી' અમલમાં મૂકી રહી છે. આ અંતર્ગત લાભાર્થીઓને આયુષ્માન ભારત તથા મહાત્મા જ્યોતિરાવ ફુલે જન આરોગ્ય યોજના હેઠળ આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યા છે. બીડ જિલ્લામાં તાજેતરમાં શરૂ કરાયેલ સંત ભગવાનબાબા સરકારી છાત્રાલય શેરડી કામદારોનાં બાળકો માટે મહારાષ્ટ્રમાં પોતાની જાતનું પ્રથમ એવું કેન્દ્ર છે, એમ તેમણે જણાવ્યું હતું. દર વર્ષે જિલ્લાના હજારો લોકો શેરડી કાપણીના કામ માટે પશ્ચિમ મહારાષ્ટ્ર તથા પડોશી રાજ્યોમાં સ્થળાંતર કરે છે.

આરોગ્ય ક્ષેત્ર અંગે પવારે જણાવ્યું હતું કે જિલ્લા હૉસ્પિટલમાં આધુનિક ૧૦ બેડનું કાર્ડિયાક યુનિટ અને ૧૦૦ બેડનું માતા-બાળ સંભાળ કેન્દ્ર સ્થાપવામાં આવ્યું છે. સ્વાતંત્ર્ય દિવસે વડવાણી તાલુકાના ચિંચવણ ખાતે નવી ગ્રામીણ હૉસ્પિટલની ઇમારતનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ખેડૂત દેવા માફી યોજના હેઠળ બીડના ૯૬,૦૦૦થી વધુ ખેડૂતોને ૭૧૧ કરોડ રૂપિયાનો લાભ મળ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે ખેડૂતોને યોજનાના આગામી તબક્કા માટે પાત્ર બનવા એગ્રીસ્ટેક નોંધણી અને આધાર પ્રમાણીકરણ પૂર્ણ કરવાની અપીલ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે આષ્ટી લિફ્ટ સિંચાઈ યોજના દ્વારા ૧.૬૮ ટીએમસી પાણી ઉપલબ્ધ થશે અને ૨૬ ગામોના ૮,૧૪૭ હેક્ટર વિસ્તારમાં પાણી પહોંચાડવામાં મદદ મળશે. ■

# મહારાષ્ટ્રમાં દરેક વ્યક્તિની હશે ડિજિટલ ઓળખ: મહા-આઈડીથી જ થશે તમામ કામ

મુંબઈ: મહારાષ્ટ્ર સરકાર હવે રાજ્યના દરેક નાગરિકને એક ડિજિટલ ઓળખ આપશે. આ માટે સરકાર 'મહા-આઈડી' જારી કરશે. આ સમગ્ર કવાયતનો હેતુ માહિતી ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) ની મદદથી ઝડપી, પારદર્શક અને ઘરે બેઠા સરકારી સેવાઓ પૂરી પાડવાનો છે. આ કોઈ અલગ ઓળખપત્ર નહીં હોય. 'મહા-આઈડી' વ્યક્તિના આધાર કાર્ડ સાથે જોડાયેલો એકીકૃત ઓળખ નંબર હશે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તમામ સરકારી વિભાગોને એઆઇ અને આઇટી આધારિત આઇટી ઉકેલો અપનાવવાના નિર્દેશ આપ્યા છે, જેથી નાગરિકોને સરકારી સેવાઓ સીધી ઘરે બેઠા મળી શકશે. આ ડિજિટલ ગવર્નન્સ પહેલનો 'મહા-આઈડી' એક મહત્ત્વપૂર્ણ ભાગ હશે. સરકારી સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ પ્લેટફોર્મ ઇલેક્ટ્રોનિક્સ, માહિતી ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વિભાગ હેઠળના 'મહા-સારથી' પોર્ટલ દ્વારા ચલાવવામાં આવશે. નાગરિકો નિર્ધારિત પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરશે અને જરૂરી માહિતી આપશે. આધાર ફ્રેમવર્ક સામેલ કરીને ડિજિટલ મહા-આઈડી તૈયાર કરવામાં આવશે. નાગરિકો આ એક જ આઈડી દ્વારા વિવિધ સરકારી સેવાઓ માટે અરજી કરી શકશે.

'મહા-આઈડી' આપવામાં આવ્યા બાદ નાગરિકોને યોજનાઓ, માહિતી, સબસિડી અને સેવાઓ મેળવવા માટે માત્ર 'મહા-આઈડી' જણાવવાનું રહેશે. સરકાર પાસે પહેલેથી જ ડોમિસાઈલ સર્ટિફિકેટ, આવક પ્રમાણપત્ર, રેશનકાર્ડ જેવા મહત્ત્વપૂર્ણ રેકોર્ડ ઉપલબ્ધ છે. તેથી દરેક અરજી વખતે નાગરિકોને ભૌતિક દસ્તાવેજો વારંવાર જમા કરાવવાની જરૂર નહીં પડે.

### અલગ-અલગ પોર્ટલ પર રજિસ્ટ્રેશનની જરૂર નહીં પડે

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સ્વતંત્રતા દિવસના અવસરે આ પહેલની રૂપરેખા રજૂ કરી હતી, હવે સત્તાવાર પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે. આ એકીકૃત સિસ્ટમથી વિદ્યાર્થીઓ, ખેડૂતો, વરિષ્ઠ નાગરિકો, મહિલા ઉદ્યોગસાહસિકો અને આર્થિક રીતે નબળા વર્ગોને સીધો લાભ મળશે. હાલમાં વિદ્યાર્થીઓને રાજ્યની સ્કોલરશીપ માટે અલગ-અલગ શિક્ષણ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરવું પડે છે. ખેડૂતોને સબસિડી મેળવવા માટે વારંવાર ઓળખ, જમીન અને બેંકની વિગતો આપવી પડે છે. ■

### ચકાસણીની પણ જરૂર નહીં

સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે અગાઉથી ચકાસાયેલ ડેટાનો ઉપયોગ હવે પાત્ર સેવાઓ માટે આપમેળે થઈ શકશે. તેનાથી બિન જરૂરી દસ્તાવેજો જમા કરાવવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે. 'મહા-આઈડી' અને 'મહા-સારથી' પોર્ટલના એકીકરણની વિવિધ સરકારી વિભાગો અને ડિજિટલ પ્લેટફોર્મ એકબીજા સાથે જોડાઈ જશે. આના કારણે એક અત્યંત ઇન્ટરઓપરેબલ ડિજિટલ ગવર્નન્સ નેટવર્ક તૈયાર થશે. જ્યારે રાજ્યના વિવિધ વિભાગો પોતાનો ડેટા સિંક્રોનાઇઝ કરશે, ત્યારે એક વિભાગને જરૂરી માહિતી બીજા વિભાગ પાસેથી આપમેળે મળી શકશે. ■

# રાણીબાગમાં આવેલો મેયરનો બંગલો અને તેનો પરિસર મૉર્નિંગ વૉક માટે ખુલ્લો મુકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાયખલાના વીરમાતા જીજાબાઈ ભોસલે બોટનિકલ ગાર્ડન અને પ્રાણી સંગ્રહાલયમાં દાયકાઓથી નાગરિકો દ્વારા કરવામાં આવતા મૉર્નિંગ વોકને સેન્ટ્રલ ઝૂ ઑથોરિટી (સીઝેડએ)ની માર્ગદર્શિકાને લીધે બંધ કરવાની ફરજ પડી હતી પણ હવેથી સવારે છ થી નવ વાગ્યા દરમ્યાન નાગરિકો મૉર્નિંગ વોક માટે મેયરના બંગલા અને તેના પરિસરને અડીને આવેલા રસ્તાનો ઉપયોગ કરી શકશે, એવી જાહેરાત મુંબઈના મેયરે કરી હતી.

સ્વતંત્રતા દિવસે મુંબઈના મેયર રિતુ તાવડેએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યા પછી મેયરના સત્તાવાર નિવાસસ્થાનનો મુખ્ય દરવાજો ખોલ્યો હતો અને હવેથી સ્થાનિક રહેવાસીઓ મૉર્નિંગ વોક માટે બંગલા અને તેના પરિસરને અડીને આવેલા રસ્તાનો ઉપયોગ કરી શકશે. આ સુવિધા દરરોજ સવારે છ થી નવ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે, જેનાથી નાગરિકોને હેરિટેજ-કેટેગરી બંગલાની આસપાસની હરિયાળી વચ્ચે ચાલવાની તક મળશે.

વર્ષોથી નોંધાયેલા વોકર્સને ૧૫૦ રૂપિયાની નજીવી માસિક ફી ચૂકવીને સવારે છ થી આઠ વાગ્યા દરમ્યાન પ્રાણી સંગ્રહાલયની અંદર નિયુક્ત પટ્ટાનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. સીઝેડએ દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકાના અમલીકરણ બાદ જુલાઈમાં આ સુવિધા બંધ કરવામાં આવી હતી. અધિકારીઓએ પ્રાણી સંગ્રહાલય પરિસરમાં રખડતા કૂતરાઓને ખવડાવવા અને ફૂલો તોડવા બદલ કેટલાક ફરવા જનારાઓ સામે ફરિયાદોનો પણ ઉલ્લેખ કર્યો હતો, તેથી પ્રાણીબાગમાં સીઝેડએની માર્ગદર્શિકા મુજબ મૉર્નિંગ વૉક પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો.

## પારસી મરણ

દોલી ફરેદુન ઇરાની તે મરહુમ શીરીન અને મરહુમ ફરેદુન ઇરાનીના દીકરી. તે હોમાઇ, ફીરોઝા, ગોવેર તથા મરહુમો ગુલુ, રૂસી તથા સોલીના બહેન. તે બેનાઝ, હોરમઝદ, ફરહાદ, અફલાતુન, ફરહા, અનાહીતા, જોન, એલન તથા આરાફાતના માસીજી. (ઉં. વ. ૭૩) રે. ઠે. એ-૧ બિલ્ડિંગ, રૂમ. નંબર-૪, પહેલે માળે, પ્રોક્ટર સ્ટ્રીટ, ગ્રાન્ટ રોડ (ઇ) મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૬-૮-૨૬ને રોજે સાંજે ૩.૪૫એ દાદીશેઠની અગિયારીમાં કરવામાં આવશેજી.

દીનીયાર સાવકશા મોટા તે મરહુમ ધાનના ધની. તે મરહુમો શાવકશા તથા મહેરામાયના દીકરા. તે પરસીસના બાવાજી. તે મેહનોશા ચોકસીના જમાઇ. તે મહારૂખ અને મહેરઝબાન તથા મરહુમો જાલ, હોમાય તથા કેટીના ભાઇ. તે ફરહાદના મમાવાજી. (ઉં. વ. ૮૫) રે. ઠે. જે. એન. મોદી કો. ઓપરેટીવ સોસાયટી, ઓફ મહાકાલી કેવઝ, અંધેરી (ઇ), મુંબઇ-૪૦૦૦૯૩. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૬-૮-૨૬ના રોજે સાંજે ડુંગરવાડી, બેનેટની બંગલી નંબર ૬માં કરવામાં આવશેજી.

કેકી બમનશાહ મિસ્ત્રી તે નીના કેકી મિસ્ત્રીના ખાવીંદ. તે મરહુમ બમનશાહ મિસ્ત્રી તથા મરહુમ નરગીશ બમનશાહ મિસ્ત્રીના દીકરા. તે જમશેદ કેકી મિસ્ત્રી અને સાયરસ કેકી મિસ્ત્રીના બાવાજી. તે શેરનાઝ જમશેદ મિસ્ત્રીના સસરા. તે પરવેઝ બમનશાહ મિસ્ત્રી, ઝરીર બમનશાહ મિસ્ત્રી મરહુમ ઝરીના બમનશાહ મિસ્ત્રીના ભાઇ. તે રયોમંદ તથા ખુરવીન જમશેદ મિસ્ત્રીના બપાવાજી. (ઉં. વ. ૯૦) રે. ઠે. રૂમ નંબર ૫૨, સનશાઇન કોઓપરેટીવ હાઉસિંગ સોસાયટી, ખંબાલા હીલ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૭-૮-૨૬ના દિવસે સાંજે ૩.૪૫એ વચ્છાગાંધી અગિયારીમાં કરવામાં આવશેજી.

## જૈન મરણ

**ખંભાત વિશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી હાલ વિલેપાર્લે પ્રભાબેન ચીમનલાલ શાહના સુપુત્ર કિરીટભાઇ શુક્રવાર તા. ૧૪-૮-૨૬ દેવલોક પામ્યા છે. તે વસુબેનના પતિ. ભાવેશ, જલ્પાના પિતાશ્રી. નિશા તથા અમરના સસરા. પરેશ તથા હસમુખભાઇ, હંસાબેન, દક્ષાબેનના મોટાભાઇ. તે રતિલાલ વર્ધમાન કોઠારીના જમાઇ રવિવાર, તા. ૧૬-૮-૨૬ના બપોરના ૩થી ૫ પ્રાર્થનાસભા રાખેલ છે. ઠે. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગોધરાના વસંતલાલ ચનાભાઈ છેડા (ઉં.વ. ૭૮) તા. ૧૪-૮-૨૬ના અવસાન પામેલ છે. વેલબાઈ ચનાભાઈના પુત્ર. સ્વ. જયવંતીના પતિ. નીતા, પ્રીતી, કવિતા, અમીતના પિતાશ્રી. સ્વ. ધીરજલાલ, ધનવંતીબેન ધીરજ, જવેરબેન કલ્યાણજી, રૂક્ષ્મણીબેન (રેખા) પ્રકાશ, સં.પ. પ.પૂ.સા.શ્રી રક્ષગુણાશ્રીજી મ.સા.ના ભાઈ. ગોધરાના સ્વ. ગાંગબાઇ દેવજી સાલીયાના જમાઈ. પ્રાર્થના : શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા.સં.સં.ક્રસન લઘુ નિસર હોલ, દાદર (વે). ટા. : ૪ થી ૫.૩૦. (માંસપેશીઓ, હાડકાં, ત્વચાદાન અને નેત્રદાન કરેલ છે)

મોટી ખાખરના સૌ. મધુ ચુનીલાલ ગંગર (ઉં.વ. ૬૫) ૧૪-૮ના અવસાન પામેલ છે. ચુનીલાલના ધર્મપત્ની. રતનબેન નેણશીના પુત્રવધૂ. જીગરના માતાજી. લક્ષ્મીબેન દામજીની પુત્રી. મુકેશ, હરેશ, વૈજયંતી જેઠાલાલ, કંચન કાંતીલાલ, કલ્પના કોરશી, આશા દેવેન્દ્રના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ચુનીલાલ ગંગર, બી/૩૫/૦૪, એમ.જી. કોમ્પલેક્ષ, સેક્ટર ૧૪, વાશી, નવી મુંબઈ-૪૦૦૭૦૩.

રતાડીયા (ગણેશ)ના સાકરબેન વસનજી વેલજી છેડા (ઉં.વ. ૭૮) તા. ૧૩-૮-૨૬ના અવસાન પામ્યા છે. રતીમા વેલજી પાસુના પુત્રવધૂ. વસનજીના પત્ની. સ્વ. નિર્મળા, સ્વ. ભાવના, સ્વ. મહેશ, જયેશ, લીનાના માતુશ્રી. પત્રી પુરબાઈ વેલજી ઘરોડ, ટોડા વેજબાઈ નાનજી મુરગના પુત્રી. ખીમજીભાઈ, લાલજીભાઈ, હરિલાલભાઈ, પ્રેમજીભાઈ, સ્વ. ઝવેરબેન, સ્વ. મણીબેન, નરેન્દ્રભાઈના બહેન. પ્રાર્થના : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વેસ્ટ) (ટા. ૪ થી ૫.૩૦).

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

જાંબાળા નિવાસી હાલ વિરાર, ગજરાબેન માણેકચંદ ગાંધીના સુપુત્ર તથા શીલાબેનના પતિ વિનોદરાય (ઉં.વ. ૭૪) તા. ૧૩/૮/૨૬ ગુરુવારના અવસાન પામેલ છે. તે અંકિતા અને સાગરના પિતા. જયકુમાર અને હાર્દીના સસરા. ભુપતભાઈ, ભરતભાઈ, સ્વ. પ્રભાબેન હિંમતલાલ શાહ, સ્વ. મંગળાબેન ચિમનલાલ દોશીના ભાઈ. સાસરાપક્ષે પન્નાલાલ ચત્રભુજ મહેતા (શેલણા)ના જમાઈ મંગળવાર, તા. ૧૮/૮/૨૬ના ૧૦:૦૦ કલાકે શત્રુંજય ભાવયાત્રા રાખેલ છે. સ્થળ: તેરાપંથ હોલ, રેલવે સ્ટેશન પાસે, વિરાર વેસ્ટ.

**મચ્છુકાંઠા દશાશ્રીમાળી જૈન**

વાંકાનેર મોરબી નિવાસી, હાલ વિલેપાર્લે, ગં.સ્વ. લીલાવંતી મનહરલાલ ટોલીયા (ઉં.વ. ૯૬) સ્વ. ખીમચંદ મહેતાના સુપુત્રી તથા નીરૂપમા, ભરત, સ્વ. અજય, જીતેન્દ્રના માતુશ્રી. હરેશભાઈ, આશા, જસ્મી, ભાવિકાના સાસુ તથા અર્પિત-વ્યોમા, પૂજા-કેવીન, ધરા, આયુષના દાદી. બીનેશ-નિશીતા, પ્રિયાંક - કિંજલના નાની તા. ૧૪-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર પ્રથા બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

**લુહાર સુતાર**

ગામ ઠવી વીરડી હાલ વિરાર, નારણભાઇ પુરુષોત્તમભાઈ રાઠોડ (ઉં.વ. ૬૧) તા. ૧૨/૮/૨૬ના શ્રીરામશરણ પામેલ છે. તે સ્વ. મંગળાબેન પુરુષોત્તમ રાઠોડના પુત્ર. હસમુખભાઈ, સ્વ. ભરતભાઈના ભાઈ. નીલમબેનના પતિ. સોનલબેન, વીરાલીબેનના પિતા. સ્વ. મંજુલાબેન સિધ્ધપુરાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**બ્રહ્મક્ષત્રિય**

ગં.સ્વ. કુસુમ દિલીપકુમાર નિર્મળ (ઉં.વ. ૬૭) ચિત્તલ નિવાસી અને હાલ મીરા રોડ, સ્વ. દિલીપકુમાર છગનલાલ નિર્મળના ધર્મપત્ની. સ્વ. પુરસોત્તમ સુંદરજી શનિશ્ચરા (ખત્રી)ની દીકરી. વિજય, રશ્મિ, પિંકીના મમ્મી. સ્વ. અનિલભાઈ, ઇલેશભાઈ, રમાબેન, જ્યોતીબેન, નયનાબેન, દક્ષબેનના બેન. રક્ષાબેન જગદીશભાઈ શાહના ભાભી. ડી-૧૬૦૯, બાર્સેલોના, જે.પી. નોર્થ પોદ્દાર ઇન્ટરનેશનલ સ્કૂલ પાસે, મીરા રોડ ઈસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

ડોમ્બીવલી નિવાસી, સ્વ. જલ્પા અનિલ ઠક્કર (ઉં.વ. ૪૦) તા. ૧૧/૮/૨૬ના અવસાન પામેલ છે. તે અનિલ ઠક્કરના પત્ની. નિલમ વિરેન ઠક્કરના ભાભી. અદ્દીતીના કાકી. નાનાલાલ ભીમજીયાણીના દિકરી. મનીષભાઇ, યોગેશભાઇના બેન. પ્રાર્થનાસભા તા. ૧૬/૮/૨૬ના બપોરે ૪ થી ૬. ભાનુશાલી હોલ, નાંદીવલી રોડ, ભાનુશાલી માર્ગ, પ્રગતિ કોલેજની બાજુમાં, ડોમ્બીવલી ઇસ્ટ.

**ઘોઘારી લોહાણા**

ડોમ્બીવલી નિવાસી, સ્વ. હિતેશ ધીરજલાલ હરીયાણી (ઉં.વ. ૫૭) તા. ૧૪/૮/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સંગીતા હરીયાણીના પતિ. ધીરજલાલ નાગજીભાઇ હરીયાણીના પુત્ર. હર્ષ, મીતના પિતાશ્રી. કેતનભાઇ, સ્વ. ભાવેશભાઇ, ભાવિનભાઇ, ચિંતનભાઇ, અલ્પાબેન મનીષકુમારના ભાઇ. રંજનબેન જમનાદાસ ઠક્કરના જમાઇ. અનિલભાઇ, વિરેનભાઇ ઠક્કરના બનેવી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬/૮/૨૬ના રવિવાર બપોરે ૪ થી ૬. ભાનુશાલી હોલ, નાંદીવલી રોડ, પ્રગતિ કોલેજની બાજુમાં, ડોમ્બીવલી ઇસ્ટ.

**ઈડર ઔદિચ્ય સત્તાવીસ જ્ઞાતિ બ્રાહ્મણ**

ગામ મેસણ મુકામે સ્વ. સૂર્યકાંત રેવાશંકર ભટ્ટ (ઉં.વ. ૮૬) ૯-૮-૨૬ ના રોજ દેવલોક પામ્યા છે. તે સ્વ. મંજુલાબેનના પતિ. સ્વ. ઉમિયાબેન અને સ્વ. રેવાશંકર મોતીરામ ભટ્ટના સુપુત્ર. કૌશિક, સ્વ. મનીષભાઈના પિતા. પલ્લવી મનીષ ભટ્ટના સસરા. સ્વ. દલપતરામ તથા સ્વ. મનહરલાલ, સ્વ. હસમુખલાલ, મુકુંદભાઈ, સ્વ. નિરંજનભાઈ, સ્વ. કમળાબેનના ભાઈ. સદ્ગતનું બેસણું મેસણ મુકામે, તા. ઇડર ખાતે મંગળવાર, તા. ૧૮-૮-૨૬, સમય સવારે ૧૦ વાગ્યાથી.

**માધવપુર ગીરીનારા બ્રાહ્મણ**

મીતુબેન દાવડા તે સ્વ. પ્રવીણભાઇ દાવડાના પત્ની. સ્વ. મંજુલા લક્ષ્મીકાન્ત ભટ્ટના સુપુત્રી. નીલુ, હરુ, કકુ, મધુ તથા ચેતનના બેન. નીલમ પ્રકાશ તથા પીંકી નરેશના મમ્મી. વેદાંત અને પ્રથાના નાની તા. ૧૪-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**દશા મોઢ માંડલીયા વણિક**

રાણપુર (ભેસાણ) નિવાસી હાલ બોરીવલી સ્વ. કુમુદિનીબેન મગનલાલ જેઠાલાલ શાહના સુપુત્ર ભગીરથભાઇ (ઉં. વ. ૭૭) તા. ૧૩-૮-૨૬ના ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. તે કુંદનબેનના પતિ. કમલેશ, ઉમેશના પિતા. કાજલ, નિકીતાના સસરા. યોગીનીબેન ધનેશચંદ્ર શાહ અને અશ્વિનનાં મોટાભાઇ. તથા સ્વ. મોહનલાલ ભીખાલાલ શાહ (અગરબત્તીવાળા) ના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.



**નવરોઝ મુબારક:** પારસી બંધુઓએ નવા વર્ષની શરૂઆત ધર્મસ્થાન અગિયારીમાં જઈને કરી હતી. (અમય ખરાડે)

# ભૂસ્ખલન બાદ ઘાટકોપર અશોક નગરમાંથી પરિવારને જગ્યા ખાલી કરાવવાના બીએમસીના પ્રયાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઘાટકોપર (પશ્ચિમ)માં ચિરાગ નગરના અશોક નગર વિસ્તારમાં રહેતા પરિવારોને બહાર કાઢવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ ફરી પ્રયાસ હાથ ધર્યા છે, જ્યાં ગયા અઠવાડિયે એટલે કે ૧૨ ઓગસ્ટના રોજ ભેખડ ધસી પડવાથી ભૂસ્ખલનમાં કુલ આઠ લોકો માર્યા ગયા હતા અને સાત અન્ય જખમી થયા હતા.

પાલિકાના અધિકારીના જણાવ્યાં અનુસાર મહાનગરપાલિકા લગભગ પચ્ચીસથી ૫૦ પરિવારોને સંવેદનશીલ વિસ્તાર ખાલી કરવા માટે સમજાવવામાં સફળ રહી છે. પાલિકાના 'એલ' વૉર્ડના આસિસ્ટન્ટ કમિશનર અનિલ જાધવે જણાવ્યું હતું કે અન્ય પરિવારોને પણ સ્થળાંતર કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ તેઓએ સ્થળાંતર કરવાનો ઇનકાર કર્યો હતો, વૈકલ્પિક સ્થળે જવાને બદલે ત્યાં જ રહેવાનું પસંદ કર્યું હતું. અહીં ભેખડ ધસી પડવાનું જોખમ વધુ હોવાથી વારંવાર રહેવાસીઓને આ વિસ્તાર ખાલી કરવાની વિનંતી કરવામાં આવી રહી છે પણ લોકોએ જગા ખાલી કરવાનો ઇનકાર કર્યો છે અને ત્યાં રહેવાનું પસંદ કર્યું છે. આ પહેલી વાર નથી જ્યારે તેમને વિનંતી કરવામાં આવી હોય. ચોમાસાં પહેલાં પણ તેમના વિસ્તારમાં બોર્ડ લગાવીને ભેખડ ધસી પડવાનું જોખમ વધારે છે અને તેઓએ ત્યાં રહેવું જોઈએ નહીં એવી ચેતવણી આપવામાં આવી હતી.

અનિલ જાધવે વધુમાં ઉમેર્યું હતું કે પાલિકાએ એ જિલ્લા કલેક્ટર અને ઍરપોર્ટ ઑથોરિટી ઓફ ઈન્ડિયાને પત્ર લખ્યો છે, કારણ કે જે જમીન પર વસાહત આવેલી છે તે જમીન તેમની માલિકીની છે. વરિષ્ઠ અધિકારીઓના નિર્દેશોના આધારે આગળની કાર્યવાહીનો નિર્ણય લેવામાં આવશે. સ્થળાંતર કરવા ઇચ્છુક પરિવારો માટે પાલિકાએ સાકીનાકાની મોહિલી સ્કૂલમાં કામચલાઉ રહેવાની વ્યવસ્થા કરી છે, જ્યાં સંવેદનશીલ સ્થળ ખાલી કરવા સંમત થયેલા ઘણા પરિવારોને રાત્રિ આશ્રયસ્થાનો પૂરા પાડવામાં આવ્યા છે. ■

# દેશમાં જાગૃતિ આવી ગઈ છે, કોઈ સ્વતંત્રતા અને બંધારણ છીનવી નહીં શકે: ઉદ્ધવ

મુંબઈ:યુવા વિરોધ પ્રદર્શનના સંદર્ભમાં શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ શનિવારે કહ્યું કે દેશ જાગી ગયો છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે અનેક પ્રયાસો છતાં કોઈ પણ નાગરિકોની સ્વતંત્રતા છીનવી શકશે નહીં. ઠાકરેએ મુંબઈ સ્થિત મુખ્યાલય, શિવસેના ભવનની બહાર ત્રિરંગો ફરકાવ્યો હતો.

નવી દિલ્હી અને મુંબઈમાં વિરોધ કરી રહેલા યુવાનોને સેના (યુબીટી)નું સમર્થન આપનારા ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે 'લાખ કોશિશ પછી પણ કોઈ આપણી સ્વતંત્રતા છીનવી શકશે નહીં. આનું કારણ એ છે કે આપણે અંદરના કે બહારના કોઈના ગુલામ નહીં રહીએ. અમે આ સંદેશ જરૂરી લોકો સુધી પહોંચાડી રહ્યા છીએ. દેશમાં જાગૃતિ આવી ગઈ છે અને કોઈ પણ આપણા બંધારણ કે સ્વતંત્રતાને સ્પર્શ કરવાનો પ્રયાસ નહીં કરે.' (પીટીઆઈ) ■




# બાળકોના સપનાનું ધારાવી કેવું હશે...

ધારાવીની ૪૦થી વધુ શાળાઓના ૧,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ''મેરે સપના કી ધારાવી ૨.૦'' માં ભાગ લીધો હતો, જે એક આંતર-શાળા ચિત્ર સ્પર્ધા અને વિજ્ઞાન પ્રદર્શન છે જે અદાણી નવભારત ડેવલપર્સ પ્રાઇવેટ લિમિટેડ, સ્પેશિયલ પર્પઝ વ્હિકલ દ્વારા ધારાવી સોશ્યલ મિશન સાથે ભાગીદારીમાં ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ અમલ કરી રહી છે. બાળકોને કલા, વિજ્ઞાન અને નવીનતા દ્વારા તેમના વિસ્તારના પડોશના વિકાસને કેવી રીતે જોવા માગે છે તે વ્યક્ત કરવા માટે એક પ્લેટફોર્મ આપ્યું.

વિદ્યાર્થીઓએ સ્વચ્છ ઊર્જા, પાણી સંરક્ષણ, કચરા વ્યવસ્થાપન, ગ્રીન જગ્યાઓ, આરોગ્યસંભાળ, શિક્ષણ, ટૅકનોલૉજી અને સમુદાય વિકાસ સહિતના વિષયોને સંબોધતા ચિત્રો, ચિત્રો, મૉડેલો અને વિજ્ઞાન પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. ■

## સ્વતંત્રતા દિવસના સૌથી સારા સમાચાર

# આવતાં વર્ષે સ્વતંત્રતા દિને દોડી શકે છે દેશની પહેલી બુલેટ ટ્રેન!

## સુરત-બિલિમોરા વચ્ચે પ્રથમ તબક્કો શરૂ થવાની તૈયારી

મુંબઈ: મુંબઈ-અમદાવાદ વચ્ચે બહુપ્રતિક્ષિત દેશની પહેલી હાઈસ્પીડ બુલેટ ટ્રેન હવે આવતાં વર્ષે એટલે કે ૨૦૨૭માં પાટા પર દોડતી જોવા મળી શકે છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટના પ્રથમ તબક્કા તરીકે સુરત-બિલિમોરા વચ્ચે બુલેટ ટ્રેન સેવા ૨૦૨૭માં શરૂ કરવાની તૈયારી ચાલી રહી છે. તેની સાથે જ ભારતના હાઈસ્પીડ રેલ યુગની સત્તાવાર રીતે શરૂઆત થશે.

મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોરની કુલ લંબાઈ આશરે ૫૦૮ કિલોમીટર છે. સમગ્ર પ્રોજેક્ટને તબક્કાવાર કાર્યરત કરવામાં આવશે. પ્રથમ તબક્કો ગુજરાતમાં શરૂ થવાનો હોવાથી બુલેટ ટ્રેનના આગમનનું સૌથી પહેલું સાક્ષી ગુજરાત બનશે. ત્યારબાદ સેવા ધીમે ધીમે અમદાવાદ અને અંતે મુંબઈ સુધી લંબાવવામાં આવશે.

રેલવે મંત્રાલય તરફથી આપવામાં આવેલી માહિતી અનુસાર પ્રથમ હાઈસ્પીડ રેલ સેવા ઓગસ્ટ ૨૦૨૭માં શરૂ થવાની અપેક્ષા છે. અગાઉ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ૧૫ ઓગસ્ટ ૨૦૨૭ સુધીમાં બુલેટ ટ્રેનના પ્રથમ તબક્કાને શરૂ કરવાની સંભાવના વ્યક્ત કરી હતી. એટલે કે આવતા વર્ષે સ્વતંત્રતા દિવસની આસપાસ દેશને તેની પહેલી બુલેટ ટ્રેન મળવાની શક્યતા છે.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર પર ટ્રેનની ઓપરેશનલ સ્પીડ ૩૨૦ કિમી પ્રતિ કલાક રહેશે, જ્યારે તેની ડિઝાઇન સ્પીડ ૩૫૦ કિમી પ્રતિ કલાક સુધીની છે. જાપાનની શિંકાન્સેન ટેક્નોલોજી અને ઓપરેશનલ પદ્ધતિઓના આધારે આ પ્રોજેક્ટ વિકસાવવામાં આવી રહ્યો છે. અત્યાધુનિક સિગ્નલિંગ, ટ્રેન કંટ્રોલ સિસ્ટમ અને વીજળીની વ્યવસ્થા સાથે આ કોરિડોર તૈયાર કરવામાં આવી રહ્યો છે.

સમગ્ર કોરિડોર કાર્યરત થયા બાદ મુંબઈ અને અમદાવાદ વચ્ચેનો પ્રવાસ આશરે ૧ કલાક ૫૮ મિનિટમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. હાલમાં આ બે મોટા શહેરો વચ્ચેના લાંબા પ્રવાસની સરખામણીમાં બુલેટ ટ્રેન મુસાફરીના સમયમાં મોટો ઘટાડો લાવશે. આ પ્રોજેક્ટથી માત્ર મુસાફરોને જ નહીં, પરંતુ ઔદ્યોગિક અને વ્યાપારી ક્ષેત્રોને પણ ઝડપી કનેક્ટિવિટી મળશે.મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોર પર કુલ ૧૨ સ્ટેશન બનાવવામાં આવી રહ્યા છે. મહારાષ્ટ્રમાં મુંબઈના બીકેસી, થાણે, વિરાર અને બોઈસરનો સમાવેશ થાય છે. ગુજરાતમાં વાપી, બિલિમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ અને સાબરમતી સ્ટેશન રહેશે.

આ તમામ સ્ટેશનોને શહેરો અને મહત્ત્વના ઔદ્યોગિક તથા વ્યાપારી વિસ્તારો સાથે જોડવામાં આવી રહ્યા છે. સાબરમતી સ્ટેશનને બુલેટ ટ્રેન ઉપરાંત મેટ્રો, બીઆરટીએસ અને રેલવે નેટવર્ક સાથે જોડાયેલા મહત્ત્વના ટ્રાન્સપોર્ટ હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટની સૌથી મોટી એન્જિનિયરિંગ વિશેષતા મુંબઈ નજીકની સમુદ્રની નીચેની રેલવે ટનલ છે. આ ઉપરાંત મુંબઈ વિસ્તારમાં પર્વતીય વિસ્તારમાં અને અન્ય ટનલનું કામ પણ ચાલી રહ્યું છે. સમગ્ર પ્રોજેક્ટમાં એલિવેટેડ વાયાડક્ટ, મોટા પુલો, ટનલ અને આધુનિક રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કાશ્મીરમાં ૩૭૦ની કલમની નાબૂદી છતાં આજે ૭ વર્ષે પણ...

# આતંકવાદનો ભારેલો અગ્નિ ત્યાં કેમ ભભૂકી રહ્યો છે...?

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

**તાજેતરમાં ત્યાંની હિન્દુ પ્રજાને ધમકી મળતાં આતંકીઓને નેસ્તનાબૂદ કરવાને બદલે સરકારે સુરક્ષા વધારવાનાં ઠાલાં વચન આપ્યાં છે અને ખુદ લોકોને ‘વર્ક ફ્રોમ હોમ’નો આદેશ આપ્યો છે...! આવા અનિશ્ચિત માહોલમાં ત્યાંના હિન્દુઓને સરકાર પર વિશ્વાસ ક્યાંથી બેસે?**



જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબૂદીને ૭ વર્ષ પૂરાં થઈ ગયાં. ૬ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ ભારતની સંસદે જમ્મુ - કાશ્મીરને ખાસ દરજ્જોઆપતી કલમ ૩૭૦ અને કાશ્મીરના નાગરિકોને વિશેષાધિકાર આપતી કલમ 35 A નાબૂદ કરવાના ખરડા પર ચર્ચા દરમિયાન કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે હુંકાર કરેલો કે, ‘આજનું ભારત જમ્મુ - કાશ્મીરની વાત કરે ત્યારે પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) પણ તેમાં આવી જાય છે ને અમે જમ્મુ અને કાશ્મીર માટે જીવ પણ આપી દઈશું...’

અમિત શાહના આક્રમક તેવર જોયા પછી લાગતું હતું કે, ભૂતકાળની સરકારોએ જમ્મુ અને કાશ્મીરનાં લાલિયાવાડી ચલાવી તેના કારણે કાશ્મીરમાં આતંકવાદ વકરવા સહિતનાં દૂષણો ઘર કરી ગયાં તેનો કાયમી ઉકેલ આવી જશે. મોદી સરકાર કાશ્મીરમાં તો બધું સરખું કરી જ નાખશે, પણ પાકિસ્તાન પાસેથી POK (પાકિસ્તાન હસ્તગત કાશ્મીર) પણ આંચકી લઈને આખું કાશ્મીર ભારતના કબજામાં હોય એવો સીન ઊભો કરી દેશે.

આ વાતને ૭ વર્ષ થઈ ગયાં ને ૭ વર્ષ પછી શું સ્થિતી છે?

શાસક પક્ષવાળા તો કાશ્મીર માટે જીવ આપી રહ્યા નથી, પણ સામાન્ય હિંદુઓના જીવ લેવાઈ રહ્યા છે. પાકિસ્તાન પાસેથી POK આંચકી લેવાની વાત તો બાજુ પર મૂકો, પણ આપણા કબજાના જમ્મુ અને કાશ્મીરમાં પણ સ્થિતી બદલાઈ નથી, બલકે બદતર બની રહી છે. કલમ ૩૭૦ અને કલમ 35 A ની નાબૂદી પછી ભારતનો કોઈ પણ નાગરિક જમ્મુ અને કાશ્મીરમાં જમીન ખરીદી શકે છે, કાયમી વસવાટ કરી શકે છે અને કાશ્મીરમાં રહેનારા હવે કાશ્મીરી નહીં પણ ભારતીય નાગરિક જ કહેવાય છે તેમ છતાં ભારતનાં બીજાં રાજ્યોમાંથી લોકો કાશ્મીરમાં આવીને વસતાં નથી.

કલમ ૩૭૦ની નાબૂદી પછી બીજાં રાજ્યોમાંથી કેટલાં લોકો જમ્મુ અને કાશ્મીરમાં આવ્યાં કે પ્રોપર્ટી ખરીદી તેનો સરકાર દ્વારા સત્તાવાર રીતે કોઈ ડેટા બહાર પડાતો નથી કેમ કે જાહેર કરી શકાય એવો કોઈ ડેટ જ નહીં હોય. મીડિયા રિપોર્ટમાં જમ્મુ, ઉધમપુર, રીસી જિલ્લાઓમાં બહારનાં લોકોએ કેટલાક પ્લોટ ખરીદ્યા હોવાના દાવા થાય છે, પણ આ પ્લોટ ખરીદનારા કોઈ મકાન બનાવીને કાશ્મીરમાં જઈને રહ્યા નથી એ હકીકત છે.

બીજું એ કે, આ જિલ્લા જમ્મુ ડિવિઝનના છે કે જ્યાં હિંદુ બહુમતીમાં છે ને હિંદુઓની બહુમતી ધરાવતા જિલ્લાઓમાં બહારના લોકો પ્લોટ ખરીદે એ મોટી વાત ના કહેવાય. જમ્મુ અને કાશ્મીરમાં અસલી જંગ કાશ્મીર ખીણમાં છે. કાશ્મીર ખીણમાં લગભગ ૯૯ ટકા વસતિ મુસ્લિમોની છે અને ત્યાં જવા કોઈ તૈયાર નથી. બહારનાં લોકોની વાત છોડો પણ દાયકાઓ પહેલાં કાશ્મીર ખીણ છોડીને ગયેલા પંડિતો સહિતના હિંદુ કાશ્મીરીઓ પણ આ વિસ્તારમાં પાછા નથી આવ્યા ને સરકારમાં એટલો દમ નથી કે મુસ્લિમ આતંકવાદીઓના ડરે કાશ્મીર છોડીને ભાગેલા હિંદુઓને ફરી કાશ્મીરમાં વસાવે.૧

આ બધા વચ્ચે અત્યંત શરમજનક વાત એ છે કે, જમ્મુ અને કાશ્મીરમાં હવે ધર્મ પૂછીને હત્યાઓ થાય છે અને હિંદુ હોવાની ખબર પડે કે તરત ગોળીએ દઈને ‘રામનામ સત્ય’ કરી દેવામાં આવે છે.

૩૧ જુલાઈ, ૨૦૨૬ના દિવસે કુલગામ જિલ્લાના કેલામ વિસ્તારમાં આવેલા ઈંટના ભઠ્ઠા પર કામ કરતા છત્તીસગઢના બે મજૂરોની આ રીતે હિંદુ હોવાના કારણે જ ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

હિંદુઓની બહુમતી ધરાવતા દેશમાં કહેવાતી હિંદુવાદી સરકારના શાસનમાં કોઈ વ્યક્તિની માત્ર હિંદુ હોવાના કારણે હત્યા કરી દેવાઈ તેનાથી વધારે શરમજનક શું કહેવાય? લગભગ દોઢ વર્ષ પહેલાં એટલે કે, ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ પહલગામમાં આ રીતે જ ૨૬ હિંદુ પ્રવાસીઓને તેમનો ધર્મ પૂછી પૂછીને ગોળીએ દેવાયા હતા. ૧૯૯૪માં જમ્મુ અને કાશ્મીરની મસ્જિદોમાંથી હિંદુઓને કાશ્મીર છોડી જવા ધમકીઓ અપાયેલી ને પછી હિંદુઓને શોધી શોધીને ગોળીઓ મારીને હત્યા કરાયેલી. ૧૯૯૪માં કલમ ૩૭૦ અસ્તિત્વમાં હતી પણ ૨૦૨૫ કે ૨૦૨૬માં કલમ ૩૭૦ અસ્તિત્વમાં નહોતી છતાં હિંદુ હોવાના કારણે જ હત્યાઓ થઈ તો કલમ ૩૭૦ની નાબૂદીથી જમ્મુ અને કાશ્મીરમાં શું બદલાયું ? કશું જ નહીં.

આઘાતજનક વાત હવે આવે છે.

કુલગામની ઘટના પછી આતંકવાદીઓએ ઓનલાઇન પોસ્ટર વાયરલ કર્યાં છે. આ પોસ્ટરોમાં જમ્મુ અને કાશ્મીરમાં કામ કરતા છ કાશ્મીરી પંડિત સરકારી કર્મચારીઓનાં નામ અને ફોન નંબર છે. લશ્કર-એ-તૈયબા (LeT)ના પીઠ્ઠુ જેવા ‘યુનાઈટેડ લિબરેશન કાઉન્સિલ’ નામના સંગઠને પોસ્ટરો ફરતાં કરીને આડકતરી રીતે ધમકી જ આપી છે કે, હવે પછી આ કર્મચારીઓ અને તેમના પરિવારોનો વારો છે. પોસ્ટરમાં દાવો કરાયો છે કે, અમારી પાસે કર્મચારીઓના પરિવારના સભ્યોના નામ અને રહેઠાણના સ્થળો સહિતની સંપૂર્ણ વિગતો છે એટલે ભ્રમમાં ના રહેતા...

આ ધમકી દ્વારા આતંકવાદીઓએ સરકારને સીધો પડકાર જ ફેંકી દીધો છે કે, ‘તમારામાં દમ હોય તો કાશ્મીરમાં રહેતા હિંદુઓને રક્ષણ આપીને બચાવી લો....’ કેન્દ્ર સરકારે આ પડકાર ઉપાડીને આતંકવાદીઓ પર તૂટી પડવાનું હોય પણ તેના બદલે સરકારે શું કર્યું ખબર છે ? વહીવટીતંત્રે ખીણમાં તૈનાત પંડિત કર્મચારીઓને ૨૬ ઓગસ્ટ લગી ‘વર્ક ફ્રોમ હોમ’ (ઘરેથી કામ) કરવા કહી દીધું છે. એટલું જ નહીં, પંડિતો રહે છે એ વિસ્તારોમાં સરકારે સુરક્ષા વધારી હોવાના દાવા પણ કર્યા છે... પણ અમિત શાહ જે આક્રમકતાની વાત સાત વર્ષ પહેલાં કરતા હતા એવી કોઈ આક્રમકતા આતંકવાદીઓને પાઠ ભણાવવામાં આવ્યા હોય એવું કશું દેખાતું નથી.

માની લીધું કે કર્મચારીઓની સલામતી માટે તેમને ‘વર્ક ફોર્મ હોમ’ કરાવવાનો નિર્ણય યોગ્ય છે, પણ આતંકવાદીઓનો ડર ઘટાડવા માટે પણ ચમકારો બતાવવો પડે કે નહીં ? એ ચમકારો ક્યાંય દેખાતો જ નથી. કાશ્મીરમાં રહી ગયેલા રડ્યાખડ્યા હિંદુઓને સુરક્ષાનો અહેસાસ કરાવવાનો હોય પણ તેના બદલે સરકાર કશું કરી રહી નથી.

આતંકવાદી સંગઠને જેમના નામનાં પોસ્ટર ફરતાં કર્યાં એ હિંદુ કર્મચારીઓને ‘પીએમ પેકેજ’ હેઠળ માંડ માંડ સમજાવીને કાશ્મીરમાં પાછા લાવવામાં આવ્યા છે, કારણ કે મોટા ભાગના હિંદુઓ તો કાશ્મીર ખીણમાં પાછા ફરવા તૈયાર જ નથી કેમ કે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર આતંકીઓથી પોતાને બચાવી શકશે એવો હિંદુઓને ભરોસો જ નથી. તાજી ધમકીની ઘટના પછી સરકારે જે નિષ્ક્રિયતા દેખાડી છે એ જોયા પછી પરત આવવા માગતા હશે એ લોકો પણ પાછા નહીં આવે. ગમે ત્યારે ગોળી ખાઈને મરવાનું થાય એવા માહોલમાં કોણ પાછું આવે ?

કાશ્મીરી પંડિતો વતી લડતા સંગઠન ‘કાશ્મીરી પંડિત સંઘર્ષ સમિતિ’એ તો સાફ શબ્દોમાં કહ્યું જ છે કે, કાશ્મીર ખીણમાં થયેલા હિંદુઓ પરના આતંકવાદી હુમલા અને હવે કાશ્મીરી પંડિત કર્મચારીઓના નામ સાથેના ધમકીભર્યા પોસ્ટરોના કારણે કાશ્મીરમાં પંડિતોમાં રહેલી અસુરક્ષાની ભાવના ફરી જાગશે...

છેલ્લાં ૭ વર્ષમાં બીજી પણ ઘણી એવી ઘટનાઓ બની જ છે કે જેના કારણે કાશ્મીરમાં કલમ ૩૭૦ની નાબૂદી પછી કશું બદલાયું નથી તેનો અહેસાસ થાય. કલમ ૩૭૦ની નાબૂદી પછી હિંદુઓને ઉમળકો આવી ગયેલો અને કાશ્મીરના પ્રવાસે જનારાંની સંખ્યા વધી ગયેલી, પણ પહલગામના હુમલા પછી આ ઉમળકો ને ઉત્સાહ સાવ ઠંડાં પડી ગયાં છે. ૨૦૨૪માં ૨૫ લાખ ભારતીયો કાશ્મીર ફરવા ગયેલા જ્યારે એપ્રિલના હુમલા પછી ઓટ આવતાં ૨૦૨૫માં ૧૨.૫૦ લાખ પ્રવાસીઓ જ આવ્યા. આ વરસે પણ એમાં વધુ ઘટાડો થશે કેમ કે લોકો કાશ્મીર જવામાં સલામતી નથી અનુભવતા.

કલમ ૩૭૦ની નાબૂદીને કારણે કાશ્મીર મુખ્ય પ્રવાહમાં આવી જશે એવો આશાવાદ પેદા થયેલો પણ આ આશાવાદ વાંઝિયો સાબિત થયો છે. આ સરકારે કાગળ પર બંધારણીય જોગવાઈને નાબૂદ કરી પણ જમીન પર કશું બદલી શકી નથી. કાશ્મીરમાં ૧૯૯૪માં હિંદુ મરતા હતા ને હિંદુઓ હજુય મરી રહ્યા છે. હવે ઓછા હિંદુ મરે છે કેમ કે કાશ્મીરમાં મરવા માટે પણ હિંદુઓ બચ્યા નથી. ભવિષ્યમાં આતંકવાદીઓ મારવા ઈચ્છતા હોય તો પણ હિંદુઓ શોધ્યા નહીં જડે એ સ્થિતિ તરફ કાશ્મીર ખીણ આગળ વધી રહી હોય એવું અત્યારે તો લાગી રહ્યું છે. ■

ટૅક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com



# ક્લાઉડ સ્પેસની વધતી જરૂરિયાત વખતે સ્માર્ટ મૅનેજમેન્ટ

**મોબાઇલની** ખરીદી પહેલાં સૌથી સામાન્ય કહેવાય એવો કોઈ પ્રશ્ન હોય તો એ રેમ કેટલી અને ફોન સ્પેસ કેટલી એ હોય છે. આઇફોન જેવા મોટા અને મોંઘા ફોનમાં વધારાની સ્પેસ માટે પૈસા ચૂકવવા પડે છે. સૌથી વધારે જગ્યા મલ્ટિમીડિયા રોકે છે. ફોટો વીડિયો સ્પેસને રીતસર ખાય જાય છે. આનાથી ફોન ઝડપથી ભરાય જાય છે અને સ્લો થઈ જાય છે. આવી સામાન્ય મુશ્કેલી દરેક સ્માર્ટફોન ધરાવતી વ્યક્તિએ ભોગવી જ હશે, પણ છેલ્લાં પાંચ વર્ષમાં ક્લાઉડ સ્પેસની જે જરૂરિયાત ઊભી થઈ છે તેને આ મુશ્કેલીનું નિવારણ શોધ્યું છે. ફોનમાંથી જ એક્સેસ કરી શકાય અને કાયમી ધોરણે ડિજિટલ ડેટાને સાચવી રખાય એ માટે ક્લાઉડ સ્પેસની જરૂરિયાત વધી છે. ડેટા વિસ્ફોટની જે પરિસ્થિતિ આજે દરેક ક્ષેત્રમાં જોવા મળી રહી છે.

મેડિકલથી લઈને મીડિયા સુધી અને ફાઇનાન્સથી લઈને ફેશન સુધીના કોઈ પણ સેક્ટરમાં એટલો બધો ડેટા છે જેની ટોટલ ગણતરી કરવામાં આવે તો લાંબો સમય જાય. AI, રિમોટ વર્ક કલ્ચર અને કંપનીઓ દ્વારા સર્વરને એકથી વધારે એક્સેસ આપતા ડેટા સ્પેસ સ્ટોરેજની જરૂરિયાત વધી છે.

કોરોના વાઇરસના કાળમાં રિમોટ વર્ક કલ્ચર ઊભું થયું. મોબાઇલ પર આખી શાળા ધમધમતી, ક્લાસિસ ચાલતા, પીડીએફથી લઈને ઇમેજ સુધીના અનેક ડૉક્યુમેન્ટ્સથી યુઝર્સ પણ ટેવાઈ ગયા અને વિદ્યાર્થીઓ ખાસ. વીડિયો સ્ટ્રિમિંગના યુગમાં દૈનિક ધોરણે અબજોની માત્રામાં ડેટા ટ્રાન્સફર થાય છે. કેબી, એમબી, જીબી અને પછી ટીબી. આ માપન કરતાં પણ મોટી માત્રામાં ડેટા ટ્રાન્સફર થાય છે ત્યારે એને વહન કરતા કેબલ્સ પણ મજબૂત હોવા અનિવાર્ય છે.

વેબસાઇટ, વેબ ઍપ્લિકેશન, મોબાઈલ ઍપ્લિકેશન, વેબપેજીસ આ તમામના સ્ક્રીન પર દેખાતા ડેટા સિવાય પણ ઘણા પ્રોગ્રામ, તેને સંબંધિત કોડ, સંદર્ભો, સ્રોત, કંડિશન, સપોર્ટ ફાઇલ્સથી લઈને સરસ દેખાતા ફૉન્ટ સુધી એક આખું બકેટ હોય છે જે ઍપ્સ કે વેબસાઇટને રન કરવા જગ્યા આપે છે.

આ સ્ક્રીન પર ન દેખાતી વસ્તુ સાચવવા સર્વરની જરૂર પડે. આ સર્વરથી કેટલાક ડેટા પહેલાં ક્લાઉડ પર શિફ્ટ કરાતા, હવે સર્વર જ ક્લાઉડ બની જતાં અથવા ક્લાઉડ બેઝ સર્વર આવતાં થોડી રાહત થઈ છે, પણ આની પાછળ થતો ખર્ચ અબજોમાં છે. ક્લાઉડ સુધી આ ઇન્ટરનેટની સામગ્રી કેવી રીતે અને ક્યારે પહોંચી ગઈ એની ખબર જ ન પડી, પણ ક્લાઉડ સર્વિસ વર્ષ ૨૦૦૦માં પહેલીવાર શરૂ થઈ હતી. શરૂ કરનાર કંપની ગૂગલ ન હતી પણ ‘એઝુરે’ નામની એક નાની આઇટી એજન્સી હતી.

વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦માં જ્યારે કોરોનાકાળ શરૂ થયો ત્યારે ભૌતિક રીતે દેખાતી વસ્તુઓ પર વાઇરસના જોખમને ધ્યાને લેતાં ફાઇલ એક્સેસ કરવી પડકારજનક થયું. રિમોટ વર્કના કારણે ઓફિસને સંપૂર્ણ રીતે ડિજિટલ કરવાની ફરજ પડી. આ માટે એક મોટી ડિજિટલ જગ્યાની જરૂરિયાત ઊભી થઈ. એટલે જ વર્ષ ૨૦૨૦થી ક્લાઉડ સંપૂર્ણ રીતે સક્રિય થયું અને સૌની નજરમાં આવ્યું, ખાટલે મોટી ખોટ એ હતી કે આટલી મોટી જગ્યાને વાપરવા માટે પણ મૅનેજમેન્ટ તો જોઈએને? આડેધડ ડેટા રાખી દેવાથી વસ્તુ શોધ્યે ન જડે એવું થાય. આવું ન થાય એટલા માટે ક્લાઉડનાં પણ અલ્ગોરીધમ આવ્યાં, એક્સેસ લેનારી જે તે વ્યક્તિએ તેને પોતાની રીતે પણ સેટ કર્યાં. આ પછી એક વ્યવસ્થિત ફૉર્મેટ બન્યું અને તે આજે મોબાઇલ ઍપ્સથી લઈને વેબસાઇટ સુધી લાગુ થયું. બસ, એમાં નામમાં ફેરફાર થતા રહ્યા. આ સમયગાળાનાં પાક્કા ત્રણ વર્ષ પછી ક્લાઉડ સુધી પહોંચવા અને એક્સેસ માટે સરળ, સ્પષ્ટ, દરેક સુધી પહોંચે એવું, ફાવે એવું તથા પોસાય એવું ફીચર આવ્યું ક્લાઉડ કૉમ્પ્યુટિંગ. નાની અમથી ઍપ્લિકેશનની આખી સિરીઝ થરૂ થઈ, જેમાં એકવાર લૉગઇન કર્યા બાદ બધું જ કરી શકો. અપલોડ, ડાઉનલોડ, એડિટ, સર્વર સ્પેસ, સ્પેસ મૅનેજમેન્ટ, ફૉર્મેટિંગ, સરળતા એવી ઊભી થઈ ગઈ કે ફોટા કે વીડિયોને ડાયરેક્ટ જ ક્લાઉડમાં સેવ કરવા સરળ બન્યા.

ક્લાઉડ સ્પેસ આપતી કંપનીઓએ શરૂઆતમાં બધું ફ્રી આપ્યું, પછી એમાં પણ ડેટાનો ભરાવો વધ્યો એટલે કંપનીને એમાં નફો દેખાયો, પછી ચાર્જિસ શરૂ થયા અને પૈસા આપીને જેમ જમીન ખરીદાય એમ આ સ્પેસ ખરીદવી પડી. ઓછા અને નબળા ઇન્ટરનેટ કનેક્શનમાં પણ ઝટ ખૂલી જતી અને એક્સેસ થતી આ ક્લાઉડ સ્પેસમાં અનેક ફીચર્સ ઉમેરાયાં.મેગાજીબી, પીક્લાઉડ, માઇક્રોસૉફ્ટ વનડ્રાઇવ અને જિયો ક્લાઉડ અમુક માત્રામાં ડેટા સેવ કરવા ફ્રી સ્પેસ આપે છે. આ દિશામાં મોબાઇલ કંપનીઓનું પણ રોકાણ વધતાં તે ગ્રાહકોને સુવિધા આપી, પણ આના પણ માપદંડ અને સમયઅવધી હોય છે. ‘ક્લુમીનો’ જેવી કંપની સુરક્ષાની દૃષ્ટિએ ઉત્તમ હોવાનું મનાય છે. ■

**આઉટ ઑફ બૉક્સ**

*વૉટ્સઍપ જેવી જ ભારતીય ઍપ્લિકેશન ‘અરાટાઈ’ ક્લાઉડ સ્પેસ આપે છે. મોબાઇલનો ડેટા સ્ટોર કરવા ફ્રીમાં બેસ્ટ ઑપ્શન તરીકે યુઝ કરી શકાય.*

પ્રાસંગિક
વીણા ગૌતમ
feedback@bombaysamachar.com

# તીજ- શણગાર ને બહેનપણી...

શ્રાવણ મહિનાનો સ્ત્રીઓ સાથે ઊંડો સંબંધ છે. શ્રાવણ આવતા જ તેમના હાથોમાં મહેંદી અને હોઠો પર કજરીના ગીતો હોય છે. શ્રાવણ એવો મહિનો છે, જ્યારે સ્ત્રીઓ ઘર-પરિવારની જવાબદારીઓ વચ્ચે પોતાના માટે પણ થોડો સમય કાઢે છે. તેઓ પોતાની સહેલીઓને મળે છે, ગ્રૂપ બનાવીને ગીતો ગાય છે અને લોકપરંપરાઓને નવી પેઢી સુધી પહોંચાડે છે.

દેશના લગભગ દરેક ક્ષેત્રમાં શ્રાવણ મહિનાનો રીત-રિવાજો સાથે ઊંડો સંબંધ છે. જ્યારે ધરતી હરિયાળીની ચાદરમાં ઢંકાયેલી હોય છે, ત્યારે માનો સ્ત્રીને પણ પોતાની સાથે તાલ મિલાવવા માટે લીલી બંગડીઓ અને મહેંદી મૂકવા માટે પ્રેરિત કરે છે. વાસ્તવમાં આ લીલોતરી શ્રાવણના ઉલ્લાસનો સૌથી જીવંત ભાગ છે. શ્રાવણમાં આમ તો ઘણા બધા તહેવારો હોય છે અને તેમાંના દરેકનો સંબંધ ખાસ કરીને સ્ત્રીઓ સાથે હોય છે.

પરંતુ તીજ, જેને શ્રાવણી તીજ પણ કહેવામાં આવે છે, તેનો સંબંધ ખાસ કરીને સ્ત્રીઓ સાથે જ હોય છે. રાજસ્થાન, હરિયાણા, મધ્ય પ્રદેશ, પંજાબ અને અન્ય ઘણા રાજ્યોમાં તીજનો તહેવાર માત્ર એક ધાર્મિક અનુષ્ઠાન તરીકે ઉજવવામાં આવતો નથી, પરંતુ અડધી દુનિયાના સામાજિક અને સાંસ્કૃતિક ઉત્સવ તરીકે જોવામાં આવે છે.

પરિણીત સ્ત્રીઓ તીજ પર પોતાના પરિવારના સુખની કામના કરે છે, જ્યારે અવિવાહિત યુવતીઓ પોતાના માટે સારા જીવનસાથીની ઈચ્છા રાખે છે. તીજનું સૌથી મહત્ત્વપૂર્ણ પાસું એ જ છે કે તે સ્ત્રીઓને સામાજિક મેળ-મિલાપની તક આપે છે. તીજના પ્રસંગે વિવાહિત સ્ત્રીઓ પોતાના પિયરે આવે છે અને લગ્ન પહેલાની પોતાની સખીઓને મળે છે. તેમની સાથે હિંડોળે ઝૂલે છે, ગીતો ગાય છે અને સામૂહિક ઉત્સવના આનંદમાં સામેલ થાય છે, જેનાથી તેમનું લગ્ન પહેલાનું બેફિકર જીવન ફરી એકવાર જીવંત થાય છે.

હકીકતમાં, તીજ એ સ્ત્રીઓના પ્રિય તહેવારોમાંનો એક છે. તે તેમને દર વર્ષે એકવાર તેમના લગ્ન પહેલાના, ચિંતામુક્ત




જીવનને ફરીથી જીવવાની મંજૂરી આપે છે.

ભારતીય સ્ત્રીઓ માટે, શ્રાવણ મહિનામાં તેમના માતાપિતાનું ઘર ફક્ત તેમના માટે બીજું સ્થાન નથી, પરંતુ લગ્ન પછી પણ તેમના માટે સલામત અને ભાવનાત્મક આશ્રય તરીકે પણ કામ કરે છે. કદાચ આ સંવેદનશીલ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને, શ્રાવણ મહિનામાં પરિણીત મહિલાઓને ઘરે આમંત્રણ આપવાની ફરજિયાત પરંપરા સ્થાપિત કરવામાં આવી છે જેથી તેમને એવું ન લાગે કે લગ્ન પછી તેમના માતાપિતાના ઘરે તેમનું સન્માન કરવામાં આવતું નથી.

અથવા જો તેમના જીવનમાં કંઈક નકારાત્મક બને છે, તો તેમને કોઈ ટેકો મળશે નહીં. આ ઝડપી ગતિશીલ દુનિયામાં, શ્રાવણ દરમિયાન તેમના માતાપિતાના ઘરે જવાની અને તેમના બાળપણના દિવસોને ફરીથી જીવવાની તક એ રોજિંદા જીવનના તણાવમાંથી મુક્ત થવા સમાન છે.

શ્રાવણ મહિનામાં જ્યારે સ્ત્રીઓ પોતાના પિયરે આવે છે, ત્યારે પોતાની સખીઓને તો મળે જ છે; સાથે સાથે ભાઈ-બહેનો સાથે પણ આ તેમનું એક પ્રકારનું વાર્ષિક પુનર્મિલન બની રહે છે. તીજમાં સ્ત્રીઓનું ઘરે આવવું એટલું બધું મહત્ત્વ ધરાવે છે કે લગભગ તમામ શ્રાવણના ગીતોમાં સ્ત્રીઓનું પિયરે આવવું એ અનિવાર્ય છે.

શ્રાવણનો શણગાર પણ અડધી દુનિયાની એક સુંદર અભિવ્યક્તિ છે. હાથોમાં મહેંદી, પગમાં અલ્તો, લીલી-લીલી બંગડીઓ, લેરિયા કે બાંધણીની સાડીઓ, ફૂલના ગજરા અને પરંપરાગત આભૂષણો ભારતીય લોક સૌંદર્યની ઓળખ છે. લીલો રંગ હરિયાળી અને નવી ઊર્જાનું પ્રતીક માનવામાં આવે છે, તેથી શ્રાવણમાં એનું ખાસ મહત્વ છે. લોકનૃત્ય અને સામૂહિક ગાયન પણ શ્રાવણની સુંદર વિશેષતાઓમાં સામેલ છે. શહેરોમાં પણ સ્ત્રીઓ તીજ પર સામૂહિક રીતે શ્રાવણના ગીતો ગાય છે. સૌથી મોટી વાત એ છે કે શ્રાવણના આયોજનોમાં ઉંમરનું કોઈ બંધન નથી હોતું. વડીલ સ્ત્રીઓ પણ માત્ર ગીત-સંગીતમાં ભાગીદાર નથી બનતી, પરંતુ પિયરે આવીને પોતાની બહેનપણીઓને મળવાની અને ખુશીના થોડા દિવસો વિતાવવાની એક એવી પરંપરા છોડી જાય છે, જેને પેઢી દર પેઢી અપનાવવામાં આવે છે.

શહેરોમાં હવે, લોકો પાસે આ પરંપરાગત તહેવારોની વ્યક્તિગત ઉજવણી માટે ઓછો સમય હોવાથી, આ તહેવારો સામૂહિક રીતે ઉજવવામાં આવે છે. આનો એક ફાયદો એ છે કે તમે આપમેળે તેમની સાથે જોડાઈ જાઓ છો અને આ શ્રાવણની સુંદરતા છે. આ મહિનો સ્ત્રીઓને અનેક ખુશીઓથી સમૃદ્ધ કરે છે. હિંડોળાની ઉડાન, કજરીની તાન, મહેંદીની મહેક અને સખીઓ સાથે હસી-મજાક આ બધું મળીને એક એવું સાંસ્કૃતિક લોકજીવન રચે છે, જેનાથી માત્ર પરંપરા જ જીવંત નથી રહેતી, પરંતુ જિંદગીમાં કેટલાક ઉલ્લાસપૂર્ણ ક્ષણો પણ મળી જાય છે.


## આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# રવીન્દ્રનાથ ટાગોર પરિવાર અને નંદલાલ બોઝ...

**અવનિન્દ્રનાથ** ટાગોર એટલે રવીન્દ્રનાથના ભત્રીજા. આ તો થઇ એમની પ્રાથમિક ધ્યાનાકર્ષક ઓળખાણ. એમના ભાઇ ગગનેન્દ્રનાથ બેંગાલ સ્કૂલ ઓફ આર્ટના સ્થાપક અને ભારતની ચિત્રકામની દુનિયાના કેટલાં મોટા ગજાના ઘડવૈયામાંના બે, ખાસ કરીને અવનિન્દ્રનાથ, જેમ રવીન્દ્રનાથ દ્વારા ભારતનું રાષ્ટ્રગીત રચાયું એમ જ અવનિન્દ્રનાથ દ્વારા ભારતમાતાનું ચિત્ર સર્જાયું. ગગનેન્દ્રનાથ મોટા પેઇન્ટર હોવા ઉપરાંત મોટા કાર્ટૂનિસ્ટ પણ. હજુ ટાગોર પરિવારના બાકીના સભ્યોનો ઉલ્લેખ કરું તો આખી આજની કૉલમ નામ અને માહિતીમાં જ જાય.

આ અવનિન્દ્રનાથ એક ઉગતી સવારે એમના કાકાશ્રી રવીન્દ્રનાથ સાથે બેઠા છે ઘરના વરંડામાં અને પ્રવેશે છે એમનો પટ્ટશિષ્ય નંદલાલ બોઝ. વાત આગળ વધારતાં પહેલાં થોડુંક નંદલાલ બોઝ વિશે તમને જણાવું તો ૧૮૮૨થી ૧૯૬૬ના આયુષ્યકાળ દરમ્યાન નંદલાલ બોઝે ભારતના મોડર્ન આર્ટની શકલ સુરત બદલી નાખી. એમને સાંપ્રત કલાવૈભવના પ્રણેતા કહીએ તો જરાય વધુ પડતું નથી. નંદલાલ બોઝને અનુસરતાં જે આંતરરાષ્ટ્રીય ચિત્રકારો ભારતે જગતને આપ્યા એમના નામ અહીં મૂકીએ તો એમના 'પગી'ઓ ઉપદ્રવ ઊભો કરે, એટલે જવા દઇએ. ટૂંકમાં આવા મહાન નંદલાલ બોઝ જે મહાનતર અવનિન્દ્રનાથનાં શિષ્ય હતા, એક સવારે ગુરુદેવ દર્શને આવી પહોંચે છે કૃષ્ણનું એક ચિત્ર લઇને. કોઇ પણ અતિશય ઉક્તિમાં ના પડું તો એટલું તો કહું જ કે ગયા જનમના બધા જ વર્ષનું એક સાથે પુણ્ય ચિત્રગુપ્તના ચોપડે જમા હોય ત્યારે આ જનમમાં કોઇક પળે આ ચિત્રનાં દર્શન થાય. રવિન્દ્રનાથ જેવા રવીન્દ્રનાથ ચિત્ર જોઇને અવાક્ થઇ જાય છે. અવનિન્દ્રનાથ ચિત્રને પોતાના હાથમાં લે છે, એક મિનિટ જુએ છે અને અપમાનજનક રીતથી ચિત્રનો ઘા કરતા કહે છે, 'નંદલાલ તું આટલો નીચે ઊતરી ગયો છે? તને આ ચિત્ર મને બતાવતા કોઇ જ લાજશરમ આવી જ નહીં?! આવું ચિત્ર? અને એ પણ નંદલાલ બોઝનું ?! ... ના... આ ચિત્ર કરતાં તો કૃષ્ણાષ્ટમીના અવસરે બંગાળના ગામડાઓમાંથી બિચારા પટિયા જે ચિત્રો બનાવીને આઠ આઠ આનામાં હાવરાના પુલની આજુબાજુમાં બેસી વેચે છે એ ચિત્રો અનેક ગણાં સારાં... જા જઇને શિખ એમની પાસે, પછી આવજે.' નંદલાલ તો બિચારો ઢગલો થઇ જવાની અણી પર પહોંચી જાય છે. જેમ તેમ હિંમત એકઠી કરીને બહાર દોડી જાય છે. પાંચ મિનિટ મૌન... અને પછી રવીન્દ્રનાથ કહે છે :


રવીન્દ્રનાથ ટેગોર


અવનિન્દ્રનાથ ટાગોર


નંદલાલ બોઝ

'આ બરાબર થયું? મને તો બહુ જ ગૌરવાન્વિત ચિત્ર લાગ્યું હતું. આટલું અપમાન? અને એ પણ એક ગુરુ દ્વારા?'

અવનિન્દ્રનાથ : 'જાણ નથી આપને કે બીજા કોઇને પણ આ નંદલાલ એક યુગસર્જક ચિત્રકાર બનવાની શક્યતા ધરાવે છે. હું ય જાણું છું કે ચિત્ર આજનું અતિશય સુંદર હતું. પણ મારે એને તારીફનો પંગુ બનાવીને એની પાંખો કાપી નથી લેવી. એટલો સમર્થ, ગરુડની ઊંચાઇએ ઊડી શકે એવો સમર્થ છે કે મારે એને ૩૦૦-૪૦૦ ફૂટની ઊંચાઇની કેદમાંથી બહાર કાઢવો છે. તમે જોતા જાવ...'

રવીન્દ્રનાથ જેવા રવીન્દ્રનાથ, સામર્થ્યનો ભંડાર બે ઘડી અવનિન્દ્રનાથ સાથે આંખમાં આંખ પરોવી નીચી નજરે નીકળી ગયા. આ તરફ કાળનાં વહાણા વાયા, કલાકોના દિવસો, દિવસોના મહિના અને મહિનાઓના વરસ થવા માંડયા. નંદલાલ વિશે કોઇને કશીય, કયાંયથી જરા પણ ભાળ ન મળે. અવનિન્દ્રનાથ પોતે અંદર અંદરથી ઢીલાઢબ થવા માંડયા કે કયાંક વધુ પડતી અપેક્ષાના આવેશમાં મારાથી કોઇ ભૂલ તો નથી થઇ ગઇ ને! અને એક દિવસ નંદલાલ ઠાકુરોના આવાસમાં પ્રગટે છે. ૮ થી ૧૦ કિલો વજન ઘટી ગયું છે, ગાલ અંદર બેસી ગયાં છે. દાઢી ઘટાટોપ વૃક્ષ જેવી થઇ ગઇ છે અને સીધો અવનિન્દ્રનાથના પગમાં સૂઇ જાય છે. અવનિન્દ્રનાથ ચહેરાથી તો ઓળખી નથી શકતા, પણ સૂતેલા નંદલાલના હાથની આંગળીનો સ્પર્શ અવનિન્દ્રનાથનો અંગૂઠો અનુભવે છે અને ત્રાડ પાડે છે અવાજ ફાટી જાય એવડી શક્તિથી 'નં... દ.. લા... લા..' નંદલાલને ઊભો કરે છે, નંદલાલ બાજુમાં પડેલા પોતાના થેલામાંથી બે ચિત્રો અવનિન્દ્રનાથના ચરણના સ્પર્શ કરાવી નતમસ્તકે ઊભા છે. અવનિન્દ્રનાથ એક આંખે ચિત્ર જોતાં જાય છે અને એક હાથે બીજી ધોધમાર રડતી આંખના આંસુ લૂછતાં જાય છે. ઘણા લાંબા સમય પછી, અવનિન્દ્રનાથ : 'હું આ ક્ષણે વિશ્વના સર્વશ્રેષ્ઠ એક નહીં બે ચિત્રો જોઇ રહ્યો છું. આવા કૃષ્ણ જશોદા કે રાધાએ નથી જ જોયાં ' અને પછી નંદલાલ તરફ જોઇને કહે છે, 'કયાં હતો તું આટલાં વરસ? ન અતો ન પતો !?' નંદલાલ કહે છે : આખા બંગાળના ગામડે ગામડે પટિયાઓ સાથે રહ્યો. એમની જીવનશૈલી અપનાવી, એમની કારમી ગરીબી ઓઢી અને બિછાવી અને રંગ વિશે થોડું ઘણું જાણતો થયો... પણ આ સર્વ બન્યું માત્ર અને માત્ર આપના થકી મને તૃપ્તિમાંથી કાઢીને આમ બહાર ફેંકયો ન હોત તો મારી કલા ધીમે ધીમે હ્રાસ પામી ગઇ હોત. આપ પાસેથી જ એ જાણ્યું કે પ્રાપ્તિ કરતાં અનેકગણું મહાત્મ્ય છે શોધનું.

ૐ શ્રી ગુરુવે નમઃ

આજે આટલું જ. ■

## વલો કચ્છ

ગિરિરાજ
feedback@
bombaysamachar.com

# કચ્છનું રણઃ દર વર્ષે ગાયબ થઈ જાય છે ને ફરી પાછું આવે છે

શું તમે ક્યારેય એવા રણ વિશે સાંભળ્યું છે જે દર વર્ષે ગાયબ થઈ જાય છે અને ફરી પાછું આવે છે? કચ્છનું રણ એક એવું ભૂમિદશ્ય છે જ્યાં ચોમાસાના થોડા મહિનાઓ સુધી છીછરો દરિયો જમીન પર ફરી વળે છે. ચોમાસા દરમિયાન, કચ્છના અખાતમાંથી આવતા ભરતીના પ્રવાહો આ સફેદ રણ તરફ વહે છે અને તેને એક અંતર્દેશીય સમુદ્રમાં ફેરવી દે છે. જેમ જેમ ચોમાસું વિદાય લે છે, તેમ તેમ પાણી પાછું ઓસરી જાય છે અને પાછળ છોડી જાય છે સફેદ સપાટ મેદાનોનો અનંત વિસ્તાર.


સી.પી. રાજેન્દ્રન નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઍડ્વાન્સ્ડ સ્ટડીઝ, બેંગલૂરુ ખાતે ભૂવિજ્ઞાની (જિઓસાયન્ટિસ્ટ) અને ઍડજંક્ટ પ્રોફેસર છે તેમનો અભ્યાસ લેખ વિવિધતાસભર માહિતી રજૂ કરે છે. લેખના અમુક અંશો આપણે માણીએ. ફ્લેમિંગો જેવા અસંખ્ય પ્રવાસી પક્ષીઓ આ નવરચિત તળાવ પર ઊતરી આવે છે, જ્યાં તેઓ માછલીઓનો ખોરાક લે છે અને કાદવ-કીચડવાળા કિનારે પોતાના ઈંડા સેવે છે, જેથી તે વિસ્તાર લીલોછમ બની જાય છે. પરંતુ આ કાયમ માટે રહેતું નથી. ઉનાળો આવતાં જ પાણી સુકાઈ જાય છે, ધરતી સુકાઈ જાય છે અને તમને ક્ષિતિજ સુધી પથરાયેલી એક એવી ભૂમિ દેખાય છે જે હિમ જેવી સફેદ અને મીઠાના ચમકતા સ્ફટીકોથી ભરેલી હોય છે. આ પશ્ચિમ ભારતના ગુજરાત રાજ્યમાં આવેલું કચ્છનું રણ છે, જ્યાં એક રણ વર્ષ દર વર્ષે ઋતુઓ સાથે પોતાનું સ્વરૂપ બદલે છે. આ લક્ષણો કાયમી નથી; તે આવે છે અને જાય છે.

હિન્દી શબ્દ પરથી ઊતરી આવેલ 'રણ'નો અર્થ ક્ષારયુક્ત ભૂમિ (સૉલ્ટ માર્શ) થાય છે, અને 'કચ્છ'નો સંદર્ભ એક એવી જગ્યા સાથે છે જે વારાફરતી ભીની અને સૂકી રહે છે. લગભગ ૨૬,૦૦૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું અને પૂર્વથી પશ્ચિમ સુધી લંબાયેલું કચ્છનું રણ 'મોટું રણ' અને 'નાનું રણ' એમ બે ભાગમાં વહેંચાયેલું છે. કાંપનો આ કાદવવાળો વિસ્તાર ભારતના સૌથી મોટા મીઠાનાં મેદાનોનું ઘર છે. આ ભવ્ય ભૂમિદશ્ય જે બળબળતા સૂર્યના તાપમાં ઝળહળે છે અને ચાંદની રાતે ચમકે છે તે પ્રવાસીઓ માટે પણ હજી ઓછું શોધાયેલું રહ્યું છે.

રણમાંથી ક્ષારના વિશાળ ક્ષેત્રોમાં થતું આ રૂપાંતર એ વાતનું એક નાનું સ્મરણ છે કે માત્ર થોડી સદીઓ પહેલાં આ વર્તમાન ભૂમિદશ્ય કેવું હતુંઃ સમુદ્રકિનારે આવેલું અને નદીઓ તથા દરિયાઈ ખાડીઓથી વણાયેલું આ સ્થળ વિશ્વભરના વેપારીઓ માટે એક આદર્શ વાહનવ્યવહાર નેટવર્ક પૂરું પાડતું હતું, જેમાં લગભગ ૪,૫૦૦ વર્ષ પહેલાં અહીં વસેલા પ્રાચીન રહેવાસીઓ પણ સામેલ હતા. આ જમીન ૧૬ જૂન ૧૮૧૯ના રોજ આવેલા એક વિશાળ ભૂકંપનું કેન્દ્ર હતી. આવી ટેક્ટોનિક (ભૂગર્ભીય) ઘટનાઓ દ્વારા આકાર પામેલું જેમાં છેલ્લાં ૧,૦૦૦ વર્ષોમાં ઓછામાં ઓછા ત્રણ મોટા ભૂકંપનો સમાવેશ થાય છે કચ્છનું રણ પૃથ્વી પરના સૌથી ગતિશીલ ભૂમિદશ્યોમાંથી એક રજૂ કરે છે. ૧૮૩૦-૧૮૩૩માં પ્રકાશિત 'ધી પ્રિન્સિપલ્સ ઑફ જિઓલૉજી'ના લેખક ચાર્લ્સ લાયલ (Charles Lyell) માનતા હતા કે આ ઘટના સિસ્મોલૉજી (ભૂકંપવિજ્ઞાન)ના ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ વળાંક હતી અને તેમણે સપાટીના વિરૂપણ (સરફેસ ડિફૉર્મેશન)નું વર્ણન કરવા માટે આને એક ઉત્કૃષ્ટ ઉદાહરણ તરીકે ટાંક્યું હતું. સિમોન વિન્ચેસ્ટરે તેમના ૨૦૦૩ના પુસ્તક 'ક્રેકાટોઆઃ ધ ડે ધ વર્લ્ડ એક્સપ્લોડેડ'માં લખ્યું હતું કે આ ઘટનાએ 'વિશ્વનાં કુદરતી બળો જ્યાં સક્રિય હતાં તેવા એક પ્રાથમિક મહત્ત્વ ધરાવતા સ્થળની દૂરગામી ઝાંખી કરાવી હતી જે એક સમયે વિનાશક સ્થળ હતું, અને આજે ફરી શાંત થઈને શાંતિથી પોતાના સમયની રાહ જોઈ રહ્યું છે.'


આ ભૂકંપે લિક્વિફેક્શન (દ્રવીકરણ) જેવાં ઘણાં ગૌણ લક્ષણો પણ ઉત્પન્ન કર્યાં જે ભૂકંપની ધ્રુજારીને કારણે ઉત્પન્ન થયેલા ઊંચા દબાણને લીધે ઊભી થતી દલદલ (ક્વિકસેન્ડ) જેવી સ્થિતિ છે. દ્રવીકરણ દ્વારા બનેલા રેતીના ફુવારા (સેન્ડ બ્લોઝ) આજે પણ રણના વિવિધ ભાગોમાં સચવાયેલા છે. ૧૯મી સદીના ભૂસ્તરશાસ્ત્રીઓ માટે આ તમામ ઘટનાઓ નવી હતી. આ ભૂકંપ દરમિયાન રણનો એક ભાગ ચારથી પાંચ મીટર ઊંચો આવ્યો, જ્યારે બીજો ભાગ થોડા અંશે નીચે બેસી ગયો. પુરાણ નદી સાથે જોડાયેલી ભરતીની ખાડીના નીચે બેસી ગયેલા ભાગ પર સર્જાયેલી દલદલની સ્થિતિને કારણે ત્યાં આવેલો પ્રખ્યાત 'સિંધરી કિલ્લો' જે નદીના વાહનવ્યવહાર પર નિયંત્રણ રાખતો હતો તે ધસી પડ્યો અને ડૂબી ગયો. જ્યારે મેસેડોનિયાનો રાજા સિકંદર (એલેક્ઝાન્ડર) ભારતીય ઉપખંડના પશ્ચિમ ભાગમાં પહોંચ્યો ત્યારે કચ્છનું રણ હજુ પણ સમુદ્રની અંદર જ હતું. આ પ્રદેશનો ઇતિહાસ ૨,૦૦૦થી વધુ વર્ષોથી સારી રીતે નોંધાયેલો છે. ઉદાહરણ તરીકે, કેટલાક પ્રાચીન વિદ્વાનોએ સિંધુ ડેલ્ટામાં સમુદ્ર સપાટીના વિનાશક ફેરફારો અને ઈ.સ. પૂર્વે ૩૨૬/૩૨૭માં સિકંદરના સૈન્ય અભિયાન દરમિયાન તેના નૌકાદળ પર પડેલી અસરોની નોંધ લીધી છે. રણના પૂર્વ છેડે આવેલા ધોળાવીરાના પ્રાગઐતિહાસિક હડપ્પન વાસીઓએ તે સમયે વેપાર માટે આ છીછરા સમુદ્રનો ઉપયોગ કર્યો હોઈ શકે છે એટલે કે લગભગ ૪૫૦૦ વર્ષ પહેલાં. પુરાવા સૂચવે છે કે અંતે ટેક્ટોનિક હલનચલનને કારણે જમીન સમુદ્ર સપાટીથી ઉપર આવવા મજબૂર થઈ અને કચ્છનું રણ બન્યું. ■





## સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




'મારી પાસે એક પ્લાન છે...' રાધા બોલી ને રાઘવે એનો પ્લાન ધ્યાન દઈને સાંભળ્યો. અને એકપણ ક્ષણ ગુમાવ્યા વિના પ્લાન અમલમાં મુકાયો.

રણછોડનું બાઇક ગુપ્તાની દુકાનની બહાર ઊભું રહ્યું.

'ગુપ્તાજી, બાબુજી કે પીછે કૂછ કિરિયાકરમ, પૂજાપાઠ કરવાને હૈ... આસપાસ કે ગરીબ લોગોં કો ખાના ખિલાના હૈ... ઇસલિયે કૂછ સામાન લે જાના હૈ.'

'અચ્છી બાત હૈ.' ગુપ્તા બોલ્યો. રણછોડે લિસ્ટ કાઢીને આપ્યું. ગુપ્તા બોલતો ગયો. શંકર સામાન જોખતો ગયો. થેલા તૈયાર થયા.

'વજન ઝ્યાદા હૈ... શંકર કો સાથ લે જાઉં?' રણછોડ બોલ્યો.

'હાં હાં ક્યું નહીં. શંકર, જા સાથ ચલા જા' ગુપ્તાએ કહ્યું. રણછોડ પૈસા આપવા લાગ્યો.

'પૈસે કી જલદી નહીં. શંકર કે સાથ ભેજ દેના.' ગુપ્તા બોલ્યો. રણછોડે બાઇક સ્ટાર્ટ કર્યું. શંકર સામાન લઈને પાછળની સીટ પર બેઠો.

*************************

ટોનીએ ફોન કરીને સુસાઇડની જાણ કરી કે તાબડતોબ આઇબી ચીફ રાઠૌડે ઝૈનાબને ફોન કર્યો.

'ઝૈનાબ, એક બૂરી ખબર હૈ. તુમ્હારે અબ્બુ-અમ્મીને સુસાઇડ કર લિયા.'

સાંભળીને ઝૈનાબ અવાચક થઈ ગઈ. એક સૂનકાર પ્રસરી ગયો બન્ને વચ્ચે... થોડીવાર મૌન છવાયેલું રહ્યું.

આઇબી ચીફે મૌન તોડ્યું, 'દોનોં કી ડેડબૉડી તુમ્હે સોંપ રહા હું. ઉનકી અરેસ્ટ ઔર સુસાઇડ કી બાત હમ તક રહેગી.'

'સર, 'અબ્બુ-અમ્મી મેરી નઝરો સેં ઇતને ગીર ચુકે હૈ કિ મુઝે ઉનકે ડેડ બૉડીઝ ભી એક્સેપ્ટ નહીં કરની.' ફરી સૂનકારે અવાજની જગ્યા ભરી દીધી. થોડી ક્ષણો પછી ઝૈનાબનો રોષપૂર્ણ... દર્દભર્યો અવાજ સંભળાયોઃ 'સર, મરને સે પહેલે ઉન્હોને અજમલ કે બારે મેં કૂછ બતાયા?'

'નહીં, કૂછ પૂછેં ઉસ સે પહેલે હી...' રાઠૌડે વાક્ય અધૂરું છોડ્યું.

'સર, મુઝે લગતા હૈ અજમલ ઇસ ગેમ કા બડા ખિલાડી ઔર સમંદર ખાન કા હુકમ કા પત્તા હૈ' ઝૈનાબે કહ્યું.

'ઉસકી અગલી ઔર આખરી ચાલ કા બહુત જલ્દ પતા ચલ જાયેગા.' રાઠૌડે ફોન કટ કરીને ટોનીને કૉલ લગાડ્યો.

'ડેડબૉડીઝ કો ઠીકાને લગાના હૈ' એમણે કહ્યું.

'ઓકે બૉસ' જવાબ મળ્યો.

'રહેમત અલી કા મોબાઇલ ડિકોડ હુઆ?' એમણે પૂછ્યું.

'જલ્દ હો જાયેગા' ટોનીએ કહ્યું. ફોન કટ થયા.

*************************

એ જ સાંજે ટોનીએ આઇબી ચીફને કૉલ કર્યો. અલબત્ત, એ વખતે આઇબી ચીફ નૅશનલ સિક્યૉરિટી ઍડ્વાઇઝરે બોલાવેલી ખાસ મીટિંગમાં હતા.

'એક્સક્યૂઝ મી... અર્જન્ટ' કૉલ કહીને ઊભા થઈને બહાર લૉબીમાં ગયા.

'હેલો. સર, ટોની... સમંદર ખાન કા લોકેશન વેસ્ટ બંગાલ કે માલદા કા હૈ... રહેમત અલી ઔર સમંદર ખાન કે બીચ મેં બાત હુઇ થી.'

'સમંદર ખાનને કહા થા મહેમાન કો ડમેલજબે ગાંવ ભેજના હૈ, ફકીર આયેગા.

આપકી ખાતિરદારી કા અહેસાન રહેગા હમ પર. અલ્લા હાફીઝ' રહેમત અલીને સિર્ફ 'જી જનાબ' ઇતના હી કહા થા....'

'ટોની યે ગાંવ કહાં હૈ... ગાંવ કા એસા નામ કભી સૂના નહીં...?' આઇબી ચીફ બોલ્યા.

'સર, પતા કરતા હું...' ટોનીએ કહ્યું.

'ઠીક હૈ...' ચીફ ફોન કરીને અંદર ગયા.

'રાઠૌડ, મેરે પાસ પાકિસ્તાન સે એક ઓર ખબર આઇ હૈ કિ માલદા બૉર્ડર સે જો ટેરરિસ્ટ નીકલા થા ઉસકા નામ અબુ અલ-કાસિમ હૈ. ઔર યે રહા ઉસકા સ્કેચ. બેજલમેડ કા ગોપાલેશ્વર મંદિર ટાર્ગેટ પર હૈ ઇસ બાત કો મેરે ઇસ એસેટને ભી કન્ફર્મ કિયા.' રોના ચીફ રવિ જયસ્વાલે સ્કેચ રાઠૌડને આપ્યો. રાઠૌડે સ્કેચ જોયો.

'મેરે પાસ લેટેસ્ટ ઇન્ટેલ યે હૈ કિ અજમલ કો કિસી ડમેલજબે ગાંવ ભેજા ગયા હૈ. લેકિન એસા કોઈ ગાંવ મેરે ધ્યાન મેં નહીં...'

'ડમેલજબે... ડમેલજબે... ડમેલજબે...' એસા કોઈ ગાંવ ધ્યાન મેં નહીં... બધા વિચારમાં પડી ગયા. અચાનક રાઠૌડ ઊભા થઈને વ્હાઇટ બોર્ડ પાસે ગયા. માર્કર પેન લઇને છુટ્ટા અક્ષરમાં 'ડ મે લ જ બે' લખ્યું... પછી અક્ષરો ઉલટાવીને 'બે જ લ મે ડ' લખ્યું. અન્ડરલાઇન કરીને બોલ્યાઃ 'અસલ મેં યે બેજલમેડ હૈ. અજમલ અન્સારી કો બેજલમેડ ગાંવ કે ગોપાલેશ્વર મંદિર ભેજા હૈ ઔર અબુ અલ કાસિમ ઑલરેડી વહાં હૈ...'

'યે સ્કેચ ભી મેરી એસેટને ભેજા હૈ' રોના ચીફે બીજો સ્કેચ રાઠૌડને આપ્યો.

રાઠૌડ સ્કેચ જોઈને 'અજમલ અન્સારી.'

'જી હા, યે વોહી... જિસકા સ્કેચ હમને સર્ક્યુલેટ કરવાયા થા. અજમલ અન્સારી પાકિસ્તાન કા હૈ ઔર ઉસકા અસલી નામ અહમદ અન્સારી હૈ' નૅશનલ સિક્યૉરિટી ઍડ્વાઇઝરે કહ્યું.

'યે બંદા કાફી સાલોં સે ભારત મેં ડૉક્ટર બન કર રહા... મિત્સુ આનંદને ઉનસે દોસ્તી કી જીનકે કારન સ્લીપર સેલ કો પકડને મેં આસાની હુઇ... ઔર અબ તુમ્હારી ઇન્ફર્મેશન કે હિસાબ સે અજમલ બેજલમેડ જાનેવાલા હૈ... મતલબ દો ઔર દો ચાર. અબુ અલ કાસિમ બેજલમેડ પહુંચ ચુકા હૈ ઔર અજમલ અન્સારી પહોંચેગા.' રોના ચીફે કહ્યું.

'મિત્સુ આનંદ કો દોનો સ્કેચ ભેજતા હું' રાઠૌડે કહ્યું.

'મિત્સુ કી કોઈ ખબર?' સિક્યૉરિટી ઍડ્વાઇઝરે પૂછ્યું.

'સર, એક ટેરરિસ્ટ હૈ જિસ કી ગરદન મિત્સુ કે એક હાથ કી દૂરી પર હૈ. રાઠૌડે કહ્યું.

કૌન હૈ વો...' રોના ચીફે પૂછ્યું.

'અબુ અલ કાસિમ ઔર અજમલ અન્સારી કે અલાવા વહાં એક ઓર ટેરરિસ્ટ હૈ' રાઠૌડ બંને સ્કેચ જોતાં બોલ્યા.

**********************

રણછોડનું બાઇક બાબુજીના તબેલા પર જઈને ઊભું રહ્યું. રાઘવ અને રાધા એના સ્વાગત માટે તૈયાર હતાં. રાધા ઘાંસની ગંજીવાળા રૂમમાં છુપાઈને શંકરની ગન ચેક કરી રહી હતી ને રાઘવ બહાર ખાટલામાં લાંબો થઇને પડ્યો હતો. બાઇકનો અવાજ સાંભળીને એ ઊભો થઈ ગયો.

> 'અબ્બુ-અમ્મી મેરી નઝરો સેં ઇતને ગીર ચુકે હૈ કિ મુઝે ઉનકી ડેડ બૉડીઝ ભી એક્સેપ્ટ નહીં કરને.'

'શંકર મેરે ભાઇ, તૂ આ ગયા?' એ બોલ્યો.

'સામાન ઝ્યાદા થા તો શેઠને બોલા... સાથ ચલે જાઓ' શંકરે સામાન ઉતારતાં કહ્યું.

'આ બૈઠ બૈઠ મેરે પાસ બૈઠ. ચા પી કર જાના. અરે રણછોડે, ચાય બના યાર શંકર આયા હૈ. શંકર શંભો. શંકર શંભો.'

'અભી લાયા. સબ કે લિયે ચાય, તાજે દૂધ કી' રણછોડ શંકરને જોતો અંદર ગયો.

'તેરે ગુપ્તા શેઠ બડે બોલે ઔર અચ્છે ઇન્સાન હૈ... તુઝે ઘર કે સદસ્ય કી તરહા રખતા હૈ' રાઘવ બોલ્યો.

'બડે દયાલુ ભી હૈ...' શંકરે કહ્યું.

'હાં તુઝે કામ પર રખા... દુકાન મેં હી સોને-રહેને કી જગહ દી. કિતને સાલ સે રહે રહા હૈ તૂ...?' રાઘવે પૂછ્યું.

'કરીબ છેહ મહિના હુઆ રહેગા... લેકિન અબ મૈં ઝ્યાદા ટાઇમ નહીં રહુંગા....'

'હાં, કૌન યહાં ઝ્યાદા વક્ત રહનેવાલા હૈ... સબ કો એક દિન જાના હૈ...' પાછળથી આવીને ઊભી રહી ગયેલી રાધા બોલી.

'અરે મૅડમ, આપ યહાં કૈસે?' શંકરે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'મૈં તુમ્હારી ગન દેને આઇ હું' રાધાએ ગન બતાવી.

શંકર સટ્ટાક ઊભો થઈ ગયો. એણે રાઘવ અને પછી રાધા સામે જોયું. અત્યાર સુધી ભોળોભાળો બનીને રહેતા શંકરે અચાનક જાણે ત્રીજું નેત્ર ખોલ્યું. એની આંખમાં ખુન્નસ હતું. એનો ચહેરો ગુસ્સાથી લાલચોળ હતો.

રાઘવે એને બેસાડતાં કહ્યુઃ 'અરે બૈઠ યાર... હમ સબ એક હૈ...'

'યે તુમ્હારે પાસ કહાં સે આઇ?' શંકરે રાઘવનો હાથ હડસેલતાં કહ્યું.

'ઇસ મોબાઇલ સે તુમ કિસ કે સાથ બાત કરતે હો?' રાઘવે ખિસ્સામાંથી બર્નર કાઢ્યો.

'તૂમ લોગ કૌન હો... ઇસસે તુમ્હારા ક્યા મતલબ? મેરા ફોન વાપસ કરો' શંકર બરાડ્યો.

'દેખ ભાઈ યહાં તૂં અકેલા હૈ. મૅડમ જો પૂછતી હૈ ઉસકા જવાબ દે...' રાઘવે કહ્યું.

'મૈં અકેલા નહીં હું...' બોલીને શંકરે એના ખિસ્સામાંથી ધારદાર ચપ્પુ કાઢ્યું. 'મોબાઇલ વાપસ કરો.' એ બોલ્યો. એ જ વખતે ચાયનું જગ લઈને આવેલા રણછોડે મામલો પીછાણીને ગરમાગરમ ચાય શંકરના ચહેરા પર ફેંકી. રાઘવે ચીલ ઝડપ મારીને પાછળથી શંકરની ગરદન ઝાલી. રાધાએ ગન પકડેલો હાથ શંકરના હાથ પર માર્યો. શંકરના હાથમાંથી ચાકૂ પડી ગયું. રણછોડે ચાકૂ ઉપાડી લીધું. રાઘવ અને શંકર વચ્ચે ઝપાઝાપી શરૂ થઈ. શંકર રાઘવને મુક્કા મારવા લાગ્યો. રાઘવ આડા હાથ ધરીને બચતો બચાવતો રહ્યો. શંકર એના રૌદ્ર સ્વરૂપમાં હતો. રાધા અને રણછોડ જોતાં રહ્યાં.

અચાનક રાઘવે બૂમ મારીઃ 'રાધા ગોલી મત ચલાઓ...' શંકરે રાધા તરફ જોયું કે તરત જ રાઘવે એના પેટ પર લાત મારી. શંકર પાણીના હોજ જેવડા હવાડામાં પડ્યો. રાઘવ પણ એમાં પડ્યો. શંકરને બોચીએથી પકડીને પાણીમાં ડૂબાડવા લાગ્યો. શંકર વારેવારે બહાર નીકળી જતો હતો. એક તબક્કે શંકરે રાઘવને પાણીમાં ડૂબાડવાનું શરૂ કર્યું ને બાજી બદલાવા લાગી.

'મૅડમ, રાઘવ કી મદદ કરો...' રણછોડ બોલ્યો.

'રાઘવ અકેલા કાફી હૈ.' રાધાનું ધ્યાન હવાડામાં હતું. અચાનક રાઘવે શંકરના પગ પકડીને એને ઉછાળ્યો. એણે શંકરને પકડીને પાણીમાં ડુબાડી રાખ્યો. શંકર બહાર આવવા તડપી રહ્યો હતો. રાધા અને રણછોડ એકબીજાની સામે જોતાં ઊભાં હતાં. થોડીવાર પછી રાઘવે શંકરના મૃતદેહને બહાર ખેંચ્યો. શંકરનો મૃતદેહ હવાડાના કાંઠા પર અડધો પાણીમાં અને અડધો બહાર હતો. રાઘવે બહાર આવીને રાધાને શંકરનો મૃતદેહ બતાવતાં કહ્યુઃ 'લોહીનું એક પણ ટીપું વહેવડાવ્યા વિના...'

રણછોડ દોડીને ટુવાલ લઈને આવ્યો. 'રાઘવ ભૈયા, શરદી લગ જાયેગી.' રાધા હસી પડી.

'અબ લાશ કા ક્યા કરેં?' રાધાએ લાશનો ફોટો પાડતાં પૂછ્યું. રાઘવે રણછોડની સામે જોયું.

'થોડે દૂર ખેતી કી એક બંજર જમીન હૈ... માલિક આતા નહીં... કૂછ ઉગાતા નહીં...' રણછોડે કહ્યું.

'હમ ઇસે ઉધર હી દફનાતે હૈ...' રાઘવ માથું લૂછતાં બોલ્યો. (ક્રમશઃ) ■

# આંખ મીંચી સતત દોડ્યા કરે છે આ સમય એય નક્કી કોઈનાથી દોરવાયો છે ભલા!

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

સુરતની બાજુમાં બારડોલી નગર છે જે સ્વાતંત્ર્ય સંગ્રામમાં અગ્રસ્થાને હતું અને સરદારને 'સરદાર'નું બિરુદ બારડોલીએ આપ્યું છે. આ બારડોલીમાં કવયિત્રી સંધ્યા ભટ્ટ રહે છે. વ્યવસાયે કૉલેજમાં અંગ્રેજીનાં પ્રોફેસર છે, પણ માતૃભાષાને અનહદ પ્યાર કરે છે. 'સ્પર્શ આકાશનો' કાવ્ય સંગ્રહ ૨૦૦૬માં આપ્યો છે. તેઓ નિયમિત લખે છે એટલે બીજા સંગ્રહો આવતા જ રહેશે. ગુજરાતના અનેક કવિતા સામયિકોમાં એમની રચનાઓ પ્રગટ થઈ છે. ગઝલની બાનીમાં ઈશ્કે-મિજાજીનો રંગ ઉઘડે છે અને ઈશ્કે-હકીકી સુધી વિસ્તરે છે. એમના થોડા શેર માણીએ:

**દેખાય છે અનેકમાં ને તોય એક છે**
**એના જ નામનો બધે આહલેક છે.**

*દિલમાં મુશાયરા તો સતત ચાલતા રહે*
*આમીન સાથે અલવિદા તો બસ વિવેક છે*

* *

*આવી જવું અચાનક મોસમ સમું તમારું*
*ચાલી જવું અવાચક વાદળ સમું તમારું*
*મોજાની જેમ આવી વિખરાઈ જાઓ પળમાં*
*અસ્તિત્વ છે પરંતુ સાગર સમું તમારું*

* *

*એક નકશીકામ કરવું જોઈએ*
*અશ્રુમાં અક્ષરથી તરવું જોઈએ.*
*જાણવું છે આપને મૃત્યુ વિશે?*
*તો પછી જાતે જ મરવું જોઈએ.*

* *

જીવનભર શબ્દ સાથે નાતો અને પનારો સફળતાથી પાર પાડી રહેલા સર્જક છે સોનલ પરીખ. જે સર્જકને શબ્દનાદની સમજણ હોય તો સમજવું કે સંગીતના નાદ્બ્રહ્મ સાથે પાકી દોસ્તી છે. સોનલ આમ તો આજીવન પત્રકાર છે, અનુવાદક છે, અનુસર્જક છે અને સૌથી મહત્ત્વની વાત એ છે કે એમની પાસે કવિતાનો ઉજાસ છે. લાગણી, અનુભૂતિ અને સ્પંદન ઝીલીને શબ્દો દ્વારા કાવ્યમાં મૂર્ત કરવાનો મીનાકારી કસબ એ સોનલની વિશેષતા છે. એમણે 'નિશાન્ત' કાવ્યસંગ્રહ આપ્યો છે. એમને એટલે સાચા સર્જકને મુંબઈ જેવી મહાનગરીની દોડધામ માફક ન જ આવે એટલે કેટલાક સમયથી સૌરાષ્ટ્રના એક ખૂણે આવેલા શૈક્ષણિક અને સામાજિક સેવારત સંસ્થામાં કાર્યરત રહ્યાં છે. એમના થોડાક શેર જોઈએ:

*હું તમને મળતી નથી મળવા છતાં*
*શક્યતા ફળતી નથી ફળવા છતાં*
*તું થઈ અજવાસ નસનસમાં વહે*
*સૂર્ય ઝળહળતો રહે ઢળવા છતાં*

* *

*તેં મને તોળી અને તોળાઈ છું*
*પ્રેમના નામે સતત રોળાઈ છું*
*તેં મને ચાખી નહીં, પીધી નહીં*
*વ્યર્થ તારા જામથી ઢોળાઈ છું*
*કદી ના પિછાણી, કદી ના પ્રમાણી*
*રહી હસ્તરેખા અજાણી અજાણી*
*હૃદય જાય ક્યાં ને ચરણની ગતિ ક્યાં?*
*રહી જિંદગીમાં સતત ખેંચતાણી!*

* *

*દેખાયે તે હોતું નથી, જે હોય દેખાતું નથી*
*આ વંચનાનું નગર, અહીં સત્ય સેવાતું નથી.*
*મારા તમારા સ્વપ્નમાં ક્યારે કશું નક્કર હતું?*
*શૂન્યતા છે, અંધાર છે ને દૃશ્ય દેખાતું નથી.*

સુરતમાં કવિતાનું સ્મિત રેલાવતાં સ્મિતા પારેખ તાપી નદીનાં દર્શન કરીને કાવ્ય તત્ત્વની સાધના અને આરાધના કરે છે. સાયન્સમાં સ્નાતક સ્મિતા પારેખ શબ્દ સાથે નાતો રાખે છે. અર્થના પરિવેશમાં અટવાયા વગર સુરત શહેરની સરળતામાં ગઝલ લખે છે.


સંધ્યા ભટ્ટ

વાર્તાસંગ્રહ વગેરે પ્રકાશનો આપતાં રહ્યાં છે. સાહિત્યના વિવિધ પ્રકારોમાં ગતિ હોવા છતાં એમની થોડીક રચનાઓ જાણીએ તે પહેલાં મહત્ત્વની વાત કે સ્મિતાની વ્યથા સાચુકલી બને છે, કારણ કે વાણીમાં દંભ નથી. સંસ્કૃતમાં કહ્યું છે તે પ્રમાણે 'તદ્દૂરેતદન્તિકે'નો પડઘો લગભગ દરેક ગઝલમાં દેખાય છે. મને ગમી ગયેલી એક આખી ગઝલ:

*કેટલો આ દૂર તારો વાસ છે*
*પણ વિચારોમાં તું મારી પાસ છે.*
*એમ કંઈ તારા વિના મહેફિલ સજે?*
*આ હૃદયમાં એક તું બસ ખાસ છે*
*મૌન બોલે ને નજર પણ બોલતી,*
*બંધ હોઠો પર અહીં નિશ્વાસ છે!*
*જેમ ના દીસે હવા પણ હોય છે*
*હોય ના તું, તોય તારો ભાસ છે*
*બે કદમ તું દૂર છે મારાથી પણ*
*પગમાં વાગી ફાંસ, કેવો ત્રાસ છે!*
*આંખની ધારે હવે ના આંસુ જો*
*જીવું પણ થંભી ગયા આ શ્વાસ છે*

* *

*સાવ કોરો પત્ર તું એકાદ જો*
*થઈ શકે તો મૌનનો અનુવાદ જો*
*દિલને એનાથી વધુ શું જોઈએ!*
*કે તું આવે, હું દઈ દઉં સાદ જો*

* *

સુરત-રાંદેર ગઝલની જન્મભૂમિ-કર્મભૂમિ રહ્યાં છે. હવે સુરતના છેવાડાંનાં ગામો સુધી ગઝલ પ્રસરી ગઈ છે. નવસારી જિલ્લામાં ગણ દેવી તાલુકામાં આવેલા એક નાનકડા ગામમાં હર્ષવી પટેલ સાહિત્ય સર્જનમાં સતત પ્રયત્નશીલ છે. ગામનું નામ છે 'કેસણી'. તેઓ શિક્ષણકાર્ય કરે છે. ગીતો, લઘુ કથા, બાળગીતો અને ગઝલ લખે છે. કલા, સાહિત્ય, સંગીતમાં જેઓ પ્રવૃત્ત હોય તેઓને મન સર્જન એ કુદરતને ખોળે જવાની પ્રક્રિયા છે અને હર્ષવી આ સર્જન પ્રક્રિયામાંથી સારી પેઠે અને સહજ રીતે ગતિ કરી રહ્યાં છે. થોડીક રચનાઓ જોઈએ:

*હજી પણ આપણે પહોંચ્યા નથી કો' ઠોસ ઠેકાણે*
*તું શોધે છે વિસામો દોસ્ત! હું સરનામું શોધું છું.*

* *

*આંખ મીચી સતત દોડ્યા કરે છે આ સમય*
*એય નક્કી કોઈનાથી દોરવાયો છે ભલા!*
*આપણી મહેફિલ વધુ લાંબી નહીં ચાલી શકે*
*એટલે તેં ભેરવી સંબંધ ગાયો છે ભલા*

* *

*છે સ્મરણ એનું દુ:ખતી રગ ને*
*મેં સતત આંગળી અડાડી છે.*

* *

*તારા સવાલોના જવાબો ના મળે અહીં*
*આ 'હર્ષવી'ની આંખ છે ઉત્તરવહી નથી*

અમદાવાદનાં ભાર્ગવી પંડ્યા છેલ્લા દોઢ દાયકાથી સાહિત્ય સર્જન કરી રહ્યાં છે. એમના શ્વાસમાં અને વિશ્વાસમાં ગઝલનું રેશમ વણ્યા કરે છે. એમનો પ્રથમ ગઝલસંગ્રહ 'હોવાપણાને છાંયડે' ૨૦૨૦માં અને બીજો સંગ્રહ 'વાદળ બન્યું છે મન' ૨૦૨૫માં પ્રકાશિત થયા હતા. આમ ગઝલની સાધના સન્નિષ્ઠાપૂર્વક થઈ રહી હોવાનો અહેસાસ થાય છે. 'વાદળ બન્યું છે મન' ગઝલ સંગ્રહની પ્રસ્તાવનામાં અગ્રગણ્ય કવિ કિરણસિંહ ચૌહાણ કહે છે કે ' આ સંગ્રહની 77 ગઝલોમાંથી પસાર થતાં ઘણા સુંદર શેરોને મળવાનું થયું. ઘણી ગઝલોમાં નોખી અભિવ્યક્તિ જોવા મળી.' પોતાના કંડારેલા કાફિયા-રદીફમાં ક્યાંય કોઈનો પડઘો નથી. છતાં વૈવિધ્ય સુપેરે સાચવ્યું છે અને લગભગ તમામ ગઝલોમાં સર્જનની પ્રક્રિયાને કવયિત્રીએ અદ્ભુત રીતે અભિવ્યક્ત કરી છે. શબ્દની સફરના બીજા પડાવમાં એમણે આપેલી અને કિરણભાઈએ વીણેલી ગઝલો માણીએ:

*લીલાં વૃક્ષો, પીળાં ફૂલો, ભૂરું નભ છે*
*દોર્યો સૂરજ ઝળહળ, જો કાગળનો વૈભવ.*

* *

*ઘા ઉપર ઘા, તે છતાંયે વૃક્ષ તો મલકાય છે!*
*જાણ છે એને કે કૂંપળ ફૂટશે વિચ્છેદમાં*

* *

*આ મૌન ઓગળશે અગર, શબ્દો પ્રવેશે સાદમાં*
*ક્યારેક ભૂલીને બધું, આવી અહીં સંવાદમાં*
*જાઉં કદી ના મંદિરે, લગની છે દર્શનની સતત*
*હરપળ રટણ તારું કરું, તું ગણ મને અપવાદમાં*

* *

*ટોચ શ્રદ્ધાની છે, સત્ય આધાર છે*
*આ તરફ દત્ત છે ને ત્યાં દાતાર છે*

* *

*એમ શબ્દો ઊતરે કાગળ ઉપર,*
*આંગળીમાં વાગતી સિતાર છે.*
*પ્રભાતી મ્હોરમાં કરતાલ કર લઈ કોણ આ ચાલ્યું?*
*જતી આ રાતનું પગલું દબાવીને તળેટીમાં.* ■

# વખોડવા માટે જેટલો ઉત્સાહ બતાવો છો એટલો જ વખાણવામાં પણ બતાવો!

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

**અમદાવાદનું** એક એનઆરઆઇ વૃદ્ધ દંપતી વિદેશમાં વસતાં સંતાનો પાસેથી અમદાવાદ પાછું આવ્યું હતું. એક દિવસ ૭૪ વર્ષીય વૃદ્ધ પતિને એક કૉલ પર ધમકી અપાઈ કે 'તમારી મની લૉન્ડરિંગ કેસમાં સંડોવણી છે. એટલે તમને ડિજિટલ અરેસ્ટ કરવામાં આવે છે. તમે તાત્કાલિક દંડ પેટે પંદર લાખ રૂપિયા ભરી દો નહીં તો તમારી સામે સખત કાનૂની કાર્યવાહી થશે.'

ડરી ગયેલા વૃદ્ધે એક બૅન્કમાંથી એફડી તોડીને પંદર લાખ રૂપિયા ડિજિટલ અરેસ્ટના નામે લૂંટનારા ગઠિયાઓના ખાતામાં જમા કરાવી દીધા. એ પછી ડિજિટલ અરેસ્ટ કરનારા ગુનેગારોએ તેમને કહ્યું હતું કે 'તમારી પાસે બાકી જેટલા પણ પૈસા છે તે એક વખત અમે કહીએ એ ખાતામાં જમા કરાવી દો. ચકાસણી કરીને એ રકમ અમે તમને પાછી આપી દઈશું. જો તમે રકમ વેરિફાઈ કરાવી લેશો તો આ ગંભીર કેસમાંથી બચી જશો. નહીં તો જેલમાં જશો.'

સાઇબર ક્રિમિનલ્સની એ ધમકીને કારણે તે વૃદ્ધ બીજી એક બૅન્કમાં એફડી તોડાવા માટે ગયા. એ વખતે બૅન્કના કર્મચારીને શંકા ગઈ, કારણ કે તે વૃદ્ધ હંમેશાં બૅન્કમાં પૈસા જમા કરાવતા રહેતા હતા, પરંતુ આ વખતે તેઓ એફડી તોડાવીને પૈસા ઉપાડવા આવ્યા હતા અને એ પણ ખૂબ મોટી રકમ તેઓ ઉપાડવા ઇચ્છતા હતા. એટલે કર્મચારીએ બૅન્ક મૅનેજરને માહિતી આપી. બૅન્ક મૅનેજરે તેમને પોતાની પાસે બોલાવીને તેમની સાથે વાત કરી હતી. તેમણે કારણ પૂછ્યું ત્યારે વૃદ્ધ સજ્જને કહી દીધું કે આ રીતે મને ડિજિટલ અરેસ્ટ કરવામાં આવ્યો છે અને છૂટવા માટે પૈસાની જરૂર છે. એ જ વખતે બૅન્ક મૅનેજરને મળવા માટે બૅન્કના અન્ય ખાતાધારક એવા એક ઍડ્વોકેટ ત્યાં આવ્યા હતા.

બૅન્ક મૅનેજર અને ઍડ્વોકેટે તે વૃદ્ધને ડિજિટલ અરેસ્ટ ફ્રૉડ વિશે સમજાવીને પોલીસને ફરિયાદ કરવા કહ્યું.. પોલીસની ટીમ તરત બૅન્કમાં પહોંચી હતી. એને કારણે એનઆરઆઇ વૃદ્ધ દંપતીની બે કરોડ રૂપિયા જેટલી રકમ સાઇબર ક્રિમિનલ્સના હાથમાં જતાં રહી ગઈ.

આ ઘટનામાં વૃદ્ધને મદદરૂપ બનનારા બૅન્ક કેશિયર, બૅન્ક મૅનેજર, ઍડ્વોકેટ અને વૃદ્ધને મદદ કરવા દોડેલા પોલીસ કર્મચારીઓનાં નામ પણ લોકો સુધી પહોંચ્યાં નથી, કારણ કે અમદાવાદના અખબારમાં આ સમાચાર વાંચ્યા એમાં કોઈનાં નામ નહોતાં-નહીં તો હું અહીં ચોક્કસ તેમનાં નામનો ઉલ્લેખ કરત. અહીં મુદ્દો એ છે કે આપણા સમાજને જેટલો વખોડવામાં રસ પડે છે એટલો વખાણવામાં નથી પડતો.

૫ ઑગસ્ટ, ૨૦૨૬ના દિવસે એક ૨૩ વર્ષીય યુવતી પૂજા ડોંબિવલી રેલવે સ્ટેશને લોકલ ટ્રેનમાંથી ઊતરતી વખતે ધક્કામુક્કીમાં નીચે પડી ગઈ. પૂજાને ગંભીર ઈજા થઈ. એ વખતે પ્લૅટફૉર્મ નંબર પાંચ પર ફરજ બજાવી રહેલાં મહિલા ટિકિટ ચેકર વૃશાલી જાધવ તરત તેની મદદે દોડી ગયાં હતાં. તેમણે તરત જ સ્ટેશન એનાઉન્સરને કૉલ કરીને લાઇસન્સવાળા હમાલની તરત જ વ્યવસ્થા કરવા કહ્યું, પણ ઈજાગ્રસ્ત યુવતીની હાલત જોઈને તેમણે કોઈની પણ રાહ જોવાને બદલે જાતે જ તે યુવતીને ઊંચકી લીધી અને તેને ઊંચકીને સ્ટેશન માસ્ટરના કાર્યાલયમાં પહોંચી ગયાં. ત્યાંથી તે યુવતીને વધુ સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં પહોંચાડવામાં આવી.

કોઈ ટિકિટ ચેકરે ઉદ્ધતાઈ કરી હોય અને કોઈ એ વીડિયો સોશ્યલ મીડિયા પર મૂકી દે તો એ વીડિયો ખૂબ જ વાઇરલ થઈ જાય, પણ વૃશાલી જાધવના આ પ્રશંસનીય કામ માટે મીડિયાએ નોંધ લીધી, પણ સોશ્યલ મીડિયા પર એ વીડિયો મોટી સંખ્યામાં વાઇરલ ન થયો.

હવે આ કિસ્સો જુઓ. નાગપુરના એક સરકારી અધિકારીની ટીનેજર દીકરી ઇન્સ્ટાગ્રામ પર એક દુષ્ટના સંપર્કમાં આવી હતી.




તે બદમાશે તેને ભોળવીને તેની નગ્ન તસવીરો મગાવી હતી. એ પછી તેણે એ ફોટોગ્રાફ્સ ઓનલાઈન વાઇરલ કરવાની ધમકી આપીને તેને બ્લૅકમેલ કરવાનું શરૂ કર્યું હતું. તેણે તેને ધમકી આપીને મળવા બોલાવી હતી અને તે તેના પર બળાત્કાર ગુજારતો હતો. આવું ઘણા દિવસો સુધી ચાલ્યું હતું, પરંતુ બીજી ઑગસ્ટના દિવસે તે છોકરીને તેણે પોતાના ભાડાના રૂમમાં બોલાવી હતી. તેણે તેનો મોબાઈલ છીનવી લીધો હતો. તેના હાથપગ બાંધી અને છરી બતાવીને તેને ધમકાવીને તેનો રેપ કરીને તેની હત્યાનો પ્રયાસ કર્યો હતો.

બીજી બાજુ દીકરી રાતે ઘરે ન આવી એટલે તેના પિતાએ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે તે છોકરીની શોધખોળ શરૂ કરી હતી. મોબાઇલ લોકેશનના આધારે છોકરી દિઘોરી વિસ્તારમાં હોવાનું જાણવા મળ્યું હતું. એ પછી પોલીસે સર્ચ ઑપરેશન શરૂ કર્યું. એ દરમિયાન એક ફૂડ ડિલિવરી બૉયની મદદથી પોલીસ આરોપીના ભાડાના મકાન સુધી પહોંચી હતી. પોલીસે તે છોકરીને તેના સકંજામાંથી છોડાવી હતી અને તે વિકૃત આરોપીની ધરપકડ કરી હતી.

આવી ઘટનાઓ બને ત્યારે જે વ્યક્તિ મદદરૂપ થઈ હોય તેને મીડિયામાં અને સોશ્યલ મીડિયામાં ખૂબ પ્રસિદ્ધિ મળવી જોઈએ. એમની પ્રશંસા પણ કરવી જોઈએ. આપણો સમાજ લોકોને વખોડવામાં બહુ ઉત્સાહ દાખવે છે, પરંતુ વખાણ કરવામાં કંજૂસી બતાવે છે. આવા-બીજાઓને મદદરૂપ થતા માણસોની પ્રસાર માધ્યમોથી માંડીને સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મ સુધી પ્રશંસા થવી જોઈએ એ જોઈને બીજા લોકોને પણ પ્રેરણા મળે.

આપણા સમાજમાં નકારાત્મક વાતો બહુ ઝડપથી ફેલાઈ જાય છે અને સકારાત્મક વાતોને એટલું બધું મહત્ત્વ મળતું નથી. કોઈ ફિલ્મસ્ટાર અથવા અન્ય કોઈ ક્ષેત્રની જાણીતી વ્યક્તિ કોઈ ચેષ્ટા કે કુચેષ્ટા કરે તો તેના વિશે હજારો પોસ્ટથી સોશ્યલ મીડિયા ઊભરાઈ જાય છે, પરંતુ જાહેરજીવનની કોઈ વ્યક્તિ સારું કામ કરે તો તેને વખાણવામાં લોકો એટલો ઉત્સાહ દર્શાવતા નથી હોતા એ કડવી વાસ્તવિકતા છે.

ટૂંકમાં , ખરાબ કામ કરનારા માણસોને વખોડવા માટે જેટલો ઉત્સાહ બતાવાય છે એટલો જ ઉત્સાહ સારું કામ કરનારા કે કોઈને મદદરૂપ બનનારા માણસોને વખાણવામાં પણ બતાવવો જોઈએ. ■

# છીનકે લેંગે આઝાદી: સ્વાતંત્ર્ય છે મૃત્યુસિદ્ધ અધિકાર!

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com


**ટાઇટલ્સ:**
**ફ્રીમાં ફ્રીડમ ના મળે.( છેલવાણી)**

લુઇસ મેલાર્ડ નામની સ્ત્રીને હૃદયની ગંભીર બીમારી હતી. અચાનક એને સમાચાર મળ્યા કે પતિ બ્રેન્ટલીનું રેલવે અકસ્માતમાં મૃત્યુ થયું છે. આ સાંભળીને પહેલાં તો લુઇસ ખૂબ રડી, પણ પછી થોડીવારે પતિના મૃત્યુથી અચાનક મળેલી આઝાદીનો અહેસાસ થયો. એણે બારી બહાર જોયું તો ભૂરું આકાશ, પંખીઓનો કલરવ ને વરસાદની તાજી સુગંધ હવે આ બધું લુઇસને નવા જીવનની નવી શરૂઆત જેવું લાગવા માંડે છે, કારણ કે હવે એનું જીવન, એનું પોતાનું છે. બીજાની ઇચ્છા કે કાબૂ વિનાનું. લુઇસ બારી બહાર પોકારે છે, 'આઝાદી, આઝાદી, આઝાદી!' એ કલ્પના કરે છે કે હવે બસ, પોતાની મરજી મુજબ જીવશે... એટલામાં અચાનક પતિ બ્રેન્ટલી જીવતો હેમખેમ પાછો ફરે છે!

પતિને જીવતો જોતાવેંત જ આઘાતથી લુઇસ ઢળી પડે છે. ડૉક્ટરો કહે કે મૃત્યુ 'આનંદના આઘાત'થી થયું, પણ ના, હકીકતમાં તો લુઇસ એની ટૂંકી આઝાદીના અંતના આઘાતથી મરી જાય છે. કેટ ચોપિનની વાર્તા 'એક કલાકની વાર્તા'માં આઝાદીની અજીબ હાસ્યકરુણ વિડંબના છેને?

દરેક ગુલામ દેશ કે વ્યક્તિ ચાહે છે : 'આઝાદી'. આમ તો એ માત્ર ત્રણ અક્ષર છે પણ એ એવી જ્વાળા છે, જે ક્રાંતિની મશાલ સળગાવીને માનવ ઇતિહાસ રચે છે. આપણને ૧૯૪૭માં ૧૫મી ઑગસ્ટે આઝાદી મળી ને ગાંધીથી ભગતસિંઘ વિશે ખૂબ લખાયું-કહેવાયું છે, પણ વિશ્વઇતિહાસમાં આઝાદી માટે કુર્બાન થનારાની અગણિત શોર્યગાથાઓ છે.

પ્રાચીન રોમમાં ગુલામ સ્પાર્ટેકસ 'થ્રેસિયન જાતિ'નો હતો, જેને રોમનોએ કેદી બનાવીને જંગલી જાનવર કે હિંસક યોદ્ધા સામે 'ગ્લેડિએટર' તરીકે તાલીમ આપેલી. ૭૩ બી.સી.માં સ્પાર્ટેકસ અને


આખરે બર્લિન વૉલ તૂટી...

બીજા ૭૦ ગુલામો ગ્લેડિએટર અખાડામાંથી ભાગીને વેસુવિયસ પર્વત પર છુપાયા ને ત્યાંથી એમણે ૧,૨૦,૦૦૦ની સેના બનાવી ને રોમનસેનાને ૨૨ વર્ષ સુધી હંફાવે રાખી. સ્પાર્ટેકસે અનેક ગુલામોને આઝાદ કર્યા. આખરી દમ સુધી સમાનતા ને આઝાદી માટે લડતો રહ્યો. ૭૧ બી.સી.માં ક્રાસસની સેનાએ સ્પાર્ટેકસને હરાવીને બીજા ૬,૦૦૦ સાથીઓ સાથે વધસ્તંભે ચડાવ્યા, પણ સ્પાર્ટેકસના બળવાએ રોમન સામ્રાજ્યને હલાવી દીધું ને ભાવિ ક્રાંતિની પ્રેરણા આપી. પછી એ જ રોમનોએ સ્પાર્ટેકસને હીરો બનાવીને એક શૂરવીરની દંતકથા બનાવી નાખ્યો, જેની હયાતિમાં રોમનો ધિક્કારતા ને એના ભયથી ધ્રૂજતા!

**ઇન્ટરવલ:**
**મૈંને આંખોં મેં જલા રખા હૈં આઝાદી કા તેલ**
**મત અંધેરોં સે ડરા રખ કિ મૈં જો હૂં સો હૂં. (અનીસ અંસારી)**

૧૮૨૨માં મેરીલેંડમાં હેરિયેટ ટબમન નામની સ્ત્રી ગુલામ તરીકે જન્મેલી. મજૂરીને લીધે બાળપણમાં માથામાં ઈજા થઈ ને આજીવન માથાનો દુખાવો કે ચક્કર આવે જ રાખે. તેમ છતાં ૧૮૪૯માં ગુલામગીરીમાંથી છટકીને ફિલાડેલ્ફિયા જઈને આઝાદ થઈ, પછી અંડરગ્રાઉન્ડ રેલરોડનાં છૂપા રસ્તે ૧૩-૧૩ વખત પાછી મેરીલેંડ જઈને ૭૦થી વધુ ગુલામોને મુક્ત કર્યા. હેરયટ પાસે રેલરોડના ગુપ્ત રસ્તાઓ, ગુપ્ત ઠેકાણાંઓ અને મદદગારોનું એક ખાનગી નેટવર્ક હતું, જે ગુલામોને ઉત્તર અમેરિકા પહોંચાડવામાં મદદ કરતું. એ જમાનામાં હેરિયટના માથે ૪૦,૦૦૦નું ઇનામ હતું, પણ ક્યારેય પકડાઈ નહીં, વેશ બદલીને આઝાદી માટે લડતી રહી. એકવાર બુઢ્ઢીના છૂપા વેશમાં હતી ને પાછળ પોલીસ પડી તો એણે થેલામાં છુપાવેલી મરઘીઓને હવામાં ઉડાડી, અફરાતફરી મચાવીને નાસી છૂટી. હેરિયટનો મંત્ર હતો: મેં હજારો ગુલામોને આઝાદ કર્યા, પણ જો બધા ગુલામો જાણતા હોત કે એ લોકો ગુલામો છે તો હું વધારે ગુલામોને આઝાદ કરી શકત!

બીજા વિશ્વયુદ્ધ પછી જર્મનીના બે ભાગલા થયા: વેસ્ટ જર્મનીમાં લોકશાહી ને ઇસ્ટ જર્મનીમાં કડક કમ્યુનિસ્ટ રાજ. ૧૯૬૧માં ઈસ્ટ જર્મનીએ વૉલ બનાવી, જેમાં સ્પે. ચોકીદારોનાં ટાવર્સ, સુરંગો હતી. ૨૮ વર્ષમાં ૧૩૬થી ૨૦૦ લોકો ભાગવાની કોશિશમાં મર્યા. ૧૯૮૦ના અંતમાં રશિયા ભાંગ્યુ ને પછી ૯ નવેમ્બરે ગુંટર શાબોવ્સ્કી નામના ઑફિસરથી પ્રેસ કૉન્ફરન્સમાં ભૂલથી કહેવાઈ ગયું કે સરહદો 'તરત' ખૂલવી જાઈએ. પછી તો હજારો લોકો સરહદે ધસી આવ્યા, ચોકીદારોએ દરવાજા ખોલી નાખ્યા ને પછી તો રાતોરાત હજારો હથોડીઓ અને અસંખ્ય હાથના મુક્કાઓથી દીવાલ તૂટી ને એક અણધારી ભૂલને લીધે ક્રૂર કમ્યુનિઝમનો અંત થયો. એ જ જર્મન વૉલના એક ગાર્ડ, હેરાલ્ડ જેગરે કહ્યું, 'હું ઇતિહાસ રોકી શક્યો નહીં. મને તો લોકોને એકમેકથી દૂર રાખતાં આવડતું, પણ લોકોને પ્રેમથી ભેટતાં રોકવાનું મને ક્યાંથી આવડે? કોંક્રીટની દીવાલ, આઝાદી ઝંખતી ભીડના 'કોંક્રીટ'મજબૂત સંકલ્પ સામે પડી ભાંગી!'

નેલ્સન મંડેલાએ દક્ષિણ આફ્રિકાનાં અપાર્થેઇડ વિરુદ્ધ ચળવળ આદરેલી, કારણ કે અપાર્થેઇડમાં કાળાઓથી આભડછેટ રાખી દમન કરતા. મંડેલાએ ગાંધીજીના સત્યાગ્રહથી પ્રેરાઈને અહિંસક વિરોધ કર્યા, પણ ૧૯૬૨માં આજીવન જેલની સજા થઈ. રોબન ટાપુ પર ૧૮ વર્ષ ને પછી પોલ્સમૂર જેલમાં ૯ વર્ષ કેદમાં રહ્યા. એમણે જેલમાં અનેક પુસ્તકો વાંચીને સમાધાનની ફૉર્મ્યુલા વિચારી. છેક ૧૯૯૦માં છૂટ્યા ને ૧૯૯૪માં પ્રમુખ બન્યા. મંડેલાની 'લોંગ વોક ટુ ફ્રીડમ' જીવનકથામાં કિસ્સો છે કે જેલમાંથી છૂટ્યા પછી એક બારમાં ગયા, ડ્રીંકનો ભાવ પૂછ્યો ત્યારે બારટેન્ડરે કહ્યું, 'તમારા માટે બધું જ ફ્રીમાં છે, આ ડ્રીંક તો વરસોની તપસ્યાથી તમે કમાયું છે, એ અણમોલ છે, તમે અપાવેલ આઝાદીની જેમ!'

મહિલાઓની આઝાદીનો ઇતિહાસ પણ સંઘર્ષના ખૂનપસીનાથી લથબથ છે. જેમાં ૧૯૧૨નું ન્યૂયોર્કમાં સુફ્રેજના સરઘસમાં હજ્જારો મહિલાઓએ 'મતદાનનો અધિકાર' મેળવવા ચળવળ આદરી. બ્રિટિશ મહિલા એમેલિન પેન્કહર્સ્ટ નામની લડાક સ્ત્રીથી પ્રેરાઈને અમેરિકામાં મહિલાઓએ જેલવાસમાં ભૂખ હડતાળ કરી ને જ્યારે મરણતોલ થઈ ત્યારે છેક ૧૯૨૦માં વોટનો અધિકાર મળ્યો.

આપણે પણ આઝાદીની ઇજ્જત કરીએ ને બંધનોથી ભયમુક્ત થઈએ.

**ઍન્ડટાઇટલ્સ:**
**આદમ: તને શું ગમે?**
**ઈવ: પ્રેમની આઝાદીમાં છૂપાયેલ બંધન !** ■





ભરત મહેતા feedback@bombaysamachar.com

# અંતરિક્ષમાં અલાઉદ્દીનનો ચિરાગ એટલે એસ્ટરૉઇડ માઇનિંગ

## અવકાશી ખનન દ્વારા કઈ રીતે મેળવી શકાય બ્રહ્માંડની અખૂટ સમૃદ્ધિ...



બાળપણમાં આપણે સૌએ અરેબિયન નાઇટ્સની કાલ્પનિક વાર્તાઓમાં ‘અલાઉદ્દીનનો જાદુઈ ચિરાગ’ વિશે સાંભળ્યું છે. એવો ચિરાગ જેને સામાન્ય રીતે હથેળીથી ઘસતાં જ એક શક્તિશાળી જીન પ્રગટ થતો અને પલકવારમાં દુનિયાભરની અઢળક સંપત્તિ, સોનું, હીરા અને ઝવેરાત લાવીને માલિકના કદમમાં ધરી દેતો. બાળપણમાં આ વાર્તા માત્ર એક કલ્પના લાગતી હતી, પરંતુ આજે ૨૧મી સદીમાં વિજ્ઞાન અને ટેક્નૉલૉજી એટલી હદે આગળ વધી ગઈ છે કે માનવી પાસે એક નવો, વાસ્તવિક અને વૈજ્ઞાનિક ‘જાદુઈ ચિરાગ’ આવી ગયો છે. આ આધુનિક ચિરાગનું નામ છે એસ્ટરૉઇડ માઇનિંગ (Asteroid Mining) એટલે કે અવકાશી લઘુગ્રહો પર ખનન કરી તેની અંદર છુપાયેલી અખૂટ સંપત્તિ પૃથ્વી પર લાવવી.

**એસ્ટરૉઇડ એટલે શું ?**

આપણા સૌરમંડળના ગ્રહોની વચ્ચે, ખાસ કરીને મંગળ (Mars) અને ગુરુ (Jupiter) ગ્રહની કક્ષાની વચ્ચે લાખોની સંખ્યામાં નાના-મોટા પથ્થરો અને ખડકો સૂર્યની પ્રદક્ષિણા કરી રહ્યા છે. અવકાશ વિજ્ઞાનની ભાષામાં આ પથ્થરોને ‘એસ્ટરૉઇડ’ કે લઘુગ્રહ તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી પર વધી રહેલી વસ્તી સાથે માનવીની જરૂરિયાતો વધી રહી છે અને કુદરતી સંસાધનો ઝડપથી ખૂટી રહ્યાં છે ત્યારે વિજ્ઞાનીઓની નજર આ અવકાશી પથ્થરો પર પડી છે.

વૈજ્ઞાનિક સંશોધનો દર્શાવે છે કે આ લઘુગ્રહો માત્ર નિર્જીવ કે નકામા ખડકો નથી, પરંતુ તે બ્રહ્માંડની જીવતી-જાગતી ખણખણતી તિજોરીઓ છે. આ એસ્ટરૉઇડ્સની અંદર અબજો ટન એવી ધાતુઓ અને સંસાધનો છુપાયેલાં છે જે પૃથ્વી પર અત્યંત દુર્લભ (Rare Earth Elements) માનવામાં આવે છે.

**એસ્ટરૉઇડમાંથી મળતી મુખ્ય સંપત્તિમાં શું શું છે?**

અતિ કીમતી ધાતુઓઃ પ્લેટિનમ, શુદ્ધ સોનું, ચાંદી, ઇરિડિયમ, ઓસ્મિયમ અને પેલેડિયમ જેવી મોંઘી ધાતુઓ.

ઔદ્યોગિક અને માળખાકીય ધાતુઓ : શુદ્ધ લોખંડ, નિકલ, કોબાલ્ટ, ટાઇટેનિયમ અને ઍલ્યુમિનિયમ.

પાણી અને બરફ : લઘુગ્રહો પર થીજી ગયેલા બરફ સ્વરૂપે અબજો ગૅલન પાણી ઉપલબ્ધ છે જે ભવિષ્યના સ્પેસ મિશનો માટે સૌથી મોટું ઇંધણ સાબિત થશે.

**અકલ્પનીય ખનિજ સંપત્તિની અંદાજિત કિંમત કેટલી?**

જ્યારે આપણે એસ્ટરૉઇડમાં રહેલી ખનિજ સંપત્તિની કિંમતનો અંદાજ લગાવીએ ત્યારે પૃથ્વી પરની અર્થવ્યવસ્થાના તમામ આંકડા સાવ સૂક્ષ્મ સાબિત થાય છે. આ ક્ષેત્રમાં સૌથી વધુ ચર્ચામાં રહેલો લઘુગ્રહ છે ‘૧૬ સાયકી’ (16 Psyche). મંગળ અને ગુરુની વચ્ચે આવેલો આ એસ્ટરૉઇડ પથ્થરનો નહીં, પણ સંપૂર્ણપણે ધાતુઓનો બનેલો છે.

**અહીં છે ૧૦,૦૦૦ ક્વાડ્રિલિયનનો ખજાનો...**

નાસા (NASA)ના વૈજ્ઞાનિકોના મતે ‘૧૬ સાયકી’ પર એટલી મોટી માત્રામાં લોખંડ, નિકલ અને સોનું ઉપલબ્ધ છે કે તેની અંદાજિત કિંમત ૧૦,૦૦૦ ક્વાડ્રિલિયન ડૉલર (10,000 quadrillion) એટલે કે ૧૦ની પાછળ ૧૯ શૂન્ય લગાવવાથી બનતી રકમ જેટલી થાય છે! જો આ આખી સંપત્તિ પૃથ્વી પર લાવીને વહેંચવામાં આવે તો પૃથ્વી પરનો દરેક સામાન્ય નાગરિક અબજોપતિ બની જાય!

આ ઉપરાંત અવકાશમાં તરતા માત્ર ૧૦૦ મીટર લાંબા એક સામાન્ય એસ્ટરૉઇડની અંદર પણ આશરે ૨૫ અબજ ડૉલરથી લઈને ૧૦૦ અબજ ડૉલર (25 Billion to 100 Billion) સુધીનું શુદ્ધ પ્લેટિનમ અને અન્ય દુર્લભ ધાતુઓ મળી શકે છે. આ આંકડાઓ જ સાબિત કરે છે કે એસ્ટરૉઇડ માઇનિંગને આજના યુગનો અલાઉદ્દીનનો ચિરાગ કેમ કહેવામાં આવે છે.


**ઐતિહાસિક સફળતા : સૅટેલાઇટ ને સ્પેસક્રાફ્ટનું લૅન્ડિંગ**

ઘણા લોકોને આ વાત માત્ર સાયન્સ ફિક્શન ફિલ્મ જેવી લાગતી હશે, પરંતુ વૈજ્ઞાનિકોએ આ દિશામાં પ્રાયોગિક સફળતા મેળવી લીધી છે. માનવજાતે પૃથ્વી પરથી સૅટેલાઇટ અને સ્પેસક્રાફ્ટ મોકલીને આ લઘુગ્રહો પર સફળતાપૂર્વક લૅન્ડિંગ પણ કરાવ્યું છે, જેમાં હાયાબુસા-૨ (Hayabusa2) - જાપાન (JAXA): જાપાનની સ્પેસ એજન્સીનું આ મિશન અવકાશ વિજ્ઞાનનો મોટો માઇલસ્ટોન છે. આ સ્પેસક્રાફ્ટે ‘ર્યુગુ’ (Ryugu) નામના એસ્ટરૉઇડ પર સફળતાપૂર્વક લૅન્ડ કર્યું, તેની સપાટી પર નિયંત્રિત ધડાકો કરીને તેની અંદરના શુદ્ધ પથ્થરોના સૅમ્પલ લીધાં અને વર્ષ ૨૦૨૦માં તે સૅમ્પલ સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછાં લાવ્યાં.

બીજો છે ઓસિરિસ-રેક્સ (OSIRIS-REx) - અમેરિકા (NASA): નાસાના આ મહત્ત્વાકાંક્ષી મિશને ‘બેન્નુ’ (Bennu) નામના એસ્ટરૉઇડને સ્પર્શ કરીને (Touch-and-Go ટેક્નિકથી) ત્યાંથી ધૂળ અને પથ્થરોનાં કીમતી સૅમ્પલ એકઠાં કર્યાં. આ સૅમ્પલ સપ્ટેમ્બર ૨૦૨૩માં પૃથ્વી પર પાછાં લાવવામાં આવ્યાં છે, જેના પર હાલમાં ઊંડાણપૂર્વક સંશોધન ચાલી રહ્યું છે.

**રોઝેટા મિશન** (Rosetta) - **યુરોપ** (ESA):

આ મિશન હેઠળ ઇતિહાસમાં પહેલીવાર ‘ફિલે’ (Philae) નામના નાના લૅન્ડરને એક ગતિશીલ ધૂમકેતુ (Comet 67P)ની સપાટી પર સફળતાપૂર્વક ઉતારવામાં આવ્યું હતું.



**એસ્ટરૉઇડ માઇનિંગના અદ્ભુત ફાયદા**

જો આ ટેક્નૉલૉજી આગામી સમયમાં વ્યાપક સ્તરે સફળ થાય તો પૃથ્વીનો નકશો બદલાઈ શકે છે. પૃથ્વીનું પર્યાવરણીય સંરક્ષણઃ પૃથ્વી પર થતા માઇનિંગ (ખનન)ને કારણે જંગલો નાશ પામે છે અને પ્રદૂષણ વધે છે. જો ભારે ઉદ્યોગો અને ખનનનું કામ અવકાશમાં શિફ્ટ થઈ જાય તો પૃથ્વી ગ્રીન અને ક્લીન બની જશે. ગ્રીન ટેક્નૉલૉજીને વેગઃ સ્માર્ટફોન, સોલર પૅનલ અને ઇલેક્ટ્રિક વાહનો (EV)ની બૅટરી માટે જરૂરી લિથિયમ, કોબાલ્ટ અને રેર અર્થ મેટલ્સ અવકાશમાંથી અખૂટ માત્રામાં મળી રહેશે.

સ્પેસ પેટ્રોલ પંપ (Space Economy): એસ્ટરૉઇડ પર રહેલા પાણીના બરફમાંથી હાઇડ્રોજન અને ઑક્સિજન અલગ કરીને રૉકેટનું ઇંધણ અવકાશમાં જ બનાવી શકાશે. આનાથી મંગળ અને શનિ જેવા ગ્રહો પર જવા માટે પૃથ્વી પરથી ભારે બળતણ લઈ જવાની જરૂર નહીં પડે. લઘુગ્રહો ભવિષ્યના ‘સ્પેસ પેટ્રોલ પંપ’ બનશે.

**મુખ્ય પડકાર : ગુફાનાં જોખમો**

જેમ વાર્તામાં અલાઉદ્દીનને ચિરાગ મેળવવા માટે જીવના જોખમે ભયાનક ગુફામાં ઊતરવું પડ્યું હતું, તેમ એસ્ટરૉઇડ માઇનિંગ પણ અત્યંત પડકારજનક છે, જેમ કે...

અતિશય અંતર અને ખર્ચઃ લાખો-કરોડો કિલોમીટર દૂર સ્પેસક્રાફ્ટ મોકલવા અને ભારે મશીનરી ત્યાં પહોંચાડવાનો ખર્ચ અબજો ડૉલરનો થાય છે.

ઝીરો ગ્રેવિટી (શૂન્ય ગુરુત્વાકર્ષણ): એસ્ટરૉઇડ ખૂબ નાના હોવાથી ત્યાં ગુરુત્વાકર્ષણ બળ હોતું નથી. આવા વાતાવરણમાં મશીનોને સપાટી પર ટકાવી રાખવા અને ધૂળ ઊડ્યા વગર ખોદકામ કરવું એ વિજ્ઞાન માટે મોટો પડકાર છે.

**અવકાશી કાયદાની ગૂંચવણઃ** સ્પેસ કાયદા (Outer Space Treaty) મુજબ અવકાશની સંપત્તિ પર કોઈ એક દેશનો હક હોઈ શકે નહીં. ભવિષ્યમાં આ સંપત્તિની વહેંચણી માટે આંતરરાષ્ટ્રીય વિવાદો થવાની સંભાવના છે.

બીજી તરફ, નાસા, ઇસરો જેવી સરકારી સંસ્થાઓ અને સ્પેસ-એક્સ (SpaceX) જેવી ખાનગી કંપનીઓ અત્યારે અવકાશી ખનન માટેના રોબોટિક ટૂલ્સ અને માઇનિંગ શટલ વિકસાવવામાં રાત-દિવસ એક કરી રહી છે. સૅમ્પલ રીટર્ન મિશનોની સફળતાએ સાબિત કર્યું છે કે આ માત્ર કલ્પના નથી, પરંતુ ભવિષ્યની વાસ્તવિકતા છે.

જ્યારે પૃથ્વીનાં સંસાધનો સંપૂર્ણપણે સમાપ્ત થઈ જશે ત્યારે માનવજાતના અસ્તિત્વ અને વિકાસ માટે એસ્ટરૉઇડ માઇનિંગ જ એકમાત્ર આશાનું કિરણ હશે. આ ટેક્નૉલૉજી ખરેખર માનવજાત માટે ૨૧મી સદીનો જાદુઈ ચિરાગ સાબિત થશે જે પૃથ્વી પરથી ગરીબી, અછત અને સંસાધનોની યુદ્ધ જેવી સ્થિતિને હંમેશાં માટે નાબૂદ કરવાની અદ્ભુત ક્ષમતા ધરાવે છે. ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# SME સેગમેન્ટને વધુ વિશ્વસનીય બનાવવાનો સમય આવી ગયો છે, પણ...

## ...પણ નાની-મધ્યમ કંપનીઓના સ્ટૉક્સમાં આકર્ષણ સાથે સાવચેતી જરૂરી

છેલ્લા એક દાયકાથી દેશમાં નાની-મધ્યમ (SME-સ્મૉલ અને મિડિયમ એન્ટરપ્રાઇસિસ) કંપનીઓની બજાર સતત વિકસતી રહી છે, તેમ છતાં તેના વિશે હજી વિશાળ રોકાણકાર વર્ગમાં માહિતી-જાગ્રતિનો અભાવ છે. હવે નિયમન સંસ્થા ‘સેબી’ તેમાં વધુ વિશ્વસનીયતા ઊભી કરવા વાત એક રસપ્રદ કિસ્સાથી શરૂ કરીએ. ‘ઉમ્મીદ સે જયાદા, મગર કિતના જયાદા?’ આવો સવાલ તાજેતરમાં એક આઇપીઓને લઈને થયો. એ પણ નાની-મધ્યમ કદની કંપનીના. યસ, એસએમઈ કંપનીના. આ કંપની પૂજા પ્રિસિસન એન્જિનિયરિંગ તેના વિસ્તરણ પ્રોજેક્ટ માટે બીએસઈના એસએમઈ સેગમેન્ટ મારફત મૂડીબજારમાં આઇપીઓ સાથે પ્રવેશી હતી. તેનો ઇસ્યૂ ૧૬૦ કરોડ રૂપિયાનો હતો અને તેને રિસપૉન્સ શું મળ્યો ખબર છે? ઇસ્યૂના છેલ્લા દિવસ સુધીમાં કંપનીને ૩૦ હજાર કરોડ રૂપિયા સુધીની બિડસ (અરજીઓ) મળી. કમાલની અને વિક્રમની વાત એ છે કે કંપનીને જોઈતા હતા ૧૬૦ કરોડ રૂપિયા અને રોકાણકારો આપવા તૈયાર થયા હતા ૩૦ હજાર કરોડ રૂપિયા...! બીએસઈ એસએમઈ સેગમેન્ટ માટે આ એક વિક્રમ હતો. આ હકીકત દર્શાવે છે કે માર્કેટમાં નાણાકીય પ્રવાહિતા જોરમાં છે, લોકો તેમના રોકાણ માટે માર્ગ કે આકર્ષક સાધનો શોધી રહ્યા છે.

હવે મૂળ વાત પર આવીએ. મૂડીબજાર-શૅરબજારમાં આઇપીઓની કતાર, તેમના ઑફર ભાવ, બિનસત્તાવાર બજારના ભાવ, લિસ્ટિંગના દિવસે ઓપનિંગ અને લિસ્ટિંગ બાદના ભાવોના ટ્રેન્ડ વિશે કાયમ ચર્ચા થતી રહેતી હોય છે, પરંતુ ચર્ચા મહદંશે મુખ્ય બજાર અથવા મેઇન બોર્ડ સંબંધી થાય છે, જ્યારે કે છેલ્લા એક દાયકાથી દેશમાં એસએમઈ કંપનીઓની બજાર સતત વિકસતી રહી હોવા છતાં તેના વિશે હજી વિશાળ રોકાણકાર વર્ગમાં જાગૃતિ ઓછી છે. આ કંપનીઓ મહદંશે નવી છે અથવા તેમના વિશેની જાણકારી સરળતાથી ઉપલબ્ધ નથી, તેમનાં ફંડામેન્ટલ્સ વિશે અને ટ્રેકરેકૉર્ડ વિશે પણ સવાલો થતા હોય છે, તેમ છતાં આ સેગમેન્ટ દસ વરસમાં સફળતાના માર્ગે આગળ વધી રહ્યું છે. જોકે આ સફળતામાંથી સબક લઈ અને સાવચેતીનો અભિગમ વિકસાવવો રોકાણકારો માટે અનિવાર્ય છે. ભારતમાં એસએમઈ સેગમેન્ટના માર્ગે નવા યા નાના-મધ્યમ કદનાં સાહસો વધુ વિકસવાની શક્યતા આકાર પામી છે. આ દિશામાં નિયમન તંત્ર ‘સેબી’ પણ વધુ વિકાસલક્ષી તેમ જ શિસ્તલક્ષી પગલાં વિચારી રહ્યું છે જે માટે લિસ્ટિંગના નવા નિયમોની તૈયારી થઈ રહી છે, આ ફેરફાર કોને કેટલા ફળશે એ તો સમય કહેશે.

જોકે રોકાણકારોનાં હિતોની રક્ષા વધુ મજબૂત થવાની અપેક્ષા રાખી શકાય. આ સેગમેન્ટ કાર્યરત થયા બાદ નાની-મધ્યમ કંપનીઓ માટે મૂડીસર્જનની તક ઊભી થઈ. જે એક્સચેંજના માધ્યમથી હોવાથી પારદર્શક અને શિસ્તબદ્ધ કહેવાય. આ અકસચેંજીસને કારણે નાની-મધ્યમ કંપનીઓ માટે ઊંચા વ્યાજના બૅન્ક ધિરાણ કરતાં મૂડીબજારમાં આઇપીઓ લાવીને ભંડોળ ઊભું કરવાનું વધુ સરળ, ઝડપી અને લાભદાયી પણ બન્યું છે. સરકાર પણ એસએમઈ સેક્ટર માટે પ્રોત્સાહનલક્ષી નીતિઓ ધરાવે છે, જ્યારે કે નિયમન તંત્ર સેબી એસએમઈ સેગમેન્ટ પર લિસ્ટિંગ માટેના નવા નિયમો મેઇનબોર્ડ સમાન બનાવવાની પ્રોસેસમાં છે, જેમાં તેના વિકાસના માર્ગને સરળ બનાવવા ઉપરાંત શિસ્તબદ્ધ કરવાનું લક્ષ્ય છે.

વિતેલા દાયકાના અનુભવોમાંથી આ સેગમેન્ટમાં લિસ્ટેડ થતી કંપનીઓ સંબંધી ચોક્કસ જોખમના સંકેતો કે કિસ્સાઓ બહાર આવતા રહ્યા છે. અહીં ઘણી કંપનીઓએ તેની પાત્રતા કરતાં વધુ વૅલ્યુએશન મેળવવાના પ્રયાસ કર્યા હોવાથી રોકાણકાર વર્ગે સહન કરવું પડ્યું છે. ક્યાંક પ્રાઇસ મેનિપ્યુલેશનના કિસ્સા પણ બનતા રહ્યા છે તો વળી પ્રવાહિતાનું સ્તર નીચું રહેવાથી રોકાણકારોને મુશ્કેલી પડી છે. અહી લિસ્ટિંગ મેળવી લેવાથી કંપની સારી કે મજબૂત બની જતી નથી એ સમજવું રોકાણકારો માટે મહત્ત્વનું છે. દાયકાના અનુભવ બાદ આ સેગમેન્ટ પરિપકવ બનતું જતાં રોકાણકારોમાં પણ અવેરનેસ વધી રહી છે. વૈશ્વિકરણના પ્રવાહ સાથે ભારતીય અર્થતંત્ર જે મુજબ આકાર પામી રહ્યું છે તેને લીધે આગામી પાંચથી દસ વરસમાં અનેક કંપનીઓ આ સેગમેન્ટ પર આવશે. સેબીનું લક્ષ્ય પારદર્શકતા વધારવા સાથે મેનિપ્યુલેશન અટકાવવાનું રહેશે.

હાલમાં બે સ્ટૉક એક્સચેંજની સ્થિતિ જોઈએ તો BSE SME મંચ પર ૭૫૦ કંપનીઓ લિસ્ટેડ થઈ છે, આ સેગમેન્ટમાંથી અત્યાર સુધીમાં ૨૦૩ કંપનીઓ મેઇન બોર્ડ પર શિફ્ટ થઈ છે એટલે કે આ કંપનીઓને તેમના વિકાસને આધારે મેઇન બોર્ડ પર સ્થાન મળ્યું છે.

બીજી તરફ NSE SME મંચ પર ૭૦૦ કંપનીઓ લિસ્ટેડ થઈ છે. બીએસઈ હોય કે એનએસઈ, એસએમઈ કંપનીઓ સામે વિશ્વાસ ઊભા કરવા બાબતે પડકારો હજી પણ ઊભા છે. આ સેગમેન્ટ ફંડામેન્ટલ્સ પર જ ટકી શકશે અને ચાલી શકશે. વર્તમાન અને ભાવિ આર્થિક માહોલમાં કંપનીઓ માટે તકો ચોક્કસ ઊભી થશે, પણ આ માટે એસએમઈ સેગમેન્ટને ફંડામેન્ટલ્સની દૃષ્ટિએ મજબૂત-તંદુરસ્ત બનાવવું જોઈશે. ■



હેં... ખરેખર!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# આ મંદિરમાં દીવો ઘી કે તેલથી નહીં, નદીના પાણીથી પ્રગટે છે!

ઘી કે તેલ વગર દીવો ન પ્રજ્વલિત થાય બરાબર? હા, એકદમ સાચી વાત, પરંતુ આમાં એક અપવાદ મધ્ય પ્રદેશમાં છે.

આપણે વાત કરવી છે એક અનોખા મંદિરની.

મધ્ય પ્રદેશમાં આગર-માલવા જિલ્લામાં આવેલા અને ચમત્કારી મનાતા ગઢિયા ઘાટ માતાજી મંદિર વિશે. આ પ્રસિદ્ધ શક્તિપીઠ સમાન મંદિર એક અદ્ભુત પ્લસ રહસ્યમય અનોખાપણા માટે ભારતભરમાં જાણીતું છે.

આ ગઢિયા ઘાટ માતાજી મંદિરનો અચંબિત કરતો ચમત્કાર એ છે કે અહીં માતાજી સમક્ષના અખંડ દીવા માટે ઘી કે તેલની ક્યારેય જરૂર પડતી નથી. અહીં દીવો માત્ર પાણીથી સળગતો રહે છે.

હવે જાણીએ અને સમજીએ કે આ કેવી રીતે શક્ય બને છે. આ મંદિર આગર-માલવા જિલ્લાના નલખેડા ગામથી લગભગ ૧૫ કિલોમીટર દૂર આવેલા ગાડિયા (પણ પ્રચલિત છે ગઢિયા તરીકે) ગામ નજીક કાલીસિંધ નદીના કિનારે ઘાટ પર આવેલું છે. આ કારણસર મંદિરમાં સ્થાપિત દેવી ‘ ગઢિયા ઘાટવાળી



માતાજી’ તરીકે ઓળખાય આવે છે.

વર્ષો પહેલાં માતાજીએ મને સ્વપ્નમાં આવીને નદીના પાણીથી દીવો પ્રગટાવવાનો આદેશ આપ્યો હતો, એવી માહિતી સ્થાનિક પુજારી આપે છે. એ સમયથી જ્યારે દીવામાં નદીનું પાણી ઉમેરવામાં આવે છે, ત્યારે તે આપોઆપ ચીકણું થઈ જાય છે અને તરત દીવો સામાન્ય તેલની જેમ જ પ્રગટી જાય છે. સ્થાનિક પરંપરા મુજબ આ પ્રથા ઘણા દાયકાઓથી ચાલે છે. આ ઘટનાને શ્રદ્ધાળુ ભક્તો ચમત્કાર માને છે અને દૂરદૂરથી દર્શન કરવા આવીને ધન્યતા અનુભવે છે.

જોકે ચોમાસામાં સીનારિયો બદલાઈ જાય છે. વરસાદના દિવસોમાં કાલીસિંધ નદીમાં પૂર આવે ત્યારે મંદિર પાણીમાં ડૂબી જાય છે. આ સમયે પૂજા અટકી જાય છે અને દીવો પ્રગટી



શકતો નથી. જોકે નવરાત્રિના તહેવારોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળે છે. મંદિર કુદરતી સૌંદર્યથી ઘેરાયેલું છે અને કાલીસિંધ નદીનો ઘાટ તેને વિશેષ આકર્ષક બનાવે છે.

અહીં માતાજીનો અખંડ દીવો નદીના પાણીથી બળવા અંગે ભારે શ્રદ્ધા સાથે કુતૂહલ પ્રવર્તે છે. આ માટે બે અલગ દૃષ્ટિકોણ છે. એક છે ધાર્મિક માન્યતા અને બીજો છે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ.


ભક્તો દઢતાપૂર્વક માને છે કે આ માતાજીનો ચમત્કાર છે. પૂજારી કાલીસિંધ નદીમાંથી પાણી લાવીને દીવામાં ભરે છે અને દીવો પ્રગટાવે છે. ભક્તો માટે આ દેવીની દિવ્ય શક્તિનું પ્રતીક છે. આની સામે વિજ્ઞાનીઓ અને ભૂસ્તરશાસ્ત્રીઓની દલીલ છે કે કાલીસિંધ નદીના તળિયે અથવા આસપાસના વિસ્તારમાંથી હાઇડ્રોકાર્બન (ક્રૂડ ઑઇલ જેવા જ્વલનશીલ પદાર્થ) અથવા મિથેન જેવા જ્વલનશીલ વાયુઓ પાણીમાં ભળી જતા હોઈ શકે છે. જ્યારે દીવો પ્રગટાવવામાં આવે છે. આને લીધે પાણીની સપાટી પર રહેલો આ જ્વલનશીલ પદાર્થ સળગી ઊઠે છે. તેમના કહેવા મુજબ વાસ્તવમાં પાણી નહીં, પરંતુ તેની સાથે રહેલો જ્વલનશીલ પદાર્થ બળે છે.

વિજ્ઞાન સમર્થકો કહે છે કે આવી કુદરતી ઘટનાઓ વિશ્વના કેટલાંક અન્ય સ્થળોએ પણ જોવા મળે છે, જ્યાં જમીનમાંથી કુદરતી ગૅસ નીકળતો હોવાથી પાણીની નજીક જ્યોત પ્રગટે છે. જોકે અત્યાર સુધી કોઈ વ્યાપક, સ્વતંત્ર વૈજ્ઞાનિક અભ્યાસે એ સાબિત કર્યું નથી કે શુદ્ધ પાણી પોતે જ બળે છે. તેથી શ્રદ્ધાળુઓ તેને ચમત્કાર માને છે, જ્યારે વૈજ્ઞાનિકો તેને કુદરતી હાઇડ્રોકાર્બન અથવા ગૅસની હાજરી સાથે જોડવાની મથામણ કરે છે.

ભલે ગઢિયા ઘાટ માતાજીનું મંદિર શ્રદ્ધા અને વિજ્ઞાન જેવા બંને દૃષ્ટિકોણથી ચર્ચાનો વિષય બન્યું છે, પણ આનાથી હજારોની ભીડ કે એમના અનન્ય ભક્તિ-ભાવમાં રાયના દાણા જેટલોય ફરક પડ્યો નથી. આમેય સવાલ શ્રદ્ધાનો હોય તો પુરાવાની ક્યાં જરૂર હોય છે? ■




## વિચારીને વિચાર કરજો, હા!



લવ મૅરેજ પછીનું લગ્નજીવન ખૂબ સુખી હોય, પત્ની સાથે ૩૬ ગુણ મળી ગયા હોય અને એકબીજાની સતત ઝંખના કરતા હો તો પણ… હા, તો પણ કૉલેજનું પહેલું અફેર કેમે કરીને ભુલાતું નથી. હૃદયના છાને ખૂણે એની સ્મૃતિનું પડીકું અકબંધ સચવાઈને પડ્યું હોય છે. હવે વિચાર કરો કે ‘હૅપ્પીલી મૅરિડ’ની ૧૦મી ઍનિવર્સરીની સરપ્રાઇઝ પાર્ટીમાં તમે હરખઘેલા થઈ પત્નીને વિશ કરી એન્જૉય કરી રહ્યા હો અને…

… અને અચાનક કૉલેજમાં પહેલી વાર જેની સાથે ચાર આંખો થઈ હતી, તમારું દિલ જેના પર ઢળી ગયું હતું પણ જેનું થઈ નહોતું શક્યું એ ફર્સ્ટ ક્રશ (પેહલા પેહલા પ્યાર હૈ, પેહલી પેહલી બાર હૈ)નું સ્મરણ થયું તો? ‘યાદ કિયા દિલને કહાં હો તુમ’ એમ મનમાં ને મનમાં ગણગણતાં પહેલાં ચેતજો, સંભાળજો. કારણ કે તમે શું વિચારી રહ્યા છો એની જાણ તમારી પ્રેમિકા - પત્નીને થઈ જાય અને જે છુપાવ્યું હતું એ ઉઘાડું પડી જાય એવી હાલત તમારી થઈ જાય એવી સંભાવનાની બારી વિજ્ઞાને ઉઘાડી મૂકી દીધી છે.

આ તો તમને ચેતવી દીધા. અમારી ફરજ છે. પછી કહેતા નહીં કે કીધું કેમ નહીં? નવું સંશોધન કરવામાં મશગૂલ રહેતા વૈજ્ઞાનિકોએ એક મગજમાં ચાલી રહેલી વાતો કે ઝબકી રહેલા વિચારો વાંચી શકે એવી ટેક્નૉલૉજી શોધી કાઢી છે. એની મદદથી મગજના તરંગો (બ્રેન વેવ)નું પૃથક્કરણ કરીને એ વ્યક્તિના વિચારોનું એક દૃશ્ય તૈયાર કરી શકે છે. કૅનેડાની યુનિવર્સિટીના રિસર્ચ સાયન્ટિસ્ટોની આ કમાલ છે. ઇલેક્ટ્રોએન્સેફેલોગ્રાફી (ઇઇજી)ના ડેટાને આધારે ડિજિટલી આ દૃશ્યની રચના કરી શકાય છે. સાયન્ટિસ્ટના કહેવા અનુસાર ‘આપણે જ્યારે કોઈ વસ્તુ કે દૃશ્ય કે વ્યક્તિ જોઈએ છીએ ત્યારે આપણું મગજ એનું એક કાલ્પનિક ચિત્ર આંકી લેતું હોય છે. હકીકતમાં એ વસ્તુ કે વ્યક્તિની માનસિક છાપ હોય છે. અમને આ પ્રક્રિયા દરમિયાન માણસના મગજમાં શું ચાલી રહ્યું હતું એની ઇમેજ ઈઈજીની મદદથી મેળવવામાં સફળતા મળી હતી.’ કેટલીક વ્યક્તિઓ પર આ પ્રક્રિયાનો અખતરો કરવામાં આવ્યો ત્યારે મળેલી સફળતાની ટકાવારી જોઈને આ સંશોધનને વધુ વિકસાવવાની હિંમત આવી હોવાની માહિતી આપવામાં આવી હતી. હવે જો બૉસ સાથે મીટિંગ હોય અને તેમણે તમને સોંપેલા કામથી તમે રોષે ભરાયા હો અને મનોમન એમને એકાદબે ચોપડાવી રહ્યા હો તો સંભાળજો. પ્રમોશન તો દૂરની વાત, ક્યાંક નોકરી ખોવાનો વારો ન આવે.

## છૈયાંછોકરાં માટે છિનાળું



‘પંખીડાને આ પીંજરું જૂનું જૂનું લાગે, બહુ એ સમજાવ્યું તો યે પંખી નવું પીંજરું માગે’ પંક્તિમાં મનુષ્ય દેહ, આત્મા, પુનર્જન્મ જેવી ફિલોસોફી ઠાંસી ઠાંસીને ભરી છે, પણ નૉર્થ અમેરિકામાં જોવા મળતું Mountain Chickadee -પહાડી ચિકડી તરીકે ઓળખાતા પંખીને તો જીવનસાથી હોવા છતાં નવા સાથીના સહવાસની ઇચ્છા થતી હોવાની જાણકારી સંશોધનમાં હાથ લાગી છે. રિસર્ચ કરનારાઓએ દલીલ કરી છે કે વધુ સ્માર્ટ બાપાનાં બાળકો બહેતર જીવન જીવી શકે છે એવી માન્યતા ચિકડી સમાજમાં ફેલાઈ ગઈ હોવાથી બીજા સાથે અફેર કરી સંવનનથી બચ્ચાને જન્મ આપવાની પ્રથાને પ્રાધાન્ય મળી રહ્યું છે. પહાડી ચિકડી ‘સોન્ગબર્ડ’ તરીકે જાણીતું છે. આ પક્ષી ‘મોનોગેમસ’ - એક પત્નીવ્રત કે એક પતિવ્રત હોવાની માન્યતા વર્ષોથી હતી. જોકે તાજેતરના આનુવંશિક અભ્યાસ દરમિયાન એ માન્યતાના પાયામાં તિરાડ પડી છે. અલબત્ત, અનેક પહાડી ચિકડી આજની તારીખમાં પણ એક જ જીવનસાથીનું પડખું સેવી બચ્ચાને જન્મ આપી એનો ઉછેર કરે છે, પણ માળાની ચકાસણી વખતે સંશોધકોને સાવકા ભાંડરડાં જોવા મળ્યાં છે. આ જાણકારીના આધારે વૈજ્ઞાનિકો એવા નિષ્કર્ષ પર આવ્યા છે કે નર અને માદા બીજા માળામાં જઈ અન્ય પાર્ટનર સાથે સંવનન કરતાં હશે. રંગીલા સ્વભાવને કારણે નહીં, પણ ‘મારું બચ્ચું સ્માર્ટ બને’ એ આશયને કારણે. સારું છે આવી માન્યતા આપણા માનવ સમાજમાં દૃઢપણે ફેલાયેલી નથી, નહીંતર…!


## જણનારી જોરાવર હોય તો સુયાણીનું શું કામ?



‘જણનારીમાં જોર ન હોય તો સુયાણી શું કરે?’ એ કહેવત તમે સાંભળી હશે અને એના સ્થૂળ તેમ જ સૂક્ષ્મ અર્થથી પરિચિત હશો. જોકે, લુપ્ત થઈ ગયેલી અને અચાનક ૧૯૩૮માં મળી આવેલી સિલાકાન્ટ નામની માછલીને જાણ્યા પછી ‘જણનારી જોરાવર હોય તો સુયાણીનું શું કામ?’, એવી નવી કહેવત બનાવવાની તમને ઇચ્છા જાગે તો એ સહજ કહી શકાય.

મોટાભાગની માછલીઓની આવરદા ટૂંકી હોય છે, પણ દરિયાઈ દુનિયામાં એવી કેટલીક મત્સ્ય છે જેની આયુષ્યરેખા બળવાન હોય છે. ‘ગ્રીનલૅન્ડ શાર્ક’ નામની માછલીનું આયુષ્ય ૨૫૦થી ૪૦૦ વર્ષનું હોય છે. રફેયી રોકફિશ માછલી ૨૦૦ વર્ષ જીવી જાય છે. બિગમાઉથ બફેલોની આવરદા ૧૧૫ વર્ષની ગણાય છે. સાડા છ ફૂટની લંબાઈ સુધી પહોંચી ૯૦ કિલો વજનની થતી સિલાકાન્ટ માછલી પણ સેન્ચુરી ફટકારવા માટે જાણીતી છે. આ માછલીનો શારીરિક વિકાસ ગોકળગાયની ગતિએ થાય છે એ સંશોધનમાં જાણવા મળ્યું હતું. આટલી વાતથી તમને જો ઓછી હેરત થઈ હોય તો અચંબો પમાડે એવી વાત એ છે કે માદામાં ૫૫ વર્ષની ઉંમરે સેક્સ્યુઅલ મૅચ્યોરિટી આવે છે અને એ મા બનવા સક્ષમ બને છે. નર ૪૦-૬૯ વર્ષની ઉંમરે પિતા બનવા સક્ષમ બને છે. હવે અજાયબીનું આ એવરેસ્ટ જે જાણી વિજ્ઞાન પણ ચોંકી ગયું છે. સંશોધકોના કહેવા પ્રમાણે આ માછલીની પ્રેગ્નન્સી એટલે કે સગર્ભાવસ્થાનો સમય પાંચ વર્ષ લાંબો હોય છે. એટલે એનો અર્થ એ થયો કે પ્રેગ્નન્સીનાં પાંચ વર્ષ પછી એની કૂખે બચ્ચાનો જન્મ થાય છે. જણનારીમાં એવું જોર હોય તો સુયાણીનું શું કામ? એ કહેવત ફિટ બેસે છે ને.?!

## બહુ માથું ન ખાતી, આ સ્ત્રી ગજબ કરે છે



સ્ત્રી ઓછા સવાલ કરે? બાત કુછ હજમ નહીં હુઈ એવી પ્રતિક્રિયા ન આવે તો જ નવાઈ. એક ચોખવટ. બહુ માથું ન ખાતી સ્ત્રી કોઈના અંગત કે પારિવારિક જીવન કે પછી કાર્યક્રમ કે લગ્ન પ્રસંગમાં નથી જોવા મળતી. તો ક્યાં? ઝટ જણાવો ને ભાઈસાબ. નવા સંશોધન અનુસાર સાયન્સમાં અભ્યાસ કરતી સન્નારીઓ પુરુષોની સરખામણીમાં બહુ ઓછા સવાલ કરતી હોવાનું જાણવા મળ્યું છે. ‘એમ કેમ?’ આ પણ એક સવાલ છે જે કદાચ કોઈ સ્ત્રીએ જ કર્યો હશે. એનો જવાબ એ છે કે વિજ્ઞાનના વિષય માટે સન્નારીઓમાં આત્મવિશ્વાસનો અભાવ હોય છે અથવા તેમને પ્રશ્ન કરવાની જરૂરત જ ન લાગતી હોવાની પણ સંભાવના છે. યુકેની ઑક્સફર્ડ અને કૅમ્બ્રિજ નામની બે નામાંકિત યુનિવર્સિટી દ્વારા સતત ૧૫ દિવસ સુધી નિરીક્ષણ કર્યા પછી મહિલાઓની સરખામણીમાં પુરુષો ૮૦ ટકા સવાલ વધુ કરતા હોવાનું સ્પષ્ટ થયું હતું. આ વાંચીને કુંવારાઓમાં સાયન્સ ગ્રૅજ્યુએટ કન્યાઓ સાથે પરણવાની ઉત્સુકતા વધી શકે છે.

મિલકતની નોંધપોથી

**નજમુદ્દીન મેઘાણી (એડવૉકેટ)**
feedback@bombaysamachar.com

# સંયુક્ત કુટુંબના અસ્તિત્વથી એ સાબિત ન થાય કે કુટુંબના કોઈ સભ્યએ ધારણ કરેલ મિલકત સંયુક્ત છે…

આપણા સમાજમાં સંયુક્ત પરિવારમાં રહેવાનું અને ધંધાકીય વ્યવહારો કે મિલકત ખરીદ-વેચાણ સંયુક્ત કુટુંબના સભ્યો સાથે મળીને કરતા હોય છે. આમ છતાં ઘણીવાર સંયુક્ત કુટુંબના કોઈ વ્યક્તિના નામે મિલકત ખરીદવામાં આવે છે અને આવી રીતે સંયુક્ત કુટુંબની આવકથી એ ખરીદવામાં આવી હોય ત્યારે આવી વ્યક્તિને નામે ખરીદ કરેલી મિલકત પણ સંયુક્ત કુટુંબની મિલકત ગણાય.

જોકે કેટલાક સંયુક્ત કુટુંબના સભ્યો પોતાને વ્યવસાય કે વ્યક્તિગત ધંધાથી પ્રાપ્ત થયેલ આવકથી અને-અથવા પોતાની અન્ય સ્વઆવકમાંથી સ્વતંત્ર રીતે કેટલાક ધંધાકીય તેમ જ મિલકત ખરીદ કરતા હોય છે. આમ, કુટુંબના સભ્યોની પોતાની અન્ય ધંધાકીય યા આવડત થકી કમાયેલ સ્વઆવકમાંથી વસાવેલી મિલકતો હોય છે, ત્યારે તે સંયુક્ત કુટુંબની મિલકત ન ગણતા તેવી મિલકત વ્યક્તિગત સ્વતંત્ર માલિકીની ગણાય છે.

સામાન્ય રીતે જ્યારે કુટુંબના સભ્યો અથવા એમના વારસદારો વચ્ચે સંયુક્ત મિલકતો અથવા સ્વતંત્ર મિલકતોને લઈને તકરાર થાય અને કોર્ટમાં દાવો ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં જે સભ્યવારસ દ્વારા એવી રજૂઆતો કરવામાં આવે કે મિલકતો સંયુક્ત કુટુંબની મિલકત છે તો તે સંયુક્ત કુટુંબના અસ્તિત્વના અનુમાનથી પુરવાર થઈ શકે નહીં. આવા વખતે મિલકતની ખરીદીને લગતા યોગ્ય પુરાવાઓ રજૂ કરવા જરૂરી છે અને સંયક્ત કુટુંબની મિલકત હોવાની રજૂઆત કરતાં સભ્યવારસ ઉપર તેની સાબિતીનો બોજો રહે છે. તેવી જ રીતે સંયુક્ત કુટુંબના સભ્યો પોતાની સ્વતંત્ર રીતે ધારણ કરેલ મિલકત પોતાની સ્વતંત્ર માલિકીની હોવાનું પુરવાર કરવા યોગ્ય પુરાવા રજૂ કરવા પણ જરૂરી છે. જેથી મિલકતો સંયુક્ત કુટુંબની છે યા સ્વતંત્ર માલિકીની છે તે અંગે મિલકતની ખરીદી અંગેના પુરાવાઓનું મૂલ્યાંકન કરી અને કાયદાકીય જોગવાઈઓ મુજબ નામદાર કોર્ટ દ્વારા યોગ્ય ન્યાયનિર્ણય કરવામાં આવે છે.

આવી પરિસ્થિતિમાં પ્રશ્નવાળી મિલકત ખરેખર સંયુક્ત કુટુંબની મિલકતની આવકમાંથી ખરીદવામાં આવી હતી તેવું યોગ્ય પુરાવાથી સાબિત થાય તો સંયુક્ત કુટુંબના કોઈ સભ્યના નામે મિલકત હોવા છતાં તે વ્યક્તિગત સભ્યની માલિકી હોવાનું અનુમાન કરી શકાય નહીં.

સંયુક્ત કુટુંબના અસ્તિત્વની સાબિતી એવાં અનુમાન તરફ દોરી જતી નથી કે કુટુંબના કોઈ સભ્ય દ્વારા ધરાવાયેલ મિલકત સંયુક્ત છે અને મિલકતો પૈકીની કોઈ મિલકત સંયુક્ત છે એવી રજૂઆત કરી રહેલ સભ્ય ઉપર તેવી હકીકત સાબિત કરવાનો બોજો રહે છે. આમ, નામદાર હાઈ કોર્ટના ઉપરોક્ત ચુકાદાને ધ્યાને લેતાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત થાય છે કે સંયુક્ત કુટુંબના અસ્તિત્વની સાબિતીથી એવું અનુમાન થઈ શકે નહીં કે કુટુંબના કોઈ સભ્યની મિલકત સંયુક્ત છે.

(સંદર્ભ - પ્રતિમા પટવા તે બિરેન્દ્ર પટવાની પત્ની અને બીજા વિરુદ્ધ તુલસીરામ પટવા તે સ્વ. થુકેલ પ્રસાદ પટવાના દીકરા - નામદાર છત્તીસગઢ હાઈ કોર્ટ (ખંડપીઠ)

યાત્રા વિશેષ

**પ્રીતિ સોમપુરા**
feedback@bombaysamachar.com

# અદ્ભુત-અવિસ્મરણીય ને અકલ્પનીય…

**કૈલાસની** ઊર્જા અને ચૈતન્ય વિશે લખવું એ કદાચ સૌથી મુશ્કેલ કાર્ય છે. આ દિવ્ય ઊર્જાને શબ્દોમાં વ્યક્ત કરી શકાય તેમ નથી; તેને માત્ર આત્મસાત્ કરી શકાય.

કૈલાસ પર્વતનાં પ્રથમ દર્શન માનસરોવરથી જ થાય છે, પરંતુ કૈલાસ વિશે એવી માન્યતા છે કે તમે કૈલાસના દર્શન કરવા નથી જતા, કૈલાસ તમને પોતે બોલાવે છે. જ્યારે કૈલાસ ઇચ્છે ત્યારે જ તે પોતાનાં દર્શન કરાવે છે.

કહેવાય છે કે કૈલાસ યાત્રા કરનારામાંથી લગભગ ૯૦ ટકા લોકો પરિક્રમા પૂર્ણ કરી શકતા નથી, પરંતુ જો તમારા મનમાં અખંડ શ્રદ્ધા, અડગ વિશ્વાસ અને અવિચળ સંકલ્પ હોય તો આ કઠિન પરિક્રમા પણ સરળ બની જાય છે. માત્ર મનમાં એક જ નિશ્ચય હોવો જોઈએ, કે મારે તો કૈલાસનાં દર્શન કરવાં જ છે.

મારી કૈલાસ યાત્રાની શરૂઆત વર્ષ ૨૦૦૦માં થઈ. ત્યારે મેં કૈલાસ-માનસરોવર યાત્રા કરીને પરત આવેલા મુલુંડના એક આર્કિટેક્ટ પરિવારનો ઇન્ટરવ્યૂ લીધો હતો. તેમણે તેમની સાહસિક યાત્રાના અનુભવો જે રીતે વર્ણવ્યા તે સાંભળીને એ જ દિવસે મારા મનમાં સંકલ્પ જન્મ્યો કે જીવનમાં એક વખત તો કૈલાસની યાત્રા જરૂર કરીશ.

ત્યાર બાદ વર્ષ ૨૦૧૯માં પ્રેસ ક્લબમાં મારી પત્રકાર મિત્ર રશ્મિ પુરાણિક મળી. તે તાજેતરમાં જ કૈલાસ યાત્રા કરીને આવી હતી. તેણે પરિક્રમા વિશે જે વાતો કરી તે સાંભળીને મારી ઉત્સુકતા વધી ગઈ અને મેં નક્કી કરી લીધું કે હવે તો કૈલાસ જવું જ છે. તેણે મને ટૂર ઑપરેટરની માહિતી આપી અને વર્ષ ૨૦૨૦માં મેં યાત્રાનો નિર્ણય લીધો. તે માટે દોડવાની પ્રૅક્ટિસ, પ્રાણાયામ અને શારીરિક તૈયારી શરૂ કરી.

પરંતુ એ દરમિયાન કોરોનાની મહામારી આવી અને લૉકડાઉનને કારણે આખી યોજના અધવચ્ચે અટકી ગઈ. કોરોના પછી પણ ચીને ભારતીય પાસપોર્ટ ધારકો માટે કૈલાસ યાત્રા શરૂ કરી નહોતી.

આખરે વર્ષ ૨૦૨૫માં ચીને ભારતીયો માટે યાત્રાની મંજૂરી આપી, પરંતુ એ જ સમયે મેં ૯૦ કિલોમીટરની કોમરેડ્સ મૅરેથોન પૂર્ણ કરી હોવાથી ફરી યાત્રા શક્ય બની નહોતી.



છેવટે વર્ષ ૨૦૨૬માં મેં નક્કી કર્યું કે આ વખતે ગમે તે થાય, કૈલાસ યાત્રા કરવી જ છે. તેની તૈયારીરૂપે એપ્રિલમાં લોનાવાલામાં ૬૫ કિલોમીટરની અલ્ટ્રા રેસ દોડી, રોજ ચાલવાનું શરૂ કર્યું, યોગ અને પ્રાણાયામ નિયમિત કર્યા.

અમારા કુલ ૧૪ લોકોએ જુલાઈમાં યાત્રા કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ એક પછી એક સભ્યે વ્યક્તિગત કારણોસર પોતાનો કાર્યક્રમ બદલી નાખ્યો. અંતે હું લગભગ એકલી જ રહી ગઈ. એક ક્ષણ માટે મનમાં વિચાર આવ્યો કે આટલી કઠિન યાત્રા એકલી, માત્ર ટૂર ઑપરેટરના ભરોસે કરવી યોગ્ય રહેશે કે નહીં? છતાં મનનો સંકલ્પ અડગ હતો કે આ વખતે કૈલાસ પરિક્રમા કરીને જ પરત ફરવું.

યાત્રાની શરૂઆતમાં જ નેપાલગંજ પહોંચતાં મારા દાંતમાં અસહ્ય દુખાવો શરૂ થયો. દવાઓ પણ ખાસ અસર કરતી નહોતી. સતત પાંચ દિવસ એન્ટિબાયોટિક્સ લીધા પછી જ રાહત મળી. ત્યાર બાદ સિમિકોટ પહોંચતાં પેટમાં ઇન્ફેક્શન થઈ ગયું, જે બે દિવસ પછી ઠીક થયું.

કૈલાસ લગભગ ૧૮,૫૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલો હોવાથી શરીરને ઊંચાઈ સાથે અનુકૂળ થવા માટે દરેક સ્થળે રોકાઈને આગળ વધવું પડે છે. સિમિકોટથી હિલસા, હિલસાથી તકલાકોટ અને ત્યારબાદ સૌપ્રથમ માનસરોવર તથા રાક્ષસ તળાવના દર્શન થાય છે.

રાક્ષસ તળાવ અર્ધચંદ્રાકાર છે અને તેનું પાણી પીવા યોગ્ય નથી. પૌરાણિક માન્યતા મુજબ રાવણના અહંકાર અને નકારાત્મક શક્તિઓનો પ્રભાવ આ સરોવરના જળમાં સમાઈ ગયો છે, તેથી તેનું પાણી ખારું અને ઝેરી માનવામાં આવે છે.

બીજી તરફ માનસરોવરનું પાણી મધુર છે. લગભગ ૧૫,૦૩૬ ફૂટની ઊંચાઈ પર આવેલું આ પવિત્ર સરોવર પુરાણો અનુસાર ભગવાન બ્રહ્માના મનમાંથી ઉત્પન્ન થયું છે. એવું માનવામાં આવે છે કે અહીં સ્નાન કરવાથી મનુષ્યના તમામ પાપો ધોવાઈ જાય છે.

‘માનસરોવર’ શબ્દ પણ સંસ્કૃતમાંથી આવ્યો છે ‘માનસ’ એટલે મન અને ‘સરોવર’ એટલે તળાવ. પ્રાચીન ગ્રંથો અનુસાર ભગવાન બ્રહ્માએ પૃથ્વી પર આ સરોવર પ્રગટ કરતાં પહેલાં તેની રચના પોતાના મનમાં કરી હતી.

માન્યતા એવી પણ છે કે બ્રહ્મમુહૂર્તમાં ભગવાન શિવ અને માતા પાર્વતી માનસરોવર પર આવે છે અને ત્યાં દિવ્ય ચૈતન્યનો અનુભવ થાય છે.

જ્યારે હું રાત્રે માનસરોવર પહોંચી ત્યારે ચારેબાજુ ઘોર અંધકાર હતો. હાડ થીજાવી દે તેવી ઠંડી અને પ્રચંડ પવન ફૂંકાઈ રહ્યો હતો. કૈલાસ સ્પષ્ટ દેખાતો નહોતો, પરંતુ જ્યાં કૈલાસ હતો તે સમગ્ર વિસ્તાર ચાંદનીના દિવ્ય પ્રકાશથી ઝગમગી રહ્યો હતો, જાણે પૂર્ણિમાની રાત્રિ હોય.

એ ક્ષણે એક અજોડ દિવ્ય જ્યોતિ દેખાઈ. મારી નજર એ જ પ્રકાશ પર સ્થિર થઈ ગઈ. મન સંપૂર્ણ નિર્વિચાર થઈ ગયું. વિચારો થંભી ગયા. એવું લાગતું હતું જાણે સાક્ષાત્ ભગવાન શિવ મારા સમક્ષ ઉપસ્થિત હોય.

### અષ્ટપદ, નંદી પર્વત અને યમદ્વાર

બીજા દિવસે દારચેનથી નંદી પર્વત અને અષ્ટપદના માર્ગે કૈલાસના દર્શન થાય છે. લગભગ ૧૭,૦૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલું અષ્ટપદ એવું પવિત્ર સ્થળ છે, જ્યાંથી કૈલાસનું દક્ષિણ મુખ સ્પષ્ટ જોવા મળે છે અને તેની સામે ભવ્ય નંદી પર્વત ઊભો છે.

જૈન ધર્મની માન્યતા મુજબ, આ જ તે પવિત્ર ભૂમિ છે જ્યાં પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ (આદિનાથ)ને મોક્ષ પ્રાપ્ત થયો હતો.

જ્યારે હું અષ્ટપદ પહોંચી ત્યારે માત્ર અષ્ટપદ અને નંદી પર્વત જ દેખાતા હતા. કૈલાસ આખો વાદળોથી ઢંકાયેલો હતો. પરંતુ થોડા જ સમયમાં વાદળો ધીમે ધીમે વિખેરાવા લાગ્યા અને અચાનક કૈલાસનું દિવ્ય સ્વરૂપ પ્રગટ થયું.

સૌ પ્રથમ મને મેરુદંડના દર્શન થયા. જેને ભગવાન શિવની રીઢની હાડકીનું પ્રતીક માનવામાં આવે છે. ત્યારબાદ શિવનું ત્રીજું નેત્ર અને કૈલાસનું દિવ્ય મુખ પણ સ્પષ્ટ દેખાવા લાગ્યું.

એવો અનુભવ થયો જાણે ભગવાન શિવ પોતે મારી સામે ઊભા હોય અને આશીર્વાદ આપી રહ્યા હોય.

સંપૂર્ણ કૈલાસ પરિક્રમા દરમિયાન માત્ર આ જ સ્થળેથી નંદી પર્વત, અષ્ટપદ અને કૈલાસનું આ અલૌકિક સ્વરૂપ એકસાથે જોવા મળે છે. અષ્ટપદ, નંદી પર્વત અને કૈલાસની ઊર્જા એટલી પ્રચંડ છે કે તેની માત્ર ઉપસ્થિતિ જ મનને સંપૂર્ણ શાંત, સ્થિર અને નિર્વિચાર બનાવી દે છે. આ ક્ષણોને શબ્દોમાં વ્યક્ત કરવી લગભગ અશક્ય છે.

ત્યારબાદ બીજા દિવસે મારી કૈલાસ પરિક્રમાનો પ્રારંભ યમદ્વારથી થયો. યમદ્વાર લગભગ ૧૫,૫૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલું છે. ‘યમદ્વાર’નો અર્થ થાય છે મૃત્યુના દેવતા યમરાજનું દ્વાર. આ જ કૈલાસ પરિક્રમાનો પ્રારંભબિંદુ છે અને તેથી હિન્દુ ધર્મમાં તેનું વિશેષ ધાર્મિક મહત્ત્વ છે.

માન્યતા મુજબ, ભગવાન શિવના ધામમાં પ્રવેશ કરતાં પહેલાં દરેક યાત્રાળુએ યમદ્વારમાંથી પસાર થવું આવશ્યક છે. એવું પણ કહેવાય છે કે સ્વયં યમરાજ ભગવાન શિવના આ પવિત્ર નિવાસસ્થાનના રક્ષક છે.

હિન્દુ માન્યતા અનુસાર યમરાજ મનુષ્યના મૃત્યુ પછી તેના સારાં અને ખરાબ કર્મોનો ન્યાય કરે છે, પરંતુ એવું માનવામાં આવે છે કે યમદ્વારમાંથી શ્રદ્ધાપૂર્વક પસાર થતાં ચિત્રગુપ્ત યાત્રાળુનાં પાપોના લેખાને ક્ષમા કરી દે છે. ચિત્રગુપ્ત યમરાજના લેખાકાર છે, જે દરેક જીવનાં કર્મોનો હિસાબ રાખે છે. (ક્રમશઃ)■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# પિતાની વિરાસતનો ભાર નહીં, પોતાની ઓળખનો પ્રકાશ...

## અવની રાયની અનોખી સફર




પુત્રી અવની પિતા રઘુ રાય સાથે... પિતાએ કેમેરો આપ્યો અને વ્યૂફાઈન્ડર પુત્રીએ શોધ્યું

કેટલાક પિતા સંતાન માટે કેવળ વારસો જ છોડીને જતા નથી, તે તેમની સિદ્ધિની એક વિશાળ છાયા છોડીને જાય છે. તેમની સફળતા એટલી અસાધારણ હોય છે કે તેમનું સંતાન જ્યારે મોટું થઈને પોતાની સ્વતંત્ર ઓળખ બનાવવાની શરૂઆત કરે ત્યારે તેની સામે પહેલો પ્રશ્ન એ નથી હોતો કે 'હું શું કરી શકું તેમ છું?' તેનો પ્રશ્ન એ હોય છે કે 'હું તેમનાથી અલગ શું કરી શકું?' કારણ કે સમાજ હંમેશાં સંતાનના કદને તેના પિતાના પડછાયાથી માપે છે. અને કદાચ આ જ કારણ છે કે શૂન્યમાંથી શરૂ કરીને પોતાના ક્ષેત્રમાં અસાધારણ સિદ્ધિ મેળવનારા પિતાનાં સંતાનો માટે પોતાની આગવી ઓળખ બનાવવી ઘણી વાર વધુ મુશ્કેલ બની જાય છે. (જાણીતું ઉદાહરણ : અભિષેક બચ્ચન) પિતાની નિષ્ફળતા સંતાન માટે એક ખાલી જગ્યા છોડે છે, જેને તે પોતાની રીતે ભરી શકે, પરંતુ પિતાની મહાનતા એક રેડી-મેડ માપદંડ ઊભો કરી દે છે. પછી સંતાન જે કંઈ કરે છે તેની સરખામણી એક એવી વ્યક્તિ સાથે થવા લાગે છે જેની સાથે સ્પર્ધા કરવી જ મૂળભૂતરીતે અશક્ય છે.

આનું શ્રેષ્ઠ અપવાદરૂપ ઉદાહરણ ભારતની અવ્વલ દરજ્જાની ફોટોગ્રાફર અવની રાય છે. કદાચ તમે તેનું નામ ન સાંભળ્યું હોય તેમ બને, પણ તમને એવું કહેવામાં આવે કે તે ભારતના એક શ્રેષ્ઠતમ ફોટોગ્રાફર રઘુ રાયની દીકરી છે તો તમને પરિચિતતાનો અહેસાસ થશે.

ગયા એપ્રિલ મહિનામાં જ ૮૪ વર્ષની વયે અવસાન પામેલા (અને જેમના વિશે આપણે અહીં જ વાત કરી હતી) રઘુ રાયે ભારતની સામૂહિક સ્મૃતિનો એક મોટો હિસ્સો કૅમેરામાં કેદ કર્યો હતો. ભોપાલ ગૅસ દુર્ઘટનાથી માંડીને મધર ટેરેસા સુધીની તેમની તસવીરો માત્ર તસવીરો નહોતી, ભારતને જોવાની એક આગવી રીત હતી.

આવા પિતાની પુત્રી જો ફોટોગ્રાફર બને તો તેની સૌથી મોટી મુશ્કેલી કૅમેરા ચલાવવાની નહીં, 'પોતાની નજર શોધવાની' હોય. અવનીએ આ મુશ્કેલીમાંથી પસાર થવું પડ્યું હતું. શરૂઆતમાં તે પિતાને કહેતી કે 'હું તમારા જેવી નથી.' પછી તેને સમજાયું કે પિતાની જેમ જોવું અને પિતાની નકલ કરવી, તે બે તદ્દન જુદી વાત છે.

મનોવિજ્ઞાનની ભાષામાં કહીએ તો બાળકની ઓળખનો એક મોટો ભાગ માતા-પિતાની સાથેની સરખામણીમાંથી બને છે. બાળક માટે પિતા શરૂઆતમાં માત્ર પિતા નથી હોતા. તે સફળતા, સત્તા, જ્ઞાન અને સ્વીકારનો પ્રથમ માપદંડ હોય છે. એટલે પિતા જો અસાધારણ હોય તો બાળકના મનમાં એક અદૃશ્ય છાપ ઊભી થાય છે; 'મારે પણ એમના જેવું જ બનવું છે.'

બસ, અહીંથી સમસ્યા શરૂ થાય છે, કારણ કે 'પિતા જેવું બનવું' અને 'પોતે બનવું' એક જ વાત નથી. એકમાં અનુકરણ છે, બીજામાં આત્મશોધ. એકમાં સ્વીકૃતિ મેળવવાની ઇચ્છા છે, બીજામાં પોતાની અંદરની નોખી સંભાવનાને ઓળખવાની પ્રક્રિયા.

અવની રાયની યાત્રા અહીં રસપ્રદ બને છે. એક સમયે પિતા અને પુત્રી વચ્ચે ફોટોગ્રાફીને લઈને ઘર્ષણ થતું. રઘુ રાય પોતાની પાંચ દાયકાથી ઘડેલી દૃષ્ટિ પુત્રીને ઝડપથી આપી દેવા માગતા હતા, પણ અવનીને લાગતું હતું કે તેણે પોતાનો રસ્તો તેને જાતે શોધવા દેવો જોઈએ. તે કહેતી કે પિતા તેને કેવી રીતે ફોટોગ્રાફ લેવો તે કહેતા ત્યારે તેનો અંદરનો અવાજ બળવો કરતો. જોકે સમય જતાં તેને સમજાયું કે પિતાની પાસેથી મળેલો સૌથી મોટો વારસો તેમની તસવીરો નહોતી, 'જોવાની રીત' હતી.

સ્વસ્થ વિરાસત તે નથી જેમાં સંતાન માતા-પિતાનું કામ આગળ વધારે - સ્વસ્થ વિરાસત તે છે જેમાં સંતાન માતા- પિતાનાં મૂળ મૂલ્યોને પોતાની ભાષામાં જીવતાં કરે. રઘુ રાયે પુત્રી અવનીને કોઈ તૈયાર 'ફોટોગ્રાફિક સ્ટાઇલ' આપી નહોતી.

તેમણે તેને જિજ્ઞાસા, ધીરજ અને દુનિયાને ધ્યાનથી જોવાની ટેવ આપી. એટલે અવનીએ પિતાની તસવીરોનું પુનરાવર્તન કર્યું નહીં- તેણે પિતાની 'દૃષ્ટિની પાછળ રહેલી માનસિકતા' પોતાના કામમાં રૂપાંતરિત કરી. અહીં ભોપાલની વાર્તા એટલી પ્રતીકાત્મક છે. ૧૯૮૪માં રઘુ રાયે ભોપાલ ગેસ દુર્ઘટનાની ભયાનક માનવીય અસરને તસવીરોમાં કેદ કરી હતી. ત્રણ દાયકા પછી અવની એ જ ઘટનાની ત્રીજી અને ચોથી પેઢીના ભોગ બનનારાઓ સુધી પહોંચી. ઘા એ જ હતો, પરંતુ નજર અલગ હતી. પિતાએ ઇતિહાસની એક ક્ષણ જોઈ હતી; પુત્રીએ સમય પછી પણ ન મટેલો તેમનો ઘા જોયો. આ નકલ નહોતી, સંવાદ હતો.

રઘુ રાયની અધૂરી રહેલી Pirelli Calendarની સફરને અવનીએ આગળ વધારી ત્યારે પણ તેણે પિતાની તસવીરોનું માત્ર પુનરાવર્તન કર્યું નહોતું. તેણે જૂની તસવીરોને નવી જગ્યાઓ, નવા લોકો અને પોતાના વર્તમાન સાથે વાત કરાવી. ભૂતકાળ અને વર્તમાન એક જ ફ્રેમમાં આવી ગયા.

સંતાન પિતાની છાયામાંથી ત્યારે જ બહાર આવે છે જ્યારે તેને સમજાય છે કે છાયા સાથે લડવાની જરૂર નથી. છાયા તો પ્રકાશ હોવાનો પુરાવો છે. સમસ્યા ત્યારે છે જ્યારે આપણે છાયાને પોતાનું આકાશ માની લઈએ. મહાન પિતાની સામે સંતાનનું કામ પિતાને પાછળ છોડવાનું નથી. પિતાથી એટલું દૂર જવાનું છે કે પોતાની દિશા દેખાય અને એટલું નજીક રહેવાનું છે કે મૂળિયાં ભૂલાય નહીં.

અવની માટે આ પરિવર્તન કદાચ પિતાના મૃત્યુ પછી વધુ સ્પષ્ટ થયું. તેણે એક જગ્યાએ કહ્યું હતું કે પહેલાં તે પિતાની દીકરી તરીકે પોતાને સાબિત કરવા માટે ફોટોગ્રાફ લેતી હતી; હવે જ્યારે કેમેરાના વ્યૂફાઇન્ડરમાંથી જુએ છે ત્યારે તેને પિતા પોતાની બાજુમાં ઊભેલા દેખાય છે. આ વાક્ય માત્ર શોકનું નથી, ઓળખ પરિપક્વ થવાનું પણ છે. જ્યાં સુધી આપણે કંઈક સાબિત કરવા માટે જીવીએ છીએ ત્યાં સુધી આપણું જીવન ખરેખર આપણું નથી. જે દિવસે સાબિત કરવાની જરૂરિયાત ખતમ થાય છે, તે દિવસે સર્જન શરૂ થાય છે.

મહાન પિતાનો સૌથી મોટો આશીર્વાદ ક્યારેક તેમની સફળતા નથી હોતો- પોતાની સફળતાની સામે સંતાનને નાનું ન અનુભવવા દેવાની તેમની ક્ષમતા હોય છે અને સંતાનની સૌથી મોટી સફળતા પિતાથી મોટા બનવામાં નથી- પિતાની મહાનતાને પોતાના વ્યક્તિત્વનો બોજ બનવા ન દેવામાં છે. રઘુ રાયે અવનીને એક કેમેરો આપ્યો હતો, પરંતુ અંતે તેને પોતાનો 'વ્યૂફાઇન્ડર' શોધવું પડ્યું. કેમેરો વારસામાં મળી શકે, દૃષ્ટિ નહીં. પિતા પાસેથી જોવાની કળા શીખી શકાય, પરંતુ દુનિયાને પોતાની રીતે જોવાની નજર જાતે જ કેળવવી પડે.

કદાચ એટલે અવની રાયની વાર્તા માત્ર એક દીકરીની સફળતાની વાર્તા નથી. તે દરેક એવા સંતાનની વાર્તા છે જેના ઘરમાં કોઈ બહુ મોટું નામ પહેલેથી લખાયેલું છે. આવાં સંતાનો માટે જીવનનો સાચો પ્રશ્ન એ નથી કે 'હું મારા પિતા જેટલો મોટો બનીશ કે નહીં?' સાચો પ્રશ્ન છે કે 'મારા પિતાએ મને જે પ્રકાશ આપ્યો છે, તેમાં હું શું એવું જોઈ શકું છું જે તેમણે પોતે જોયું નહોતું?' કારણ કે વિરાસતનું સૌથી સુંદર સ્વરૂપ એ છે કે વારસદાર વારસાને સાચવીને ત્યાં અટકી ન જાય એ તેમાં પોતાનું એક નવું પાનું ઉમેરે અને એ પાનું જ આખરે તેની પોતાની ઓળખ બની જાય છે. ■

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# વેર વસૂલાતની પરાકાષ્ઠા...

**આવેશમાં લીધેલો બદલો ક્યારેક વેરમાં અધૂરપ મૂકી જતો હોય છે... પૂરતું વેર ન લેવાયું એનો અફસોસ રહી જતો હોય છે. એવે વખતે કોઈ કોઈ વ્યક્તિ થોડી ધીરજથી યોજનાબદ્ધ કઈ રીતે વેરની વસૂલાત કરે છે એ જાણવા જેવું છે.**

તમે દેવ હોય કે દાનવ... પ્રત્યેક માણસમાત્રમાં એક યા બીજી રીતે વૈરવૃત્તિ તો રહેવાની. પછી ભલેને એ વાર્તા-ફિલ્મમાં પ્રગટ થાય કે વાસ્તવિક જીવનમાં.

ગુજરાતી નવલકથા ક્ષેત્રે અતિ લોકપ્રિય લેખક હરકિસન મેહતાની 'જગ્ગાડાકુનાં વેરનાં વળામણાં'ની કથા અનેક રીતે રોચક છે-યાદગાર છે. વેર લેવાની વૃત્તિ-પ્રવૃત્તિ પર અનેક હિન્દી ફિલ્મો આવી ગઈ છે. જોકે એમાંની કેટલીક જે સફળ રહી એ મૂળ અંગ્રેજી ફિલ્મો પર આધરિત હતી. એમાંથી નોંધનીય કહેવાય એવી એક હિન્દી ફિલ્મ હતી 'આશિકી' ફિલ્મ ફેમ અનુ અગ્રવાલની 'ખલનાયિકા' (મૂળ અંગ્રેજી ફિલ્મ: The Hand That Rocks The Cradle આવી જ હોલિવૂડની એક યાદગાર ફિલ્મ છે: I Spit On Your Grave. જેમાં એક યુવા લેખિકા નવી નવલકથા લખવા એના વીક એન્ડ હોમમાં આવે છે ત્યારે એના એકાંતમાં ગામના ચાર યુવાનો એના પર અધમ બળાત્કાર કરે છે. આ યુવા લેખિકા ક્રાઈમ થ્રિલર કથા આલેખવામાં માહેર છે. પોતાના પર થયેલા બળાત્કારનું વેર વાળવા લેખિકા એક ચાલ ખેલે છે. પેલા ચારેય બળાત્કારીઓ સાથે 'દોસ્તી' કરે છે પછી પોતાની પ્રેમ જાળમાં ફસાવી પેલાઓની એક પછી એક નિર્મમ હત્યા કરી -દફનાવી એમની કબર પર વેરભરી ઘૃણાથી થૂંકે છે.

જોકે, જેમ ક્યારેક આવી કલ્પના કરતાં સત્ય વધુ રોચક હોય છે તેમ વેરની કેટલીક સાચી ઘટના પણ ભારોભાર અચરજભરી હોય છે. વેરની અદ્ભુત વસૂલાતનો એક કિસ્સો જાણવા જેવો છે...

૫૬ વર્ષની એક મહિલા નામે મરિયમ માર્ટિનેઝ દસ જેટલી એવી વ્યક્તિની શોધમાં હતી, જેમણે એની ૨૦ વર્ષની દીકરીનું અપહરણ કર્યું પછી ખંડણી રૂપે તગડી રકમની માંગણી કરી, જે મરિયમ સમયસર આપી ન શકી એટલે એની દીકરી પર બળાત્કાર કરીને એની હત્યા કરી નાખી. લાંબા સમય સુધી પોલીસ અપરાધીઓને શોધી ન શકી પછી મા મરિયમે વેરની વસૂલાત લેવાનું નક્કી કર્યું અને જ્યારે વેર વાળવાની વાત આવે ત્યારે પુરુષ કરતાં સ્ત્રી વધુ ઝિદ્દી હોય છે.




ખૂનખાર વેરી મરિયમ માર્ટિનેઝ ગન સાથે ...




વેર વાળવા કપલ કરી રહ્યું છે પ્લાનિંગ

દીકરી પર બળાત્કાર પછી હત્યા કરનારી ગુનેગાગારોની ગેન્ગ બહુ બદનામ હતી અને મેકિસકો-ટેક્સાસ બોર્ડર પર વધુ કાર્યરત હતી એટલે ત્યાંના પોલીસ સ્ટેશનો પરથી ગેન્ગના ગુનેગારોની પૂરતી ઓળખ-ફોટા, વગેરે મેળવીને મરિયમ નીકળી પડી. પર્સમાં પોતાની બેંક બચતની થોડી રકમ અને હૈયે હામ ભરીને એ નીકળી પડે. હા, એ સાથે લીધી એણે ફૂલ્લી લૉડેડ ગન વેર વાળવા માટે !

અપરાધી હાલમાં ક્યાં છે એની ભાળ મેળવવા મરિયમ અપરાધીઓના પરિવારને મળતી ભાતભાતનાં બહાનાં લઈને-ક્યારેક સુધરાઈના કર્મચારી તો ક્યારેક વસતિ ગણતરીના વર્કર તરીકે તો ક્યારેક જૂના મિત્ર રૂપે મેક્સિકો -ટેકસાસ બોર્ડર પર. ઘણાં મહિનાની આવી સખત રઝળપાટ કરીને મેળવેલી માહિતિ પોલીસને પહોંચાડીને મરિયમે પાંચ અપરાધીને ઝડપાવી દીધા!

'આ વન વુમન ડિટેકિટવ સ્ક્વૉડ' મરિયમએ જે રીતે શોધ કરી ગુનેગારોને પકડાવી દીધા એ વાત છાપાં-ટીવીમાં બહુ ગાજી હતી એટલે એની ઓળખ- તસવીરો જાણીતી થઈ ગઈ, પણ મરિયમની શોધ હજુ પૂરી નહોતી થઈ એટલે બાકીના ગુનેગારો એને ઓળખી ન લે એ માટે મરિયમે પોતાનો હુલિયો-દેખાવ સુધ્ધાં પલટાવી નાખ્યો. સ્વાંગ પલટી-વેશપલ્ટો કરી ફરી એ બાકીના અપરાધીઓની શોધમાં લાગી ગઈ. એમાં એને બાતમી મળી કે પેલી ગેંગનો લીડર ટેકસાસ બોર્ડર નજીકના ટાઉનમાં ફ્લોરિસ્ટ-ફૂલ વેંચનારા તરીકે વસી ગયો હતો. મરિયમ એ ફૂલ વેંચતો એ જગ્યાએ પહોંચી ગઈ, પણ પેલો ન જાણે કેમ એને ઓળખીને ભાગવા ગયો, પણ બળુકી મરિયમે દોડીને પેલાને પાછળથી કોલર પકડીને જમીન પર પછાડી એના પર ચઢી બેઠી. પેલાને લમણે ગન ધરી રાખી. પોલીસે આવીને પેલા અપરાધીને ઝબ્બે કર્યો પછી જ મરિયમ ત્યાંથી ખસી.

આવી બહાદુરી બતાવીને મરિયમે ૧૦માંથી ૯ અપરાધીને ખુદ ઝબ્બે કરીને જેલ ભેગા કર્યા, પણ છેલ્લાને પકડવા ગઈ ત્યારે થોડી સેકન્ડ્સ માટે એના નસીબે દગો કર્યો. પેલા ખૂનખાર અપરાધીની સામે એ પહોંચી પછી એની સામે ગન ધરી, પણ પેલાએ ચીલઝડપે એને વીંધી નાખી. મરિયમ જમીન પર ફસડાઈ ત્યારે એની આંગળી ટ્રીગર પર જ હતી. કાશ,એને એકાદ સેકન્ડ વધુ મળી હોત તો એની દીકરીના ક-મોતના વેરની વસૂલાત મમ્મી મરિયમ માટે પૂરી થઈ જાત.

ખેર, હમણાં પણ કોઈ માસુમ બાળાના અપહરણ- બળાત્કાર - હત્યાની આવી ઘટના ત્યાં મેકસિકો બોર્ડર પર થાય છે ત્યારે પણ લોકો મરિયમ માર્ટિનેઝની વેર-વીરતાની વાત બહુ અહોભાવથી યાદ કરે છે.

થોડી સી બવફાઈની બડી સજા..

મેક્સિકો બોર્ડરવાળી મરિયમ માર્ટિનેઝનો ઝનૂનભર્યો વેરનો કિસ્સો આપણે જાણ્યો. જોકે બધી જ મહિલા સ્વભાવે મરિયમ જેવી ઝનૂની નથી હોતી. મોટા ભાગની માનૂની જન્મજાત માયાળુ હોય છે. પુરુષ જેટલી ત્વારાથી એ ભાગ્યે જ ગુસ્સે થાય. વેરની ભાવના પણ જલદી ન રાખે. થાય ત્યાં સુધી જતું કરે.. જો કે આ બધું અમુક-તમુક શરતોની આધિન હોય છે. એક વાર એ મિજાજ ગુમાવે ને એ વેર લેવાના મૂડ અને મોડમાં આવી જાય પછી એના ક્રોધની સામે શિવજી ભગવાનની ત્રીજી આંખ પણ પાંગળી લાગે.

આમેય સ્ત્રીનું વેર કયારેય કામચલાઉ હોતું નથી. વેર વાળવાની કળામાં એ જેટલી પારંગત હોય છે એટલી જે એ વેરનાં વળામણાં વખતે અલાસ્કાથી પણ વધું ઠંડીગાર હોય છે.

એનો આ તાજો દાખલો જાણી લો 'રેડિટ' (એટલે કે 'આ રીડ ઈટ' ) નામની એક સોશ્યલ મીડિયાની સાઈટ છે, જેના પર એના યુઝર્સ અવનવા સમાચાર પણ પોસ્ટ કરે છે. હમણાં એક યુઝરે આ કિસ્સો ટાંક્યો પછી એને લઈને ઘણાએ પોતાની પ્રતિક્રિયા પણ વહેતી કરી છે.

એક યુગલ છે. માઈક અને કેટી. એમને એક નાની દીકરી. બન્ને જોબ કરતાં હતાં, પણ સંજોગવશાત કેટીએ જોબ ગુમાવી. આ તરફ, એનો પતિ માઈક એના એક મિત્ર વિલિયમની પત્ની ઈમાના પ્રેમમાં પડ્યો. એમના આ છૂપા પ્રેમની જાણ વિલિયમને થઈ. વિલિયમે આ વાત એના મિત્ર માઈકની પત્ની કેટીને કરી. કેટી તો પતિની આવી બેવફાઈથી રોષે ભરાઈ. ઈમાનો પતિ વિલિયમ પણ તડફડ કરી નાખવાના મિજાજમાં આવી ગયો, પણ પછી કેટીએ એને સમજાવીને ટાઢો પાડીને કહ્યું : 'આપણે રાહ જોઈએ તારી પત્ની અને મારો પતિ હવે આગળ શું કરે છે.'

થોડા દિવસ વીત્યા. પેલી ઈમા અને કેટીનો પતિ માઈકનું 'ઈલ્લુ..ઈલ્લુ' ખાનગીમાં ચાલુ રહ્યું.

આ તરફ, કેટી અને વિલિયમ પણ ગુપ્ત રીતે મળતાં રહ્યાં ને પ્લાન કરતાં રહ્યાં કે એકનો બેવફા પતિ અને બીજીની બેવફા પત્ની પર કઈ રીતે વેર વાળવું એ બન્ને છૂપી રીતે મળતાં હતાં એમાં માઈકની પત્ની કેટી અને ઈમાના પતિ વિલિયમની ઘનિષ્ઠા વધતી ચાલી. બન્ને અચ્છા મિત્ર બની ગયાં, પણ પોત પોતાના બેવફા જીવનસાથી સાથે કઈ રીતે બદલો લેવો એ નક્કી નહોતું થતું. એક સાંજે કેટીએ પોતે વિચારી રાખેલો પ્લાન કહ્યો. વિલિયમે એમાં એકે-બે સુધારા સૂચવ્યા અને પછી એ પ્લાન મુજબ એક ચોક્ક્સ દિવસે અને એક ચોક્કસ સમયે વિલિયમની પત્ની ઈમાને અને કેટીના પતિ માઈકને વકીલ તરફથી ડિવોર્સની નોટિસ મળી. પેલા બન્નેને કારણ પણ એકસરખું દર્શાવવામાં આવ્યું હતું : લગ્નજીવનમાં બેવફાઈ!

આ તરફ, ઈમા અને માઈક કશું સમજે- વિચારે એ પહેલાં વિલિયમ અને કેટી એની નાનકડી દીકરી સાથે ઘર છોડીને અજ્ઞાત જગ્યાએ ચાલ્યા ગયા અને કેટી-વિલિયમ એક ચીઠ્ઠી દ્વારા કહેતા ગયા કે 'તમારા લફરાં દરમિયાન તમારા પર વેર કઈ રીતે લેવું એ માટે અમે મળતાં એમાં અમે બન્ને એકમેકના પ્રેમમાં પડી ગયાં છીએ.. હવે ડિવોર્સના ચુકાદા પછી અમે બન્ને મેરેજ કરવાના છીએ!'

તાજા કલમમાં કેટી-વિલિયમે એ પણ ઉમેર્યું કે 'લગ્ન અમે કયે દિવસે કરવાના છીએ એની આગોતરી જાણ પણ તમને બન્નેને કરીશું ...ચિયર્સ!'

મોરલ ઓફ ધ સ્ટોરી અર્થાત્ આ કિસ્સાનો પદાર્થ પાઠ એ કે તમારો ભરથાર તમને ભરમાવીને બીજે આંખ લડાવા માંડે ત્યારે એની કહેવાતી 'થોડી સી બેવફાઈ'ની આવી જ આકરી સજા હોય ...! ■


કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# સ્પર્શની લિપિ ને હસ્તાક્ષરનું વિજ્ઞાન: કાગળ પર સચવાયેલા અસ્તિત્વની વિદાય

કી-બોર્ડના આગમને માત્ર આપણી કલમ નથી છીનવી, તેણે માણસના અસ્તિત્વનો એક જીવંત હિસ્સો હડપી લીધો છે. કમ્પ્યુટર કે સ્માર્ટફોનના પડદા પર ટાઇપ થયેલા અક્ષરો એકદમ સપ્રમાણ, સુંદર અને ભૂલરહિત હોય છે, પરંતુ તે સદંતર ભાવશૂન્ય હોય છે. ડિજિટલ પડદા પર ચમકતા અક્ષરો કોઈ લાગણી નથી ધરાવતા, તે માત્ર યાંત્રિક બીબાં છે. એક જ કી-બોર્ડ પરથી ટાઇપ થયેલો પ્રેમપત્ર અને રાજીનામાનો પત્ર દેખાવમાં એકસરખા જ લાગે છે, કારણ કે યંત્ર પાસે માણસાઈનો ધબકારો નથી. આનાથી તદ્દન વિપરીત, હસ્તાક્ષર એ માત્ર અક્ષરોની ગોઠવણી નથી, તે માણસના શ્વાસ, તેની મનોવૃત્તિ અને તેના આત્માનો કાગળ પર ઊતરેલો કાર્ડિયોગ્રામ છે. હસ્તાક્ષરમાં કંપન છે, ઉતાવળ છે, ઠહેરાવ છે અને સ્પર્શની એક જીવંત લિપિ છે.

હસ્તાક્ષરનું પોતાનું એક ઊંડું મનોવિજ્ઞાન છે. કાગળ પર પેન ઘસતી વખતે પડતું દબાણ, અક્ષરોનો ઢાળ અને બે શબ્દો વચ્ચે છૂટતી જગ્યા આ બધું જ લખનારની માનસિક અવસ્થાનો અરીસો છે. ગુસ્સામાં લખાયેલા અક્ષરો કાગળની છાતી ચીરી નાખે તેવા ભારપૂર્વકના હોય છે, જ્યારે પ્રેમમાં લખાયેલા અક્ષરોમાં એક વળાંક અને સુંવાળપ હોય છે. વૃદ્ધાવસ્થામાં ધ્રૂજતા હાથે લખાયેલા અક્ષરોમાં માત્ર ઉંમરનો થાક નથી હોતો, પણ જિંદગીનો આખો નિચોડ વહેતો હોય છે. જૂના સમયમાં જ્યારે ટપાલી કવર આપી જતો ત્યારે પરબીડિયા પર સરનામાના અક્ષરો જોઈને જ ઘરના સભ્યો ઓળખી જતા કે કાગળ કોણે લખ્યો છે. હસ્તાક્ષર એ માણસનો ચહેરો જોયા વિના તેનો અવાજ સાંભળવાની કળા હતી. ડિજિટલ યુગના મેસેજમાં આપણે આ ઓળખ ગુમાવી બેઠા છીએ. ત્યાં બધું જ એકસરખું, અનામી અને શીતળ છે.

કોઈ જૂની સંદૂકમાંથી વર્ષો પહેલાં લખાયેલો પત્ર મળે અને તેમાં શાહી ફેલાઈ ગયેલો કોઈ ડાઘ દેખાય તો સમજાય કે આ કાગળ લખતી વખતે કોઈની આંખમાંથી આંસુ ટપક્યું હશે. કોઈ અક્ષર પર પેન થંભી ગઈ હોય તો સમજાય કે અહીં લખનાર કોઈ ઊંડી વિચારમગ્ન અવસ્થામાં સરી ગયો હશે. છેકછાક કરેલા શબ્દો બતાવે છે કે મનમાં ચાલી રહેલા સંઘર્ષ અને કાગળ પર ઊતરતા વિચારો વચ્ચે કેવું દ્વંદ્વ ચાલતું હશે. ટાઇપિંગમાં તો એક બટન



દબાવીને ભૂતકાળ ભૂંસી શકાય છે, પણ હસ્તાક્ષરમાં થયેલી છેકછાક એ મનુષ્યની અપૂર્ણતાનો અને તેની નિખાલસતાનો સૌથી મોટો પુરાવો છે. પેનની શાહી સાથે માણસની સંવેદનાઓ ઘૂંટાઈને કાગળ પર કાયમી દસ્તાવેજ બની જતી. આપણે માત્ર કાગળ અને પેન નથી ત્યજ્યાં, આપણે એકબીજા સાથે જોડાવાની ધીરજ અને અંગત સ્પર્શની ઉષ્મા ગુમાવી દીધી છે.

ઇતિહાસના પાને નોંધાયેલું કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું ઉદાહરણ આ વાતની જીવંત સાક્ષી પૂરે છે. નોબેલ પારિતોષિક વિજેતા ટાગોરની મૂળ હસ્તપ્રતો જોવી એ એક લહાવો છે. (આવો જ લહાવો સિદ્ધહસ્ત સર્જક ચન્દ્રકાન્ત બક્ષીના હસ્તાક્ષરવાળી કૃતિઓ જોવા-વાંચવાનો છે) કવિતા લખતી વખતે જ્યારે કોઈ શબ્દ ખોટો પડતો કે વિચાર બદલાતો, ત્યારે ટાગોર તેને માત્ર એક સીધી લીટી મારીને છેકી નાખવાને બદલે એ છેકછાક પર પોતાની પેન ફેરવીને તેમાંથી કોઈ પક્ષી, વેલ કે કોઈ રહસ્યમય આકાર કંડારી દેતા! ભૂલને ઢાંકવાની કે ભૂંસવાની આ કેવી કલાત્મક રીત! તેમની હસ્તપ્રતોમાં રહેલી આ છેકછાક આજે વિશ્વભરમાં ચિત્રકળાના એક અદ્ભુત નમૂના તરીકે સચવાયેલી છે. જો ટાગોર એ સમયે કૉમ્પ્યુટર પર લખતા હોત અને તેમણે બેકસ્પેસ બટનનો ઉપયોગ કર્યો હોત તો કવિના મનમાં ચાલતા એ સર્જનાત્મક દ્વંદ્વ અને એમાંથી જન્મેલાં અદ્ભુત ચિત્રોને દુનિયાએ કાયમ માટે ગુમાવી દીધાં હોત. ડિજિટલ સ્ક્રીન તમારી ભૂલોને કોઈ નામ-નિશાન વિના ભૂંસી નાખે છે, તેનો કોઈ ઇતિહાસ નથી હોતો; જ્યારે કાગળ પર થયેલી ભૂલો અને હસ્તાક્ષરની મથામણ પણ ક્યારેક મહાન કળાનું સ્વરૂપ ધારણ કરી લે છે.

મૃત્યુ પછી માણસ જ્યારે ભૌતિક સ્વરૂપે વિદાય લે છે ત્યારે તેની પાછળ રહી ગયેલી તેની ડિજિટલ ફાઇલો ક્યારેય એવો ખાલીપો નથી ભરી શકતી જેવી કોઈ જૂની ડાયરીમાં તેના હાથે લખાયેલી નોંધ ભરી શકે છે. પિતાના હસ્તાક્ષરવાળી કોઈ જૂની ચોપડી કે દાદાના ધ્રૂજતા હાથે લખાયેલો કોઈ હિસાબનો કાગળ અચાનક હાથમાં આવે ત્યારે એવું લાગે છે જાણે તેઓ હજુ પણ આપણી આસપાસ શ્વાસ લઈ રહ્યા છે. હસ્તાક્ષર એ માણસના અસ્તિત્વના અવશેષ છે, જે કાળના પ્રવાહ સામે અડીખમ ઊભો રહે છે. ભવિષ્યની પેઢી કદાચ એવી આવશે જેણે ક્યારેય પોતાના પ્રિયજનના હસ્તાક્ષર જોયા જ નહીં હોય. તે કાચની લીસ્સી સ્ક્રીન પર ટાઇપ કરતા રહેશે, પણ કોઈના અક્ષરોમાં છુપાયેલા વહાલને આંગળીઓના ટેરવે સ્પર્શવાની જે દિવ્ય અનુભૂતિ હતી તેનાથી તે બધા કાયમ માટે વંચિત રહી જશે. મશીને આપણા શબ્દોને ઝડપ ચોક્કસ આપી છે, પણ અક્ષરોમાંથી આપણો આત્મા છીનવી લીધો છે. ■

# હાસ્ય વિનોદ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

# છેતરપિંડીઃ કળા કે વિજ્ઞાન?

ઈશ્વરે બુદ્ધિ બધાને ઓછીવત્તી આપી છે, એનો ઉપયોગ સજ્જનો સત્કાર્યમાં કરે છે, રાજકારણીઓ પોતાનું ટટ્ટુ સીધું કરવામાં કરે છે અને બદમાશ, ચીટર કે ધુતારાઓ લોકોને છેતરવામાં પોતાની સમગ્ર બુદ્ધિ વાપરતા હોય છે... અમારા વિસ્તારમાં ભોલારામ નામનો એક યુવાન રહેતો હતો. નામે જ ભોળો, ચહેરો પણ માસૂમ. કોઈ પણ માણસ તેનાથી ભોળવાઈ જાય. બુદ્ધિમાં અત્યંત તેજસ્વી, પણ પોતાની બુદ્ધિનું રોકાણ તે લોકોને છેતરવામાં જ કરે. એકવાર એક મિત્ર સાથે તે ચા પીવા ગયો. ચા પીને હોટલમાંથી બહાર નીકળતાં તેણે ફૂટપાથ પર કાપડ વેચતા ફેરિયાને જોયો. તેની આંખ ચમકી. મગજમાં ઝબકારો થયો. મિત્રને તેણે કહ્યું કે તું સામે ફૂટપાથ પર ઊભો રહે, હું મારા સ્નેહી પેલા કાપડિયાને મળીને આવું છું, એ મારા ગામનો છે. ફેરિયા પાસે જઈ તેણે ૫૦૦-૬૦૦

રૂપિયાનું કાપડ ખરીદ્યું. ખિસ્સામાં હાથ નાખી ઝાટકા સાથે હાથ પાછો ખેંચી લેતાં કાપડના ફેરિયાને તેણે કહ્યું, ‘સૉરી યાર, પાકિટ ઘેર ભૂલી ગયો છું. પછી વાત.’ ફેરિયાને માંડ એક ગ્રાહક હાથ લાગ્યો હતો, જેણે ભાવમાં સહેજ પણ કચકચ કર્યા વગર માલ પસંદ કરી લીધો હતો. તેણે તો ભોલારામને પૂછ્યુંઃ ‘ક્યાં રહો છો?’

‘આ ટોકિઝની પાછળ જ રહું છું. જો વિશ્વાસ પડતો હોય તો કાપડ આપો, એમ તો સામેની ફૂટપાથ પર ઊભો છે એ મારો દોસ્ત છે. હું ઘેરથી પૈસા લઈને અબઘડી આવું છું’ ને કાપડ લઈને ભોલારામ ત્યાંથી સરકી ગયો. મિત્ર સાથે હાથ અધ્ધર કરી કહ્યું ખરું કે હમણાં જ આવું છું, તું રોકાજે. ભોલારામને ગયે લગભગ અડધો-પોણો કલાક થયો એટલે પેલો ફેરિયો અને મિત્ર બંને અકળાયા, ધીરજ ખૂટી જતાં મિત્રે ચાલવા માંડ્યું. પેલા ફેરિયાએ દોડીને તેના શર્ટનો કૉલર પકડ્યોઃ ‘ક્યાં જાવ છો?’

‘તું કોણ પૂછનાર, મારા ઘેર જાઉં છું. કેમ?’ મિત્રે ગુસ્સામાં પૂછ્યું.

‘પેલો તમારો દોસ્ત, તમને બાનમાં મૂકીને ગયો છે, મારી પાસેથી ખરીદેલ કાપડના પૈસા લેવા તે ઘેર ગયો છે...’ ફેરિયો બોલ્યો. બન્ને રસ્તા વચ્ચે લડવા લાગ્યા. મોટું ટોળું ભેગું થઈ ગયું. ત્યાં સુધીમાં તો ભોલારામે પેલું કાપડ કોઈકને ૩૦૦ રૂપિયામાં પધરાવીને રોકડી કરી લીધી હતી.

છેતરપિંડી આમ તો એક કળા છે. આ કળાનો ડિપ્લોમા ધરાવતા કલાકારો વિશે છાપામાં લગભગ રોજની એકાદ ઘટના વાંચવા મળતી હોય છે. આવા એક કલાકારનાં પરાક્રમોથી અમારા ગીધુકાકા ઘણા પ્રભાવિત થઈ ગયા છે. આજે એ પ્રોફેશનલ કલાકારની થોડી વાત કરીશું. તદ્દન સત્ય ઘટના છેઃ

બન્ટી તેનું નામ, સૉરી નામ નહીં, ઉપનામ. આવા વ્યવસાયોમાં પડેલાઓનાં નામો પણ વિપુલ સંખ્યામાં હોય છે. જોકે નામનો તેમને સહેજ પણ મોહ હોતો નથી, મૂળ નામ તેનું દેવિન્દર. પણ કાચીંડો જે રીતે પોતાનો રંગ બદલી શકે છે તે રીતે શહેર પ્રમાણે પોતાનાં નામ તે બદલતો. પંજાબ તરફ જાય ત્યારે કે. આર. સિંઘ, મુંબઈમાં અજય પાંડે ઉર્ફે બન્ટી, બેંગલોરમાં તેનું નામ ટી. પી. એસ. માણિક રહેતું. આ ઉપરાંત અજય ચૌધરી, પ્રવીણ ફોતેદાર જેવાં વિવિધ નામો પણ તે રાખતો ને જરૂર ન હોય ત્યારે સાપની કાંચળીની જેમ કાઢી પણ નાખતો. મૂળે તે દિલ્હીનો, પણ દિલ્હી કરતાં પંજાબ, હિમાચલ, બેંગલોર અને મુંબઈ વગેરે સ્થળે તેની નામના બહુ હતી. આજે તો આ બધી જગ્યાએ તેની માગ પણ ઘણી છે. આ વિસ્તારની પોલીસ માટે તે ‘વૉન્ટેડ’ છે, ‘મોસ્ટ વૉન્ટેડ’.

બન્ટીની હિંમતને તો તેનાથી ઠગાનાર પણ દાદ આપતા. તે એક વિશિષ્ટ પ્રકારનો તસ્કર હતો. ચોરી કરવા પગપાળા જવામાં નામમ જણાતાં તે હંમેશાં રૂપિયા સાડા ત્રણ લાખની મારુતિ-૧૦૦૦માં બેસીને જ જતો. એકલો. હા, એકલવીર. સદરહુ ધંધામાં તેણે કોઈ ભાગીદાર રાખ્યો નહોતો. આવા ચોક્કસ પ્રકારના વ્યવસાયમાં વિશ્વાસુ ભાગીદાર ક્યાં મળે છે, આજકાલ?

એક વાર તે મારુતિ-૧૦૦૦માં દિલ્હીના પંચશીલ પાર્કમાં ગયો. પાસે મારુતિ ગાડી હોય એટલે બેધડકપણે પૉશ ઍરિયામાં ઘસી જવાતું - શ્રીમંત વિસ્તારમાં બેધડકપણે પ્રવેશવાનું લાઈસન્સ એટલે મારુતિ-વન થાઉઝન્ડ. વહેલી સવારના સાડા પાંચ વાગ્યા હતા ને કેટલાંક લોકો પોતાનું ડાયાબિટીસ, ફૅટ વગેરે ઓછું કરવા મૉર્નિંગ વૉક લેવા બહાર જતાં હતાં. એક ફ્લેટની નીચે ગાડી પાર્ક કરી સીડીઓ ચડી બન્ટી બીજા માળે પહોંચી ગયો. એસ. કે,. સિંઘના ફ્લેટ પર કાન માંડીને જાણી લીધું કે બેડરૂમમાં એ.સી. ચાલી રહ્યું છે, અનુભવે તેને ખબર પડી ગઈ કે, આખો ફ્લૅટ નીંદર માણી રહ્યો છે.

માસ્ટર-કી વડે તેણે દરવાજો ખોલી નાખ્યો. સામે ડ્રોઈંગ રૂમમાં વિદેશી ડેક તેની જ વાટ જોતું બેઠું હતું. એ લઈને તે વટથી દાદર ઊતરી ગયો. એક અજાણ્યા જણને ઉપરથી ડેક સાથે ઊતરતો જોઈને ચોકીદારે બીજા ચોકીદારને બૂમ મારી. માથે જોખમ આવી પડ્યું છે એનો ખ્યાલ બન્ટીને આવી ગયો. સહેજ પણ ગભરાયા વગર ચોકીદાર સાંભળે તેમ ઉપર જોઈને મોટા અવાજે કહ્યું કે આન્ટી, હું ડેક ગાડીમાં મૂકીને આવું છું. ચોકીદારનો વહેમ ઓગળી ગયો. તેની છટા પરથી ચોકીદારને લાગ્યું કે સિંઘસાહેબનો કોઈ સગો-બગો હશે. ચોકીદારના મગજમાં કોઈ બીજો વિચાર ઝબકે તે પહેલાં તે બન્ટીએ ચોકીદારને બોલાવતાં જણાવ્યુંઃ ‘જરા અહીં આવ તો!’ ચોકીદાર નજીક આવ્યો એટલે બન્ટીએ ડેક અને કારની ચાવી તેના હાથમાં મૂકતાં કહ્યુંઃ ‘હું બહુ જ ઉતાવળમાં છું. બૉમ્બેની ફ્લાઇટ પકડવાની છે. આ ડેક સામે ઊભેલી મારુતિ-૧૦૦૦માં મૂકી આવ, ઉપરથી હું બીજો સામાન લઈને આવું છું. ડેક સાચવીને મૂકજે, તૂટે નહીં.’

ઉપર જઈને તે વી.સી.આર. લઈને આવ્યો ને ચોકીદાર પાસે જ તે કારમાં મૂકાવ્યું. ત્યાર પછી ચોકીદારના હાથમાં દસની નોટ બક્ષિસ લેખે પકડાવી. પચાસની નોટ આપવાથી પેલાને વહેમ પડે. માનસશાસ્ત્રનો બન્ટી પાકો અભ્યાસી હતો.

ચોકીદારે સલામ મારી એટલે તેણે કાર મારી મૂકી. ડેક અને વી.સી.આર. ચોરાયાની બૂમાબૂમ થઈ, ત્યારે જ ચોકીદારને ખબર પડી કે પેલા મોરલાએ તો તેની જ પાસે કળા કરાવી હતી!

રાજકારણીઓની માફક બન્ટી માટે પણ દિલ્હી ચરવા માટેનું હરિયાળું ખેતર હતું. એકવાર દિલ્હીમાં માનસરોવર ગાર્ડનના એક બંગલામાં તે ચોરી કરવા મોડી રાતે પેઠો. જે રૂમમાં તિજોરી કબાટ હતું, ત્યાં પલંગ પર એક વૃદ્ધા ઊંઘી ગઈ હતી. નાઈટ-લૅમ્પ સળગતો હતો. બન્ટીએ કબાટ ખોલ્યું એટલે અવાજથી તે વૃદ્ધા જાગી ગઈ. તેણે આશ્ચર્યથી પૂછ્યુંઃ ‘કોણ છે?’ ‘એ તો હું છું...’ સહેજ પણ થડકાર વગર તે બોલ્યો. એક તો નાઈટ લૅમ્પનો ઝાંખો પ્રકાશ ને માજીની આંખોય નાઈટ લૅમ્પ જેવી જ નબળી હશે એટલે તે ઓળખી શક્યાં નહીં. ‘તું હજી સૂતો નથી? જા જઈને સૂઈ જા.’ કહી માજી પડખું ફરી સૂઈ ગયાં. આ તરફ તેમના કબાટમાંથી લક્ષ્મી પણ બન્ટી તરફ પડખું ફરી ગઈ. માજીની હાજરીની સહેજ પણ પરવા કર્યા વગર બન્ટીએ નિરાંતે હાથફેરો કરી લીધો.

એમ તો એક વાર તે પંચશીલ પાર્કમાં એસ. કે. ખન્ના નામના એક ધનિકના બંગલે પહોંચી ગયો. ખન્નાની મારુતિ-૧૦૦૦ બંગલાની બહાર પડી હતી. મારુતિ જોઈને તેનું મન ચળ્યું. જોકે પોતે જ મારુતિ-૧૦૦૦ લઈને જ આવ્યો હતો, જે તેણે થોડેક દૂર પાર્ક કરી હતી. સવારનો સમય હતો. ખન્ના શેઠની સુપુત્રી જ્યોતિ મૉર્નિંગ વૉક લઈને પાછી ફરી રહી હતી. તેણે એક અજાણ્યા યુવાનને પોતાની કારનો દરવાજો ખોલતો જોઈને પૂછ્યુંઃ ‘તું કોણ છે?’ ‘હું બન્ટી છું...’ દરવાજો ખોલી કારમાં આરામથી બેસતાં તે બોલ્યોઃ ‘તારા ડેડીએ બોલાવ્યો હતો. તેમને કહે કે જલદી નીચે આવે, મોડું થઈ રહ્યું છે.’ દીકરીને એમ કે ડેડી ક્યાંક બહાર જાય છે, એટલે તે ઉપર ચાલી ગઈ અને બન્ટી કાર લઈને પલાયન થઈ ગયો!

ઘરના માણસોની તે ક્યારેય ચિંતા કરતો નહીં. એક કહેવત છે કે, ઘંટ ચોરવા જનારથી કાનમાં પૂમડાં ના ખોસાય. પણ આ બન્ટી તો ચોરી કરવાય ધોળા દિવસે સિટી વગાડતો વગાડતો જતો. એક દિવસ તે લજપતનગરમાં એક બંગલામાં ચોરી કરવા પેઠો. સવાર પડી ગઈ હતી. બંગલાનો માલિક ડેરીએ દૂધ લેવા ગયો હતો. બન્ટી સિસોટીમાં કોઈ ગીત ગણગણતો વી.સી.આર. ઉપાડતો હતો. ત્યાં જ શેઠાણી ડ્રૉઇંગ રૂમમાં અચાનક પ્રગટ થયાં. બન્ટીએ તેને ધમકાવતાં કહ્યુંઃ ‘બૂમબરાડા પાડવાની કોઈ જરૂર નથી. હું કોઈ ચોર-લૂંટારો નથી, સમજ્યાં! સાહેબ આવે તો કહેજો કે બન્ટી વી.સી.આર. લઈ ગયો છે. મારા વીસ હજાર રૂપિયા ચૂકવીને તમારું વી.સી.આર. લઈ જજો...’

શેઠાણી સ્તબ્ધ થઈ ગયાં. એટલામાં તો ખુદ શેઠ પણ દૂધ લઈને આવી ગયા હતા. બન્ટીને લાગ્યું કે તે ચોતરફથી ઘેરાઈ ગયો છે, છતાં સહેજ પણ ડર્યા વગર વી.સી.આર. બે હાથથી ઉપાડી પોતાની કાર તરફ આગળ વધતાં ઘાંટો પાડીને તેણે શેઠને કહ્યુંઃ ‘હું વી.સી.આર. લઈ જઉં છું. મારા વીસ હજાર આપીને વી.સી.આર. છોડાવી જજો.’ બંગલામાં થતી બૂમાબૂમ સાંભળીને ભેગા થયેલ પાસપડોશવાળાનેય લાગ્યું કે મારુતિમાં બેસીને ચોર તે કંઈ આવતો હશે? નક્કી કોઈ લેણદાર જ હશે, એટલે તેમણે કોઈએ બન્ટીને વી.સી.આર. લઈ જતો રોક્યો નહીં. કદાચ શેઠ પણ એવા વિચારમાં પડી ગયા હશે કે ચોક્કસ તે આ માણસ પાસેથી લીધેલ ૨૦ હજાર રૂપિયા આપવાનું ભૂલી ગયા હશે અને આ બંધાની આંખ સામે જ તે વી.સી.આર. ગાડીમાં મૂકીને ઊપડી ગયો.

અમારા ગિધુકાકા માને છે કે, આ બન્ટીએ ખોટો વ્યવસાય પસંદ કર્યો. ચોરી-ચપાટી કરવાને બદલે તે રાજકારણમાં પડ્યો હોત તો તે ચોક્કસ વડો પ્રધાન બની ગયો હોત. વ્યક્તિગત રીતે તે આજે લોકોને છેતરીને લૂંટે છે એને બદલે ગૌરવપૂર્વક તે ભારતની સમગ્ર પ્રજાને છેતરીને લૂંટી શક્યો હોત.

ઇલેક્ટ્રૉનિક્સ આઇટમ્સ હસ્તગત કરવાનો તેને ભારે શોખ. એક દિવસ તે પોતાની (!) મારુતિ-૧૦૦૦માં બે ટી.વી., બે વી.સી.આર. અને ત્રણ ડેક સાથે ઇન્દિરા ગાંધી ઍરપોર્ટથી પાછો ફરતો હતો, તેની કાર તે એક કોન્ટેસા કારની પાછળ ચલાવતો હતો. પોતાની કારમાં બેઠાં બેઠાં તેણે જોઈ લીધું કે આગળ ચાલતી કોન્ટેસામાં એક સરદારજી-સરદારણ બેઠાં છે. એક જગ્યાએ પોલીસે પહેલાં કોન્ટેસા કાર રોકી. કારમાં નજર નાખી તેને જવા દીધી.

ત્યાર બાદ બન્ટીની કારને રોકી. તેની કારમાં ટી.વી., વી.સી.આર. વગેરે જોઈને પોલીસે પૂછપરછ કરવા માંડી એટલે બન્ટીએ પંજાબી ભાષામાં પોલીસને માહિતી આપી કે આગળ કોન્ટેસા જાય છે તે મારાં મમ્મી પપ્પા છે. તે પોણા પાંચ વાગ્યાની ફ્લાઈટમાં અમેરિકાથી આવ્યાં છે અને આના પુરાવા લેખે ઍરપોર્ટના કાર-પાર્કિંગની રસીદ બતાવી. પોલીસવાળા સામે આંખ મીચકારીને તેણે ચોરીની જ એક વિદેશી દારૂની બૉટલ આપી દીધી. રસ્તો સાફ! પોલીસ પોલીસ હોવા છતાં કે પછી એ જ કારણે તેને એ ખ્યાલ ન આવ્યો કે વિદેશથી આવતાં ટી.વી., વી.સી.આર. આ રીતે ખુલ્લાં આવતાં હશે?

તસ્કર માટે ‘નિશાચર’ જેવો શબ્દ વપરાય છે, પણ બન્ટી પોતાના આ વ્યવસાય માટે રાત-દિવસને સરખા માની પોતાની કળા દિવસના ભાગમાં પણ અજમાવતો. એક દિવસ કોઈ એક બંગલાની બહાર તેણે મારુતિ-૧૦૦૦ રસ્તા પર પડેલી - આમ તો ઊભેલી જોઈ. તદ્દન નવી નકોર બ્રાન્ડ ન્યૂ કાર એ તેની નબળાઈ હતી.

બસ, આ ગાડી આપણી એવું બબડી તેણે કારનો દરવાજો ખોલી કાર ચાલુ કરવા મથામણ કરી, પણ ચાલી નહીં. તેને ખ્યાલ આવી ગયો કે કારમાં ક્યાંક ડેડસ્વિચ બેસાડેલી હોવી જોઈએ, પરંતુ એ ડેડ સ્વિચ શોધવા જેટલો સમય તેની પાસે ન હોય એ સ્વાભાવિક છે. તેને માટે તો ટાઇમ ઇઝ મની. એક મિનિટ પણ વધારે વેડફ્યા વગર પોતાની કારમાંથી તાર-દોરડું વગેરે કાઢી એ કાર પોતાની કાર સાથે બાંધીને ધોળા દહાડે તે લઈ ગયો!

ઘણા લોકોએ આ રીતે કાર સાથે કાર બાંધીને લઈ જતો તેને જોયો, પણ એ બધા એવું સમજયાં કે, કાર બગડી હશે એટલે તેને ટો કરીને ગૅરેજમાં લઈ જતો હશે.

બન્ટીને ક્રિકેટનો શોખ હતો કે નહીં એ વિશે પોલીસ પાસે માહિતી નથી. પણ તેને ટ્રૉફી, શિલ્ડ, મેડલ વગેરે મેળવવાનો ચોક્કસ શોખ હોવો જોઈએ, કેમકે એક રાતે તે ટેસ્ટ ક્રિકેટર વેંગસરકરના ઘરમાં પેઠો. પહેલાં તો તે રોકડની શોધમાં પડી ગયો, પણ એવું ખાસ કંઈ તેને હાથ લાગ્યું નહીં, ત્યાં એક પારદર્શક કાચના કબાટમાં મુકાયેલાં મેડલ, શિલ્ડ દેખાયાં. આથી પછી આ ચીજવસ્તુઓથી સંતોષ માની તે લઈ ગયો. શિલ્ડ પરનું વેંગીનું નામ છેકીને બન્ટીનું નામ કોતરાવવું ઉચિત ન લાગવાથી આ બધા એવૉર્ડ્સ તેણે મુંબઈના જ એક સહધર્મી - બીજા તસ્કરને નાખી દેવાના ભાવે વેચી માર્યા. દિલીપ વેંગસરકરે છાપામાં જાહેરાત આપી કે આ ટ્રૉફી, શિલ્ડ મેડલ્સને એવું બધું પ્રાપ્ત કરવા તે જીવનભર ઝઝૂમ્યો છે ને હવે તે આ રમત તેને માટે સાવ ભૂતપૂર્વ થઈ ગઈ હોવાથી આ ચંદ્રકોનું મૂલ્ય તેને માટે ખૂબ જ ઊંચું છે. લેનાર ભલે તે મફતમાં લઈ ગયો, પણ જો તે આ ચંદ્રકો પરત કરશે તો તેને રૂપિયા પચાસ હજારનું ઈનામ આપશે તથા એ કલાકારનું નામ પોલીસથી છાનું રાખશે. આ જાહેરખબર પણ અનાયાસ બન્ટીની નજર પડી ત્યારે તેને જાણ થઈ કે તેણે વેંગસરકરની વિકેટ લીધી હતી.

લખલૂટ ધન ને નવીનકોર ઉઠાવેલી મોટર-કારોને લીધે તે ઘણું મોટું સ્ત્રી-પુરુષોનું મિત્ર-વર્તુળ ઊભું કરી શક્યો હતો. તેને ખાવા-ખવડાવવાનો શોખ હતો, એ કરતાં તેના મિત્રોને ખાવાનો શોખ વધારે હતો. તે એક ખૂબ જ શ્રીમંત બાપનો બેટો છે એવી છાપ તેણે મિત્રોમાં ઊભી કરી હતી ને મિત્રોને પણ એવું માનવામાં નુકસાન નહોતું... પણ બન્ટી તેના બાપનો અળખામણો પુત્ર હતો. તેને મા-બાપનો પ્રેમ નહોતો મળ્યો. મા-બાપ બન્ને અંદર-અંદર લડવા-ઝઘડવામાં એટલાં બધાં વ્યસ્ત રહેતાં કે તે પુત્રને પ્રેમ કરવા જેટલો સમય ફાળવી શકતાં નહોતાં.

હા પ્રેમના વિકલ્પે તેનો બાપ તેનો ઢોરમાર મારતો. તે ૧૮ વર્ષનો થયો, ત્યારે પણ તેના પિતાએ તેની દાઢી-મૂછનીય શરમ ધર્યા વગર તેને અસહ્ય માર માર્યો. એટલે પછી મા-બાપ પરનો ગુસ્સો તેણે સમાજ પર ઉતાર્યો! ઘર છોડી દીધું. નાની મોટી ચોરીઓ કરવા માંડી.

તેને મારુતિ-૧૦૦૦ તરફ હતો એટલો જ પ્રેમ કવિતા નામની નાઇટ ક્લબની એક ડાન્સર તરફ પણ હતો. એના પ્રેમમાં તે ગળાડૂબ હતો. કવિતા પાસે બન્ટીએ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. લગ્નની વાત આવે ત્યારે છોકરો હસવા માંડે છે ને છોકરી ગંભીર થઈ જાય છે. જોકે કવિતાના ગંભીર થઈ જવાનું કારણ જુદું હતું. બંને હાથે પૈસા વાપરતો, ઠાઠમાઠથી રહેતો ને મારુતિ ગાડી ફેરવતો લગ્નનો આ ઉમેદવાર કામધંધો શું કરે છે એ કવિતાને જાણવું હતું, પણ આ અંગે બન્ટીને પૂછવાની તેનામાં હિંમત નહોતી.

કવિતા જે હિંમત દાખવી ન શકી એ હિંમત પોલીસે દાખવી, સાવ કવિતાની જેમ નહીં, પણ પોતાની આગવી શૈલીમાં આ પ્રશ્ન પોલીસે બન્ટીને પૂછ્યો. પોતાના કાંડા પરના રૂપિયા ૩ લાખની કિંમતના હીરાના ઘડિયાળના સોગંદ ખાઈને તેણે પોતાનાં સાહસોની વાત કહેવાનો નિર્ધાર કર્યો, અને ત્યાં જ પોલીસ અધિકારીએ બન્ટીને મારવા હાથ ઉઠાવ્યો.

એટલે બન્ટીએ પોતાનું મોં ખોલતાં કહ્યું કે હું સામાન્ય ચોર નથી, સુપર ચોર છું. મારવાની જરૂર નહીં પડે, મારી યાદશક્તિ દગો દેતી ન હોય તો મેં અંદાજે ૩૦૦ નાની-મોટી ચોરીઓ કરી છે, જેમાં આશરે ૧૫૦ રંગીન ટી.વી., વી.સી.આર, ડેક, જનરેટર, ઓવન, ગોલ્ડ ક્રૉકરી વગેરે છે. જેની કિંમત ૩૦ લાખથી ઓછી તો નહીં હોય. આ ઉપરાંત ૧૫ મારુતિ-૧૦૦૦, ૬ મારુતિ-૮૦૦, એક કોન્ટેસા એમ સરવાળે ૨૨ જેટલી ગાડીઓના માલિક થવા પ્રયાસ કર્યો હતો. મને તાત્કાલિક હાથકડી પહેરાવી દો, જેથી હું હાથકડી સાથે ભાગી શકું.

છેલ્લું વાક્ય બન્ટી મનમાં બોલ્યો હશે... અને એક દિવસ તે હાથકડી સમેત ફરાર થઈ ગયો. હવામાં ઓગળી ગયો. શક્ય છે કે તે કોઈ પોલીસ અધિકારીના ઘરમાં જ છુપાયો હશે, કેમ કે પોલીસ ઑફિસર્સના સુપુત્રો સાથે તેને ઘરોબો હતો.

બન્ટીને પોલીસ શોધી રહી છે, તેમ જ તેની પ્રેમિકા કવિતા પણ શોધી રહી છે. પોલીસ કરતાંય પ્રેમિકાને તેની વધારે જરૂર છે, કારણ એટલું જ કે તેના પેટમાં જુનિયર બન્ટી આકાર લઈ રહ્યો છે.■

---

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# એક તેતરને કારણે અળ રાખી અખિયાત



ગુજરાતી સાહિત્યમાં વિપુલ ખેડાણ થયું છે. દરેક રસની કથા - વાર્તા અહીં મળી આવે છે. સૌરાષ્ટ્ર તરફના લખાણમાં વીરરસને પ્રાધાન્ય મળ્યું છે. આ ભૂમિની વાર્તાની વાત નીકળે એટલે સૌથી પહેલાં સ્મરણ થાય ઝવેરચંદ મેઘાણીનું. ‘સૌરાષ્ટ્રની રસધાર’ મેઘાણી દ્વારા લખાયેલી એક પ્રખ્યાત અને લોકપ્રિય વાર્તામાળા છે. આ પુસ્તકમાં સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ)ના શૂરવીરો, સતીઓ અને લોકજીવનની વફાદારી તથા ઉદારતા દર્શાવતી સચોટ લોકકથાઓનો અદ્ભુત સંગ્રહ છે. મેઘાણીની અનેક કથા દૃષ્ટાંત બની છે અને બીજી કેટલીક વાર્તાના કેટલાંક પ્રસંગો-વાક્યો કહેવતો અને કહેવત કથાઓમાં વર્ષોથી ધબકતાં રહ્યાં છે. આજે એનું એક ઉદાહરણ જાણીએ - માણીએ અને સાથે સાહિત્યની સમૃદ્ધિથી વાકેફ થઈએ.

મેઘાણી સાહેબની એક બહુ જ જાણીતી લોકકથા **પએક તેતરને કારણે**’માં સુરેન્દ્રનગર જિલ્લાના અને આઝાદી પૂર્વે રજવાડું ગણાતા સાયલાના ચભાડ તીરંદાજો અને સોઢા પરમારો વચ્ચે શરણાગતના મુદ્દે થયેલા ભીષણ સંઘર્ષની વાત આલેખવામાં આવી છે. તોરમાં આવેલા ચભાડ તીરંદાજોએ એક તેતર પક્ષીને વીંધી નાખ્યું. પક્ષી બહુ ઘવાણું અને માથાફરેલ તીરંદાજો એવા કેફમાં હતા કે પેલા બીચારા પક્ષીની પીડા જોઈ કિકિયારી કરતા હતા. એક વિઘ્નસંતોષીએ તો એ ઘાયલ તેતર સોઢા પરમારોના પડાવમાં પ્રવેશ કરે એવો બેત રચ્યો. ઘાયલ અને કણસતું તેતર ચીસો પાડતું પાડતું પરમારના પાદરમાં દાખલ થઈ ગયું. રાજપૂતાણી ઈષ્ટદેવ માંડવરાજની પ્રભાતપૂજા કરતાં હતાં ત્યાં પહોંચી દેવમૂર્તિના બાજઠની નીચે લપાઈ ગયું. તેતરના આક્રન્દને કારણે પૂજા કરતાં માની આંખો ખૂલી ગઈ અને શું દેખાયું? ઘાયલ તેતરના શરીરમાંથી રક્ત ટપકી રહ્યું હતું. હૃદયમાં કંપારી છૂટી ગઈ અને પૂજાપાઠને કોરાણે મૂકી તેતરની કાળજીમાં ધ્યાન પરોવ્યું. બાજઠ હેઠળ લપાઈને બેઠેલા ઘાવથી પીડાતા તેતરને હળવે અને હૂંફાળા હાથે ઝાલી લીધું. બાળકની સંભાળ લેતા હોય એમ એને હૈયાસરસું ચાંપી પંપાળતા કહેવા લાગ્યાં ‘હવે બીવાની જરૂર નથી. મારા આંગણે આવ્યા પછી તને બીક કોની છે? આ તો રજપૂતાણીનો ખોળો છે. તું હવે હેમખેમ છો.’

ઘાયલ તેતરનો પીછો કરતાં કરતાં ચભાડો સોઢા પરમારને ત્યાં પહોંચી ગયા અને બૂમો પાડવા લાગ્યા કે ‘આપણો ચોર ભાગીને અહીં સંતાઈ ગયો છે. અંદર કોણ છે ભાઈ? અમારો ચોર હવાલે કરો.’ હોંકારા-પડકારા સાંભળી સોઢાઓ બધા બહાર નીકળી કુતૂહલવશ પૂછવા લાગ્યા કે ‘તમે છો કોણ? અને આટલી રાડ કેમ પાડો છો?’ ચભાડોને તો કેફ ચડ્યો હતો. તોછાઈડીથી બોલ્યા, ‘અમારો ચોર તમારે ત્યાં પેસી ગયો છે. એને સોંપી દ્યો એટલે પત્યું.’ સોઢાઓને જિજ્ઞાસા થઈ એટલે સામો સવાલ કર્યો કે ‘કોણ છે તમારો ચોર?’ એક ચભાડ છાતી કાઢતો આગળ આવ્યો અને બોલ્યો કે ‘અંદર ગયો છે અમારો શિકાર, જખ્મી તેતર.’

આ વાતચીત ચાલી રહી હતી ત્યાં માતા રજપૂતાણી બહાર આવ્યાં અને પૂછપરછ કરવા લાગ્યાં. ચભાડોએ તેતર આપી દેવા કહ્યું એટલે માતા બોલ્યાં કે ‘એ તેતર હવે ન મળે. એ તો શરણે આવી ઠાકરના બાજોઠ હેઠળ બેઠો હતો. ભગવાનને શરણે આવેલાને પાછો તો ન જ આપું.’ ચભાડોને રોષ ચડ્યો, પણ માતાએ તેતરને હૈયાસરસું ચાંપી ચોખ્ખી ના પાડી દીધી. કજિયો ઇચ્છતા ચભાડોએ તલવારો તાણી અને તેતરની રક્ષા કરવા સોઢાઓ પણ સજ્જ થઈ ગયા. જબરદસ્ત ધીંગાણું થયું અને બંને પક્ષે ખુવારી થઈ. શરણાગતિના મુદ્દે થયેલી આ લડાઈનું વર્ણન આવી રીતે થયું છે કે **પડ્યા, ચભાડ પાંચસેં, સોઢા વીસું સાત, એક તેતરને કારણે અળ રાખી અખિયાત.** પાંચસે ચભાડો મરણને શરણ થયા અને સાત વીસું (૧૪૦) સોઢા કામ આવ્યા, એમ એક તેતરને કારણે સોઢા પરમારોએ પૃથ્વી પર પોતાની ઇજ્જત આબાદ રાખી. અળ એટલે આબરૂ અને અખિયાત એટલે હેમખેમ - સલામત કે અકબંધ.

---

ભાષા વૈભવ

# કહેવતોમાં સાપ



તિથિ તોરણને અનુસરતા લોકોના જીવનમાં તારીખ કરતાં તિથિનું મહત્ત્વ વિશેષ હોય છે. કેટલાક લોકો વરસગાંઠ તિથિ અનુસાર ઊજવતા હોય છે. અગિયારસ, વાઘ બારસ, અખાત્રીજ જેવી તિથિ સામાજિક જીવનમાં વિશેષ સ્થાન ધરાવે છે. પાંચમની તિથિ પણ અગત્યની છે. દિવાળી પછી આવતી લાભ પાંચમ, વસંત પંચમી, ઋષિ પંચમી સાથે નાગ પંચમીની પણ ઉજવણી થાય છે. નાગ પંચમી અમુક ઠેકાણે શ્રાવણ સુદ પાંચમ (સોમવાર ૧૭ ઓગસ્ટ) તો કેટલેક સ્થળે શ્રાવણ વદ પાંચમ (પહેલી સપ્ટેમ્બર) ઊજવાય છે. આપણે અહીં ભાષામાં સાપ કેવી રીતે વણાઈ ગયો છે એની વાત કરવાના છીએ. **સરપ - સર્પ, નાગ, એરુ, ભુજંગ, વિષધર, વાસુકિ** વગેરે એના પર્યાયવાચક નામ છે. વિજ્ઞાન માટે એ સરીસૃપ વર્ગનું ઝેર ધરાવતું પ્રાણી છે. જોકે, સાપ નામ કાને પડતા ડર અને ઘૃણાના ભાવ ઉત્પન્ન થાય છે તો નાગ શબ્દ અનાયાસે ભક્તિભાવ જગાડે છે. શ્રીકૃષ્ણ-શેષ નાગ, કાલિનાગની પૌરાણિક કથા એને માટે જવાબદાર હોવી જોઈએ.

**એરુ આભડવો** એટલે સર્પદંશ થવો. ભુજંગ એટલે કાળો નાગ અને **ભુજંગશયન** એટલે શેષનાગ ઉપર સૂવું. વિષ્ણુના શ્લોકમાં ‘શાંતાકારં ભુજગશયનમ’ એવો ઉલ્લેખ આવે છે. શેષનાગ (સાપ) પર શયન કરનારા અર્થાત્ પોઢનારા એવા શાંત સ્વરૂપ ભગવાન વિષ્ણુ એવો એનો અર્થ થાય છે. ગરુડ, નોળિયો અને મોર સાપ - નાગને મારી નાખતા હોવાથી **ભુજંગરિપુ** કહેવાય છે. રિપુ એટલે દુશ્મન. **ભુજંગપુષ્પ** એટલે એક જાતની વનસ્પતિ, નાગકેસર. આ ફૂલ સુગંધી હોય છે. ફેણવાળો સાપ નાગ કહેવાય છે. બધા સર્પ નાગ નથી કહેવાતા, પણ બધા નાગ સર્પ કહેવાય છે.

**નાગ ફાગ અને દિવાળી, એ ત્રણે એક વારી** કહેવતનો ભાવાર્થ છે સારા અને ખરાબ પ્રસંગ વચ્ચે ભેદભાવ ન હોવો. **નાગપદમણી** જેવી એટલે નાગકન્યા જેવી શ્યામ અને ચકચકિત સુંવાળા શરીરવાળી. ભેંસ માટે આ પ્રયોગ વપરાય છે. ઈશાન ભારતમાં નાગ લોકોનો વસવાટ છે. આ લોકો સર્પની પેઠે ચૂપકીથી અને ઘાતકીપણે હુમલો કરતા હશે એટલે નાગ કહેવાયા હશે એવી અટકળ છે.

તમે કદાચ કોઈ વાર્તામાં કે ગામડાના પ્રવાસ દરમિયાન **સાપની માસીનો** ઉલ્લેખ સાંભળ્યો હશે. **સાપબામણી** એટલે ગરોળીના ઘાટની લીસી સુંદર ચિતરામણી ચામડીવાળી જે સાપની માસી તરીકે ઓળખાય છે. હકીકતમાં આ એક નાનકડો સાપ જ હોય છે. સાપની તો ઘણી કહેવતો છે. આગળ **સાપને પાછળ વાઘ** એટલે સૂડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ. **ગ્રહણ વખતે સાપ કાઢવો** એટલે કામને વખતે વચ્ચે મુશ્કેલી કે આડી વાત કરવી. **સાપ ગયા પણ લિસોટા રહ્યા** એટલે કાર્યની સમાપ્તિ પછી પણ અસર ચાલુ રહેવી, રીતરિવાજ ચાલુ રહેવા. **સાપે છંછુદર ગળવા જેવી હાલત** એટલે બેઉ બાજુએથી મુશ્કેલીમાં મુકાઈ જવું. **સાપનો ભારો** એટલે સાથે રાખી ન શકાય એવી પરિસ્થિતિ. લગ્નની ઉંમર વટાવી ચૂકેલી કન્યા. ■

---




જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

# ચાલો, થોડા માણસ બનીએ

માણસ એટલે બે હાથ, બે પગ, એક માથું, ધડ બસ? આટલું હોવાથી માણસ બની જવાય? ના અંગોને ભેગા કરીને માણસ કહેવાય પણ એમાં માણસાઈ ઉમેરાય ત્યારે માણસ બનાય! માણસ હોવા અને માણસ બનવામાં ફેર તો ખરો ને? જન્મે માણસ હોવાય અને ઉછેર તથા અનુભવે માણસ બનાય.

આજકાલ સમગ્ર વિશ્વમાં આધિ-વ્યાધિ-ઉપાધિ જોવા મળે છે. કોઈ જગ્યાએ જંગલમાં આગ લાગે છે તો ક્યાંક ભૂકંપ અને સુનામી જેવી આફતો ત્રાટકે છે. કોઈ પ્રદેશ પૂરગ્રસ્ત છે તો કોઈ જગ્યાએ કારમો દુકાળ. કોઈ જગ્યાએ આભ ફાટે છે તો કોઈ જગ્યાએ કાળઝાળ ગરમી પડે છે. વિશ્વ સાત ખંડો ઉપરાંત કેટલાય ભાગોમાં વહેંચાઈ ગયું હોય એવું લાગે છે. મિત્ર દેશ દુશ્મન બને છે તો કોઈ ઠેકાણે દેશમાં અંદરોઅંદર કોમી રમખાણો ચાલે છે. કોઈ કોઈ દેશ વચ્ચે યુદ્ધ ચાલે છે તો કોઈ દેશો જમીન ને સત્તા માટે ઝઘડે છે. કોઈ દેશમાં આતંકી હુમલા થાય છે તો કોઈ દેશમાં વિમાન દુર્ઘટના. આ બધું છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યું હોવા છતાંય વર્ષ ૨૦૨૫-૨૬માં તો એક દિવસ પણ અકસ્માત વિનાનો નથી જોયો નથી સાંભળ્યો એમ લાગે છે. કોઈ આને કળિયુગનો પ્રતાપ કહે છે તો કોઈ કર્મોનું ફળ!

ચારેબાજુ નકારાત્મકતાનો ભાર વધી રહ્યો હોય તેમ લાગે છે. દુઃખ, પીડા, લાચારી, ચોરી-લૂંટફાટ, ગુંડાગીરી, હત્યા, દગાખોરી, દુષ્કર્મ વગેરેના સમાચારથી અખબારો, ન્યૂઝ ચૅનલ, સોશ્યલ મીડિયા ભરેલા હોય છે. કોઈવાર તો વિચાર આવે કે સારું કંઈ જોવા માટે શું જોવું ને શું વાંચવું! આ સમયમાં આવી પરિસ્થિતિનું નિર્માણ કેમ થયું એ કહેવું તો મુશ્કેલ છે, પણ આપણે માનસિક રીતે સ્વસ્થ અને નિરોગી કેવી રીતે રહી શકીએ એ આપણા હાથમાં છે.

ગમે તેટલી તકલીફ, ચિંતા, નકારાત્મકતામાં પણ આપણે સ્વસ્થ ત્યારે જ રહી શકીએ જ્યારે આપણે નિઃસ્વાર્થ ભાવે કેટલાક સદ્ગુણો જીવનમાં ઉતારીએ. સ્વાર્થહીન, અપેક્ષા રહિત, દયા, કરુણા, સહાનુભૂતિ, જીવન પ્રત્યે સકારાત્મક અભિગમ વગેરે જેવા ગુણોથી જ માણસમાં માણસાઈ આવે છે. બીજાને મદદ કરવી, તેમનો વિશ્વાસ કેળવવો, તેમને પ્રેમ આપવો, તેમની સાથે સારો વ્યવહાર કરવો, તેમને માન આપવું વગેરેથી સાહચર્ય સરળ બને છે.

પ્રૅક્ટિકલી જોઈએ તો રોજિંદા જીવનમાં, આપણામાંથી કોઈનાથી પણ આ બધા જ સદ્ગુણો જીવનમાં ઉતારવા સહેલા નથી, પરંતુ જો આમાંથી એક કે બે ગુણ અપનાવીને બીજા ગુણો તરફ માત્ર ધ્યાન આપી થોડું થોડું અપનાવવાનો પ્રયત્ન કરીએ તો પણ આપણે સાચી દિશામાં આગળ વધીએ છીએ એમ કહી શકાય. આમ કરવાથી એક વ્યક્તિ તરીકે દિવસે ને દિવસે વધુ સારા બનવામાં મદદ થાય છે. એક સારી વ્યક્તિ પણ સારા સમાજનું નિર્માણ કરવા માટે કાફી હોય છે.

કોઈને નાની નાની વાતે મદદરૂપ થવું એટલે માણસાઈ. આપણાથી કદાચ બે દેશ વચ્ચેનું યુદ્ધ અટકાવી ના શકાય, પરંતુ ઘરમાં એકમેકનું મન અને માન સાચવીને ગૃહક્લેશ ચોક્કસ ટાળી શકાય. જરૂરિયાતમંદ લોકોને અન્નદાન કે શિયાળામાં ગરમ કપડાં/ધાબળો આપીને તેમને રાજી કરી શકાય. લોકોનાં દુઃખે દુખી ના થઈએ તો ચાલે પણ તેમનાં દુઃખનું કારણ ના બનીએ એ માણસાઈ છે. માણસાઈ રાખવી એટલી મહાન નથી જેટલી આપણે માનીએ છીએ.

સૂક્ષ્મ બાબતો કે જેનું કદાચ દેખીતી રીતે એટલું મહત્ત્વ નથી એવી બાબતોનું ધ્યાન રાખવું એ માણસાઈ છે. જો જગત આપણી સાથે ખરાબ કરે તો તેને રોકવું આપણી ફરજ, પરંતુ તેનો બદલો ના લઈ ઈશ્વર પર ન્યાય છોડવો એ માણસાઈ છે. માણસાઈનાં દીવા બળે છે માટે જ દુનિયામાં જ્યારે જેને જેની જરૂર હોય તે અચાનક ક્યાંયથી પણ આવી મળે છે. જ્યાં સુધી માનવતા નહીં મરી પરવારે ત્યાં સુધી માણસાઈ જીવંત રહેશે. માણસને માણસ થતાં આવડે એટલું બસ! આ વિશે બોલો, તમે શું કહો છો? ■

# વિશ્વ વિક્રમી તિરંગા રેલી



સ્વતંત્રતા દિવસ નિમિત્તે ડોમ્બિવલીમાં યોજાયેલી ભવ્ય ત્રિરંગા રેલીમાં ડોમ્બિવલી શહેર વિસ્તારના લગભગ ૨૫,000 વિદ્યાર્થીઓ, નાગરિકો અને વિવિધ સામાજિક સંગઠનોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ૩૫,000 ફૂટ લાંબા સતત ત્રિરંગા દ્વજ સાથે, વિદ્યાર્થીઓ અને નાગરિકોએ ભારત માતાના નારા લગાવતા શહેરના વિવિધ રસ્તાઓ પર કૂચ કરી હતી. રેલીની શરૂઆતમાં સવારે વરસાદને કારણે ચિંતાનું વાતાવરણ હતું, પરંતુ વરસાદ ઓછો થયો અને ત્રિરંગા રેલી ઉત્સાહથી ખીલી ઉઠી. આ વિશ્વ વિક્રમી ત્રિરંગા રેલીને વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા, એશિયા બુક ઓફ રેકોર્ડ્સ અને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં નોંધવામાં આવી હતી.

# મહારાષ્ટ્રમાં ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી

## ફડણવીસથી ભાગવત સુધી નેતાઓએ ફરકાવ્યો તિરંગો





મુંબઈ :૧૫ ઓગસ્ટઃ મહારાષ્ટ્રમાં શનિવારે દેશના ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી દેશભક્તિ અને ઉત્સાહના માહોલમાં થઈ હતી. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મુંબઈના મંત્રાલય ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવીને રાજ્યના વિકાસ અને 'વિકસિત ભારત'ના સંકલ્પ પર ભાર મૂક્યો. બીજી તરફ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે નાગપુરમાં ધ્વજારોહણ કર્યું,.નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ થાણેમાં અને નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે બીડ જિલ્લામાં રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. જ્યારે શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ મધરાતે શિવસેના ભવનની બહાર તિરંગો ફરકાવ્યો હતો. આ ઉપરાંત વિવિધ રાજકીય પક્ષો અને સંગઠનો દ્વારા પણ સ્વાતંત્ર્ય દિવસના કાર્યક્રમો યોજાયા હતા

મંત્રાલય ખાતે ધ્વજારોહણ બાદ મુખ્ય દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર ભારતના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે. રાજ્ય સરકારનો પ્રયાસ છે કે મહારાષ્ટ્રનો દરેક જિલ્લો વિકાસનું ગ્રોથ એન્જિન બને. ફડણવીસે કહ્યું કે ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાની યાત્રામાં મહારાષ્ટ્ર સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે જણાવ્યું કે આર્થિક ક્ષેત્રે મહારાષ્ટ્ર દેશનું અગ્રણી રાજ્ય છે અને ચાલુ વર્ષના પ્રથમ છ મહિનામાં રાજ્યએ ૮.૮ ટકાનો વિકાસ દર નોંધાવ્યો છે.

મોહન ભાગવતે નાગપુર સ્થિત આરએસએસના મુખ્યાલય ખાતે સવારે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. ત્યારબાદ તેમણે નાગપુર મહાનગરપાલિકાના સહયોગથી સ્થાપિત કરાયેલા ૨૦૦ ફૂટ ઊંચા રાષ્ટ્રધ્વજનું પણ ધ્વજારોહણ કર્યું. આરએસએસના મુખ્યાલય ખાતે કાર્યક્રમને સંબોધતા ભાગવતે લોકોને દેશના મૂળભૂત સિદ્ધાંતો સાથે કોઈ સમાધાન કર્યા વિના રાષ્ટ્રને વધુ મજબૂત બનાવવાની અપીલ કરી. તેમણે દેશ સામેના પડકારોનો સામનો કરીને ભારતને વિશ્વ માટે માર્ગદર્શક રાષ્ટ્ર બનાવવાની દિશામાં કામ કરવાની જરૂરિયાત વ્યક્ત કરી. શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ સ્વાતંત્ર્ય દિવસની શરૂઆત નિમિત્તે મધરાતે શિવસેના ભવન બહાર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. એનસીલી (એસપી) ના પ્રદેશ પ્રમુખ શશિકાંત શિંદેએ બેલાર્ડ એસ્ટેટ સ્થિત પાર્ટી કાર્યાલયમાં તિરંગો ફરકાવ્યો. ધ્વજારોહણ બાદ ઉદ્ધવ ઠાકરેએ દેશની વર્તમાન રાજકીય અને સામાજિક સ્થિતિનો ઉલ્લેખ કરતા કહ્યું કે દેશ જાગી ગયો છે. તેમણે દાવો કર્યો કે અનેક પ્રયાસો છતાં કોઈ પણ નાગરિકોની સ્વતંત્રતા છીનવી શકશે નહીં. ઠાકરેએ કહ્યું કે દેશવાસીઓ કોઈ અંદરના કે બહારના લોકોના ગુલામ બનશે નહીં. તેમણે બંધારણ અને દેશની સ્વતંત્રતાને કોઈ હાથ લગાવી શકશે નહીં એવો પણ દાવો કર્યો. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં દિલ્હી અને મુંબઈમાં ચાલી રહેલા યુવાનોના વિરોધ પ્રદર્શનને શિવસેના (યુબીટી)એ સમર્થન આપ્યું હતું. ■

# અમદાવાદના બિઝનેસમૅન સામેનો રૅપ કેસ પાછો ખેંચવા મહિલાએ ચાર કરોડની ખંડણી માગી

## જૂહુમાં ૪૫ લાખ રૂપિયા સ્વીકારનારી મહિલા પોલીસ જાળમાં સપડાઈઃ દિલ્હીના એડ્વોકેટની પણ ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઍરપોર્ટ નજીકની ફાઈવ સ્ટાર હોટેલમાં દુષ્કર્મના આરોપસર ધરપકડ કરાયેલા આઈટી કંપનીના માલિક એવા અમદાવાદના ગુજરાતી બિઝનેસમૅનના કેસમાં આંચકાજનક વળાંક આવ્યો હતો. રૅપ કેસ પાછો ખેંચવા ફરિયાદી મહિલાએ ચાર કરોડ રૂપિયાની કથિત ખંડણી માગી હોવાના આક્ષેપ સાથે પોલીસની મદદ લેવાઈ હતી. જૂહુ વિસ્તારમાં ૪૫ લાખ રૂપિયા સ્વીકારનારી મહિલા પોલીસ જાળમાં સપડાયા પછી દિલ્હીના એક એડ્વોકેટની પણ ધરપકડ કરવામાં આવી હતી.

ગુજરાતમાં રિયલ એસ્ટેટ એજન્ટ તરીકે કામ કરતા હેત પટેલની ફરિયાદને આધારે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ખંડણી વિરોધી શાખાએ શુક્રવારે કાર્યવાહી કરી હતી. પ્રાથમિક તપાસ બાદ આરોપી મહિલા નિવેદિતા શર્મા (૩૧)ની ધરપકડ કરી હતી. નિવેદિતા સાથે જૂહુમાં હાજર નવી દિલ્હીના વકીલની પણ આ ગુનામાં કથિત સંડોવણી સામે આવી હતી. પરિણામે પોલીસે તેની પણ ધરપકડ કરી હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર દિલ્હીની બિઝનેસ કન્સલ્ટન્ટ હોવાનો દાવો કરનારી મહિલા ફરિયાદીના બનેવી એવા અમદાવાદના બિઝનેસમૅન નિલય પટેલથી પરિચિત હતી. બિઝનેસમૅનની આઈટી કંપની છે, જેની મુખ્ય ઑફિસ પુણેમાં આવેલી છે.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે બિઝનેસમૅન અને આરોપી મહિલા કામ નિમિત્તે અલગ અલગ શહેરમાં જતાં હોય છે. સારી ઓળખાણ હોવાથી બિઝનેસમૅને અગાઉ મહિલાને આર્થિક મદદ કરી હતી. મહિલાને પોતાનો વ્યવસાય શરૂ કરવાની ઇચ્છા હોવાથી આ માટે તેણે બિઝનેસમૅન પાસેથી ચારથી પાંચ કરોડ રૂપિયાની માગણી કરી હતી. આ મુદ્દે બન્ને વચ્ચે રકઝક પણ થઈ હતી. જુલાઈના છેલ્લા અઠવાડિયામાં મહિલાએ મુંબઈના ઍરપોર્ટ પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. ઍરપોર્ટ નજીકની હોટેલમાં કામ નિમિત્તે મળ્યા પછી બિઝનેસમૅને કથિત કુકર્મ કર્યું હોવાનો આરોપ ફરિયાદમાં કરાયો હતો.

આ પ્રકરણે પોલીસે બિઝનેસમૅનની ધરપકડ પણ કરી હતી. મહિલાનું વર્તન શંકાસ્પદ અને ફરિયાદ ખોટી હોવાની શક્યતાને પગલે ફરિયાદીએ તેમના એક પરિચિતને આ અંગે સાચી માહિતી મેળવવા મહિલાનો સંપર્ક કરવા કહ્યું હતું. ■

# ખોરાક સ્વાદિષ્ટ જ નહીં, સ્વસ્થ અને સલામત હોવો જોઈએઃ મુંઢે

મુંબઈઃ મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) કમિશનર તુકારામ મુંઢેએ શનિવારે લોકોને ખોરાકની પસંદગીમાં સ્વતંત્રતાની જરૂરિયાત પર ભાર મૂકી જણાવ્યું હતું કે ખોરાક માત્ર સ્વાદિષ્ટ જ નહીં, પણ સ્વસ્થ અને સલામત સુધ્ધાં હોવો જોઈએ.

સ્વતંત્રતા દિવસ પર સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે ખોરાકની ગુણવત્તા જાહેર આરોગ્ય અને દેશની પ્રગતિ પર સીધી અસર કરે છે. સ્વતંત્રતા દિવસ પર હું ઈચ્છું છું કે આપણે જે ખોરાક લઈએ છીએ તેમાં સ્વતંત્રતા હોય. ખોરાક માત્ર સ્વાદિષ્ટ જ નહીં, આપણા સ્વાસ્થ્ય માટે સારો, પ્રમાણિત અને સલામત પણ હોવો જોઈએ. જો આપણે ધ્યાન રાખીશું આપણું સ્વાસ્થ્ય સારું રહેશે, અને જો આપણે સતત સ્વસ્થ રહીશું, તો આપણો દેશ વધુ પ્રગતિ કરશે.' (પીટીઆઈ)■

# સ્વતંત્રતા દિને જ મુંબઈમાં પાણીની મોકાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને પાણીપુરવઠો કરનારી મહત્ત્વની ગણાતી ૩,૦૦૦ મિલીમીટર વ્યાસની પાઈપલાઈનમાં ગુરુવારે પડેલા ભંગાણને પડલે લાખો લિટર પાણીનો વેડફાટ થયા બાદ આખરે પાઈપલાઈનનું સમારકામ પૂર્ણ કરવામાં પાણીપુરવઠા વિભાગને સફળતા મળી છે. પાઈપલાઈનમાં થયેલા ગળતરને પગલે શુક્રવારની સાથે જ સતત બીજા દિવસે શનિવારે પણ અનેક વિસ્તારમાં પાણીપુરવઠાને અસર થઈ હતી. જોકે આજથી પાણીપુરવઠો પૂર્વવત્ થશે એવો દાવો પાલિકા પ્રશાસને કર્યો હતો.

થાણેના તીન હાથ નાકા પરિસરમાં ૩,૦૦૦ મિલીમીટર આવેલી મુંબઈ-થ્રી પાઈપલાઈનમાં ગુરુવાર, ૧૩ ઑગસ્ટના રાતના ગળતર જણાઈ આવ્યું હતું અને તેને કારણે લાખો લિટર પાણી વેડફાઈ ગયું હતું. પાણીપુરવઠા વિભાગે ગુરુવારે મોડી રાતે તાત્પૂરતું ગળતર રોક્યું હતું. ■

# આતંકવાદીઓના વીડિયો ઈન્સ્ટાગ્રામ પર શૅર કરનારો પડઘામાં પકડાયો

મુંબઈઃ વૉન્ટેડ આતંકવાદીઓનાં ઉશ્કેરણીજનક ભાષણના વીડિયો સોશિયલ મીડિયા પર શૅર કરનારા શકમંદને મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્ક્વૉડે (એટીએસ) ભિવંડી પાસેના પડઘા ખાતેથી પકડી પાડ્યો હતો.

એટીએસે તાબામાં લીધેલા આરોપીની ઓળખ સોહેલ શેખ (૩૫) તરીકે થઈ હતી. વધુ કાર્યવાહી માટે આરોપીને પડઘા પોલીસને સોંપાયો હતો. મળતી માહિતી અનુસાર નવી મુંબઈના તળોજાનો રહેવાસી ૨૦૨૧થી ભિવંડીના પડઘા ખાતે રહેવા આવ્યો હતો. ટ્રક ડ્રાઈવર શેખ પડઘાના અર્જુનલી વિસ્તારમાં રહેતો હતો. એટીએસે તેને ઘર નજીકથી તાબામાં લીધો હતો.

આરોપી વૉન્ટેડ જાહેર કરાયેલા આતંકવાદીઓનાં ભાષણના વીડિયો ઈન્ટરનેટ પરથી ડાઉનલૉડ કરતો હતો. પછી એ વીડિયો તે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી શૅર કરતો હતો. આરોપીએ શૅર કરેલા વીડિયોમાં લશ્કર-એ-તૈબાના કમાન્ડર ફરતુલ્લાહ ઘોરી અને જૈશ-એ-મોહમ્મદન પ્રમુખ મસૂદ અઝહરના વીડિયોનો પણ સમાવેશ થાય છે.

એક ટ્રાન્સપોર્ટ કંપનીમાં ડ્રાઈવર તરીકે કામ કરતા આરોપી પાસેથી ડિજિટલ ડિવાઈસ જપ્ત કરી ફોરેન્સિક તપાસ માટે મોકલી અપાયાં હતાં. આ જ પ્રકરણમાં એટીએસે અન્ય ચાર શકમંદની પણ પૂછપરછ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સાયબર ક્રાઈમ માટે મ્યુલ અકાઉન્ટ્સ પૂરા પાડવા બદલ છ જણની ધરપકડ

## ૫૭.૨૫ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શન્સ શોધી કાઢવામાં આવ્યા

થાણેઃ થાણે ક્રાઇમ બ્રાન્ચે સાયબર ગુના આચરવા માટે આરોપીઓને મ્યુલ અકાઉન્ટ્સ પૂરા પાડતી સિન્ડિકેટનો પર્દાફાશ કરીને છ જણની ધરપકડ કરી હતી.

અત્યાર સુધીમાં મ્યુલ અકાઉન્ટ્સ સાથે જોડાયેલા ૫૭.૨૫ કરોડના છેતરપિંડીભર્યા ટ્રાન્ઝેક્શન્સ પોલીસ દ્વારા શોધી કાઢવામાં આવ્યા હતા. મ્યુલ અકાઉન્ટ એક બૅંક અથવા ફાઇનાન્શિયલ અકાઉન્ટ છે, જેનો ઉપયોગ સાયબર ઠગો દ્વારા ગેરકાયદે રીતે રૂપિયા પ્રાપ્ત કરવા, રાખવા તેમ જ ટ્રાન્સફર કરવા માટે થતો હોય છે.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૪ના અધિકારીઓએ તાજેતરમાં મળેલી માહિતીને આધારે સોલાપુર જિલ્લાના મોહોળ ખાતે રેઇડ પાડી હતી અને ત્રણ લેપટોપ, ૨૯ મોબાઇલ, ૨૩ સિમ કાર્ડ, ૧૫૫ એટીએમ કાર્ડ, ૧૦૫ બૅંક પાસબૂક અને ચેકબૂક અને ૭૪,૩૫૦ રૂપિયા જપ્ત કર્યાં હતાં. વધુ તપાસમાં જાણવા મળ્યું હતું કે મ્યુલ અકાઉન્ટ્સ સેન્ટ્રલ નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ પર નોંધાયેલી ૯૬ ઔપચારિક ફરિયાદી સાથે જોડાયેલા હતા. આમાંથી મોટા ભાગના કેસ દિલ્હી, પંજાબ, ઓડિશા અને મહારાષ્ટ્રમાં નોંધાયેલા છે. (પીટીઆઇ)■

# શું મુંબઈમાં રિક્ષા અને ટૅક્સીના ભાડાં વધશે?

મુંબઈઃ મુંબઈગરાઓના દૈનિક પ્રવાસના ખર્ચમાં હવે વધારો થવા જઈ રહ્યો છે. પરિવહન વિભાગના અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ભાડા વધારાના પ્રસ્તાવમાં ઑટો રિક્ષાના લઘુતમ ભાડામાં એક રૂપિયાનો, જ્યારે ટૅક્સીના ભાડામાં સમગ્ર શહેરમાં ૨ થી ૩ રૂપિયાનો વધારો કરવાની ભલામણ કરવામાં આવી છે. આ પ્રસ્તાવ પરિવહન કમિશનરની કચેરી તરફથી મુંબઈ મહાનગર પ્રદેશ પરિવહન પ્રાધિકરણને મોકલવામાં આવે તેવી શક્યતા છે. જો આ પ્રસ્તાવ મંજૂર થશે તો ઑટો રિક્ષાનું લઘુતમ ભાડું હાલના ૨૬ રૂપિયાથી વધીને ૨૭ રૂપિયા અને ટૅક્સીનું પ્રથમ ૧.૫ કિમીનું લઘુતમ ભાડું હાલના ૩૧ રૂપિયાથી વધીને ઓછામાં ઓછું ૩૩ રૂપિયા થવાની શક્યતા છે.

મુંબઈ ટૅક્સીમેન યુનિયનના પ્રમુખ ફ્રેડરિક ડી'સા દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ટૅક્સીના લઘુતમ ભાડામાં ઓછામાં ઓછા ચાર રૂપિયાનો વધારો કરવાનો પ્રસ્તાવ ટ્રાન્સપોર્ટ કમિશનરની ઑફિસમાં મોકલવાની માગ કરવામાં આવી છે. છેલ્લા કેટલાંક વર્ષોમાં ઇંધણ, વાહન જાળવણી અને અન્ય ખર્ચાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. તેથી જાહેર પરિવહન સેવાઓને સુગમ રીતે ચલાવવા અને ડ્રાઇવરોના વધતા દૈનિક ખર્ચને વળતર આપવા માટે ભાડામાં વધારો જરૂરી છે, એવું રિક્ષા અને ટૅક્સી એસોસિયેશનોનું કહેવું છે. જોકે, પેસેન્જર એસોસિયેશન તરફથી આ ભાવવધારાની દરખાસ્તનો ભારે વિરોધ થઈ રહ્યો છે. ■

# મુંબઈમાં ૧૪ દિવસમાં ૬૮ કિલોમીટર ફૂટપાથ અતિક્રમણ મુક્ત થઈ

## ફૂટપાથ પરથી ૭૭ ગેરકાયદે બાંધકામ, ૧૧૨ ગેરકાયદે ફેરિયાઓને હટાવવામાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની ફૂટપાથ પર રાહદારીઓ મુક્ત રીતે ચાલી શકે તે માટે 'પેડેસ્ટ્રિયન ફર્સ્ટ' પૉલિસી હેઠળ મુંબઈ મહાનગરપાલિકાએ છેલ્લા ૧૪ દિવસમાં ૮૧ ફૂટપાથ પરના અતિક્રમણ હટાવ્યા છે. એટલે કે અત્યાર સુધી કુલ ૬૮ કિલોમીટરની ફૂટપાથ પરથી ફેરિયાઓ, દુકાનો સહિતના અવરોધ હટાવીને તેને રાહદારીઓને ચાલવા યોગ્ય કરી છે.

મુંબઈના મોટાભાગના વિસ્તારોમાં ફૂટપાથ પર દુકાનો, ફેરિયાઓ સહિત અનેક પ્રકારે અતિક્રમણ કરવામાં આવ્યું હોવાથી નાગરિકોને ચાલવા માટે ફૂટપાથ ઉપલબ્ધ રહી જ નથી. તેથી મુંબઈ મહનગરપાલિકાએ 'પેડેસ્ટ્રિયન ફર્સ્ટ' પૉલિસી અમલમાં મૂકી છે, જે અંતર્ગત ફૂટપાથ પરના અતિક્રમણ, ગેરકાયદે બાંધકામ, ફેરિયાઓનો અવરોધ, બોર્ડ, બૅનર સહિત ફૂટપાથ પર ઊભી કરવામાં આવેલી દુકાનોને હટાવવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. મુંબઈના તમામ ૨૬ પ્રશાસકીય વોર્ડમાં આ અભિયાન અમલમાં મૂકવામાં આવ્યું છે, જેમાં પહેલા તબક્કામાં ૨૦૦ ફૂટપાથ પરના અતિક્રમણ હટાવવામાં આવવાના છે, તેમાંથી ૮૧ ફૂટપાથના કામ હાથમાં લેવામાં આવ્યા છે. અત્યાર સુધી ૬૮ કિલોમીટરના અંતર જેટલી ફૂટપાથ અવરોધમુક્ત થઈ હોઈ ૪૪૩ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ અભિયાનના પહેલા તબક્કામાં પહેલીથી ૧૪ ઑગસ્ટ, ૨૦૨૬ સુધીના ૧૪ દિવસમાં કુલ ૩૩૭ કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં ૭૭ ગેરકાયદે બાંધકામ અને ૧૧ ગેરકાયદે ફેરિયાઓને હટાવવામાં આવ્યા છે. ■

### રેલવે, મેટ્રો, સ્કૂલ, હૉસ્પિટલને પ્રાધાન્ય

આ અભિયાનના પહેલા તબક્કામાં રાહદારીઓની સૌથી વધુ ભીડ જ્યાં હોય અથવા સિનિયિર સિટઝન, વિદ્યાર્થી, દિવ્યાંગ વ્યક્તિ અને અન્ય સંવેદનશીલ ઘટકો મોટા પ્રમાણમાં હોય એવા સ્થળોએ ફૂટપાથ સુધારવાના કામને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે, જેમાં મેટ્રો સ્ટેશન, રેલવે સ્ટેશન, બસ સ્ટોપ, હૉસ્પિટલ, ધાર્મિક સ્થળ, બજાર અને સ્કૂલ તથા કૉલેજનો સમાવેશ થાય છે.

### રોડ ઍક્સિડન્ટમાં ૪૪ ટકા મૃત્યુ રાહદારીઓનાં

ફૂટપાથ પરના અતિક્રમણને કારણે નાગરિકોની સુરક્ષાની સાથે જ રસ્તા પર વાહનવ્યહારમાં તકલીફ થઈ શકે છે. ટ્રાફિક જૅમની સાથે વાહનોની સ્પીટ ઘટી જાય છે અને તેને કારણે વાયુ પ્રદૂષણ પણ થાય છે. મુંબઈ રોડ સેફ્ટીના વાર્ષિક અહેવાલ ૨૦૨૩ અનુસાર રોડ ઍક્સિડન્ટમાં કુલ મૃત્યુમાંથી ૪૪ ટકા મૃત્યુ રાહદારીઓના હોય છે. તેથી સુરક્ષિત અને સળંગ ફૂટપાથ તમામ લોકો માટે ઉપલબ્ધ કરાવવી આવશ્યક છે. ■

### નિયમિત ઈન્સ્પેક્શન થશે

ફૂટપાથ અવરોધમુક્ત બનાવવામાં માટે પાલિકા દ્વારા સતત કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. દરેક વોર્ડમાં ૯૦ ટકા ફૂટપાથનું દર મહિને ઈન્સ્પેક્શન કરીને તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે. વોર્ડના આસિસ્ટન્ટ કમિશનરે પોતાના પ્રશાસકીય વોર્ડમાં ફૂટપાથનું નિયમિત ઈન્સ્પેક્શન કરીને અતિક્રમણ મુક્ત રાખવા માટે ઉપાયયોજના અમલમાં મૂકવાની રહેશે. ત્યારબાદ દરેક પ્રશાસકીય વોર્ડ દ્વારા સાપ્તાહિક અહેવાલ રજૂ કરવામાં આવશે, જેમાં ફૂટપાથ અથવા તેને લાગીને રસ્તાનું નામ, કાર્યવાહીની તારીખ, કાર્યવાહીનું સ્વરૂપ વગેરેના ફોટાનો સમાવેશ રહેશે. ઝોન મુજબ ડેપ્યુટી કમિશનર દ્વારા અહેવાલ તપાસીને ઉપલા અધિકારીને મોકલવામાં આવશે. કાર્યવાહી બાદ ફરી અતિક્રમણ થાય નહીં તે માટે સતત ઈન્સ્પેકશન કરવા પર ભાર આપવામાં આવશે. ■

# આજે મેગા બ્લોક

મુંબઈઃ મધ્ય રેલવે દ્વારા સિગ્નલિંગ, ટ્રેક એલાઇનમેન્ટ અને ઓવરહેડ વાયર સાધનોના જાળવણી કાર્ય માટે સેન્ટ્રલ, હાર્બર અને ટ્રાન્સ-હાર્બર લાઇન પર આ રવિવારે મેગા બ્લોક જાહેર કરવામાં આવ્યો છે. જોકે, વેસ્ટર્ન લાઇન પર કોઈ બ્લોક રહેશે નહીં. આ બ્લોકના કારણે સેન્ટ્રલ લાઇન પર થાણે કલ્યાણ અને હાર્બર લાઇન પર પનવેલ, વાશી વચ્ચે લોકલ ટ્રેન સેવાઓ પ્રભાવિત થશે. વેસ્ટર્ન રેલવે અને ઉરણ લાઇન પર કોઈ બ્લોક રહેશે નહીં. થાણે અને કલ્યાણ વચ્ચે અપ અને ડાઉન ફાસ્ટ લાઇન પર સવારે ૧૦:૪૦થી બપોરે ૩:૧૦ વાગ્યા સુધી મેગા બ્લોક રહેશે. આ દરમિયાન સીએસએમટી થી નીકળતી ડાઉન ફાસ્ટ અને સેમી-ફાસ્ટ ટ્રેનો સવારે ૯:૩૪થી બપોરે ૨:૧૭ વાગ્યા સુધી થાણે-કલ્યાણ વચ્ચે ડાઉન સ્લો લાઇન પરથી દોડાવવામાં આવશે. આ ટ્રેનોને કાલવા, મુમ્બ્રા, દિવા, કોપર, ડોમ્બિવલી અને ઠાકુર્લી ખાતે વધારાના સ્ટોપ આપવામાં આવશે અને ટ્રેનો પોતાના ગંતવ્ય સુધી આશરે ૧૦ મિનિટ મોડી પહોંચશે. તે જ રીતે, કલ્યાણથી નીકળતી અપ ફાસ્ટ અને સેમી-ફાસ્ટ ટ્રેનો સવારે ૧૦:૨૮થી બપોરે ૨:૫૮ વાગ્યા સુધી કલ્યાણ, થાણે વચ્ચે અપ સ્લો લાઇન પર દોડાવવામાં આવશે. આ ટ્રેનો ઠાકુર્લી, ડોમ્બિવલી, કોપર, દિવા, મુમ્બ્રા અને કાલવા ખાતે વધારાના સ્ટોપ લેશે. મુલુંડ ખાતે આ ટ્રેનો ફરી અપ સ્લો લાઇન પરથી આગળ વધશે અને આશરે ૧૦ મિનિટ મોડી પહોંચશે. સીએસએમટી/દાદરથી નીકળતી ડાઉન મેલ અને એક્સપ્રેસ ટ્રેનોને થાણે-કલ્યાણ વચ્ચે પાંચમી લાઇન પર ડાયવર્ટ કરવામાં આવશે. જ્યારે સીએસએમટી/દાદર તરફ આવતી અપ મેલ અને એક્સપ્રેસ ટ્રેનોને કલ્યાણઠાણે/વિક્રોલી વચ્ચે છઠ્ઠી લાઇન પર ડાયવર્ટ કરવામાં આવશે.■

# ધારાવીમાં ૧.૬૯ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયુંઃ બે યુવક પોલીસના સકંજામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ-નાર્કોટિક્સ સેલે (એએનસી) ધારાવી વિસ્તારમાં ૧.૬૯ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડી પાડીને બે યુવકની ધરપકડ કરી હતી. ધારાવી કોલીવાડામાં રહેનારા યુવકોના ઘરમાંથી મેફેડ્રોન ડ્રગ્સ ઉપરાંત ગાંજો પણ મળી આવ્યો હતો.

એએનસીના કાંદિવલી યુનિટના સ્ટાફે ધરપકડ કરેલા બંને યુવકની ઓળખ જાવેદ ગફાર અલી અને માહિર તસ્વર અલી તરીકે થઇ હતી. આરોપીઓ ધારાવી તથા આસપાસના વિસ્તારમાં ડ્રગ્સ વેચતા હોવાનું તપાસમાં જણાયું હતું.

કાંદિવલી યુનિટનો સ્ટાફ શુક્રવારે સાંજે ધારાવી કોલીવાડામાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે હોલી મેદાન ખાતે હોટેલ નજીક ઊભેલા બે યુવક પર તેમની નજર પડી હતી. બંને યુવક પર શંકા જતાં તેમને તાબામાં લેવાયા હતા. બંનેની તલાશી લેવામાં આવતાં જાવેદ ગફાર અલી પાસેથી ૩૦.૪૦ લાખ રૂપિયાનું અને માહિર અલી પાસેથી ૩૦ લાખ રૂપિયાનું મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન પોલીસ ટીમે બંને યુવકના ધારાવી કોલીવાડા ખાતે આવેલા નિવાસે તલાશી લેતાં ત્યાંથી ૧.૦૯ કરોડ રૂપિયાનું મેફેડ્રોન ડ્રગ્સ ઉપરાંત ૧૬,૯૨૦ રૂપિયાનો ગાંજો પણ મળી આવ્યો હતો. બંને યુવક વિરુદ્ધ નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબ્સ્ટેન્સીસ (એનડીપીએસ) એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરાઇ હતી. આરોપીઓ ડ્રગ્સ ક્યાંથી મેળવતા હતા અને કોને વેચતા હતા, તેની તપાસ કરવામાં આવી રહી છે. ■

## ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૬ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૭ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશમાં કોલસાની માગ ૧.૬ અબજ ટન સુધી પહોંચશે

મુંબઈ: આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશમાં કોલસાની માગ વધીને ૧.૬ અબજ ડૉલર સુધી પહોંચે તેવી શકયતા એક ટોચના સરકારી અધિકારીએ વ્યક્ત કરવાની સાથે સાથે પારદર્શક અને બજાર પરિબળોને આધિન ભાવની આવશ્યકતા પર તેમણે ભાર મૂક્યો હતો.

અત્રે ગત શુક્રવારે યોજાયેલ ગ્લોબલ કૉમૉડિટી કોન્ક્લેવને સંબોધતાં કેન્દ્રીય કૉલ સચિવ વિક્રમ દેવ દત્તે જણાવ્યું હતું કે કૉલ એક્સચેન્જ (કોલસાના એક્સચેન્જ)ની સ્થાપના એક સ્વતંત્ર બજાર તરીકે કામ કરવા માટે રચાયેલ સરકાર દ્વારા સ્થાપિત પ્લેટફોર્મ મદદરૂપ થશે. વધુમાં તેમણે જણાવ્યું છે કે છેલ્લાં બે નાણાકીય વર્ષથી સ્થાનિકમાં કોલસાના ઉત્પાદને એક અબજ ટનની સપાટી વટાવી છે અને કોલસો ઊર્જાની જરૂરિયાતનો મુખ્ય આધાર હોવાથી માગમાં સતત વધારો થઈ રહ્યો છે. આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશમાં કોલસાની માગ ૧.૬ અબજ ટન સુધી પહોંચવાનો અંદાજ વ્યક્ત કરતાં તેમણે ઉમેર્યું હતું કે આપણે એવા બિંદુ પર પહોંચ્યા છીએ કે કોલસાની અછતની સ્થિતિ તરફથી અતિરિક્ત પુરવઠાની સ્થિતિ તરફ વધી રહ્યા છીએ. આવી સ્થિતિમાં વધુ અસરકારક, પારદર્શક અને બજાર પરિબળોને આધીન કોલસાના વેપારની જરૂર છે. જોકે, નોંધનીય બાબત એ છે કે હાલમાં જાહેર ક્ષેત્રની કંપની કૉલ ઈન્ડિયા લિ. ઈજારાશાહી ભોગવી રહી છે.

જ્યારે આ મૉડેલ ડિઝાઈન કરવામાં આવ્યું હતું તે સમય માટે તેનો હેતુ પૂરો થયો હતો. આ મૉડેલ સ્પર્ધાત્મક, પારદર્શક અને કાર્યક્ષમ ધોરણે ભાવ સંશોધનને પ્રતિબિંબિત નથી કરતું. કોલસાનું એક્સચેન્જ વાણિજ્યિક અને કેપ્ટિવ ખનનકર્તાને વિશાળ બજારમાં તૈયાર અને પારદર્શક પ્રવેશ પ્રદાન કરશે. તેમ જ ખરીદદારો અને વેચાણકર્તાઓ એક સાથે બોલી લગાવી શકે છે. કાર્યક્ષમ, સ્પર્ધાત્મક અને બજાર આધારિત ભાવ સંશોધનને સક્ષમ બનાવશે, એમ તેમણે જણાવ્યું હતું.

સરકાર આગામી મહિનાઓમાં કોલસા એક્સચેન્જને કાર્યરત કરવાની યોજના ધરાવે છે. જોકે, તેમણે એક્સચેન્જ શરૂ થવાનો કોઈ સમયગાળો નહોતો જણાવ્યો. તેમણે કહ્યું હતું કે એક્સચેન્જ ક્લિયરિંગ અને સેટલમેન્ટ માટે કેન્દ્રીય પ્રતિપક્ષ તરીકે કાર્ય કરશે, જેના દ્વારા ખરીદદારો અને વેચાણકર્તા બન્ને માટેના જોખમ વ્યવસ્થાપનમાં સુધારો થશે અને તે સમય જતાં કોલસા માટે ડેરિવેટીવ્સ બજાર માટે પાયો નાખવામાં પણ મદદ કરી શકે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે કોલસા એક્સચેન્જ એક એવો સુધારો છે જે વ્યવસાય કરવાની સરળતાને સક્ષમ અને વ્યવસાય વધારવા પારદર્શિતાને પ્રોત્સાહન આપવા અને આધુનિક આત્મનિર્ભર ઊર્જાની ઈકોસિસ્ટમ બનાવવા માટે સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. મને આશા છે કે તે ભારતની ઊર્જા સુરક્ષાને વધુ મજબૂત બનાવશે, ઔદ્યોગિક વિકાસને ટેકો આપશે અને વિકસિત ભારત ૨૦૪૭નાં પરિપ્રેક્ષ્યમાં અર્થપૂર્ણ યોગદાન આપશે. ■

# રિઝર્વ બૅન્કે કન્સેશનલ સ્વેપ ફેસિલિટી મારફતે ૫૬.૮૫ અબજ ડૉલર આકર્ષિત કર્યા

મુંબઈ: દેશમાં વિદેશી હૂંડિયામણના આંતરપ્રવાહને પ્રોત્સાહન આપવા માટે અમલી બનાવવામાં આવેલી કન્સેશનલ સ્વેપ ફેસિલિટી અંતર્ગત ગત ૧૩મી ઑગસ્ટ સુધીમાં ૫૬.૮૪ અબજ ડૉલર આકર્ષિત થયા હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ ગત શુક્રવારે જણાવ્યું હતું.

એકંદરે એફસીએનઆર (બી) ડિપોઝિટ માટેની સ્વેપ ફેસિલિટીને પ્રોત્સાહક પ્રતિસાદ મળતાં વિદેશી હૂંડિયામણનો આંતરપ્રવાહમાં વધારો થયો છે. આ સુવિધા આગામી ૩૧મી ઑગસ્ટ સુધી એકત્રિત કરાયેલ થાપણો અથવા ડિપોઝિટ માટે જ ઉપલબ્ધ રહેશે.

અગાઉ વિદેશી ચલણ બિન નિવાસી (બૅન્ક) અથવા તો એફસીએનઆર (બી) ડિપોઝિટ માટેની કટ ઑફ તારીખ ૩૦મી સપ્ટેમ્બર હતી.

એફસીએનઆર (બી) સ્કીમ હેઠળ વિદેશી ચલણી ડિપોઝિટ આકર્ષવા માટે બૅન્ક આકર્ષક વ્યાજદર ઑફર કરે છે. આ સુવિધા હેઠળ સ્વેપ એટલે કે એફસીએનઆર (બી) ડિપોઝિટ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી ઉપલબ્ધ થઈ શકે છે, એમ રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

વધુમાં રિઝર્વ બૅન્કે જણાવ્યું હતું કે ઈસીબી અને ઓએફસીબી માટેની સ્કીમ આગામી ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૬ સુધી ખુલ્લી રહેશે. કુલ થયેલા આંતરપ્રવાહ પૈકી એફસીએનઆર (બી) ડિપોઝિટમાં ૫૨.૩ અબજ ડૉલરનો આંતરપ્રવાહ હતો, જ્યારે ઓવરસીઝ ફોરેન કરન્સી બોરોઈંગમાં ૨.૮૦૫ અબજ ડૉલર અને એક્સ્ટર્નલ કોમર્શિયલ બોરોઈંગમાં ૧.૭૪૧ અબજ ડૉલર આકર્ષાયા હતા. કન્સેશનલ સ્વેપ ફેસિલિટી ગત આઠમી જૂન, ૨૦૨૬થી કાર્યાન્વિત થઈ હતી.

નોંધનીય બાબત એ છે કે તાજેતરના મહિનાઓમાં ડૉલર સામે રૂપિયામાં થયેલા ધોવાણને કારણે વૈશ્વિક બજારની અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતનાં બાહ્ય ક્ષેત્રની સ્થિતિ મજબૂત બનાવવા અને વિદેશી હૂંડિયામણની પ્રવાહિતાને ટેકો આપવાના પ્રયાસોના ભાગરૂપે આ પગલાંઓની જાહેરાત કરવામાં આવી હતી. ■

# વિદેશી હૂંડિયામણની અનામત ૧૪ અબજ ડૉલર ઉછળીને ૭૦૭ અબજ ડૉલર થઈ

મુંબઈ: ગત સાતમી ઑગસ્ટના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૧૪.૧૩૬ અબજ ડૉલર ઉછળીને ૭૦૭.૦૦૨ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે પણ અનામત ૧૦.૫૧૨ અબજ ડૉલર વધીને ૬૯૨.૮૬૬ અબજ ડૉલરના સ્તરે રહી હતી. અગાઉ ગત ૨૭મી ફેબ્રુઆરીના રોજ વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૨૮.૪૯૪ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહી હતી. જોકે, ત્યાર બાદ અમેરિકા અને ઈઝરાયલે સંયુક્તપણે ઈરાન પર કરેલા હુમલા અને ત્યાર બાદ ઈરાને પણ ઈઝરાયલ તથા અમેરિકાના સહયોગી અખાતી દેશો પર વળતા હુમલાઓ કરતાં વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હતા અને ક્રૂડતેલના ભાવ વધતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે સમયાંતરે ફોરેક્સ માર્કેટમાં રિઝર્વ બૅન્કની ડૉલરમાં વેચવાલી રહેતાં અનામતમાં ઘટાડો થતો રહ્યો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૯.૯૪૬ અબજ ડૉલર વધીને ૫૭૪.૬૨૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. જોકે, વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવા અન્ય મુખ્ય ચલણો સામે થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૩.૯૯૫ અબજ ડૉલર વધીને ૧૦૮.૭૩૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. તેમ જ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેનાં સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૭.૯ કરોડ ડૉલર વધીને ૧૮.૭૪૫ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧૧.૬ કરોડ ડૉલર વધીને ૪.૮૯૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. ■

# જુલાઈ મહિનામાં વનસ્પતિ તેલની આયાતમાં સાત ટકાનો ઘટાડો નોંધાયો

મુંબઈ: ગત જુલાઈ મહિનામાં દેશમાં વનસ્પતિ તેલની આયાત જુલાઈ, ૨૦૨૫નાં ૧૬,૪૭,૫૫૪ ટન સામે સાત ટકા ઘટીને ૧૫,૨૫,૪૩૪ ટનની સપાટીએ રહી હતી. જોકે, તેમાં ખાદ્યતેલની આયાત જુલાઈ, ૨૦૨૫ના ૧૬,૧૬,૫૫૪ ટન સામે આઠ ટકાના ઘટાડા સાથે ૧૪,૮૧,૪૮૫ ટનની સપાટીએ રહી હતી, જ્યારે અખાદ્યતેલની આયાત જુલાઈ, ૨૦૨૫ના ૩૧,૦૦૦ ટન સામે વધીને ૪૩,૯૪૯ ટનની સપાટીએ રહી હોવાનું તાજેતરમાં સ્થાનિક ખાદ્યતેલ ઉદ્યોગના સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશને સંકલિત કરેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત નવેમ્બર, ૨૦૨૫થી શરૂ થયેલી વર્તમાન તેલ મોસમમાં ગત નવેમ્બરથી જુલાઈ સુધીના નવ માસના સમયગાળામાં કુલ વનસ્પતિ તેલની આયાત આગલી મોસમના સમાનગાળાના ૧,૧૬,૦૨,૯૧૭ ટન સામે પાંચ ટકાના વધારા સાથે ૧,૨૧,૫૦,૫૧૧ ટનના સ્તરે રહી હતી. જેમાં ખાદ્યતેલની આયાત આગલી મોસમના ૧,૧૩,૪૫,૯૧૫ ટન સામે વધીને ૧,૧૯,૨૩,૪૨૫ ટનની સપાટીએ અને અખાદ્યતેલની આયાત આગલી મોસમના ૨,૫૭,૦૦૨ ટન સામે ઘટીને ૨,૨૭,૦૮૬ ટનના સ્તરે રહી હોવાનું માહિતીમાં ઉમેર્યું હતું. એસોસિયેશનના જણાવ્યાનુસાર ખાદ્યતેલની આયાતના બાસ્કેટમાં રિફાઈન્ડતેલની આયાતની સરાસરી જે ૧૪ ટકા હતી તે ઘટીને ચાર ટકાની થઈ હતી, જ્યારે ક્રૂડતેલની આયાતની સરાસરી જે ૮૬ ટકા હતી તે વધીને ૯૬ ટકા થઈ હતી.

ગત નવેમ્બરથી જુલાઈ સુધીના સમયગાળામાં દેશમાં થયેલી કુલ ૧,૧૯,૨૩,૪૨૫ ટન ખાદ્યતેલની આયાત પૈકી રિફાઈન્ડતેલની આયાત જે ગત મોસમના સમાનગાળામાં ૧૫,૭૧,૮૨૭ ટન હતી તે ઘટીને ૪,૩૪,૧૬૪ ટનની સપાટીએ રહી હતી, જ્યારે ક્રૂડતેલની આયાત આગલી મોસમના સમાનગાળાના ૯૭,૭૪,૦૮૮ ટન સામે વધીને ૧,૧૪,૮૯,૨૬૧ ટનની સપાટીએ રહી હતી.

એસોસિયેશનનાં જણાવ્યાનુસાર ગત પહેલી ઑગસ્ટના રોજ દેશમાં ૨૦,૧૯,૦૦૦ ટન ખાદ્યતેલનો સ્ટોક હતો, જેમાં બંદરો પર ૧૧,૩૧,૦૦૦ અને પાઈપલાઈનમાં ૮,૮૮,૦૦૦ ટન સ્ટોકનો સમાવેશ થતો હતો. ■

## સ્પોર્ટ્સ



# ભારત ૨૦૩૬ની ઑલિમ્પિક્સ માટે મજબૂત દાવેદાર, દેશભરમાંથી ટૅલન્ટેડ ઍથ્લીટો શોધીશું: મોદી

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ૮૦મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે પાટનગરમાં લાલ કિલ્લા પરથી સમગ્ર દેશને જે સંબોધન કર્યું એમાં તેમણે અનેક મહત્ત્વના મુદ્દા પર સરકારનો શું અભિગમ રહેશે એની વાત કરવાની સાથે ભારપૂર્વક ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે '૧૦ વર્ષ પછીની ઑલિમ્પિક્સ યોજવા માટે ભારત પ્રબળ દાવેદાર છે અને એ માટે સરકાર અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દેશે જેમાં ખાસ કરીને દેશભરમાંથી ૫-૧૫ વર્ષના વય જૂથના ટૅલન્ટેડ ઍથ્લીટો અને ખેલાડીઓ શોધવા પર ભાર મૂકવામાં આવશે.'

### ■ હવે વારંવાર રાષ્ટ્ર ગીત સાંભળવા મળે છે

પીએમ મોદીએ એવું પણ કહ્યું હતું કે ૨૦૩૬માં લગભગ ઘરઆંગણે જ યોજાનારી ઑલિમ્પિક્સ ગેમ્સમાં ભારત મોટા ભાગની (પોણા ભાગની) રમતોની હરીફાઈઓમાં ભાગ લે એની પણ તકેદારી રાખવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે 'કેન્દ્ર સરકારે ૨૦૧૪માં શરૂ કરેલી ટાર્ગેટ ઑલિમ્પિક પૉડિયમ સ્કિમ (ટૉપ્સ)એ ઍથ્લીટોને મદદરૂપ થવામાં મોટી સફળતા મેળવી છે. ખેલજગતમાં ભારત પોતાનું આગવું સ્થાન બનાવી રહ્યું છે. આપણને વિવિધ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં વારંવાર આપણું રાષ્ટ્ર ગીત સાંભળવા મળે છે અને તિરંગો પણ લહેરાતો જોવા મળે છે એ જ ભારતની સફળતાઓનો પુરાવો છે.'

### ■ ભારત ગતિથી આગળ વધે છે

મોદીએ વધુમાં કહ્યું હતું કે 'કેન્દ્ર સરકારની ટૉપ્સ સ્કિમે બહુ મોટી સફળતા મેળવી છે. ખેલો ઇન્ડિયા ગેમ્સ, યુનિવર્સિટી ગેમ્સ, બીચ ગેમ્સ, વિન્ટર ગેમ્સ હોય કે પછી ખેલકૂદની તાલીમ હોય કે ખેલકૂદને લગતી દવા હોય કે ખેલવીરો માટે જરૂરી પોષક તત્ત્વોની વાત હોય, ભારત દરેક બાબતમાં બહુ ગતિથી આગળ વધી રહ્યું છે. ભારતીય ઍથ્લીટો અને ખેલાડીઓના પર્ફોર્મન્સમાં સતત સુધારો આવી રહ્યો છે. ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સ માટે યજમાન તરીકે આપણે મજબૂત દાવેદાર છીએ. ૨૦૩૦ની કૉમનવેલ્થ ગેમ્સ આપણે ત્યાં જ (અમદાવાદમાં) યોજાવાની છે. ઑલિમ્પિક્સમાં સામાન્ય રીતે ૪૦ પ્રકારની રમતોમાં લગભગ ૩૫૦ ઇવેન્ટ યોજાતી હોય છે. એમાંથી આપણે બે-તૃત્યાંશ ઇવેન્ટમાં પણ ભાગ નહીં લઈ શકીએ તો એ બહુ દુઃખની વાત કહેવાશે, કારણકે એમાં આપણે સામાન્ય રીતે ક્વૉલિફાય નથી થઈ શકતા.'

### ■ ભારત ત્રણ-ચતુર્થાંશ ઈવેન્ટમાં ભાગ લેશે

જોકે મોદીએ સરકારના સંકલ્પની વાત કરતા કહ્યું હતું કે 'અમે નક્કી કર્યું છે કે ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સમાં આપણો દેશ ઓછામાં ઓછી ત્રણ-ચતુર્થાંશ (પોણા ભાગની) ઇવેન્ટમાં ભાગ લેશે જ. સરકાર દેશના ખૂણે ખૂણામાંથી પાંચથી પંદર વર્ષની વય જૂથના ટૅલન્ટેડ બાળકોને શોધશે અને તેમને ખાસ તાલીમ આપશે કે જેથી તેઓ વિશ્વ સ્તરના ઍથ્લીટો બની શકે.'

### ■ ઑલિમ્પિક્સ માટે કયા દેશો ભારતના હરીફ

ભારતને ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સનું યજમાનપદ મળશે કે કેમ એ લગભગ ૨૦૨૯ની સાલમાં જાણવા મળશે. કતાર તેમ જ ઇજિપ્તે પણ દાવો કર્યો છે, જ્યારે અન્ય દાવેદાર દેશોમાં તૂર્કી, દક્ષિણ કોરિયા અને ઇન્ડોનેશિયા છે.

### ■ વધુ ઈવેન્ટ ભારતમાં રાખો

મોદીએ એવું પણ કહ્યું હતું કે 'ભારતમાં વધુ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ યોજાવી જોઈએ. દુનિયા કે સ્પોર્ટ્સ ઇવેન્ટ્સ ભારત મેં ક્યૂં ના હો.' ભારતના ખેલકૂદ મંત્રાલયના વડા મનસુખ માંડવિયા છે અને તેમણે એક કૅલેન્ડર તૈયાર કર્યું છે જેમાં આવતા છ મહિનામાં ભારતમાં ૧૧ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા યોજાવાની છે. એમાં સોમવારે શરૂ થતી બૅડમિન્ટન વર્લ્ડ ચૅમ્પિયનશિપનો પણ સમાવેશ છે.■

# આગરકરના સ્થાને બીસીસીઆઇ કદાચ ઝહીર ખાનને ચીફ સિલેક્ટર બનાવશે

નવી દિલ્હી: ભારતના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર અજિત આગરકરની ચીફ સિલેક્ટર તરીકેની મુદત નહીં લંબાવવામાં આવે તો તેના સ્થાને ભારતના બીજા ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ઝહીર ખાનને તેના સ્થાને નિયુક્ત કરવામાં આવશે એવી સંભાવના છે. થોડા દિવસ પહેલાં આ હોદ્દા માટે વીવીએસ લક્ષ્મણનું નામ પણ બોલાતું હતું.

એવું મનાય છે કે શ્રીલંકા સામે શરૂ થયેલી બે મૅચની ટેસ્ટ સિરીઝ પૂરી થયા બાદ બીસીસીઆઇના ટોચના અધિકારીઓ આગરકર સાથે મીટિંગ રાખશે. એક અટકળ એવી પણ છે કે ક્રિકેટ બોર્ડ આગરકરની મુદત ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ સુધી લંબાવશે.

જોકે રોહિત શર્માએ ટેસ્ટમાંથી અકાળે નિવૃત્તિ લઈ લેવી પડી તેમ જ તેની વન-ડે કારકિર્દી પણ જોખમમાં છે એ મુદ્દે બીસીસીઆઇ અને આગરકર વચ્ચે ખટરાગ હોવાનું મનાય છે.

ઝહીર ખાનની પહેલાં વીવીએસ લક્ષ્મણનું નામ આગરકરની જગ્યાએ બોલાતું હતું. જોકે લક્ષ્મણને ગૌતમ ગંભીરના સ્થાને હેડ-કોચ બનાવવાની પણ વાત હતી અને બે દિવસ પહેલાં એવો અહેવાલ વાઇરલ થયો હતો કે તેને બીસીસીઆઇમાં ડિરેક્ટર ઑફ ક્રિકેટનો હોદ્દો સોંપવામાં આવશે.

જો લક્ષ્મણ ચીફ સિલેક્ટર બનવા તૈયાર નહીં થાય અને આગરકરની એ પદની મુદત લંબાવવાની નહીં હોય તો ઝહીર ખાનને ચીફ સિલેક્ટર બનાવવામાં આવશે. ઝહીર ખાન ૪૭ વર્ષનો છે. તે ૨૦૦૦થી ૨૦૧૪ દરમ્યાન ભારત વતી ૨૦૦ વન-ડે, ૯૨ ટેસ્ટ અને ૧૭ ટી-૨૦ રમ્યો હતો. તેણે કુલ ૬૦૦થી પણ વધુ વિકેટ લીધી હતી. ■

# પહેલી ટેસ્ટના પ્રારંભિક દિવસે પડિક્કલની પ્રથમ સેન્ચુરી

**ભારતના બે વિકેટે ૨૮૮: યશસ્વી રનઆઉટ, રાહુલ ઈજાને લીધે ૭૭ રને પાછો પૅવિલિયનમાં**



દેવદત્ત પડિક્કલ

ગૉલ: શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટ (સવારે ૧૦.૦૦ વાગ્યાથી લાઇવ)માં ગઈ કાલે પહેલા દિવસે વરસાદના વિઘ્નો અને નબળા પ્રકાશને લીધે ઓછી થયેલી રમતમાં ભારતે પ્રથમ દાવમાં બે વિકેટે ૨૮૮ રન કર્યા હતા. દેવદત્ત પડિક્કલ (૧૩૧ નૉટઆઉટ, ૧૭૮ બૉલ, એક છગ્ગો, બાર ચોગ્ગા) સિરીઝના આ પ્રારંભિક દિનનો (ભારત માટે ૮૦મા આઝાદી દિનનો) સુપરહીરો હતો. તેણે પહેલી જ વખત આંતરરાષ્ટ્રીય મૅચમાં સદી ફટકારીને ભારતને શ્રેણીની શરૂઆતમાં જ મજબૂત પકડ અપાવી હતી.

પડિક્કલે પ્રથમ કક્ષાની મૅચોમાં નવ અને આઇપીએલમાં એક સેન્ચુરી કરી છે, પરંતુ ભારત વતી ઇન્ટરનૅશનલ ગ્રાઉન્ડ પર તે પહેલી જ વખત ૧૦૦ રન સુધી પહોંચ્યો છે. સાઇ સુદર્શન પગના અંગૂઠાની ઈજાને કારણે સિરીઝમાં નથી રમવાનો અને તેના સ્થાને પડિક્કલને મોકો મળ્યો છે જેનો તેણે પૂરો ફાયદો ઉઠાવ્યો. ભારતના વનડાઉન બૅટ્સમૅને ટેસ્ટ સદી ફટકારી હોય એવું ૨૦ ટેસ્ટ બાદ પહેલી વખત બન્યું છે. પડિક્કલે ૮૧મા બૉલ પર હાફ સેન્ચુરી અને ૧૩૪મા બૉલ પર સેન્ચુરી પૂરી કરી હતી.

શનિવારે મેઘરાજા નડશે એવી આગાહી હતી જે સાચી પડી હતી. વરસાદને કારણે મૅચમાં બે વખત મોટા અંતરાય આવ્યા હતા અને દિવસ દરમ્યાન ૯૦ને બદલે માત્ર ૭૩ ઓવર બોલિંગ થઈ શકી હતી. શ્રીલંકાના સ્પિનર્સને પ્રથમ દિવસે ગૉલની પિચમાંથી જોઈએ એવી મદદ ન મળી એટલે ભારતીય બૅટ્સમેનો ફાવી ગયા. યજમાન ટીમના છ બોલરમાંથી માત્ર સ્પિનર પ્રભાત જયસૂર્યાને ૭૭ રનમાં એક વિકેટ મળી હતી. બીજા સ્પિનર કેશારા નુવાન્થા સૌથી ખર્ચાળ હતો અને તેને ૯૮ રનમાં એક પણ વિકેટ નહોતી મળી.

દેવદત્ત પડિક્કલ આ પહેલાં છેક ૨૦૨૪માં બે ટેસ્ટ રમ્યો હતો. એ બે ટેસ્ટ અનુક્રમે ઇંગ્લૅન્ડ અને ઑસ્ટ્રેલિયા સામે રમાઈ હતી. તેણે શનિવારે બે વખત ભારતનો ધબડકો રોક્યો હતો. તેની સાથે રિષભ પંત ૨૭ રને રમી રહ્યો હતો. પંતે ૩૬ બૉલની ટૂંકી ઇનિંગ્સમાં એક સિક્સર અને ત્રણ ફોર ફટકારી હતી. વાઇસ કેપ્ટન કે. એલ. રાહુલ (૭૭ રને રિટાયર હર્ટ, ૧૬૨ બૉલ, એક સિક્સર, નવ ફોર)નું પણ ભારતના ૨૮૮ રનના સ્કોરમાં મહત્ત્વનું યોગદાન હતું. તેની અને પડિક્કલ વચ્ચે ૧૫૦ રનની ભાગીદારી થઈ હતી.

ભારતે બૅટિંગ લીધા બાદ સાધારણ શરૂઆત કરી હતી, પરંતુ ૧૧મી ઓવરમાં ૪૭મા રને ઓપનર યશસ્વી જયસ્વાલે (૩૨ રન, ૩૭ બૉલ, પાંચ ચોગ્ગા) વિચિત્ર સ્થિતિમાં રનઆઉટમાં વિકેટ ગુમાવી હતી.

રાહુલના શૉટમાં બૉલ બોલરની જમણે મિડ-ઑન તરફ મોકલ્યો હતો. રાહુલે રન દોડવાની શરૂઆત કરી હતી, પરંતુ જરાક અટકી ગયો હતો. સામા છેડે યશસ્વીએ પણ દોડવાનું શરૂ કર્યું હતું, પણ બૉલ અટકાવવા ડાઈવ મારનાર બોલર સાથે અથડાઈ જતા યશસ્વી સંતુલન ગુમાવી બેઠો હતો. પળવારમાં બંને બૅટ્સમેન નૉન-સ્ટ્રાઈકર્સ એન્ડ પર ભેગા થઈ ગયા હતા. પ્રભાત જયસૂર્યાએ બૉલ લઈને વિકેટકીપર ડિકવેલા તરફ ફેંક્યો હતો અને ડિકવેલાએ જરાક ફમ્બલ થયા બાદ બેલ્સ ઉડાડી દીધી હતી. કમનસીબે યશસ્વીએ પૅવિલિયનમાં પાછા આવી જવું પડ્યું હતું. ત્યાર બાદ રાહુલ રિટાયર હર્ટ થયો હતો અને કૅપ્ટન શુભમન ગિલે તેના ૧૬મા રને વિકેટ ગુમાવી હતી. ■

# હૉકીની ટીમની ભારતને આઝાદી દિનની ભેટ: વર્લ્ડ કપમાં વેલ્સને હરાવ્યું

ઍમ્સ્ટલવીન: નેધરલૅન્ડ્સમાં શનિવારે સાંજે ભારતે મેન્સ હૉકીના વર્લ્ડ કપમાં વિજયી શરૂઆત કરી હતી. આઝાદી દિને હરમનપ્રીત સિંહ અને તેની ટીમે દેશને વિજયી-ભેટ આપી હતી. ભારતે અહીં વૅગ્નર સ્ટેડિયમમાં ૧૦,૦૦૦ પ્રેક્ષકોની હાજરીમાં આ મૅચમાં વેલ્સને ૩-૧થી હરાવ્યું હતું. ગ્રૂપ-ડીની આ મૅચમાં સંજયે આઠમી મિનિટમાં ગોલ કર્યા બાદ કૅપ્ટન હરમનપ્રીત સિંહે ૧૧મી અને ૪૩મી મિનિટમાં પેનલ્ટી કૉર્નરમાંથી ગોલ કર્યા હતા.

આજે મહિલા વર્ગમાં ભારતની ચીન વિરુદ્ધ મૅચ રમાશે. સલિમા ટેટે ભારતની કૅપ્ટન છે.■





# રાજકોટ દૂધ સંઘ દ્વારા ૫૨,૮૧૨ પશુપાલકના બેન્ક ખાતામાં ₹ ૭૫ કરોડની રકમના અંતિમ દૂધ-ભાવની ચુકવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ દ્વારા જિલ્લા પ્રભારી પ્રધાન જીતુ વાઘાણીની અધ્યક્ષતા તેમજ સાંસદ પરશોત્તમ રૂપાલા અને ધારાસભ્યો જયેશ રાદડીયા તથા ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતિમાં અંતિમ દૂધ ભાવ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં 'સહકારથી સમૃદ્ધિ' પ્રોજેક્ટ હેઠળ વર્ષ ૨૦૨૫-'૨૬ના નફામાંથી કુલ ૫૨,૮૧૨ પશુપાલકોના બેન્ક ખાતામાં પ્રતિ કિલોગ્રામ પેટે રૂ. ૮૪ લેખે કુલ રૂ. ૭૫ કરોડની રકમના અંતિમ દૂધ ભાવની ડિજીટલી ચૂકવણી કરવામાં આવી હતી. સંઘના આ નિર્ણયથી રાજકોટ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના પશુપાલકોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.




આ નિર્ણયથી રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘે સાથે જોડાયેલા ૫૨,૧૮૨ દૂધ ઉત્પાદકોને સીધો લાભ મળ્યો છે. ખાસ કરીને ચોમાસાની સીઝનમાં પશુપાલકો માટે ઘાસચારા અને ખાણદાણના ખર્ચમાં વધારો થતો હોય છે. આવી સ્થિતિમાં બેંક ખાતામાં સીધી જમા થયેલી રૂ.૭૫ કરોડની રકમ પશુપાલકો માટે મોટો આર્થિક ટેકો બની રહેશે.

આ પ્રસંગે રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ ચેરમેન ગોરધનભાઈ ધામેલીયાએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘને વર્ષ ૨૦૨૫-૨૬માં રૂપિયા ૧૧૮૫ કરોડનું ટર્નઓવર થયું છે અને તેમાં ૯૦ કરોડથી પણ વધુનો કાચો નફો થયો છે. ત્યારે ૭૫ કરોડ રકમ ભાવફેર તરીકે આજે કેબિનેટ પ્રધાન જીતુભાઈ વાઘાણીના હસ્તે દૂધ ઉત્પાદકોના ખાતામાં જમા કરવામાં આવી છે. છેલ્લા છ વર્ષમાં સંઘને કુલ ૨૮૮ કરોડ કાચો નફો થયો છે જેમાંથી ૭૦ ટકા એટલે ૧૯૬ કરોડ રૂપિયા રકમ પશુપાલકોને પરત ચુકવામાં આવી છે દૂધ સંઘ દ્વારા ૨૨૭ દૂધ મંડળીના દૂધમાં ભેળસેળ સામે આવતા તેમાં કલર ઉમેરી નાશ કરી દેવામાં આવ્યો છે અને તેમની પાસેથી ૯૭ લાખથી વધુનો દંડ વસુલ કરવામાં આવ્યો છે ધારાસભ્ય જયેશ રાદડીયાએ જણાવ્યું હતું કે, સહકારી ક્ષેત્રના પારદર્શક વહીવટના કારણે રાજકોટ ડેરીએ રૂ. ૯૦ કરોડનો ઐતિહાસિક નફો નોંધાવ્યો છે. જિલ્લામાં દરરોજ સરેરાશ ૪.૫૦ લાખ લીટર દૂધની આવક થાય છે. રાજકોટ ડેરી અને સહકારી બેન્કના સશક્ત સંકલનથી રાજકોટ જિલ્લાનું સહકારી માળખું સમગ્ર દેશમાં અગ્રણી સ્થાન ધરાવે છે. ■

# એમઈસીએલ દ્વારા કચ્છમાં વિવિધ ક્રિટિકલ મિનરલ્સના ભંડારોની વ્યાપક તપાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રણ, દરિયો અને ખડકોનો ત્રિવેણી સંગમ ધરાવતા ભાતીગળ પ્રદેશ કચ્છના પેટાળમાં રહેલી ખનીજ સંપત્તિ અને ભવિષ્યની ટેકનોલોજી માટે અત્યંત મહત્વના એવા ક્રિટિકલ મિનરલ્સની શોધખોળ અર્થે મિનરલ એક્સપ્લોરેશન એન્ડ કન્સલ્ટન્સી લિમિટેડ (એમઈસીએલ) દ્વારા એક સપ્તાહ સુધી સઘન સંશોધન કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.




એમઈસીએલના પૂર્વ જનરલ મેનેજર પી. રવીન્દ્રનના નેતૃત્વમાં નિષ્ણાત જિયોલોજિસ્ટોની ટીમે કચ્છ બેસિનના દેવીસર, દેવપર, સૈયદપર, નુંધાતડ અને રતનાલ બ્લોકમાં વિસ્તૃત ફિલ્ડ વર્ક કર્યું હતું. આ સંશોધનનો મુખ્ય હેતુ રેર અર્થ એલિમેન્ટ્સ તેમજ બોક્સાઈટ અને એલ્યુમિનસ લેટેરાઈટ આધારિત મહત્વના ખનીજોના ભંડારો શોધવાનો અને તેનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરવાનો છે. સંશોધન દરમિયાન મેળવેલા ડેટાના આધારે ભવિષ્યના સઘન એક્સપ્લોરેશન માટે નવા ટાર્ગેટ ઝોન નક્કી કરવામાં આવ્યા છે.

આ ક્રિટિકલ મિનરલ્સ આગામી સમયમાં દેશના ડીફેન્સ, ઈલેક્ટ્રોનિક્સ અને સ્પેસ ટેકનોલોજી ક્ષેત્રે અત્યંત ઉપયોગી સાબિત થશે.

નોંધનીય છે કે, ઓક્ટોબર ૧૯૭૨માં સ્થાપિત અને નાગપુર ખાતે વડું મથક ધરાવતી આ સંસ્થા ભારત સરકારના ખાણ મંત્રાલય હેઠળની મિનીરત્ન કેટેગરી-૧ કંપની છે. આ સંસ્થા દેશભરમાં જમીન અને પેટાળમાં રહેલી ખનીજ સંપત્તિની આધુનિક ટેકનોલોજીથી શોધખોળ, જિયોલોજિકલ મેપિંગ, ડીપ ડ્રિલિંગ અને લેબોરેટરી ટેસ્ટિંગ જેવી મહત્વની કામગીરી પૂરી પાડી દેશને ખનીજ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવામાં અગ્રણી ભૂમિકા ભજવે છે. સ્પેસ ટેકનોલોજી ક્ષેત્રે અત્યંત ઉપયોગી સાબિત થશે. ■

# કચ્છમાં ૮૯ ટકા ભેજ અને તેજ પવનોને કારણે 'વિન્ડ ચિલ ઈફેક્ટ': તાપમાન ગગડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રણપ્રદેશ કચ્છમાં દેશના ૮૦માં સ્વતંત્રતા દિવસની વહેલી સવારે એક અસાધારણ હવામાન પરિવર્તન અનુભવવા મળ્યું હતું. ઓગસ્ટ મહિનાના ધોમધખતા તાપ અને ઉકળાટ વચ્ચે ભુજ સહિત સમગ્ર કચ્છમાં શિયાળા જેવી ગુલાબી ઠંડીનો અહેસાસ થયો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સવારે લઘુત્તમ તાપમાન ૨૬ ડિગ્રીથી ૨૭ ડિગ્રી સે.આસપાસ રહ્યું હતું, પરંતુ ૮૯ ટકા સુધીના ઊંચા ભેજના પ્રમાણ અને કલાકના ૨૪ કિલોમીટરની ઝડપે ફૂંકાતા દક્ષિણ-પશ્ચિમી પવનોને કારણે સક્રિય બનેલી 'વિન્ડ ચિલ ઈફેક્ટ'ના લીધે વાતાવરણમાં ચમકારો અનુભવાયો હતો.

હવામાન નિષ્ણાતોના મતે, આ અસામાન્ય ઠંડક પાછળ પાકિસ્તાનથી શરૂ થઈને ભારતના ઉત્તરીય રાજ્યો અને કચ્છ પરથી પસાર થઈ છેક ચીન સુધી વિસ્તરેલો ૫,૦૦૦ કિલોમીટર લાંબો 'મોન્સૂન રેઈન હાઈવે' મુખ્ય કારણ છે. સેટેલાઇટ તસવીરોમાં દેખાતી આ વિશાળ વાદળોની ચાદરને કારણે આકાશ સંપૂર્ણપણે ઢંકાયેલું રહ્યું હતું, જેથી સૂર્યપ્રકાશ જમીન સુધી પહોંચી શક્યો ન હતો. આ ઉપરાંત વરસાદી ઝાપટાં અને બાષ્પીભવનની પ્રક્રિયાથી વાતાવરણ વધુ આહલાદક બન્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભુજમાં ઓગસ્ટ માસનું અત્યાર સુધીનું સૌથી નીચું તાપમાન ૫ ઓગસ્ટ ૧૯૫૬ના રોજ ૨૦ ડિગ્રી સે. નોંધાયું હતું. આગામી ૨૪ કલાક દરમિયાન પણ વાદળછાયા વાતાવરણ અને હળવા વરસાદી ઝાપટાંની શક્યતા હોવાથી સવારની આ ગુલાબી ઠંડી જળવાઈ રહેવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી હતી.

# કચ્છએલસીબીની દરોડાની કાર્યવાહી; કાંડાગરા ગામમાંથી દારૂનો જથ્થો જપ્ત, એક શખસ ઝડપાયો

## દારૂના મોટા જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના મુંદરા તાલુકાના મોટા કાંડાગરા ગામે પશ્ચિમ કચ્છ પોલીસની સ્થાનિક ગુનાશોધક શાખાએ દેશના ૮૦માં સ્વાતંત્ર પર્વની પૂર્વ સંધ્યાએ દરોડો પાડીને રૂ. ૧,૦૬,૮૧૩ની કિંમતના ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને દબોચી લીધો હતો.

મળતી માહિતી મુજબ, એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે મળેલી ચોક્કસ બાતમીના આધારે મોટા કાંડાગરામાં આવેલા આશાપુરા મંદિરની પાછળની વાડીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન વાડીના કબજેદાર આરોપી હરપાલસિંહ ટીનુભા ગોહિલને દારૂના મોટા જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલીસે પકડાયેલા આરોપી હરપાલસિંહ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

૮૦મા સ્વાતંત્ર્ય દિને દારૂનો જથ્થો મળતા ખળભળાટી મચી ગઇ હતી. મળતી માહિતી મુજબ, આ ઉપરાંત, દારૂના આ પ્રકરણમાં સંડોવાયેલા મોટી ભુજપુરના જગદીશ પાતળિયા નામના અન્ય એક શખ્સને પકડી પાડવા માટે પોલીસે કવાયત આદરી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# સુરેન્દ્રનગરની ખાનગી હૉસ્પિટલમાં મહિલાનું મોત, તબીબની બેદરકારીનો પરિવારજનોનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર: શહેરમાં પતરાવાળી ચોક નજીક આવેલી વીરવંદન હોસ્પિટલમાં સારવાર દરમિયાન એક મહિલાના શંકાસ્પદ મોત નિપજતાં પરિવારજનોમાં આક્રોશ જોવા મળ્યો હતો. આ અંગે મળતી માહિતી મુજબ ત્રિવેદીબેન કરજણીયાને લોહીના ટકા ઓછા હોવાથી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે બ્લડ ચડાવતા સમયે મહિલાની અચાનક તબિયત લથડ્યા બાદ તેમનું મોત થયું હતું.




આ અંગે પરિવારજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ડોક્ટરનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવા છતાં સમયસર સારવાર માટે હાજર ન થયા ન હતા અને તેમણે ગુનાઈત બેદરકારી દાખવી હતી.


આ ઘટનાની જાણ થતાં પોલીસ પણ હોસ્પિટલ ખાતે દોડી ગઈ હતી અને મૃતક શંકાસ્પદ મહિલાના મોત મામલે તપાસ હાથ ધરી છે. મહિલાના મોત પાછળનું ચોક્કસ કારણ શું છે અને સારવાર દરમિયાન કોઈ બેદરકારી થઈ હતી કે નહીં તે અંગે તપાસ બાદ હકીકત બહાર આવશે. ■

# ગીર ગઢડાના કાણકિયા ગામમાં દીપડો પાંજરે પુરાયો, લોકો અને ખેડૂતોને રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર: સોમનાથ ગીર (પૂર્વ) વન વિભાગ, ધારી હેઠળની જસાધાર રેન્જના નવાબંદર રાઉન્ડ વિસ્તારમાં આવેલા કાણકીયા ગામ તેમજ આસપાસના વાડી વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાની રંજાડ હોવાની ફરિયાદો વન વિભાગને મળતા સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. વન વિભાગની ટીમે સમગ્ર વિસ્તારનું નિરીક્ષણ અને દીપડાનું સ્કેનિંગ હાથ ધર્યું હતું. દીપડાની હિલચાલને ધ્યાનમાં રાખી તેને સલામત રીતે પકડવા માટે વાડી વિસ્તારમાં પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. વન વિભાગની કામગીરીના પરિણામે વહેલી સવારે એક દીપડો પાંજરામાં પુરાયો હતો.

દીપડો પકડાતા વન વિભાગના કર્મચારીઓએ જરૂરી કાર્યવાહી હાથ ધરી તેને વધુ તપાસ અને આરોગ્ય નિરીક્ષણ માટે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડ્યો હતો. દીપડો પકડાતા કાણકીયા ગામ તેમજ આસપાસના વાડી વિસ્તારમાં રહેતા લોકો અને ખેડૂતોને રાહત થઈ છે. વન વિભાગ દ્વારા જાહેર જનતાને અપીલ કરી હતી કે, વિસ્તારમાં દીપડો, સિંહ કે અન્ય કોઈ વન્યપ્રાણીની રંજાડ અથવા હિલચાલ જોવા મળે તો તાત્કાલિક નજીકની વન વિભાગની




કચેરીને જાણ કરવામાં આવે. આ સાથે જ વન વિભાગે લોકોને વન્યપ્રાણીઓથી સાવચેત રહેવા, અનાવશ્યક ભીડ ન કરવા અને વન્યપ્રાણીઓને કોઈપણ પ્રકારની છેડછાડ કે રંજાડ ન કરવા જણાવ્યું હતું.

# જામનગરના હડમતિયામાં સિંહ દેખાતા ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર જીલ્લાના હડમતીયા ગામે સિંહ દેખાયો હતો. હડમતીયા ગામની સીમમાં સિંહ દેખાતા સ્થાનિક ખેડૂતો અને લોકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. બાવળની જાડી જાખરામાંથી સિંહ પસાર થતો હોવાનો વીડિયોમાં પણ કેદ થયો હતો. સિંહના આટાંફેરા અંગે ગ્રામજનોએ તાત્કાલિક સરપંચને જાણ કરી હતી, ત્યાર બાદ તેમણે વન વિભાગને માહિતી આપી હતી. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ હડમતીયા ગામ પહોંચી હતી. ટીમે સમગ્ર વિસ્તારમાં પેટ્રોલિંગ કરીને સિંહની શોધખોળ અને તપાસ શરૂ કરી હતી અને સિંહ દેખાયાની જગ્યાની પુષ્ટિ કરી હતી. આ ઘટનાને પગલે વન વિભાગની ટીમ દ્વારા આસપાસના સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન અને નાઇટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ સમગ્ર ઘટના અંગે વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે વાયરલ વીડિયોમાં સિંહણ જે લોકેશન પર દેખાઈ રહી છે, તે સ્થળ જામનગરના આ જ વિસ્તારનું છે. જોકે, હજુ સુધી ત્યાંથી સિંહના પંજાના નિશાન મળી આવ્યા નથી. ■

# જેતપુરની હોટેલમાં હાઇપ્રોફાઇલ જુગારધામ પર દરોડો: નવ શખસ ઝડપાયા, ₹ ૪૧.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: જિલ્લાના જેતપુર તાલુકાના જૂનાગઢ હાઇવે પર આવેલી હોટેલ વ્રજ વાટિકામાં ચાલતા હાઇપ્રોફાઇલ જુગારધામ પર રાજકોટ રેન્જ પોલીસે સફળ દરોડો પાડીને કુલ ૯ ઇસમોને ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા ૧૨,૨૬,૧૦૦, બે વૈભવી કાર અને ૭ મોબાઇલ ફોન સહિત કુલ રૂપિયા ૪૧,૨૬,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ અંગે જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




મળતી વિગતો મુજબ, રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા પ્રોહિબિશન અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામી દેવા કડક કાર્યવાહી કરવામાં રહી છે. આ દરમિયાન પોલીસને હ્યુમન સોર્સ તેમજ ટેકનિકલ એનાલિસિસના આધારે ચોક્કસ બાતમી મળી હતી કે, જેતપુર-જૂનાગઢ હાઇવે રોડ પર આવેલી વ્રજ વાટિકા હોટેલમાં હાઇપ્રોફાઇલ જુગારનો અડ્ડો ચાલી રહ્યો છે. જેના આધારે પોલીસે ઓચિંતો દરોડો પાડ્યો હતો. તપાસમાં માલૂમ પડ્યું હતું કે હોટેલના માલિક દીપકભાઈ જમનભાઈ પોલરા અને પરેશભાઈ ભીખુભાઈ કાછડિયા બહારથી માણસો બોલાવીને હોટેલના રૂમમાં તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમાડી રહ્યા હતા. પોલીસે જુગાર રમતા અને રમાડતા સ્થળ પરથી ૯ આરોપીઓની ધરપકડ કરી હતી.

ઝડપાયેલા આરોપીઓમાં પરેશભાઈ ઉર્ફે બટર ભીખુભાઈ કાછડિયા (રહે. કોટડીયા વાડી, જેતપુર) હરેશભાઈ છગનભાઈ સેંજલીયા (રહે. મંડલીકપુર, જેતપુર) ગોગનભાઈ નાથાભાઈ પરમાર (રહે. હરીપુર, દેવભૂમિ દ્વારકા) માયાભાઈ જાડાભાઈ માયાણી (રહે. હરીપુર, દેવભૂમિ દ્વારકા) રામજીભાઈ ઉર્ફે રામદે ગોગનભાઈ ભોગેસરા (રહે. અમર, કુતિયાણા, પોરબંદર) ભાવેશભાઈ રસિકભાઈ ધુલેશિયા (રહે. ઝાંઝરડા રોડ, જૂનાગઢ) અનિલભાઈ શાંતિભાઈ વેકરીયા (રહે. દેસાઈવાડી, જેતપુર) સનાભાઈ દેવાભાઈ બામણિયા (રહે. અમરગામ, કુતિયાણા, પોરબંદર) દીપકભાઈ જમનભાઈ પોલરા (રહે. જેતલસર, જેતપુર) નો સમાવેશ થાય છે.

પોલીસે તમામ આરોપીઓની ધોરણસર અટકાયત કરી રોકડા રૂપિયા ૧૨,૨૬,૧૦૦, ૨ કાર અને ૭ મોબાઇલ ફોન મળી કુલ રૂ. ૪૧,૨૬,૧૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી જેતપુર તાલુકા પોલીસે આગળની તપાસ તેજ કરી છે. ■

# જામનગરના ભૂચરમોરી ખાતે જિલ્લા કક્ષાના ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી, અર્જુન મોઢવાડિયાએ ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર: જિલ્લાના ધ્રોલ તાલુકામાં આવેલા ઐતિહાસિક સ્થળ ભૂચરમોરી ખાતે દેશના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી રાજ્યના વન અને પર્યાવરણ પ્રધાન અને પ્રભારી મંત્રી અર્જુન મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. અર્જુન મોઢવાડિયાએ ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.




જિલ્લા કલેક્ટર પી.બી.પંડ્યા અને જિલ્લા પોલીસ વડા ડો.રવિમોહન સૈની સાથે વિવિધ ૯ જેટલી પ્લાટૂન પરેડનું જેમાં પુરુષ પોલીસ પ્લાટૂન, મહિલા પોલીસ પ્લાટૂન, હથિયારધારી હોમગાર્ડ, બિનહથિયારધારી હોમગાર્ડ, સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સ, એનસીસી પ્લાટૂન, ડોગ સ્કવોર્ડ, માઉન્ટેડ યુનિટ, પોલીસ બેન્ડ વિભાગનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે મોઢવાડીયાએ જામનગરવાસીઓને ૮૦ માં સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, દેશને આઝાદી અપાવવામાં પોતાનું મહામૂલું પ્રદાન કરનાર સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમજ શહીદોને નમન. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે અનેક જનકલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે, જેના લાભથી કરોડો લોકોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. આયુષ્માન ભારત યોજના દ્વારા દેશના ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ગુણવત્તાસભર આરોગ્યસેવાની સુરક્ષા મળી છે. ઉજ્જવલા યોજના દ્વારા માતા-બહેનોને ધુમાડામુક્ત રસોડાની સુવિધા મળી છે, જનધન યોજના દ્વારા દેશના કરોડો નાગરિકોને બેન્કિંગ વ્યવસ્થા સાથે જોડવામાં આવ્યા છે, જ્યારે પીએમ સૂર્યઘર યોજના જેવી પહેલો દ્વારા સ્વચ્છ ઊર્જાના ક્ષેત્રમાં પણ દેશ આગળ વધી રહ્યો છે. ''એક પેડ માં કે નામ'' અભિયાન અંતર્ગત ૧૭ કરોડથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, જે હરિયાળા અને સ્વસ્થ ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. ત્યાર બાદ કાર્યક્રમમાં ઉપસ્થિત સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારજનોનું અર્જુન મોઢવાડીયાએ સાલ ઓઢાડી સન્માન કર્યું હતું તેમજ વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિઓ મેળવનાર વિવિધ સંસ્થાઓ અને વ્યક્તિઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

તેમજ જામનગર જિલ્લાના વિકાસ માટે તેમણે રૂ. ૨૫ લાખની રકમનો ચેક કલેક્ટર પી.બી.પંડ્યાને અર્પણ કર્યો હતો. કાર્યક્રમમાં વિવિધ ૬ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિને લગત સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ■

# ભુજમાં સસ્તા સોનાની લાલચ આપી ઠગાઈ આચરતો શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પશ્ચિમ કચ્છ પોલીસની સ્થાનિક ગુનાશોધક શાખાએ ફેસબુક પર બનાવટી આઈડી બનાવી બજારભાવ કરતાં ૧૦ થી ૨૦ ટકા સસ્તા ભાવે સોનું આપવાની લોભામણી જાહેરાતો મૂકી ભોળા લોકો સાથે છેતરપિંડી આચરવાનો પ્રયાસ કરનાર એક શખ્સને ઝડપી પાડ્યો હતો.

મળતી માહિતી મુજબ, એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે મળેલી પૂર્વ બાતમીના આધારે ભુજ શહેરના અમનનગર ચાર રસ્તા પાસે ખારી નદી રોડ પરથી આસિફ ઉમર લંગા નામના શખ્સની અટકાયત કરવામાં આવી હતી.

પોલીસે તેની પાસે રહેલા મોબાઈલ ફોનની તપાસ કરતાં 'યોગેશ ભાનુશાલી' નામના બનાવટી ફેસબુક એકાઉન્ટનો ખુલાસો થયો હતો.

આ આઈડી પરથી આરોપી સસ્તા ભાવે સોનું આપવાની કથિત વીડિયો અને ફોટો પોસ્ટ મૂકીને નિર્દોષ લોકોને પોતાની જાળમાં ફસાવવાનો પ્રયાસ કરતો હતો.

પોલીસે મોબાઈલ ફોન જપ્ત કરી આરોપી સામે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. ■

# સોમનાથ મહાદેવને સ્વાતંત્ર્ય દિને પુષ્પોનો ભવ્ય 'ત્રિરંગા શૃંગાર' અને અન્નકૂટ અર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સોમનાથ: સ્વાતંત્ર્ય દિનના રાષ્ટ્રીય પર્વે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિર ખાતે દેશભક્તિ અને શિવભક્તિનો અદભુત સમન્વય જોવા મળ્યો હતો. દેશની સુખાકારીની મંગલ કામના સાથે શ્રી સોમનાથ મહાદેવને રાષ્ટ્રધ્વજની થીમ પર વિશેષ પુષ્પ શૃંગાર કરવામાં આવ્યો હતો. સોમનાથ મંદિરના પૂજારીગણ દ્વારા મહાદેવને કેસરી ગલગોટા, સફેદ સેવંતી, લીલા આસોપાલવ અને બિલ્વપત્ર વડે ત્રિરંગાના સુંદર સ્વરૂપમાં સજાવવામાં આવ્યા હતા. આ દિવ્ય શૃંગાર માટે કુલ ૨૫૧ કિલો પુષ્પો અને પવિત્ર પત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પુષ્પ શૃંગારની સાથોસાથ સોમનાથ દાદાને વિશેષ 'અન્નકૂટ મહાભોગ' પણ અર્પણ કરવામાં આવ્યો હતો. ■

